વસંતપંચમી
વિ. સં. ૨૦૨૪

સ્વાધ્યાય

પુસ્તક ૫
અંક ૨



સીરપુરમાંથી મળેલી તારાની અતિ-
સુંદર ધાતુપ્રતિમામાંની, તારાદેવી
સાથેની એક પરિચારિકા
(સમય આશરે ઈ. સ. નવમી સદી)
[ડૉ. પ્રમોદચંદ્રના સૌજન્યથી]

સ્વાધ્યાય
અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. ફેબ્રુઆરી, ૧૯૬૮.

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૪ પુસ્તક ૫

ફેબ્રુઆરી, ૧૯૬૮ અંક ૨

સહાયક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

પાંડવોએ વનવાસનાં બાર વર્ષ પૂરાં કર્યાં પછી, ગુપ્તવાસનો કપરો સમય આવ્યો. 'आहूतो न निवर्तेयमिति मे व्रतमाहितम्।' (૨-૫૩-૧૩). '(દ્યૂતમાં અને યુદ્ધમાં) આહ્વાન થતાં પાછું ફરવું નહિ,' એવા વ્રતવાળા ધર્મરાજ જેવા સત્યવાદીને, આ મિથ્યા ધર્મપાલનને કારણે જ, સત્યાભાસ ઊભો કરવો પડ્યો! અને એ સત્યાભાસને જાળવી રાખવા માટે જ સાવધાનપણે અસત્ય આચરીને, એટલે કે પોતાની જાત છુપાવવા જૂઠું બોલીને, પૂરું એક વર્ષ વિચરવાનું માથે આવ્યું! ભગવાન શ્રીકૃષ્ણના જેવી દૂરગામી નૂતન દૃષ્ટિ હોત, તો યુધિષ્ઠિરને દુઃખ ન જ પડત. સાથે જ તેમના પ્રાણ સમા સત્યાચરણની આવી હાંસી પણ કરવી ન પડત. ગુપ્તવાસ કરતાં પાંડવોને જે ગપ્પાં લગાવવાં પડેલાં, કે અફવાઓ ફેલાવવી પડેલી તેના એક નમૂનાથી આ સત્યાભાસનો ખ્યાલ આવશે. વિરાટના નગરમાં પ્રવેશતા અગાઉ પાંડવોએ એમનાં હથિયારોને સ્મશાન પાસેના એક શમીવૃક્ષ ઉપર મૂકયાં અને તેની પાસે એક મુડદું બાંધ્યું. જેથી લોકો તેની તીવ્ર દુર્ગંધને લીધે શમીવૃક્ષની પાસે જાય જ નહિ. એમ કર્યા પછી પાંડવો ત્યાંના ગોવાળ અને ભરવાડથી માંડીને સર્વ લોકોને (સાવચેતી માટે અસત્ય) કહેવા લાગ્યા કે: 'અમે આ અમારી એંશી વર્ષની માતાનું શબ વૃક્ષ ઉપર બાંધ્યું છે. અમારા પૂર્વજોએ આચરેલો અમારો આ કુલધર્મ છે (રિવાજ છે)!' (૪-૫-૨૮)

ગુપ્તવાસ દરમિયાન દેખીતી રીતે જ શ્રીકૃષ્ણ પાંડવોને મળવા ન જ આવે. તેથી આ સમય દરમિયાનની ભગવાન શ્રીકૃષ્ણની પ્રવૃત્તિ વિશે કંઈ માહિતી ઉપલબ્ધ નથી. એમના વિશે થોડાક છૂટક ઉલ્લેખો મળે છે, એટલું જ. પાંડવોનો ગુપ્તવાસ પૂરો થયા પછી અભિમન્યુના લગ્નમાં એમની ઉપસ્થિતિ દેખાય છે. 'વિરાટપર્વ'માં શ્રીકૃષ્ણ અંગેના આવા નિર્દેશો મળે છે:

(૧) મત્સ્યદેશમાં વિરાટને ત્યાં ગુપ્તવાસ કરવો એવું પાંડવોએ નક્કી કર્યું. નક્કી કરતાં યુધિષ્ઠિરે બધા ભાઈઓને તેઓ કેવી રીતે વિરાટને ત્યાં રહેશે એ અંગે પૂછ્યું હતું. એમ અર્જુનને પૂછતાં, અર્જુનની વિશિષ્ટ મહત્તા વર્ણવી તેમાં કહ્યું: 'ખાંડવને બાળવાની

ઇચ્છાવાળો અગ્નિ દાશાર્હ શ્રીકૃષ્ણની પાસે બેઠેલા નરશ્રેષ્ઠ અર્જુન પાસે બ્રાહ્મણરૂપે આવેલો તે (અર્જુન) કયું કાર્ય કરશે? (૪-૨-૯)...જે ઇન્દ્ર અને વાસુદેવથી ઊતરે એવો નથી, તે ગાંડીવધન્વા, શ્વેતાશ્વ, બીભત્સુ (= શત્રુહરોળને ભેદનાર) અર્જુન શું કરશે?' (૪-૨-૧૬)... વગેરે.[1]

(૨) વિરાટના નગરમાં કામ શોધતી દ્રૌપદી, વિરાટની રાણી સુદેષ્ણાને ત્યાં, 'પૂર્વે હું કૃષ્ણની પ્રિય મહિષી સત્યભામા અને પાંડવોની પરમ સુંદર ભાર્યા કૃષ્ણાની સેવામાં હતી, ઈ.' કહીને માલિની નામની સૈરન્ધ્રી—કલાકાર દાસી—તરીકે રહી હતી. (૪-૮-૧૭ થી ૧૯).

(૩) વિરાટનું ગોધન હરણ કરવા કૌરવોએ ચઢાઈ કરી. ત્યારે વિરાટનો પુત્ર ઉત્તર બૃહન્નડાના વેશમાં રહેલા અર્જુનને સારથિ તરીકે લઈને લડવા ગયો, પણ કૌરવોની સેના જોઈને ગભરાઈને નાસવા માંડ્યો. અર્જુને પોતાની ઓળખ આપીને તેના વતી લડવાનું માથે લીધું. એટલે ઉત્તરને ધીરજ આવી અને બોલ્યો, 'હવે હું પેલા દુશ્મનોથી બીતો નથી, કારણ કે તમે યુદ્ધમાં નિશ્ચળ છો, અને સંગ્રામમાં કેશવ અથવા સાક્ષાત્ ઇન્દ્રની બરાબરી કરો એવા છો.' (૪-૪૦-૮). વળી અર્જુન સાથે વાત કર્યા પછી ભય ભાંગી જતાં પોતાની સારથ્યકલાના વખાણ કરતાં શ્રીકૃષ્ણના રથ સાથે પોતાના રથને સરખાવતાં ઉત્તરે કહ્યું: 'નરપુંગવ! મને સારથ્યકર્મમાં વાસુદેવના સારથિ દારુક અને ઇન્દ્રના માતલિ જેવો શિક્ષિત (નિષ્ણાત) જાણો. જુઓ, આ રથની જમણી ધૂંસરીએ જે ઘોડો જોડ્યો છે તે (શ્રીકૃષ્ણના) સુગ્રીવ જેવો છે. જ્યારે એ દોડે છે ત્યારે લોકો એનાં પગલાંને ભૂમિને અડતાં જોતાં નથી (જાણે કે અદ્ધર ઊડે છે). આ ડાબી ધૂંસરીએ જે શ્રેષ્ઠ ઘોડો જોડ્યો છે, તેને હું મેઘપુષ્પના જેવો વેગવાન માનું છું. ડાબી ધૂંસરીએ પાછલી બાજુ જેને જોડ્યો છે તેને હું (શ્રીકૃષ્ણના) સૈન્ય (ઘોડા) કરતાં પણ વધુ ઝડપી માનું છું, અને જે જમણી બાજુએ પાછળ ધૂંસરીએ જોડ્યો છે તેને હું બલાહક કરતાં પણ વિશેષ સમર્થ માનું છું.' (૪-૪૦-૧૬ થી ૨૨).

(૪) કૌરવોની સેના સામે એકલા અર્જુન સંગ્રામમાં ધસી આવ્યા. એમના ધસારાની વિશિષ્ટ રીતિ જોઈને દ્રોણાચાર્યને ખયાલ આવી ગયો કે આ અર્જુન છે. તેથી એમણે કૌરવોને કોની સામે લડવાનું છે એ સમજાવી સાવચેત કર્યા; પણ કર્ણે તો 'હું અર્જુનને ચપટીમાં ચોળી નાખીશ' એવી ડંફાસો હાંકવા માંડી. ત્યારે કૃપાચાર્યે પરિસ્થિતિની યથાયોગ્ય સમાલોચના કરી વ્યૂહબદ્ધ થવાનું સમજાવતાં કહ્યું હતું: 'એકલા એવા એણે કૌરવોનું રક્ષણ કર્યું હતું. (પાંડવોએ કરેલા રાજ્યરક્ષણની અથવા તો દુર્યોધન વગેરેના ગંધર્વોથી કરેલા રક્ષણની વાત લાગે છે.) એકલાએ જ (ખાંડવમાં) અગ્નિને તૃપ્ત કર્યો હતો. એણે એકલાએ પાંચ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું હતું. એકલાએ જ સુભદ્રાને રથમાં બેસાડીને કૃષ્ણને દ્વૈરથ યુદ્ધનું આહ્વાન કર્યું હતું.

---

૧ પાંડવોએ વિરાટનગરમાં પ્રવેશ કર્યો. તે સમયે યુધિષ્ઠિરે દુર્ગાસ્તવન કર્યું હતું એવો નિર્દેશ ક્ષેપકોમાં છે. 'વિરાટપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૪માં એ, બી, સી, ડી, ઈ, એફ અને જી, એવી રીતે સાત પ્રકારનાં સ્તવન છે! આ સ્તવનોમાં દુર્ગાને નંદગોપના કુલમાં જન્મેલાં, યશોદાની પુત્રી, નારાયણને પ્રિય, વાસુદેવની ભગિની, વગેરે વિશેષણોથી સંબોધેલાં છે.

(સુભદ્રાહરણ અંગે તે જમાનામાં જે અફવાઓ કે કિંવદન્તીઓ ફેલાઈ હશે તે આમાં દેખાય છે.) ઇત્યાદિ.' (૪-૪૪-૫ થી ૭)

(૫) ભીષ્મ–અર્જુનનું યુદ્ધ જોઈને કૌરવ યોદ્ધાઓ બોલી ઊઠ્યા કે, '...લડાઈમાં પાર્થ અર્જુનના વેગને શાંતનુપુત્ર ભીષ્મ કે દેવકીસુત શ્રીકૃષ્ણ અથવા આચાર્ય દ્રોણ સિવાય કોણ સહન કરી શકે ?...' (૪-૫૯-૧૮, ૧૯. સર૦ ૧-૧૮૧-૨૯).

*   *   *

પાંડવોએ ગુપ્તવાસનું વ્રત પૂર્ણ કર્યું. અર્જુને અને વિરાટરાજાના પુત્ર ઉત્તરે વિરાટરાજાને પાંડવોની ઓળખાણ આપી. વિરાટ ખુશ થયો, પોતાનું સમગ્ર રાજ્ય પાંડવોને ચરણે ધરી દીધું, અને અર્જુનને પુત્રી ઉત્તરા પરણાવવાનો પ્રસ્તાવ કર્યો આચાર્યના સર્વ ગુણોથી સંપન્ન, શુદ્ધ, જિતેન્દ્રિય અને સંયમી અર્જુને આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો તથા 'પુત્ર તથા પોતાની જાત બંને સમાન છે, તેવી જ રીતે પુત્રી અને સ્નુષા પણ સમાન છે' એમ જણાવ્યું, અને 'સાક્ષાત્ દેવપુત્ર જેવો, વાસુદેવનો ભાણેજ, ચક્રપાણિ કૃષ્ણનો લાડકો, નાનપણથી જ અસ્ત્રકોવિદ એવો મારો પુત્ર મહાબાહુ અભિમન્યુ તમારો જમાઈ અને તમારી પુત્રીનો ભર્તા થવા લાયક છે,' કહીને ઉત્તરાનો પુત્રવધૂ તરીકે સ્વીકાર કર્યો. ('વિરાટપર્વ' અ. ૬૫ થી ૬૭—૧ થી ૯).

વિવાહનું નક્કી થયું. પાંડવો વિરાટનગરમાંથી જોડેના ઉપપ્લવ્ય નામે ગામમાં રહેવા ગયા. યુધિષ્ઠિરે અને વિરાટરાજે વાસુદેવ વગેરે મિત્રોને તેડવા દૂતો મોકલ્યા. અર્જુને જનાર્દન, અભિમન્યુ વગેરેને તેડી લાવવા (પોતાના તરફથી ખાસ) દૂત મોકલ્યા. કાશીરાજ, શૈબ્ય, યજ્ઞસેન દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પુત્રો, વાસુદેવ, વનમાલી બલરામ, કૃતવર્મા, સાત્યકિ, અક્રૂર, સામ્બ, અભિમન્યુ, સુભદ્રા વગેરે આવ્યાં. શ્રીકૃષ્ણ તો મોટો રસાલો લઈને (મોસાળું કરવા) આવ્યા હતા. એમણે પાંડવોને (મોસાળામાં) પારિબર્હ—રાજવીનાં ઉપકરણો—આપ્યાં. સ્ત્રી નોકરો, રત્નો, વસ્ત્રો આપ્યાં. લગ્ન વિધિપૂર્વક અને વાજતે ગાજતે થઈ ગયું. એ પછી શ્રીકૃષ્ણે મોસાળામાં જે ધન આપ્યું હતું, તે બધું ધન—હજારો ગાયો, રત્નો, વસ્ત્રો, અલંકારો, વાહનો વગેરે—યુધિષ્ઠિરે બ્રાહ્મણોને દાન કરી દીધું (૪-૬૭-૧૦ થી ૩૮. આ સાથે સર૦ પાંડવો દ્રૌપદીને પરણ્યા ત્યારે એમણે એ ધન ગોવિન્દને રાજી કરવાની ભાવનાથી સ્વીકાર્યું હતું. ૧-૧૯૧-૧૩ થી ૧૯. અર્થાત્ એ પોતાના લગ્નનું મોસાળું હોઈ સ્વીકારીને પાસે રાખ્યું હતું; જ્યારે આ તો પુત્રના લગ્નનું મોસાળું હોઈ, તે દાન કરી દેવાથી બંને પક્ષની પ્રતિષ્ઠા અનેક દૃષ્ટિએ વધે).

*   *   *

અભિમન્યુનું લગ્ન ઊજવાઈ ગયું. પાંડવોએ રાત્રે આરામ કર્યો. બીજે દિવસે વહાણામાં વરપક્ષના રાજાઓ મત્સ્યરાજ વિરાટની સભામાં ગયા. સભામાં વિરાટ, દ્રુપદ, બલરામ, જનાર્દન, સાત્યકિ, પાંડવો, પ્રદ્યુમ્ન, સામ્બ, અભિમન્યુ વગેરે અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા. વાતો કરી રહ્યા પછી શ્રીકૃષ્ણની સામે નજર નાખીને (પાંડવોના ભાવિ કાર્યક્રમ અંગે તેઓ શું માને છે તેનો) ઊંડો વિચાર કરવા લાગ્યા; અને શ્રીકૃષ્ણે પણ તેમને પાંડવોના કાર્ય માટે એકાગ્ર

કરીને અર્થઘન અને અભ્યુદય કરનારું ભાષણ કર્યું[૧] (वाक्यं महार्थं च महोदयं च ॥ ૫-૧-૯ ઘ): 'શકુનિએ કપટ કરીને જુગારમાં યુધિષ્ઠિરને જીતી લીધા હતા અને વનવાસની શરત કરી હતી તે આપ જાણો છો. પાંડવો તે જ વખતે પોતાનું રાજ્ય સપાટામાં પાછું જીતી શકતા હતા. પરન્તુ સત્યાચરણી હોઈ તેમણે તેર વર્ષના વનવાસનું ઉગ્ર વ્રત યથાવત્ (અધૂરું નહિ) પાળ્યું છે. એમણે અસહ્ય ક્લેશો વેઠીને મહામહેનતે પાર પડે એવું તેરમું વર્ષ પણ આપની સમીપમાં જ અજ્ઞાત રહીને ગાળ્યું છે, તે પણ આપ જાણો છો. આવી પરિસ્થિતિમાં ધર્મપુત્ર યુધિષ્ઠિર અને દુર્યોધન બંનેનું હિત થાય, તથા કૌરવ-પાંડવોને માટે જે ધર્મ્ય, યોગ્ય અને યશસ્કર હોય તેનો વિચાર કરો. અધર્મવાળું દેવરાજ્ય પણ ધર્મરાજ ઇચ્છતા નથી. પરન્તુ જો ધર્મ તથા અર્થ-વાળું એકાદ ગામનું ઠાકોરપણું મળે તો તેને સ્વીકારવા ઇચ્છે એવા છે. ધૃતરાષ્ટ્રના પુત્રોએ એમનું બાપીકું રાજ્ય (અગાઉ લાક્ષાગૃહમાં બાળી મૂકવાનો પ્રયત્ન કરીને તથા પછી કપટદ્યૂત ખેલીને) મિથ્યા ઉપચાર અને અપનયથી પડાવી લઈને તેમને અસહ્ય મુસીબતમાં મૂકયા હતા તે ય તમે જાણો છો. કૌરવોએ પાંડવોને પોતાના તેજથી કંઈ યુદ્ધમાં જીત્યા નથી. આમ હોવા છતાંય સુહૃદો સહિત રાજા યુધિષ્ઠિર તો તેમનું કલ્યાણ જ વાંછે છે, અને પોતે રાજાઓને હરાવીને જે સંપત્તિ મેળવી હતી તે જ મેળવવા માગે છે. પાંડવો બાલ્યાવસ્થામાં હતા ત્યારે પેલા ઉગ્ર પ્રકૃતિવાળા દુરાત્માઓએ એમને મારી નાખીને રાજ્ય હજમ કરવાના જે અવનવા પેંતરા કર્યા હતા તે તમે યથાવત્ જાણો છો. કૌરવોના એ વધી ગયેલા (ગૃધ્ર જેવા) લોભને, યુધિષ્ઠિરની ધર્મજ્ઞતાને અને વળી તેઓ પરસ્પરના સંબંધી છે તે નજરમાં રાખીને તમે સાથે બેસીને તેમ જ અલગ અલગ મળીને શું કરવું તેનો નિર્ણય કરો (અર્થાત્ ન્યાયી અને અન્યાયીપક્ષનું તોલન તથા આ બધાં સગાં હોઈ આંતરકલહને લીધે મહાયુદ્ધ અને પરિણામે થતા વિનાશનો પણ વિચાર કરીને નિર્ણય કરો). સદૈવ સત્યપરાયણ પાંડવોએ કરારનું યથાવત્ પાલન કર્યું છે. હવે જો કૌરવો ઊલટું વર્તન કરે તો પાંડવો એકઠા મળેલા કૌરવોને (યુદ્ધમાં) મારી નાખે. એ (યુદ્ધ) સમયે કૌરવોનો પાંડવો પ્રત્યેનો આ વિપ્રકાર (દુષ્ટતા) જોઈને સુહૃજ્જનોએ તેમને ચોમેરથી વીંટાઈ વળી (મદદ કરવા) તૈયાર રહેવું, અને તે જ પ્રમાણે જો તેઓ પાંડવોનો સામનો કરે તો પાંડવોએ યુદ્ધમાં તેમને હણી નાખવા. તમને એમ લાગે કે પાંડવો અલ્પ સંખ્યામાં હોઈ તેમને જીતી શકે એમ નથી. (એમ હોય તોપણ આપણા જેવા) સર્વ સુહૃદોની સહાય લઈને પાંડવો તેમનો વિનાશ કરવા યત્ન કરશે જ. દુર્યોધન શું માને છે અને શું કરવા ધારે છે તે આપણે યથાવત્ જાણતા નથી. સામા શત્રુની ધારણા ન જાણતા હોઈએ એ સંયોગોમાં

૧ મહાભારત ઉપર 'ભારતભાવદીપ' નામની ટીકા લખનાર ટીકાકાર પં. નીલકંઠ 'ઉદ્યોગ-પર્વ'ની શરૂઆતમાં—

भारते सारमुद्योगमिति वृद्धानुशासनम् ।

'મહાભારતમાં 'ઉદ્યોગપર્વ' સારભૂત છે એવું વૃદ્ધોએ નિરૂપણ કર્યું છે' એ કહેવતવાક્ય ટાંક્યું છે. તે કર્મયોગી શ્રીકૃષ્ણના અનાસક્ત પુરુષાર્થનું, અનાચાર અટકાવવા માટે સમર્થ માનવીના પૂર્ણ પ્રયત્નનું, મહાન વીરની ક્ષમાનું, વિચક્ષણ તથા દક્ષ નેતૃત્વ અને ન્યાયી પક્ષ પ્રત્યે પૂરેપૂરો ખુલ્લો પક્ષપાત હોવા સાથે ન્યાયી-અન્યાયી બન્ને પક્ષસહિત સમગ્ર જગતનું હિત કરવાની કલ્યાણકારી નિષ્કપટ ઋજુ બુદ્ધિનું, નિરૂપણ આ પર્વમાં આવે છે, વગેરે બાબતોને અનુલક્ષીને છે.

કયી રીતે વર્તવું સર્વોત્તમ ગણાય? આ બાબતમાં તમારો અભિપ્રાય શો છે? એટલે (મને લાગે છે કે) શાન્તિ તથા યુધિષ્ઠિરને અર્ધું રાજ્ય મળે તે માટે વાટાઘાટ કરવા, અહીંથી ધર્મશીલ, પવિત્ર, કુલીન, અપ્રમત્ત અને સમર્થ પુરુષને દૂત તરીકે કૌરવો પાસે મોકલવો.' (૫-૧-૧૦ થી ૨૪)

શ્રીકૃષ્ણના મધુર, ધર્મ તથા અર્થવાળા અને સમતાભર્યા ભાષણને બલરામે સત્કાર્યું અને પોતાનો અભિપ્રાય આપ્યો : 'આપે ગદપૂર્વજ શ્રીકૃષ્ણનું ધર્મ તથા અર્થવાળું ભાષણ સાંભળ્યું. એમાં અજાતશત્રુ યુધિષ્ઠિરનું તથા દુર્યોધનનું પણ હિત સમાયેલું છે. (આખા રાજ્યનો વારસાગત અધિકાર છતાં) જેમ પાંડવો અર્ધું રાજ્ય છોડી દેવા તૈયાર થયા છે, એ જ પ્રમાણે દુર્યોધન પણ અર્ધું રાજ્ય આપીને આપણી સાથે આનંદ કરશે. આમ કૌરવો સમ્યગાચરણ કરશે તો સૌને ઊંડી શાન્તિ થશે અને (મહાયુદ્ધ નહિ થવાથી) પ્રજાનું હિત થશે. એટલે કૌરવો પાસે દૂત જાય એ મને ગમે છે. એ દૂતે ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપ, શકુનિ, કૌરવ ભાઈઓ, સેનાના અધિકારીઓ (बलप्रधानाः), નાગરિક અધિકારીઓ (निगमप्रधानाः), સ્વધર્મનિષ્ઠ વિદ્વાન અને વયોવૃદ્ધ લોકવીરો વગેરે સૌ મહત્ત્વના માણસોને મળવું. પછી એ બધાની સભામાં પ્રણિપાતપૂર્વક વચનો કહેવાં. એમાં ધૃતરાષ્ટ્રને પ્રણામ કરીને કહેવું કે, 'દ્યૂતપ્રિય યુધિષ્ઠિર જેમને પોતે સહેજે હરાવી શકે એમ હતા એવા હજારો જુગારીઓને વેગળા મૂકીને અને સુહૃદોની સલાહ અવગણીને શકુનિ સાથે દ્યૂત રમ્યા અને રાજ્ય હારી ગયા એમાં શકુનિનો કંઈ પણ વાંક નથી.' આમ ખૂબ સમજાવીને કહેવાથી જ દૂત કામ કઢાવી શકશે.' (૫-૧-૨૫; ૨-૧ થી ૧૨)

બલરામ, જે રામ એક વખત દુર્યોધનના અધર્મ સામે ભયાનક રીતે ઊકળ્યા હતા તે રામનું (જુઓ ખંડ ૨માં પ્રકરણ 'સુહૃદ'માં ૩-૧૧૯-૩ થી ૨૨. બલરામ 'ક્ષીબ' અર્થાત્ મદ્યના નશામાં ચકચૂર રહેનારા છે. એમની અસ્થિરતામાં મદ્યનો પણ હિસ્સો હશે જ.) આવી રીતે અધર્મ આગળ નમી પડતું અને દુર્યોધનની તરફેણનું ભાષણ સાંભળીને, સાત્યકિ એમની વાત કાપી નાખીને સહસા ઊછળ્યો અને બલરામને ઝાડી નાખીને રોષથી બોલ્યો, 'જેવો જેનો આત્મા હોય તેવું જ માણસ બોલે. તેથી જેવો તમારો અન્તરાત્મા (મેલો) છે એવું જ તમે બોલો છો (પોત પ્રકાશો છો).' અને પછી એક જ કુળમાં કલીબ તથા મહારથી જન્મે છે વગેરે કટાક્ષ વચનો સંભળાવીને ઉમેર્યું કે, 'તમે આવું બોલો છો તે માટે હું તમને ઠપકો આપતો નથી, પણ આવું સાંભળી રહેનારાને ઠપકો આપું છું; કારણ કે ધર્મરાજના નાનકડા દોષ વિશે પણ કોઈ માણસ કેવી રીતે હિમ્મતથી પરિષદની વચ્ચે બોલી શકે? '(કારણ તેમનામાં દોષ નથી.)' એ પછી અજાણ્યા યુધિષ્ઠિરને નિષ્ણાત જુગારીઓએ દ્યૂતમાં કપટથી જીતી લીધા તે છતાં તેમણે વનવાસની પ્રતિજ્ઞા પાર પાડી, છતાં હવે કૌરવો બહાનાં કાઢીને રાજ્ય આપવાની ના પાડે છે, એવા અધર્મીઓને શા માટે પ્રણામ કરવા? વગેરે જુસ્સાથી સમજાવી કહ્યું : 'જો કૌરવો બુદ્ધિમાન યુધિષ્ઠિરના પગમાં નહિ પડે તો અમે તેને યમરાજને ઘેર વળાવીશું. પર્વતો જેમ વજ્રના વેગને સહન કરવા સમર્થ નથી એમ કૌરવો ક્રોધથી યુદ્ધ કરતા યુયુધાનના (એટલે કે મારા) વેગને સહન કરી શકશે નહિ. એ જ પ્રમાણે ગાંડીવધન્વા અર્જુન, ચક્રાયુધ કૃષ્ણ, ભીમ, નકુલ-સહદેવ, દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ, ગદ, પ્રદ્યુમ્ન, સામ્બ વગેરે

કૌરવોને મારી નાખશે.[1] અને અમે પાંડવોનો રાજ્યાભિષેક કરીશું. આતતાયી શત્રુઓને મારવામાં કંઈ જ અધર્મ નથી, પરન્તુ શત્રુઓ પાસે ભીખ માગવામાં અધર્મ અને અપયશ છે.' પછી સમારોપ કર્યો: '(અગાઉ) ધૃતરાષ્ટ્રે જ આપેલું રાજ્ય આજે યુધિષ્ઠિરને મળી જશે, નહિ તો રણમાં હણાઈને સર્વે કૌરવો ભૂમિશયન કરશે.' (૫-૨-૧૩; ૩-૧ થી ૨૩)

પાંડવોના સસરા વૃદ્ધ દ્રુપદે સાત્યકિના અભિપ્રાયને અનુમોદન આપ્યું અને કહ્યું: 'દુર્યોધન મીઠાશથી રાજ્ય આપવાનો જ નથી. સુતપ્રિય ધૃતરાષ્ટ્ર એને જ અનુસરશે. ભીષ્મ–દ્રોણ (પગાર ખાતા હોઈ) દબાયેલા છે તેથી અને કર્ણ–શકુનિ મૂર્ખતાથી એની પાછળ જશે. એટલે બલદેવનાં વચન મને યોગ્ય લાગતાં નથી. એમ હોવા છતાં સુનય ઇચ્છનારા માણસે પહેલાં એ પ્રમાણે જ કરવું જોઈએ—વિષ્ટિદૂત મોકલવો જોઈએ. પણ દુર્યોધનને કદી પણ દીનવચન ન કહેવાં જોઈએ; કારણ કે એ પાપબુદ્ધિ કાલાવાલાથી માને એવો નથી. એની આગળ નમ્રતાથી બોલવું એ તો કોઈ માણુસ ગધેડા સાથે કોમળતા અને ગાય સાથે તીક્ષ્ણતા રાખે એના જેવું છે... એટલે આપણે મિત્રો પાસે સૈન્યની મદદ માટે દૂતો મોકલીએ. કારણ કે દુર્યોધન પણ મદદ માટે દૂતો મોકલશે જ. અને (ક્ષત્રિય) સજ્જનોનો રિવાજ છે કે જેઓ સહાય માટે પ્રથમ કહેણ મોકલે છે તેને સહાય કરે છે. એટલે આપણે ઉતાવળ કરવી, કારણ આપણે ભારે કાર્યભાર વહેવાનો છે. એ સાથે જ મારા આ બ્રાહ્મણ પુરોહિતને (સામપ્રયોગ માટે) ધૃતરાષ્ટ્ર પાસે મોકલવો. એની સાથે દુર્યોધન, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને દ્રોણને જે સંદેશો મોકલવો હોય તે મોકલો.' (૫-૪-૧ થી ૨૭)

હવે વાક્યવિશારદ શ્રીકૃષ્ણ રાજાઓને ઉદ્દેશીને બોલ્યા: 'સોમકધુરંધર દ્રુપદે જે કહ્યું તે સુયોગ્ય છે. યુધિષ્ઠિરનો અર્થ સિદ્ધ કરનારું છે. આપણે સુનય ઇચ્છીએ છીએ. એટલે પ્રથમ એ પ્રમાણે જ કરવું. એનાથી ઊલટું વર્તનારો તો સુબાલિશ (મહામૂર્ખ) કહેવાય. વળી આપણે તો કૌરવ–પાંડવ બંને સાથે તુલ્ય સંબંધ છે. એટલે તેઓ (કૌરવ–પાંડવો) પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે એ જ ઠીક છે. (બલરામનું કૌરવતરફી વર્તન અને કૃતવર્માનું મહાભારતમાં નિર્દેશેલ નહિ એવું પણ સંભવતઃ શ્રીકૃષ્ણે પારખી લીધેલું ઊલટું વર્તન જોઈને શ્રીકૃષ્ણની વાત દક્ષ રાજનીતિ મુજબ ઝોક લે છે, જેથી પાંડવોનો પક્ષ નિરર્થક નબળો ન પડે. કૃતવર્મા સત્યભામાના પિતાના ખૂનમાં ભાગીદાર હતો વગેરે માટે જુઓ ખંડ ૧માં 'લગ્નો'નું પ્રકરણ.) પાંડવોએ તો અમને અને આપને, સૌને, લગ્નમાં તેડાવ્યા છે. હવે લગ્ન થઈ ગયું છે એટલે આપણે આનંદથી આપણે ઘેર જઈએ. (દ્રુપદરાજ!) આપ તો (અહીં મળેલા) સૌ રાજાઓમાં વય અને જ્ઞાનમાં વૃદ્ધતમ છો અને અમે તો નિઃસંદેહ આપના શિષ્ય જેવા છીએ. ધૃતરાષ્ટ્ર આપને સદૈવ ખૂબ માને છે. વળી તમે આચાર્ય દ્રોણ અને કૃપના સખા છો (જો કે એમાં કટુતાનાં વિષબિંદુઓ હતાં જ. જુઓ 'આદિપર્વ'માં અ. ૧૨૨ અને અ. ૧૨૮). તેથી આપ પાંડવોની અર્થસિદ્ધિ થાય એવો સંદેશો આજે જ મોકલો. આપ જે સંદેશો મોકલશો તે જ અમારો

---

૧ સાત્યકિ થોડોક ઉછાંછળો છે. એ માની લે છે કે બધા યાદવો વણમાગ્યે પોતાની જેમ જ પાંડવોને મદદ કરશે. ઠરેલ દ્રુપદ, યાદવ કૃતવર્મા અને આહુક પાસે મદદ માગવા કહે છે. ૫–૪–૧૨; શ્રીકૃષ્ણના કુમારોની મદદ અનિશ્ચિત જ હોય, દ્વારકાનું સંરક્ષણ થવું જોઈએ તેથી. વળી દુર્યોધન મદદ મોકલવા માટેનું કહેણ મોકલવામાં ત્વરિત છે. તેની ચારવ્યવસ્થા પણ ઘણી કાર્યક્ષમ છે.

નિર્ણય હશે. જો દુર્યોધન ન્યાયીપણે સુલેહ કરશે તો પાંડવ–કૌરવ વચ્ચેના સૌભ્રાત્રથી મહાક્ષય નહિ થાય, પરન્તુ જો તે દર્પને લીધે મૂર્ખતાથી સુલેહ ન કરે તો, પ્રથમ બીજાને (સહાય માટે) બોલાવીને પછી અમને બોલાવજો (જેથી પોતાના ઉપર મહાયુદ્ધનો આક્ષેપ ન આવે. શરૂમાં કદાચ માન્યું હશે કે સામાન્ય દ્વિપક્ષી લડાઈથી ઊકેલ થઈ જશે પણ અહીં તો ભારતને જ્ઞાત સમગ્ર જગતના ક્ષત્રિયોનો સંહાર થઈ જાય એવા મહાયુદ્ધનાં મંડાણ થવાનાં એંધાણ વર્તાયાં જેમાં ક્ષત્રિયોની સાથે પ્રજાને પણ ભારોભાર વેઠવું પડે). એ પછી (મારી સહાયતાથી) ક્રુદ્ધ ગાંડીવધન્વા અર્જુન, મંદબુદ્ધિ મૂર્ખ દુર્યોધનને; અમાત્યો તથા બાંધવોની સાથે અંતિમ સ્થિતિએ પહોંચાડી દેશે—હણી નાખશે.' (૫-૫-૧ થી ૧૦)

આમ વાટાઘાટો પૂરી થઈ. વિરાટે શ્રીકૃષ્ણને સત્કારી એમને રસાલા સાથે વિદાય આપી. શ્રીકૃષ્ણ ગયા એ પછી યુધિષ્ઠિર, વિરાટ વગેરેએ સંગ્રામની તૈયારી કરવા માંડી. કૌરવોએ પણ તૈયારી કરવા માંડી. (૫-૧૧-૧૧ થી ૧૭)

એક બાજુ સૈન્યો સજ્જ થતાં હતાં. એ સાથે પ્રજ્ઞ–વયોવૃદ્ધ દ્રુપદે પોતાના પુરોહિતને કૌરવોના દરબારમાં સંધિ માટે મોકલ્યો. એ કૃતબુદ્ધિ દૂતને, યુધિષ્ઠિરના અભિપ્રાય મુજબ, દ્રુપદે સામપ્રયોગવાળાં ધર્મ અને ન્યાયયુક્ત વચનો કેવી રીતે અને કોને કહેવાં તે સમજાવ્યું, જેથી કૌરવોના અમાત્યોમાં જ મતભેદ પડે અને સેનાની જમાવટમાં વિલંબ થાય, એટલે તે દરમિયાન એકાગ્ર બુદ્ધિવાળા પાંડવોને સૈન્ય અને દ્રવ્યની જમાવટ કરવાનો સમય મળી જાય. દૂતને એ પણ સમજાવ્યું કે (સુલેહ થવાનો સંભવ નહિવત્ છે તેથી) તેને હસ્તિનાપુર મોકલવાનું મુખ્ય કારણ પણ આ સમય મેળવવાનું છે. એ પ્રમાણે સૂચના આપીને પુરોહિતને પુષ્ય નક્ષત્ર અને જય મુહૂર્તમાં વિષ્ટિદૂત તરીકે મોકલ્યો. (૫-૫-૧૮; ૬-૧ થી ૧૮)

* * *

શ્રીકૃષ્ણ–બલદેવ વૃષ્ણિઓ, અન્ધકો અને ભોજોની સાથે દ્વારકા ગયા. દુર્યોધને પણ પાંડવોની (તથા શ્રીકૃષ્ણ દ્વારકા ગયાની) સર્વ હિલચાલ પોતાના ગુપ્તચરો દ્વારા જાણી લીધી. શ્રીકૃષ્ણ (ઉપપ્લવ્યથી) નીકળ્યાનું જાણીને દુર્યોધન પણ થોડું સૈન્ય લઈને વાયુવેગી ઘોડાઓ ઉપર બેસીને દ્વારકાપુરી ગયો. અર્જુન પણ તે જ દિવસે રમ્ય આનર્તનગરી દ્વારકા જવા નીકળ્યા. બંને એકી સાથે દ્વારકામાં પ્રવેશ્યા. ત્યાં ખબર પડી કે શ્રીકૃષ્ણ સૂઈ રહ્યા છે, છતાંય તેઓ (શય્યાગૃહમાં) ઊંઘતા શ્રીકૃષ્ણની પાસે ગયા. તેમાં દુર્યોધન (ઉતાવળ કરીને) પહેલાં પ્રવેશ કરી શ્રીકૃષ્ણના ઓશીકા આગળ સુંદર આસન પર બેઠો, ત્યારે મહામના અર્જુન (શાન્તિથી) પછી પ્રવેશ્યા અને વિનયપૂર્વક હાથ જોડી શ્રીકૃષ્ણના ચરણ બાજુ ઊભા રહ્યા. વાર્ષ્ણેય જાગતાં એમણે કિરીટી અર્જુનને પ્રથમ જોયા. એમણે બંનેનું સ્વાગત કરીને યથાયોગ્ય સત્કાર્યા. પછી મધુસૂદને તેમના બંનેનો આવવાનો હેતુ પૂછ્યો, ત્યારે દુર્યોધને (મોં ઉપર) હાસ્ય ફરકાવીને મદદ માટે વિનંતી કરી: 'આ વિગ્રહમાં આપે મને સહાય કરવી જોઈએ. આપને મારી અને અર્જુનની સાથે સમાન સખ્ય છે (!) વળી અમારી સાથે (કારવ–પાંડવો સાથે) તમારે સમાન સંબંધ છે. વળી આજે હું તમારી પાસે મદદ માટે પ્રથમ આવ્યો છું. પરાપૂર્વની રીતને અનુસરનારા

સજ્જનો પ્રથમ આવનારને સહાય કરે છે. અને જનાર્દન ! આજે તો તમે જગતમાં (સર્વ) સજ્જનોમાં પણ શ્રેષ્ઠતમ છો અને સતત માન્ય છો, તો સદાચારનું પાલન કરો.'[૧] (૫-૭-૧ થી ૧૨)

શ્રીકૃષ્ણે જણાવ્યું : 'આપ પહેલાં આવ્યા છો એમાં મને શંકા નથી, પણ મેં તો ધનંજયને પ્રથમ દીઠો છે. એટલે તમે પ્રથમ આવ્યા છો, અને મેં અર્જુનને પ્રથમ દીઠો છે. તેથી હું બન્નેને સહાય કરીશ. 'બાળકોની ઇચ્છા પ્રથમ પૂરી કરવી, એવી (જગતમાં) કહેતી છે.[૨] માટે (નાનો હોઈ અર્જુનની ઇચ્છા પ્રથમ સંતોષવી જોઈએ. મારી પાસે મારા જેવા દૃઢ 'નારાયણ' નામથી વિખ્યાત 'મહા અર્બુદ' ગોપ લડવૈયા છે.[૩] એટલે યુદ્ધમાં દુરાધર્ષ એવા આ ગોવાળો એકના સૈનિક થશે અને બીજી તરફ ન્યસ્તશસ્ત્ર (જેણે શસ્ત્રો તજી દીધાં છે તેવો) અને યુદ્ધમાં નહિ લડનાર એવો હું રહીશ. (હવે અર્જુનને કહે છે. માટે) હે પાર્થ ! આ બેમાંથી તને જે હૃદ્યતર લાગતું હોય તે પસંદ કરી લે, કારણ કે ધર્મ મુજબ તારી ઇચ્છા પ્રથમ પૂર્ણ થવી જોઈએ.' (૫-૭-૧૩ થી ૧૮)

શ્રીકૃષ્ણે એમ કહેતાં (શ્રેયોભિલાષી) કુન્તીપુત્ર ધનંજયે अयुध्यमानं संग्रामे वरयामास केशवम् । સંગ્રામમાં નહિ લડનાર કેશવને પસંદ કર્યા. (મૂર્ખ) દુર્યોધન તો લાખો યોદ્ધાઓને મેળવીને, કૃષ્ણને ખાલી કરી નાખ્યા એમ સમજીને હરખાવા લાગ્યો.[૪] પછી (સૈન્યનો હવાલો લઈને) દુર્યોધન મહાબલી રૌહિણેય બલરામ પાસે પહોંચ્યો અને સહાય માગી. બલરામે તેને

---

૧ अहं चाभिगतः पूर्वं त्वामद्य मधुसूदन ।
पूर्वं चाभिगतं सन्तो भजन्ते पूर्वसारिणः ॥ ५-७-११.

મદદ માટે પ્રથમ કહેણ મોકલનારને સહાય કરવાનો રાજકીય રિવાજ હશે. સર૦ ઉપર દ્રુપદના પ્રવચનમાં ૫-૪-૯.

त्वं च श्रेष्ठतमो लोके सतामद्य जनार्दन ।
सततं संमतश्चैव सद्वृत्तमनुपालय ॥ ५-७-१२.

શ્રીકૃષ્ણ માટેનાં દુર્યોધનનાં આ વચન મદદ મેળવવા માટેની ખુશામતથી ભરપૂર હોઈ શકે. તેમ છતાં એમને 'જગતમાં સજ્જનોમાં પણ શ્રેષ્ઠતમ' કહ્યા છે, તે એમની પ્રતિષ્ઠાનું સૂચક છે.

૨ प्रवारणं तु बालानां पूर्वं कार्यमिति श्रुतिः । ५-७-१५ ક૫

ભાઈઓની ભાગવહેંચણી પ્રસંગે તટસ્થ વ્યક્તિ ભાગ વહેંચનાર હોય ત્યારે, આજે પણ નાના ભાઈને ભાગની પસંદગી કરવાનો પ્રથમ હક મળે છે, એ સુવિદિત છે.

૩ અર્બુદ = અબજ = દશ કરોડ. 'યજુર્વેદ' ૧૭-૨ પ્રમાણે એક કરોડ. પણ અહીં લક્ષણાથી 'ઘણા બધા' અથવા अर्बुदं महत् એટલે 'મોટા સમૂહ' એમ લઈ શકાય. 'આદિપર્વ' ૨-૧૩૮નો સંદર્ભ સ્પષ્ટ અક્ષૌહિણી સેનાનો નિર્દેશ કરે છે. જુઓ નીચે નોંધ ૪.

૪ જુઓ ૧-૨-૧૩૬ થી ૧૩૯. દુર્યોધન અને અર્જુન સહાય લેવા વાસુદેવ પાસે આવ્યા. મહામતિ કૃષ્ણે કહ્યું : 'એક બાજુ યુદ્ધ નહિ કરનાર મંત્રી એવો હું અને બીજી બાજુ એક અક્ષૌહિણી સેના છે. કોને હું શું આપું ?' મન્દાત્મા દુર્યોધને ત્યારે સૈન્ય પસંદ કર્યું અને--

अयुध्यमानं सचिवं वव्रे कृष्णं धनंजयः ॥

કહ્યું : 'વિરાટને ત્યાં અભિમન્યુના લગ્નમાં હું બોલ્યો હતો તેમ થવું જોઈતું હતું. તે તું (ચાર મારફતે) જાણે છે. મેં (ત્યાં) તારે માટે વારંવાર દબાણ કરીને હૃષીકેશને કહ્યું હતું કે, 'આપણો સંબંધ બન્નેની સાથે સરખો છે!' (૫-૭-૨૪ થી ૨૬; સર૦ ૯-૩૪-૧૦, ૧૧. માટે બન્નેને સરખી મદદ કરવી); પણ એ વચન કેશવને ગળે ઊતર્યાં નહિ. (આમ જો કે મનથી હું તારા તરફ છું પણ) શ્રીકૃષ્ણ વિના હું એક ક્ષણ પણ રહી શકું એમ નથી. એટલે વાસુદેવની સામે જોઈને મેં તો એવું નક્કી કર્યું છે કે, 'પાંડવો કે દુર્યોધન કોઈનેય સહાય કરવી નહિ!' તું તો સર્વ રાજાઓથી સત્કૃત ભરતવંશમાં જન્મ્યો છે. માટે ભરતર્ષભ! જા અને ક્ષાત્રધર્મ પ્રમાણે યુદ્ધ કર!' પછી દુર્યોધન હલધરને ભેટ્યો, અને શ્રીકૃષ્ણને (સૈન્યથી તેમ જ શસ્ત્ર છોડ્યાં હોઈ શસ્ત્રોથી પણ) સાફ કરી નાખ્યા છે એમ માનીને 'યુદ્ધમાં જય મારો જ છે' એમ માનવા લાગ્યો. એ પછી તે કૃતવર્મા યાદવ પાસે ગયો. કૃતવર્માએ તેને એક અક્ષૌહિણી સેના આપી. આ ભયંકર સેનાને લઈને દુર્યોધન હરખાતો હરખાતો હસ્તિનાપુર ગયો. (૫-૭-૧૯ થી ૩૧)

દુર્યોધનના ગયા પછી શ્રીકૃષ્ણે કિરીટી અર્જુનને પૂછ્યું : 'યુદ્ધ નહિ કરનાર મને તેં શા વિચારથી પસંદ કર્યો?' (૫-૭-૩૧.) ત્યારે નમ્ર પણ આત્મસામર્થ્યના ભાનવાળા અર્જુને ઉત્તર આપ્યો : 'પુરુષોત્તમ! આપ તે સર્વને હણવા સમર્થ છો એમાં કંઈ જ સંશય નથી. એવી રીતે હું એકલો જ એ બધાયને હણવા સમર્થ છું; પણ આપ જગતમાં કીર્તિમાન છો. તેથી તે યશ તમને મળશે અને હું યશનો અર્થી છું, એટલે મેં આપને પસંદ કર્યા. તમે મારા સારથિ થાઓ એવી ઝંખના મારા દિલમાં સદાય રહે છે. લાંબા સમયની એ ઇચ્છિત કામનાને આપશ્રીએ પૂરી કરવી જોઈએ.'[૧] (૫-૭-૩૨ થી ૩૪)

---

૧ (૧) भवान्समर्थस्तान्सर्वान्निहन्तुं नात्र संशयः ।
निहन्तुमहमप्येकः समर्थः पुरुषोत्तम ॥ ५–७–३२.

भवांस्तु कीर्तिमाँल्लोके तद्यशस्त्वां गमिष्यति ।
यशसा चाहमप्यर्थी तस्मादसि मया वृतः ॥ ५–७–३३.

सारथ्यं तु त्वया कार्यमिति मे मानसं सदा ।
चिररात्रेप्सितं कामं तद्भवान्कर्तुमर्हति ॥ ५–७–३४.

શ્રેયાર્થી અર્જુને આવી પડનારા યુદ્ધમાં કીર્તિમાન ભગવાનને પસંદ કર્યા (કીર્તિ = 'નટાદિથી નહિ પણ સજ્જનોથી જે ગવાય છે તે'—'પરમાર્થપ્રપા'. 'ધાર્મિકપણાના નિમિત્તવાળી ખ્યાતિ'—આનન્દગિરિ. 'અર્થાત્ ફલાણો ધર્માત્મા છે એ વિષયરૂપ જેનો ચારે તરફ યશ છે એવી ખ્યાતિ'—'મધુસૂદની'; 'ચિદ્ઘનાનંદી'. ગીતા. ૧૦–૩૪ ઉપરની જુદી જુદી ટીકાઓ.) જેથી અનાસક્ત કર્મયોગી થવા મથતા અર્જુનના પરાક્રમનો યશ શ્રીકૃષ્ણને મળે. (यशः धर्मनिमित्ता कीर्तिः। अयशः अधर्मनिमित्ता कीर्तिः। ગીતા. ૧૦-૫ ઉપર 'શાંકરભાષ્ય'); અને વિશુદ્ધ થયેલો તે યશ શ્રીકૃષ્ણના લીધે યશના અર્થી એવા અર્જુનને મળે. પરિણામે ધર્મયુદ્ધના વિજેતાને ગર્વ ન થાય. (સર૦ વિષણ્ણ અર્જુનને કાલરૂપધારી પરમાત્માએ કહેલું તે—तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व० ગીતા ૧૧-૩૩ ક. તેના ઉપર 'શાંકરભાષ્ય' 'भीष्मप्रभृतयः अतिरथाः अवस्थिताः, अजेयाः देवैरपि, अर्जुनेन जिताः।' इति यशः लभस्व; केवलं पुण्यैः तत्प्राप्यते।' 'તેટલા માટે તું ઊભો થા. 'દેવોથી પણ ન જીતી શકાય એવા ભીષ્મ વગેરે અતિરથો સામે ઊભા હતા, તેમને અર્જુને જીત્યા' એવો યશ તું મેળવ, કેવળ પુણ્યશાળીને જ તે (યશ) મળે છે.'

ભગવાન શ્રીકૃષ્ણે તેને અભિનંદન આપતાં કહ્યું : 'પાર્થ ! તું મારી સાથે (સામર્થ્ય, કીર્તિ અને યશની) સ્પર્ધા કરે છે તે યોગ્ય છે. હું તારો સારથિ થઈશ. તારો મનોરથ પૂર્ણ થાઓ.' (૫-૭-૩૫)

એમ શ્રીકૃષ્ણને પ્રમુદિત કર્યા, અને તે પણ મુખ્ય દશાર્હોથી વીંટાઈને (દાશાર્હોની સેનાને લઈને) પુનઃ યુધિષ્ઠિર પાસે આવ્યા. (૫-૭-૩૬)

* * *

દીર્ઘદર્શી રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણ ન્યાયપરાયણ પાંડવોના જ પક્ષમાં હતા, પરંતુ પરિસ્થિતિએ પલટો લીધો. જ્યાં માત્ર સામાન્ય લડાઈથી નિકાલ થઈ જાય એવું લાગતું હતું ત્યાં તત્કાલીન ભારતને જ્ઞાત સમગ્ર જગત જેમાં સંડોવાય એવું મહાયુદ્ધ થવાના અણસાર વર્તાયા. (ક્ષીબ હોઈ) અસ્થિર બલરામ જે અગાઉ દુર્યોધન ઉપર રોષે ભરાયા હતા તે હવે એની તરફેણમાં બોલતા હતા ! (બન્નેને સરખી મદદનું કહેતા હતા. જુઓ ૯-૩૪-૧૦, ૧૧.) કૃતવર્મા જેવા ઉપરથી શ્રીકૃષ્ણના અનુયાયી પણ પ્રચ્છન્ન શત્રુ યાદવસંઘમાં હતા,[૧] અને આવા સંયોગોમાં ગુપ્તચરોની કાર્યક્ષમ સગવડ ધરાવતો, ધર્મની સૂક્ષ્મતા—કાયદાની બારીકીને, સમજતો દુર્યોધન ત્વરા કરીને, પ્રચલિત રિવાજ મુજબ મદદ માગવા માટે શ્રીકૃષ્ણ પાસે વહેલો આવી પહોંચ્યો હતો. આવાં બધાં કારણોથી શ્રીકૃષ્ણે બન્ને પક્ષોને સહાય કરવાની વિશિષ્ટ પદ્ધતિ અંગીકાર કરી. એક બાજુ પોતાનું આત્મિક બળ આપવાનું હતું, બીજી બાજુ ભૌતિક બળ. ઋજુ અર્જુનને પ્રથમ પસંદગી સોંપી. ઉત્તમાધિકારી અર્જુને આત્મિક બળ, અવિનાશી બળ પસંદ કર્યું; શ્રેયસ્ અને પ્રેયસ્‌માંથી શ્રેયસ્ ગ્રહણ કર્યું. પોતે ધવલ યશના અર્થી હતા, તેથી તે યશ કીર્તિમાન એવા શ્રીકૃષ્ણ મારફતે પોતાને મળે, શ્રીકૃષ્ણના નામે મળે ('મને નહિ') એવા આશયથી એમણે શ્રીકૃષ્ણને લીધા. વિવેકી અર્જુનના હૃદયમાં અવ્યક્તરૂપે ભગવત્પ્રીત્યર્થે કાર્ય કરવાની ભાવના વિકસી રહી છે. તેથી

વળી અર્જુનને અહીં કીર્તિના નહિ પણ યશના અર્થી દર્શાવ્યા છે. તેની પાછળ एकदिग्गामिनी कीर्तिः सर्वदिग्गामिनं यशः। એ ખૂબ પ્રાચીન સુભાષિતની ભાવના દેખાતી લાગે છે.

(૨) સર૦ ધૃતરાષ્ટ્રના શબ્દો: 'અર્જુનમાં નિત્ય વિજય છે અને કૃષ્ણમાં શાશ્વત કીર્તિ છે.' ૭-૧૦-૩૮.

(૩) સર૦ 'અર્જુનનું સારથ્ય કરવાની વિનંતી હરિએ સ્વીકારી.' ૩-૪૮-૧૫, ૧૬. અર્જુનની ચિરરાત્રેપ્સિત ઇચ્છાનું અહીં પ્રતિબિમ્બ જણાય છે.

(૪) સર૦ યુધિષ્ઠિરને શાન્તિબોધ આપવા ભીષ્મપિતામહને આજ્ઞા કરતાં શ્રીકૃષ્ણે પોતાને યશ અને શ્રેયના મૂળ, યશથી પૂર્ણ કહીને, ભીષ્મના યશને વિસ્તારવા માટે અને તેમની કીર્તિને જગતમાં અક્ષય રાખવા માટે તેમની પાસે આ શાન્તિબોધ અપાવવા ઇચ્છે છે, એમ કહ્યું હતું. ૧૨-૫૪-૨૫થી ૩૨.

(૫) પુરુષાર્થી ભગવાનને તકલીફ નહિ આપતાં એમના માર્ગદર્શન નીચે કર્મયોગ આચરવાનું વિચારે છે. સર૦ શ્રીકૃષ્ણના શબ્દો ૫-૭૫-૧૯, ૨૦.

૧ યાદવજાતિના બંધારણ પ્રમાણે દરેક મુખી પાસે તેનું પોતાનું સૈન્ય રહેતું હોય એમ જણાય છે. કૃતવર્મા તેના સૈન્ય સાથે કૌરવોના પક્ષે હતો. શ્રીકૃષ્ણે 'નારાયણ' નામની ગોપાલ ટુકડીઓ દુર્યોધનને સહાયમાં આપી હતી. સાત્યકિ, ચેકિતાન વગેરે યાદવ આગેવાનો પોતાના સૈન્ય સાથે પાંડવપક્ષે ગયા હતા.

દર્પપ્રેરતી 'પોતાને જ મળતી' મર્યાદિત કીર્તિનો એમને લોભ નથી, અને એટલે સારથિ તરીકે—માર્ગદર્શક તરીકે શ્રીકૃષ્ણને લીધા, પોતાનું અને એમનું સામર્થ્ય બરાબર સમજીને લીધા.

સામી બાજુએ મૂર્ખ દુર્યોધન શ્રીકૃષ્ણ પાસેથી ભારે ભૌતિક મદદ લે છે, અને એમ માને છે કે 'કૃષ્ણને તળિયાઝાટક સાફ કરી નાખ્યા છે, એટલે મારો વિજય નિશ્ચિત છે!'

બંને પક્ષોને સહાય કરીને શ્રીકૃષ્ણે બંને પ્રત્યેની પોતાની હિતબુદ્ધિ દર્શાવી છે. રાજકીય રીતે જોતાં અર્વાચીન સમયમાં અમેરિકા કે રશિયા જેવાં સમર્થ રાષ્ટ્રો પાસે બીજાં રાષ્ટ્રો જાતજાતની મદદ અને સહાય લેવા જાય છે, અને ચોક્કસ સંદર્ભમાં, ખાસ કરીને એ રાષ્ટ્રોની પરસ્પરને લડાવી મારવાની કૂટનીતિના એક ભાગ તરીકે, સહાય મેળવે પણ છે. તેની સાથે કોઈને આ મદદ સરખાવવાનું મન થાય, પણ વસ્તુતઃ એમ નથી. શ્રીકૃષ્ણ કોઈ કૂટનીતિના પ્રયોગ તરીકે બંને પક્ષને સહાય નથી કરતા; પરન્તુ બંને પક્ષ તરફ હિતબુદ્ધિ રાખીને, અંતરમાં સાચી શાન્તિની ખેવના સાથે શિવસંકલ્પપૂર્વક, કટુતા અને હિંસા શક્ય તેટલી ઓછી ફેલાય એ રીતે એક માન્ય ક્ષત્રિયપરંપરાને અનુસરે છે. અર્વાચીન સમર્થ મનાતાં રાષ્ટ્રો જગતના ઉચ્છેદ માટે પ્રવર્તતા દુર્યોધનવાદનાં પ્રતિનિધિ છે, શ્રીકૃષ્ણ વિશ્વસંરક્ષક દૈવી સંપત્તિના.

સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં આસુરી સંપત્તિવાળો દુર્યોધન અને દૈવી સંપત્તિવાળા અર્જુન, બંને ભગવાન પાસે મદદ યાચે છે. શ્રીકૃષ્ણે તો

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः। ६-७१-२९ કખ (ગીતા, ૯-૨૯ કખ)

'હું સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન વર્તું છું, મને કોઈ દ્વેષ્ય કે પ્રિય નથી—વહાલો દવલો નથી.'

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्। ६-२६-११ કખ (ગીતા, ૪-૧૧ કખ)

'જેઓ જે રીતે મારો આશ્રય લે છે, તેઓને તે જ પ્રમાણે હું ભજું છું—આશ્રય આપું છું, ફળ આપું છું.'

વગેરે વચનો અનુસાર બન્નેને સહાય કરી. કરોડોના સશસ્ત્ર ગોપ સૈન્યવાળા દુર્યોધન એટલે કે ઇન્દ્રિયોની અસંખ્ય કામનિક વૃત્તિઓ સહિતની આસુરી સંપત્તિના અધિનાયક; અને નિઃશસ્ત્ર, સાક્ષીભૂત, કીર્તિમાન, એકલા જ ભગવાન શ્રીકૃષ્ણની સહાયવાળા અર્જુન એટલે કે ભગવાનને જ પરમ ગણતા દૈવી સંપત્તિના અધિનાયક; એ બન્નેના સંઘર્ષમાં જય (જુઓ यतः कृष्णस्ततो धर्मो यतो धर्मस्ततो जयः। ६-६२-३४ગઘ; ૧૩-૧૫૩-૩૯ગઘ ઇત્યાદિ) દૈવી સંપત્તિના અધિનાયકનો થયો એ સર્વવિદિત છે. ભગવાન પાસેથી તેમને 'તમે જગતમાં સર્વશ્રેષ્ઠ છો' (૫-૭-૧૨. જુઓ ઉપર નોંધ ૧૨) એમ કહીને મદદ યાચનાર અસત્યને, આસુરી સંપત્તિને પરમાત્માના સામર્થ્યની યથાર્થ ગમ નથી; જો કે તેનો અલ્પ અણસાર આવ્યો હશે ખરો, એવું ધૃતરાષ્ટ્રના આ ઉદ્‌ગારોથી વ્યક્ત થાય છે:

यदा श्रौषं माधवं वासुदेवं सर्वात्मना पाण्डवार्थे निविष्टम्।
यस्येमां गां विक्रममेकमाहुस्तदा नाशंसे विजयाय संजय॥ १-१-११८

'જ્યારે મેં સાંભળ્યું કે આ પૃથ્વી જેમનું એક પગલું કહેવાય છે તે માધવ વાસુદેવ પૂર્ણપણે પાંડવોના પક્ષમાં આવ્યા છે, ત્યારે સંજય! મને વિજયની આશા રહી નહિ.'

આત્મિક દૃષ્ટિએ જોતાં, જીવાત્મા પ્રાતિભદર્શનની ધન્ય ઘડીએ પરમાત્મા સાથેનું પોતાનું ચિરસખ્ય જોઈ લે છે. એ પ્રાતિભદર્શનને અનુદર્શનમાં ફેરવવા મથે છે. મથામણ કરતાં એ ચિત્તરૂપી ધર્મક્ષેત્રમાં કુરુક્ષેત્રનું બિભીષણ વિશ્વયુદ્ધ થવાનું છે તે પારખી લે છે. સહાયક સખા નારાયણની મદદ યાચે છે. ત્યાં તો આસુરી વૃત્તિઓ પણ નારાયણની સહાય લેવા આવેલી છે. નારાયણ નરને પ્રથમ પસંદગી સોંપે છે. વિવેકી નર, પોતાનું અને નારાયણનું સમાન સામર્થ્ય પારખીને, સાક્ષીભૂત, યશસ્વી પરમાત્માને જ પસંદ કરે છે. એમને જ સારથિ બનવાની પ્રાર્થના કરે છે. પરમાત્મા સારથિ—માર્ગદર્શક બને છે; અને નર, કુરુક્ષેત્રના આ ભીષણ આંતરવિગ્રહમાં પોતાની સ્થૂળ દૃષ્ટિથી—બાલિશ ધાર્તરાષ્ટ્રી દૃષ્ટિથી—જોવાનું બંધ કરે છે. એ '**કૃષ્ણનેત્ર**' બને છે, એ કૃષ્ણની નજરે જુએ છે,[1] ખરેખર 'દેખતો થાય છે', અજેય બને છે, જય પામે છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६–२४–६९ (ગીતા ૨-૬૯)

'જે સર્વ ભૂતોની રાત્રિ છે, તેમાં સંયમી જાગે છે; અને જેમાં પ્રાણીઓ જાગે છે, તે જોનારા (દેખતા, અંધ નહિ) મુનિની રાત્રિ છે.'

* * *

મહાભારત 'અનુશાસનપર્વ'માં 'ઋગ્વેદ' ૧-૧૬૪ અને 'અથર્વવેદ' ૯-૯ને અનુસરીને એક ચક્રવાળા (સંવત્સરરૂપી) રથને ચલાવતા શ્રીકૃષ્ણના માહાત્મ્યનું વર્ણન છે. રસ ધરાવનારાઓ માટે 'ઋગ્વેદ' ૧-૧૬૪ અને 'અથર્વવેદ' ૯-૯નું '<u>अस्य वामस्य</u>' સૂક્ત બહુ મહત્ત્વનું તો છે જ. એ સાથે વેદોમાં ઊંડા તત્ત્વજ્ઞાનનો કેવળ અભાવ છે એવાં વિધાનો કરનારા દેશી-પરદેશી વિદ્વાનો અને ગતાનુગતિકતાથી તેને જ પ્રમાણભૂત સમજનારા ધાર્તરાષ્ટ્રી દૃષ્ટિવાળાઓ માટે પણ આહ્વાનરૂપ છે. (આ સૂક્તમાંના કેટલાક મહત્ત્વના વેદમંત્રો ઉપરનું 'નિરુક્ત'નું વિવેચન પણ અગત્યનું છે.)

'અનુશાસનપર્વ'ના બે ઉપયુક્ત નમૂના અહીં જોઈએ. પિતામહ ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે: '(સંવત્સરરૂપી) આ એક ચક્રવાળા, (ઋતુઓરૂપી) ત્રણ નાભિ, (ટાઢ, તાપ અને વર્ષારૂપી) ત્રણ સ્થાનવાળા અને (સાત કિરણોરૂપી) સાત ઘોડાઓ જોડેલા (રથ)ને તેઓ વહી રહ્યા છે. મહાતેજસ્વી, સર્વત્ર ગતિવાળા અને સર્વસંહારક કૃષ્ણ એકલા જ જગતોને ધારણ કરી રહ્યા છે. (જીવરૂપે) ભોગવતા અને (પરમાત્મારૂપે) નહિ ભોગવતા એવા ધીર કૃષ્ણને તે જ રીતે પાર્થ ! તું સદા કર્તા જાણજે...તે પોતે શ્વેત (પ્રકાશરૂપી?) અશ્વને આપનાર અને પોતે જ અશ્વ છે, અને એણે જ સર્વ (ઇન્દ્રિયોરૂપી ?) અશ્વોને પેદા કર્યા છે. તેના રથમાં (સત્ત્વ, રજસ્ અને તમસ્ એ) ત્રણ સારથિની બેઠકો છે. તેને (શુક્લ, કૃષ્ણ અને શુક્લકૃષ્ણરૂપી) ત્રણ ચક્ર છે, (ઉત્તમ, મધ્યમ અને અધોગતિરૂપ) ત્રણ કાષ્ઠપટીઓ છે, અને (૧. કાલ, અદૃષ્ટ, ઇશ્વરેચ્છા અને

---

૧ સર° કર્ણ મરાયા પછી સંજયના શબ્દો :

सर्वैरपि च जीवद्भिर्बीभत्सुरपराजितः ।
कृष्णनेत्रो महाबाहुर्देवैरपि दुरासदः ॥ ९–३–१७

સંકલ્પ. ૨. વૈશ્વાનર, તૈજસ્, પ્રાજ્ઞ અને શાન્ત, શિવ, અદ્વૈત આત્મા. ૩. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર ભાગવાળી વાણી. ૪. 'પુરુષસૂક્ત' 'ઋગ્વેદ' ૧૦-૯૦-૩માં કહ્યા મુજબના ચાર પાદ ઇત્યાદિ.) તે ચાર ખૂણાવાળો ચોરસ છે.[1]

આ સાથે 'ઋગ્વેદ'નું '**अस्य वामस्यं**' સૂક્ત જોઈએ. જેમ કે 'સૂર્યના એક ચક્રવાળા રથમાં સાત ઘોડા જોડયા છે (અથવા) 'સપ્ત' (સાત) એ નામનો એક જ અશ્વ એને ખેંચે છે. રથને ત્રણ નાભિ છે. એ રથ અજર છે, અશિથિલ છે, જેમાં સમસ્ત સંસાર આશ્રય કરે છે.' ('ઋગ્વેદ' ૧-૧૬૪-૨; 'અથર્વવેદ' ૯-૯-૨; 'નિરુક્ત' ૪-૨૭ ઇ.)[2]

અભ્યાસીઓ માટે વેદોનાં આ સૂક્તો અખૂટ અભ્યાસરસસામગ્રી પૂરી પાડે એમ છે.

*　　　*　　　*

'કઠોપનિષદ્'માં રથ અને રથીનું રૂપક આવે છે:

आत्मानँ रथिनं विद्धि शरीरँ रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ १-३-३.

इन्द्रियाणि हयानाहुर्विषयाँस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥ १-३-४.

यस्त्वविज्ञानवान्भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥ १-३-५.

यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥ १-३-६.

विज्ञानसारथिर्यस्तु मनःप्रग्रहवान्नरः ।
सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥ १-३-९.

---

१ स एकयुकचक्रमिदं त्रिनाभि
सप्ताश्वयुक्तं वहते वै त्रिधामा ।
महातेजाः सर्वगः सर्वसिंहः
कृष्णो लोकान्धारयते तथैकः ।
अश्नन्ननश्नंश्च तथैव धीरः
कृष्णं सदा पार्थ कर्तारमेहि ॥ १३-२४३-२२.

स एवाश्वः श्वेतमश्वं प्रयच्छ-
त्स एवाश्वानथ सर्वांश्चकार ।
त्रिबन्धुरस्तस्य रथस्त्रिचक्र-
स्त्रिवृच्छिराश्चतुरस्रश्च तस्य ॥ १३-२४३-२४.

२ सप्त युञ्जन्ति रथमेकचक्रमेको अश्वो वहति सप्तनामा ।
त्रिनाभि चक्रमजरमनर्वं यत्रेमा विश्वा भुवनाधि तस्थुः ॥
'ઋગ્વેદ' ૧-૧૬૪-૨ ઇ.

‘ તું આત્માને રથી અને શરીરને રથ સમજ. બુદ્ધિને સારથિ અને મનને લગામ જાણ. ઇન્દ્રિયો ઘોડા અને વિષયો તેના માર્ગ કહેવાય છે. મનીષીઓ શરીર, ઇન્દ્રિયો અને મન સાથે જોડાયેલા આત્માને ‘ભોક્તા’ કહે છે. જેમ દુષ્ટ ઘોડા સારથિના કાબૂમાં રહેતા નથી (અને રથને ગર્તામાં ફેંકી દે છે) એમ જેનો (બુદ્ધિરૂપી) સારથિ અવિવેકી અને અયુક્ત છે તેની ઇન્દ્રિયો સંયમમાં રહેતી નથી; પણ જેમ ઉત્તમ કેળવાયેલા ઘોડા સારથિના વશમાં રહે છે, એમ જેનો (બુદ્ધિરૂપી) સારથિ વિજ્ઞાની અને યુક્ત મનવાળો છે, તેની ઇન્દ્રિયો તેને વશ વર્તે છે....જે મનુષ્ય વિવેકયુક્ત બુદ્ધિસારથિવાળો અને મનરૂપી લગામવાળો છે, તે સંસારમાર્ગને પાર કરીને વિષ્ણુના (વિભુ પરમાત્માના) તે પરમ પદને પામે છે.’

આ વિચાર મહાભારતમાં જુદી જુદી રીતે અભિવ્યક્ત થાય છે : (૧) પ્રાણીઓનું શરીર રથ છે. બુદ્ધિ સારથિ, ઇન્દ્રિયો ઘોડા અને કર્મબુદ્ધિ અર્થાત્ મનને લગામ કહેવામાં આવે છે. એમાં ઇન્દ્રિયોરૂપી ઘોડાના વેગની પાછળ જે દોડે છે તે આ સંસારચક્રમાં ચક્રની જેમ ઘૂમ્યા કરે છે; પણ જે બુદ્ધિરૂપી સારથિ વડે ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને કાબૂમાં રાખે છે તે સંસારચક્રમાં પાછો ફરતો નથી... સ્થિર સંયમવાળો આત્મા (અર્થાત્ બુદ્ધિ) જેવી રીતે પોતાને દુઃખોથી છોડાવે છે તેવી રીતે પરાક્રમ, સાધનસંપત્તિ, મિત્ર કે સુહૃદ્જન પણ છોડાવી શકતાં નથી.[1] (૨-૩.) પુરુષનું શરીર રથ છે. આત્મા (બુદ્ધિ) સારથિ છે, ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે. જેમ અપ્રમત્ત અને કુશળ સારથિ કેળવેલા ઘોડાઓવાળા રથને સુખપૂર્વક હાંકી જાય છે, એમ ધીર પુરુષ કેળવેલી (દાન્ત–સંયમિત) ઇન્દ્રિયોવડે સુખપૂર્વક (સંસારની પાર) જાય છે. એવું (કઠોપનિષદની શ્રુતિમાં) જોવામાં અવ્યું છે. (૩-૨૦૨-૨૧; ૫-૩૪-૫૭; સર° ૧૨-૨૩૮-૧ થી ૩)

આ વિચારને વિકસાવીને ગીતાએ

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ६–२५–४२ (गीता, ३–४२)

---

१ रथं शरीरं भूतानां सत्त्वमाहुस्तु सारथिम् ।
इन्द्रियाणि हयानाहुः कर्मबुद्धिश्च रश्मयः ॥ ११–७–१३.
तेषां हयानां यो वेगं धावतामनुधावति ।
स तु संसारचक्रेऽस्मिश्चक्रवत्परिवर्तते । ११–७–१४.
यस्तान्यमयते बुद्धया स यन्ता न निवर्तते ॥ ११–७–१५ કપ.
न विक्रमो न चाप्यर्थो न मित्रं न सुहृज्जनः ।
तथोन्मोचयते दुःखाद्यथात्मा स्थिरसंयमः ॥ ११–७–१८.

સર° ૫–૩૪–૫૮; ૫–૧૨૭–૨૬, ૨૭; મ૦ ભા૦ ૧૧–૭–૧૮ સાથે સર° ‘ધમ્મપદ’ ગાથા ૪૩.

સર° મનુ૦ ૨-૮૮ : इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद्विद्वान्यन्तेव वाजिनाम् ॥

જેમ સારથિ ઘોડાને કાબૂમાં રાખે છે એમ (મનને) ખેંચી જઈને વિષયોમાં ફરનારી ઇન્દ્રિયોને વિદ્વાને કાબૂમાં રાખવાનો યત્ન કરવો જ.

(સર૦ 'કઠોપનિષદ્' ૧-૩-૧૦; ૨-૩-૭; મ૦ ભા૦ 'શાન્તિપર્વ' ૨૩૮-૩; ૨૪૦-૨; ૨૮૬-૧૯.)

ઇન્દ્રિયો, મહાભૂતો, મન અને બુદ્ધિથી અંતર્યામી આત્માને ચઢિયાતો કહ્યો છે.

અને આ વિચારનું ઉત્કૃષ્ટ ભાષ્ય કરતાં પરમર્ષિ વેદવ્યાસે બુદ્ધિને નહિ, પરન્તુ શ્રીકૃષ્ણને—સર્વશ્રેષ્ઠ, સર્વશક્તિમાન, પરમાત્મા નારાયણને—સારથિ તરીકે, એમના (અંશભૂત) સનાતન સખા અર્જુનને (અર્થાત્ નર, જીવ કે બુદ્ધિને) સંસારની કલ્પના થઈ શકે એટલી જટિલ આંટીઘૂંટીઓમાં અને સંઘર્ષોમાં દોરતા વર્ણવીને અદ્વિતીય શ્લેષ કર્યો છે. એટલે કે શીલ, અપ્રમાદ, સંયમ અને જ્ઞાનવડે, પોતામાં ઉત્પન્ન થઈને કાર્યશીલ બનતી સર્વશ્રેષ્ઠ, મંગલકારી, મહાન ઉદ્ધારક શક્તિ પોતાનો કેવી રીતે ઉદ્ધાર કરે છે તેનું દર્શન કરાવ્યું છે.

જરથોસ્તી ધર્મમાં પણ સત્ય અને અસત્યનાં સૈન્યો (અર્થાત્ સારા-ખોટા બંને પક્ષ) પરમાત્માની મદદ માગે છે તથા કઠોપનિષદ્‌ને મળતી આવે એવી ઇન્દ્રિયો અને મનને ઉપમા આપેલી છે.

(૧) (જગદ્‌ગુરુ જરથુશ્ત્ર પરમાત્માને પૂછે છે) "તને હું પૂછું છું, અએ અહુરા (જીવનના માલિક પરમાત્મા), તું મને ખરી હકીકત કહે : તું મને હંમેશ સત્ય વડે દ્રુજથી (=અસત્યથી) બચાવે છે. જ્યારે બંને તરફનાં લશ્કરો (=સત્ય અને અસત્યનાં સૈન્યો. જુઓ નીચે ગાથા અહુનવઇતિનો સંદર્ભ) તારું નામ પોકારી તારી મદદ ચાહે છે, ત્યારે તું કોણ ઉપર તારા આશિષો ઉતારશે ? ત્યારે તું કયાને વિજય અપાવશે ? તારા સત્ય-અસત્યના કાયદાઓ તો અચૂક જ છે.' [ગાથા ઉશ્તવઇતિ ૨-૧૫ (હા. ૪૪-૧૫)]

(૨) સ્વતંત્ર 'ખ્વએઃ તુ' તથા કાબેલ 'વૅ રૅ જૅઃ ન' તથા દિલસોજ 'અઇર્યમન્' (જરથુશ્ત્રના શિષ્યોના આ ત્રણ વર્ગ છે)—એ બધા તારી સેતાયશ કરે છે, અને સાથે વળી દેવો (=દએવ અર્થાત્ રાક્ષસો. અવસ્તામાં 'દેવ'નો અર્થ રાક્ષસ થાય છે. મુખ્ય દેવ 'અએઃશ્મ' એટલે કામ-ક્રોધ છે.) પણ તારી પાસે તેવી જ મતલબથી દુવા ગુજારે છે. એ બધા તને કહે છે જે 'અમે તારો પયગામ ફેલાવીશું, અને તારા નામની બદગોઈ કરનારની સામા થઈશું.' [ગાથા અહુનવઇતિ ૫-૧ (હા. ૩૨-૧)]

(૩) (અશાઃ ઋત કહે છે) અસલના જમાનામાં દેવોએ (કામ-ક્રોધ વગેરે રાક્ષસોએ) તેમ જ માનવીઓએ મદદ મેળવવા માટે મજ્દાને અરજ કરી હતી, તે બધી અરજો મજ્દા (=સરજનહાર) સદા ધ્યાનમાં રાખે છે. વળી હવે પછી જે જે અરજો તેને થશે તે બધી પણ એ ધ્યાનમાં રાખશે... [ગાથા અહુનવઇતિ ૨–૪ (હા. ૨૯–૪)]

(૪) (અશો જરથુશ્ત્ર કહે છે :) 'તને હું પૂછું છું, અએ અહુરા, તું મને ખરી હકીકત કહે : અશાને મારા જીગરમાં સ્થાપી હું કયારે મારું ઈનામ મેળવીશ ? આ ઈનામ મારી તાબેદાર દસ ઘોડીઓ અને તેમનો સરદાર ઘોડો—મારી દસ ઇન્દ્રિયો અને તેમનો સરદાર મારું શુદ્ધ મન. વળી એ સાથે મને રોશનીનું ઈનામ પણ મળશે. આ ઈનામ મેળવીને હું ખોરદાદ (સંપૂર્ણતા) અને અમરદાદ (અમૃતત્વ) મેળવીશ, અને તેઓ તરફની સંપૂર્ણતા તથા અમર્ગી (અમૃતત્વ) હું બધાને અપાવીશ.' [ગાથા ઉશ્તવઇતિ ૨–૧૮ (હા. ૪૪–૧૮)]

(સંદર્ભો ' અશો જરથુસ્ત્રના ગાથા ' કર્તા ડૉ. એરચ જ.સો. તારાપોરવાલા, ૧૯૬૨. અવતરણોમાં કૌંસમાં લખેલા અર્થો પુસ્તકમાં જે તે સ્થળે અથવા અન્ય સ્થાને દર્શાવેલા અર્થો છે અને વાચકોને સમજ પડે માટે આ લેખકે મૂકયા છે. ઉ જ.સાં.)

* * *

ગ્રીક તત્ત્વવેત્તા પ્લેટોએ પણ રથ-રથીની ઉપમા આપેલી છે : 'So Plato in the Phaedrus (54, 74) compares the soul to a charioteer (the reason), driving a pair of winged steeds, one of which (the will) is obedient to the rein, and tries to control its wild and vicious yokefellow (the appetite).' ('Indian Wisdom ' by Monier Williams, 2nd Edition, 1963, P. 45-n. 1).

* * *

ભગવાન શ્રીકૃષ્ણને આવા વિશ્વયુદ્ધમાં નિઃશસ્ત્ર અને લડાઈમાં નહિ ઊતરતા દર્શાવીને કવિ વ્યાસે મોટો લોકસંગ્રહ કરેલો છે.

ચિત્ત કલ્પી શકે તેટલો શ્રેષ્ઠ વિકાસ પામેલો આદર્શ મનુષ્ય, જે નિર્મમ છે, તે તો પ્રાણીમાત્રનો નાશ કરી નાખે તોપણ અહિંસક અને નિર્બન્ધ રહે છે એવો સિદ્ધાંત છે.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हंति न निबध्यते ॥[1]

૬-૪૦-૧૭ (ગીતા ૧૮-૧૭); સર° ૬-૨૪-૧૯ (ગીતા ૨-૧૯); કઠ. ઉ. ૧-૨-૧૯.

' જેનામાં અહંભાવ નથી, જેની બુદ્ધિ (મમત્વભાવથી) મલિન નથી, તે આ જગતને હણવા છતાં, હણતો નથી અને બંધનમાં પડતો નથી.'

આ ' હણતો છતાં અહિંસક 'નો આદર્શ દેહધારીથી સંપૂર્ણતયા અમલમાં મુકાવો શક્ય નથી. પછી ભલેને ઈશ્વરના અવતાર શ્રીકૃષ્ણ પોતે જ કેમ ન હોય ? તેથી કવિએ મહાભારતમાં દર્શાવ્યું છે કે મહાભારત યુદ્ધમાં શ્રીકૃષ્ણ નિઃશસ્ત્ર રહ્યા હતા, અને કટોકટીની ઘડીએ પણ જ્યારે અર્જુન ભીષ્મની સામે બરાબર ન લડ્યા, ત્યારે પોતાની ચાબૂક લઈને શ્રીકૃષ્ણ ભીષ્મને મારવા દોડ્યા હતા. (ચક્ર નહિ. ચક્ર ધારણ કર્યાની કથા ક્ષેપક પૂરવાર થઈ શકે એવી છે. જુઓ ભાં. ઑ. ઈ.ની ' ભીષ્મપર્વ ' ઉપરની સમીક્ષિત વાચનાની પ્રસ્તાવના pp. xxvi—xxvii)

---

૧ (૧) = ' યોગવાસિષ્ઠ ' ૬-૫૩-૨; કખ = ' વરાહોપનિષદ્ ' ૪-૨૫; ' સંન્યાસોપનિષદ્ ' (આધ્યાત્મ) ૨-૩૯. ઉપનિષદ્ વચનોનાં બાકીનાં બે ચરણ અનુક્રમે નીચે મુજબ છે :

°कुर्वतोऽकुर्वतो वापि स जीवन्मुक्त उच्यते ॥ ' વરાહોપનિષદ્ '
°यः समः सर्वभूतेषु जीवितं तस्य शोभते ॥ ' સંન્યાસોપનિષદ્ '

(૨) સર° अविनाशोऽस्य सत्त्वस्य नियतो यदि भारत ।
भित्त्वा शरीरं भूतानामहिंसां प्रतिपद्यते ॥ १४-१३-५

યુદ્ધના નાશ પછી યુધિષ્ઠિરને આશ્વાસન આપતાં શ્રીકૃષ્ણે આ વચન ઉચ્ચાર્યાં હતાં.

આ શ્લોક ઉપર ગાંધીજીએ આ પ્રમાણે નોંધ લખી છે : 'ઉપર ઉપરથી વાંચતાં આ શ્લોક મનુષ્યને ભુલાવામાં નાંખનારો છે. ગીતાના ઘણા શ્લોકો કાલ્પનિક આદર્શને અવલંબનારા છે. તેનો સચોટ નમૂનો જગતમાં ન મળે, અને ઉપયોગને અર્થે પણ જેમ ભૂમિતિમાં કાલ્પનિક આદર્શ આકૃતિઓની આવશ્યક્તા છે, તેમ જ ધર્મવ્યવહારને અંગે છે. તેથી આ શ્લોકનો અર્થ આમ જ બેસાડાય: જેની અહંતા ખાખ થઈ ગઈ છે ને જેની બુદ્ધિમાં લેશ પણ મેલ નથી, તે ભલે આખા જગતને હણે એમ કહીએ, પણ જેનામાં અહંતા નથી તેને શરીર જ નથી. જેની બુદ્ધિ વિશુદ્ધ છે તે ત્રિકાળદર્શી છે. આવો પુરુષ તો કેવળ એક ભગવાન છે. તે કરતો છતાં અકર્તા છે. હણતો છતાં અહિંસક છે. તેથી મનુષ્ય પાસે તો એક ન હણવાનો અને શિષ્ટાચાર—શાસ્ત્ર—નો જ માર્ગ છે.' ('અનાસક્તિયોગ' પૃ. ૧૭૧, ૧૭૨)

મહાભારતના (અને ગીતાના) રચનારા વ્યાસ આ બધું સમજી ચૂકેલા હતા. એમણે શ્રીકૃષ્ણને માનુષ પાત્ર ઉપરાંત પરમેશ્વર તરીકે આલેખ્યા છે. શ્રીકૃષ્ણ બધું પૂરેપૂરું સમજતા, તે પ્રમાણે આચરતા અને પ્રસંગે 'દુષ્ટોને હણવાનાં' વિધાનો પણ કરતા. (જુઓ ૩-૧૪-૧૨, ૧૩ વગેરેના મહાભારતના સંદર્ભો.) વ્યાસ પોતે કદી આવું વિધાન કરતા નહિ. કારણ સ્પષ્ટ છે. 'માણસ' ગમે તેટલો મહાન હોય તોય અધૂરો છે. તેથી આવું પ્રબળ વિધાન ભગવાન પાસે કરાવીને, સર્વ સમજનાર વિવેકશીલ વિદ્વાને તો નમ્રતા, ક્ષમા, અહિંસા અને દયા જ રાખવાની છે, એમ પરોક્ષ રીતે બતાવ્યું છે. ભગવાન જેટલું સંપૂર્ણ સમજનાર લોકોને હણે તો પણ અહિંસક અને મુક્ત રહી શકે, બીજો નહિ. એ સાથે જ આચરાતા અન્યાયને સાંખી લેવામાં આવે અને સમર્થ મનુષ્ય એને જોઈ રહે તો, એ 'ઈશ્વર' હોય તોપણ આ પાપકર્મથી લેપાય જ, એવો ધર્મસિદ્ધાંત છે.[1] એટલે (માનવ રાખી શકે એટલી) સંપૂર્ણ અનાસક્તિ રાખીને અર્જુનને યુદ્ધ લડવાની પ્રેરણા કરવામાં આવી છે, અને ભગવાન શ્રીકૃષ્ણને નિઃશસ્ત્ર તથા વધ નહિ કરનાર બતાવીને, તેમના જ મુખે આ ઊંચો આદર્શ ગવડાવીને ઋષિ વ્યાસે એ આદર્શ મુજબ મમત્વરહિત થવાના અને સર્વોત્તમ વિકાસ સિદ્ધ કરવાના માર્ગનું ઉદ્‌ઘાટન કર્યું છે.

---

૧ जानन्नपि च यः पापं शक्तिमान्न नियच्छति ।

ईशः सन्सोऽपि तेनैव कर्मणा संप्रयुज्यते ॥ १-१७१-११.

જે શક્તિમાન જાણવા છતાં પણ પાપને રોકતો નથી—સાંખી લે છે—તે ઈશ હોય તોપણ તે (પાપ) કર્મથી લેપાય છે જ.

આ શ્લોકના રહસ્યોદ્‌ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, બીજી આવૃત્તિ, ૧૯૬૭), પૃ. ૩૪૫ થી ૩૫૦.

પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર ઉપર નવો પ્રકાશ

રામચંદ્ર બળવંત આઠવલે

સમગ્ર ભારતમાં, સત્તરમી સદીના પૂર્વાર્ધમાં, જે સંસ્કૃત કવિઓએ તથા પંડિતોએ પોતાની અલૌકિક કાવ્યપ્રતિભાથી તથા પ્રખર પાંડિત્યથી સાહિત્યરસિકો તથા શાસ્ત્રોપાસકોના મન ઉપર ઊંડી છાપ પાડેલી, તેઓમાં પંડિતરાજ જગન્નાથનું નામ (કનિષ્ઠિકાધિષ્ઠિત એટલે) અદ્વિતીય છે. વળી તેમના જીવનમાંની કેટલીક ઘટનાઓથી તેમના વ્યક્તિત્વની આસપાસ એક ગૂઢ રમ્યતાનું વલય નિર્માયેલું છે. તૈલંગ બ્રાહ્મણ કુળમાં જન્મેલા આ પંડિત કવિએ નવયૌવનવતી 'નવનીતકોમલાંગી' લવંગી નામની એક યવની સાથે ગાઢ પ્રણયસંબંધ બાંધ્યો; અને તેના પ્રણય-રસરંગમાં રંગાયેલા તેણે દિલ્લીવલ્લભ (મોગલ બાદશાહ)ના કૃપાછત્ર હેઠળ પોતાનું યૌવન શૃંગાર–વિલાસમાં વ્યતીત કર્યું, એ હકીકત તો તેણે પોતે જ પોતાના કાવ્યદ્વારા કહી છે. તેથી તો તેના ચરિત્રમાં રસ લેતા વિદ્વાનોમાં ભારે કુતૂહલ પેદા થયું છે અને ઇતિહાસજ્ઞોમાં ભારે ઊહાપોહ જાગ્યો છે.

પણ જગન્નાથના ચરિત્રની આ બધી ઘટનાઓ વિષે હજી ઘણી અનિશ્ચિતતા તથા સંદિગ્ધતા પ્રવર્તે છે; કારણ કે તેના ચરિત્ર વિષે હજીએ કડીબદ્ધ સુસંગત માહિતી મળી નથી. તેના વિષે જે માહિતી આજે મળે છે, તે બહુ જ અલ્પ તથા ત્રુટિત છે. તેને વિષે અનેક ચમત્કારજનક દંતકથાઓ પ્રસ્તુત થઈ છે; પણ આવી દંતકથાઓ બીજા પાકા પુરાવાથી તેમનું સમર્થન ન થાય ત્યાં સુધી પ્રમાણભૂત ન ગણાય, એવો ઇતિહાસજ્ઞોનો સર્વમાન્ય સંકેત છે.

પં. જગન્નાથ વિષે અસંદિગ્ધ ગણાય એવી જે માહિતી અત્યારસુધી મળી આવી છે, તે ટૂંકમાં આ પ્રમાણે છે:—

પં. જગન્નાથ તૈલંગ બ્રાહ્મણ હતો. તેના કુળનું નામ વેંગિનાડ અથવા વેંગિનાડુ હતું. તેના પિતાશ્રીનું નામ પેરમભટ્ટ અથવા પેરુભટ્ટ હતું અને તેની માતાનું નામ લક્ષ્મી હતું. પેરુભટ્ટ ન્યાય, મીમાંસા, વ્યાકરણ તથા વેદાંત એ ચારે શાસ્ત્રોમાં નિષ્ણાત હતા; અને તેમણે આ બધી વિદ્યા પોતાના પુત્ર જગન્નાથને ભણાવીને તેને પંડિત બનાવ્યો. જગન્નાથ પોતાની યુવાવસ્થામાં જ દિલ્લીના મોગલ બાદશાહના દરબારમાં પંડિત, કવિ તથા સંગીતરચનાકાર તરીકે રહ્યો હતો. તેણે 'લહરી' નામવાળાં પાંચ ભાવકાવ્યો તથા 'ભામિનીવિલાસ' નામનું એક ચાર વિભાગવાળું (વિલાસવાળું) કાવ્ય રચેલું. આ ઉપરાંત તેનાં પ્રાણાભરણ તથા જગદાભરણ નામનાં બે પ્રશંસાકાવ્યો—બે રાજાનાં સ્તુતિપરક પણ મોજૂદ છે. વળી તે પોતે કહે છે તેમ, તેણે 'યમુનાવર્ણન' નામની એક ગદ્ય આખ્યાયિકા લખી હતી; પણ તેમાંથી પોતે ઉદ્ધૃત કરેલાં કેટલાંક વાક્યો જ માત્ર આજે ઉપલબ્ધ છે. આ સિવાય 'અસફવિલાસ' નામની બીજી એક આખ્યાયિકા તેણે લખી હતી; પણ તે આજે ત્રુટિત રૂપમાં જ મળે છે,

સાહિત્યશાસ્ત્રમાં તેનો રસગંગાધર નામનો સાહિત્યની મીમાંસા કરતો એક ગ્રન્થ, અધૂરો રહેલો, આજે મળે છે. આ ઉપરાંત 'મનોરમાકુચમર્દન' નામનો ખંડનાત્મક વ્યાકરણગ્રન્થ તેણે લખ્યો હતો; પણ તેનો બહુ જ થોડો ભાગ આજે મળે છે; અને તે મુદ્રિત થયો છે. વળી તેનો 'ચિત્રમીમાંસાખંડન' નામનો બીજો નાનકડો સાહિત્યશાસ્ત્રવિષયક ખંડનાત્મક ગ્રન્થ પણ છપાયો છે.

તેને દિલ્લીના શહાજહાન બાદશાહે 'કવિરાજ' તથા 'પંડિતરાજ' આ બે ઇલ્કાબ આપીને તેની રૌપ્યતુલા કરી હતી.

પોતાના જીવનના છેલ્લા ભાગમાં તે મથુરા(અથવા કાશી)માં રહેતા હતા એમ તેના એક શ્લોક ઉપરથી જણાય છે.

પણ ઉપર આપેલી અને જગન્નાથને વિષે પ્રામાણિક મનાતી ઘટનાની બાબતમાં પણ કેટલાક ઇતિહાસજ્ઞોએ વાંધો ઉઠાવ્યો છે. મહારાષ્ટ્રના જાણીતા ઇતિહાસજ્ઞ શ્રી. સેતુમાધવરાવ પગડીએ ૭ વરસ પહેલાં મરાઠી 'નવભારત'માં પ્રસિદ્ધ થયેલા પોતાના એક લેખમાં એવો મુદ્દો રજૂ કરેલો કે, "દિલ્લીના મોગલ દરબારમાં એકીસાથે બે જગન્નાથો રહેતા હતા—એક કલાકાર તથા સંગીતરચનાકાર જગન્નાથ અને બીજો, કવિ તથા પંડિતરાજ જગન્નાથ. આ બે પૈકી કલાકાર તથા સંગીતરચનાકાર જગન્નાથનો લવંગી નામની યવન સુંદરી સાથે પ્રણયસંબંધ કદાચ હશે; પણ કવિ તથા પંડિતરાજ જગન્નાથ તો ઉચ્ચ તૈલંગ બ્રાહ્મણ કુળમાં જન્મેલો એક સદાચરણી પંડિત તથા કૃષ્ણભક્ત કવિ હતો; તે આવી યવની સાથેના પ્રણયની ભાંજગડમાં કદી પડે નહીં. વળી જગન્નાથ વિષેની એક દંતકથામાં એમ કહેવાય છે કે અકબરના દરબારનાં નવરત્નોમાંના એક પ્રખ્યાત ગાયક તથા સંગીતરચનાકાર તાનસેનને તરુણ કલાકાર જગન્નાથ મળવા ગયેલો અને તેને પોતાની પદ્યરચના બતાવેલી. જગન્નાથની એ શાસ્ત્રશુદ્ધ સંગીત પદ્યરચના જોઈને તાનસેન બહુ જ પ્રસન્ન થયો અને તરુણ જગન્નાથની પીઠ થાબડીને તાનસેને કહ્યું—મારા પરલોક ગયા પછી તું જ એકલો મારા સમકક્ષ સંગીતરચનાકાર તરીકે ખ્યાતિ પામીશ." શ્રી. સેતુમાધવરાવ પગડી કહે છે કે, 'તાનસેને જે તરુણ જગન્નાથને આશીર્વાદ આપ્યા તે જગન્નાથ તો પેલો કલાકાર તથા સંગીત પદ્યરચનાકાર જગન્નાથ, કવિરાજ તથા પંડિતરાજ (બીજો) જગન્નાથ તે તાનસેનને મળ્યો જ ન હતો.

આ ઉપરાંત જયપુરના પ્રકાંડ વિદ્વાન તથા મહાન સાહિત્યશાસ્ત્રજ્ઞ સ્વ. પંડિત મથુરાનાથ શાસ્ત્રીએ પોતાની રસગંગાધરની સરલા ટીકાની સંસ્કૃત પ્રસ્તાવનામાં એમ લખ્યું છે કે, 'પંડિતરાજ જગન્નાથના લવંગી જોડેના પ્રણયસંબંધ વિષેની વાત તદ્દન કાલ્પનિક છે અને તે વાત જગન્નાથના શત્રુઓએ તેને બદનામ કરવા ઉપજાવી કાઢી હતી'.

આ રીતે ખુદ્દ જગન્નાથના વ્યક્તિત્વ વિષે (એટલે કે તે એક વ્યક્તિ નહીં; પણ એક જ સમયે મોગલ દરબારમાં રહેતી જગન્નાથ નામવાળી બે જુદી વ્યક્તિઓ હતી એવી) વિદ્વાનોએ શંકા ઉઠાવી છે, અને તેના લવંગી સાથેના પ્રણયકિસ્સાની બાબતમાં પણ ઉગ્ર મતભેદ પ્રવર્તે છે. મોગલ દરબારમાં એક જ સમયે બે જુદા જગન્નાથો હતા એ શ્રી પગડીના વિધાનનું દલીલપૂર્વક

ખંડન મેં નવેંબર ૧૯૬૨ના નવભારતમાં પ્રસિદ્ધ થયેલા મારા લેખમાં કર્યું તે લેખનો થોડો મહત્ત્વનો ભાગ વાચકો માટે નીચે આપું છું :—

શ્રી પગડીએ, ‘ શહાજહાનના દરબારમાં એક જ વખતે બે જગન્નાથો હતા,’ એ પોતાના વિધાનના સમર્થનમાં ‘ ઇસ્લામિક કલ્ચર ’ના જાન્યુઆરી ૧૯૫૫ના અંકમાં પ્રસિદ્ધ થયેલા ‘ ભારતમાં તુર્ક તથા અફઘાન રાજાઓની કારકિર્દીમાં થયેલી સંગીતની પ્રગતિ ’ નામના શ્રી. ધર્મભાનુના લેખનો પુરાવો આપ્યો છે; અને તૈલંગ પંડિત જગન્નાથ ઉપરાંત બીજો એક, સંગીત-કલાકાર તથા પદ્યરચનાકાર, જગન્નાથ તે જ વખતે દિલ્હીના દરબારમાં હતો એવું કહીને તેને વિષે થોડી માહિતી આપી છે :—“ એ કલાકાર જગન્નાથનો પુત્ર ભાવભટ્ટ નામનો હતો. તેણે સંગીતકલાનો તેમ જ સંગીતશાસ્ત્રનો અભ્યાસ પોતાના પિતા જગન્નાથ પાસે જ કરેલો. ભાવભટ્ટ ઔરંગઝેબની સંગીતવિદ્વેષી કારકિર્દીમાં દિલ્લી છોડીને આશ્રય માટે બિકાનેરના મહારાજ અનૂપસિંગ પાસે ગયો હતો. બિકાનેરમાં રહ્યા પછી ભાવભટ્ટે ‘ અનૂપસંગીતવિલાસ ’ નામનો ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો હતો, જેમાં ભાવભટ્ટે પોતાના પિતાનો ઉલ્લેખ કર્યો છે. ” શ્રી. ધર્મભાનુએ તથા તેમનો આધાર લેનાર શ્રી. પગડીએ આપેલી આ માહિતી સાવ ભૂલભરેલી છે. ભાવભટ્ટના ‘ અનૂપસંગીતવિલાસ ’નો એક અક્ષર પણ આ બે ઇતિહાસજ્ઞોએ વાંચ્યો નથી એમ તેમના વિધાન ઉપરથી સ્પષ્ટ થાય છે. ભાવભટ્ટે પોતાના ગ્રંથમાં પોતાનાં માબાપનો તથા દાદાનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે:—

‘ कृष्णाजगोत्रसंभूतं कुलयाभीरदेशजम् ।
पुरं धवलमित्याहुः प्रपिता तानभट्टकः ॥

पिता जनार्दनः साक्षाज्जनार्दन इवापरः ।
मातुः स्वप्नभवा नाम............ ॥

तेनेहं भावभट्टेन कीर्तितं शास्त्रसंभवम् ।
तौर्यत्रिकं तु संगीतं संगीती तज्ज्ञ उच्यते ॥

—अनूपसंगीतविलास, षष्ठ प्रकाश.

ભાવભટ્ટે ઉપરના શ્લોકોમાં આપેલી માહિતી પ્રમાણે, તે પોતે ગ્વાલીઅર પાસેના ધવલપુર ગામનો રહીશ હતો, તેના પિતાનું નામ (જગન્નાથ નહીં પણ) જનાર્દન હતું, અને માતાનું નામ સ્વપ્નભવા હતું. વળી ‘ અનૂપસંગીતવિલાસ ’ના સંપાદક પં. દત્તાત્રેય જોશી પોતાની પ્રસ્તાવનામાં જનાર્દન વિષે માહિતી આપતાં લખે છે :—

“ જનાર્દન (ભાવભટ્ટના પિતા) શહાજહાનના દરબારમાંનો એક શ્રેષ્ઠ કલાકાર હતો, અને શહાજહાને તેને ‘ सभामण्डलमण्डन संगीतराज ’ એ પદવી આપી હતી. ” આ ઉપરથી, ‘ શહાજહાન-ના દરબારમાં એક જ સમયે બે જગન્નાથો હતા—એક જગન્નાથ કલાકાર (ગવૈયો) તથા સંગીત-રચનાકાર, અને બીજો જગન્નાથ ‘ કવિરાજ તથા પંડિતરાજ ’ એવા બે બિરુદો ધારણ કરનાર હતો ’ એવું વિધાન કરનાર શ્રી. ધર્મભાનુ તથા તેમનો આધાર લેનાર શ્રી. પગડી—એ બંનેએ મોટી ભૂલ કરી છે એમ કહેવું પડે. આમ તો જગન્નાથ નામની અગિયાર વ્યક્તિઓ સત્તરમા તથા

અઢારમા સૈકામાં સાહિત્યક્ષેત્રમાં થઈ ગઈ એમ જયપુરના સ્વ. પં. મથુરાનાથ શાસ્ત્રીએ કહ્યું છે; પણ જહાંગીર તથા શહાજહાનના દરબારમાં એક જ જગન્નાથ હતો, અને તે સંગીતજ્ઞ કવિ તથા પંડિત હતો, એ નિશ્ચિત છે.

હવે સંગીત-પદ્યરચનાકાર, ભામિનીવિલાસ, પંચલહરીકાવ્યો જેવી નિતાન્તસુંદર કાવ્યરચના કરનાર તથા રસગંગાધર જેવા વિદ્વત્તાપૂર્ણ માર્મિક તથા મૌલિક ગ્રન્થની રચના કરનાર એક જ જગન્નાથ હતો, એ વિધાન સિદ્ધ કરનાર એક નવો પુરાવો આ લેખમાં હું રજૂ કરવા માગું છું. આ પુરાવાને આધારે પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર ઉપર પણ નવો પ્રકાશ પાડી શકાય છે; અને આ પુરાવાને બળે જગન્નાથ વિષેની અત્યંત મનોરંજક નવી માહિતી પણ આપી શકાય છે તથા તેના વિષેની અનેક દંતાકથાઓનું સાચાપણું પણ સિદ્ધ કરી શકાય છે.

મને જગન્નાથના ચરિત્ર વિષે બે જાતના પુરાવા મળ્યા છે :—(૧) એક મુદ્રિત ગ્રન્થનો પુરાવો અને (૨) પુષ્ટિમાર્ગીય વૈષ્ણુવ સંપ્રદાયમાં અત્યાર સુધી પરંપરાથી ચાલતી આવેલી અને તેથી જ આપ્તવાક્ય જેટલી પ્રમાણભૂત માહિતી—આ બે જાતના પુરાવાઓ મને મારા સાહિત્યમિત્ર પ્રિ. નાગરદાસ બાંભણિયાના સૌજન્યથી પ્રાપ્ત થયા છે, તે માટે હું તેમ જ સંશોધનના ક્ષેત્રમાં કામ કરનાર મારા સમાનધર્મા વિદ્વાનો તેમના ઋણી રહીશું.

મને જે મુદ્રિત ગ્રન્થ પુરાવા તરીકે મળ્યો છે તેનું નામ ‘ સંપ્રદાયકલ્પદ્રુમ ’. આ ગ્રન્થ વ્રજભાષામા ‘ મનરંજન ’ નામના કવિએ ઈ. સ. ૧૬૭૩માં રચ્યો છે અને તેમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય—પુષ્ટિમાર્ગીય વૈષ્ણુવ સંપ્રદાયના આદ્ય સંસ્થાપક—ના જીવનચરિત્રની ઘટનાઓની તેમ જ તેમના વંશવિસ્તારની કાલક્રમાનુસાર હકીકત આપી છે. વ્રજભાષામાં દોહાછંદમાં લખેલો અને વૈષ્ણુવ-સંપ્રદાયમાં પ્રમાણભૂત મનાતો આ ગ્રન્થ, કલ્યાણ (મુંબઈ)ના ‘ લક્ષ્મી વેંકટેશ્વર ’ છાપખાનામાં સંવત ૧૯૫૦ (ઈ. સ. ૧૮૯૪)માં છપાયો છે.

આ ગ્રન્થના ઉપસંહારમાં કવિ મનરંજન પોતાના પૂર્વજોની જે માહિતી આપે છે તેમાં પંડિતરાજ જગન્નાથ વિષેની અત્યાર સુધી ઇતિહાસજ્ઞોને અજ્ઞાત એવી, ટૂંકી પણ અત્યંત મહત્ત્વની, માહિતી મળે છે. તે, મૂળ દોહાના ભાવાર્થના રૂપમાં, નીચે આપું છું :—

(કવિના કુળનું વર્ણન) બિલ્વનાટ નામના તૈલંગ (બ્રાહ્મણ) કુળમાં નારાયણ નામનો બ્રાહ્મણ હતો. તેના પુત્રનું નામ વિષ્ણુદત્ત. એ વિષ્ણુદત્ત યમુના નામની સ્ત્રીની જોડે પરણ્યો હતો. વિષ્ણુદત્ત તથા યમુના એ પતિપત્નીનાં બે સંતાનો—બે પુત્રો—હતા; તેમાંથી જ્યેષ્ઠ પુત્રનું નામ ગોપીનાથ અને કનિષ્ઠ પુત્રનું નામ જગન્નાથ. તે પૈકી જગન્નાથ એ સકલગુણસંપન્ન (કવિ તથા પંડિત) હતો; તેણે બાદશાહની પુત્રીનું પાણિગ્રહણ કર્યું, (અને તેથી પોતે યવન થયો ? પણ ગંગામૈયાની કૃપાથી તે તરત જ આ (યવનીસંપર્કરૂપ) દોષમાંથી મુક્ત થયો. (હવે) જ્યેષ્ઠ પુત્ર ગોપીનાથનો રઘુનંદન નામનો શકિતશાલી પુત્ર હતો. તેનું નામ રઘુનાથ. તેનો પુત્ર હું. મારું નામ વિઠ્ઠલનાથ; મારું ઉપનામ (કવિ) મનરંજન. મારા પિતાશ્રીના પ્રપિતામહ એટલે દાદા વિષ્ણુદત્તના પિતા નારાયણ (દ્વિજ) દક્ષિણમાં મદુરામાં રહેતા હતા. પણ ત્યારપછી તેમના પુત્ર—વિષ્ણુદત્ત (એટલે મારા પિતાના દાદાથી) માંડીને મારા સુધીનાં બધાં, ગોકુળમાં રહેવા આવ્યાં છે. આ

રીતે કવિ મનરંજને પોતાના પૂર્વજોની હકીકત કહીને ગ્રંથ સમાપ્ત કર્યો છે. આ હકીકતમાં પં. જગન્નાથના પિતાશ્રીની (એટલે) વિષ્ણુદત્ત વિષે થોડી માહિતી સાંપડે છે; પણ તેની માતા વિષે કશી માહિતી આ સમાપ્તિના ભાગમાં નથી. તે માહિતી કવિ મનરંજન પ્રસ્તુત ગ્રંથના મધ્યમાં શ્રીવલ્લભાચાર્યના દ્વિતીય પુત્ર વિઠ્ઠલેશના ચરિત્રમાં આપે છે. તેનો સારાંશ આ પ્રમાણે છે:—

શ્રી વલ્લભાચાર્યના બે પુત્રો—એકનું નામ ગોપીનાથ અને બીજાનું નામ વિઠ્ઠલેશ. વિઠ્ઠલેશની કમલા, દેવકા તથા યમુના નામની ત્રણ પુત્રીઓ તેમાંથી ત્રીજી પુત્રી યમુનાનો જન્મ ગોકુળમાં ઈ. સ. ૧૫૫૭માં થયો હતો. એ સાત વર્ષની હતી ત્યારે તેનાં લગ્ન મનરંજન કવિના દાદાના પિતાની સાથે, એટલે વિષ્ણુદત્તની સાથે થયાં હતાં (ઈ. સ. ૧૫૬૪માં). આ સંદર્ભમાં, કવિ મનરંજન 'સંપ્રદાય કલ્પદ્રુમ'માં જે કહે છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે :—

"વિઠ્ઠલેશે ફરી ગોકુળમાં આવીને મારા દાદાના પિતાની સાથે—(એટલે વિષ્ણુદત્તની સાથે) યમુનાનાં લગ્ન કર્યાં (ઈ. સ. ૧૫૬૪માં)." ૨

આ ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પંડિતરાજ જગન્નાથ એ શ્રીમદ્‌વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલેશની પુત્રી યમુનાનો પુત્ર એટલે વિઠ્ઠલેશનો દૌહિત્ર.

અહીં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં રૂઢ એવી કેટલીક આચારપરંપરાનો આધાર લેવો પડે છે; કારણ કે તે વિના, જગન્નાથના જીવનચરિત્રની શૃંખલાબદ્ધ તથા સુસંગત માહિતી મળવી મુશ્કેલ છે. 'સંપ્રદાયકલ્પદ્રુમ'માં પં. જગન્નાથના પિતાનું નામ વિષ્ણુદત્ત એમ સ્પષ્ટપણે નિર્દિષ્ટ છે; પણ ખુદ જગન્નાથે અનેક ઠેકાણે ઉલ્લેખ કર્યો છે તે મુજબ તેના પિતાનું નામ પેરમભટ્ટ અથવા પેરુભટ્ટ હતું અને માતાનું નામ (યમુના નહીં પણ) લક્ષ્મી હતું. તેની માતાનાં યમુના તથા લક્ષ્મી આ બે નામ માના વિરોધનો તો (બ્રાહ્મણ કુલાચાર પ્રમાણે છોકરીનું નામ પિયરમાં જુદું અને સાસરે ગયા પછી જુદું હોય છે એ પરંપરા ધ્યાનમાં લઈ) પરિહાર કરી શકાય છે. પચાસ પોણોસો વર્ષ પહેલાંના બ્રાહ્મણ કુટુંબોમાં પિયરમાં કન્યાનું નામ જુદું હતું અને લગ્ન થયા પછી તેનું સાસરામાં જુદું નામ રખાતું એ કુલાચાર આખા ભારતમાં—ખાસ કરીને દક્ષિણ ભારતમાં રૂઢ હતો. તેથી જગન્નાથની માતાનાં યમુના તથા લક્ષ્મી બે નામોમાં વિરોધ ન જ હોય; પણ પિતાનાં, પેરમભટ્ટ અને વિષ્ણુદત્ત આ બે જુદાં નામો—એક જ પુરુષ વ્યક્તિનાં બે નામો કેમ હોઈ શકે? વૈષ્ણવ સંપ્રદાયની રૂઢિ અનુસાર આનો સ્પષ્ટ જવાબ આ પ્રમાણે છે :—

શ્રી વલ્લભાચાર્યના કુળમાં એક વિશિષ્ટ પ્રથા ચાલુ હતી કે, કુળમાંના પુરુષોની કન્યાનો પતિ, પોતાના સસરાના ઘરમાં ઘરજમાઈ તરીકે કાયમને માટે, કુટુંબના એક ઘટક તરીકે રહે, આ પ્રથા વિઠ્ઠલેશથી માંડીને શરૂ થઈ અને વલ્લભાચાર્યના વંશજોમાં વીસમી સદી સુધી ચાલુ હતી. વૈષ્ણવ સંપ્રદાય બહારના લોકો એ વિશિષ્ટ પ્રથા કદાચ જાણતા ન હોય તો પણ સંપ્રદાયની અંદરના લોકોમાં એ પ્રથા અત્યંત પ્રસિદ્ધ છે. એ પ્રથાની સાથે બીજી એક આનુષંગિક પ્રથા, અથવા આચાર, આ સંપ્રદાયમાં રૂઢ થયો હતો; તે એ કે તેમાં પેલા ઘરજમાઈનું તેનાં લગ્ન પહેલાનું નામ બદલાઈ જાય—અને તેના બદલામાં તેને નવું નામ આપવામાં આવે. આની સાથે પેલી પરિણીત કન્યાનાં પણ બે નામો હોય જ; કારણ કે કન્યાનાં લગ્ન પછી તેનું પિયરનું નામ પણ બદલાય એ પ્રથા તો, 'કમસે કમ' તમામ ભારતીય બ્રાહ્મણોમાં, ગયા પોણોસો વર્ષ પહેલાં

સંપૂર્ણપણે રૂઢ હતી. આ બે માન્ય પ્રથાને કારણે, વિઠ્ઠલેશની કન્યાનું યમુના એ પિયરનું નામ, લગ્ન પછી 'લક્ષ્મી' નામમાં પરિવર્તન થયું; અને 'પેરમભટ્ટ' એ તૈલંગ બ્રાહ્મણ કુટુંબનું નામ વિષ્ણુદત્ત એ નામમાં રૂપાંતર પામ્યું, અને આગળ જતાં વિઠ્ઠલેશના પ્રપૌત્ર મનરંજન કવિએ પોતાના પ્રપિતામહના વિષ્ણુદત્ત એ નવા નામનો જ 'સંપ્રદાય કલ્પદ્રુમ'માં ઉલ્લેખ કર્યો. પણ પં. જગન્નાથે તો પોતાનાં માતા-પિતાનો—'तं वन्दे पेरुभट्टाख्यं लक्ष्मीकान्तं महागुरुम्'। આ શ્લોકાર્થમાં લખ્યું છે તે પ્રમાણે, પિતાનું નામ પેરુભટ્ટ તથા માતાનું નામ લક્ષ્મી એવો નિર્દેશ કર્યો છે. આ રીતે વૈષ્ણવ સંપ્રદાયમાં રૂઢ એવી આ વિશિષ્ટ પ્રથાઓનો સ્વીકાર કરીએ તો જ, જગન્નાથનાં માતા-પિતાનાં બે નામોમાં દેખાતા વિરોધનો પરિહાર કરી શકાય છે. અસ્તુ.

સં. ક. દ્રુ. (સંપ્રદાયકલ્પદ્રુમ)માંથી બીજી એક વિશ્વસનીય માહિતી મળી આવે છે. તે એ કે, પેરમભટ્ટથી માંડીને કવિ મનરંજન સુધીના જગન્નાથના કુટુંબના બધા પુરુષો (મદુરામાંનું પોતાનું વાસ્તવ્ય છોડીને) કાયમને માટે ગોકુળમાં રહેવા આવ્યા હતા. આનો સીધો અર્થ એ થાય છે કે, પેરમભટ્ટ પોતાની વિદ્યાર્થી દશામાં કાશીમાં રહેતા હતા. તો પણ ચતુઃશાસ્ત્રોનું પોતાનું અધ્યયન પૂરું કર્યા પછી અને શ્રી. વલ્લભાચાર્યની પૌત્રી યમુનાની સાથે લગ્નગ્રંથિથી સંબંધ થયા પછી, તે પોતાના સસરાને ત્યાં (વિઠ્ઠલેશને ત્યાં) કાયમને માટે રહેવા આવ્યા; અને પછી તો આમરણાંત ગોકુળમાં જ રહ્યા. ગોકુળમાં જ તેના બે પુત્ર—ગોપીનાથ તથા જગન્નાથ-નો જન્મ થયો અને તે બંને પુત્રોનું સંપૂર્ણ અધ્યયન પોતાના પિતા પેરમભટ્ટની પાસે ગોકુળમાં જ થયું. સં. ક. દ્રુ.માં આપેલી માહિતી ઉપરથી સહેજે અનુમાન થાય છે કે પોતાના પિતાની પાસે જગન્નાથનું જેમ સંપૂર્ણ વિદ્યાધ્યયન થયું હતું તેમ પોતાના માતામહ વિઠ્ઠલેશ પાસેથી જગન્નાથના મન ઉપર વૈષ્ણવ સંપ્રદાયના આચારવિચારોના તથા તત્ત્વજ્ઞાનના ઉત્તમ સંસ્કારો થયા હતા. જગન્નાથનો જન્મ ગોકુળમાં ઈ. સ. ૧૫૭૨ અને ૧૫૭૪ દરમિયાન થયો હશે એવું અનુમાન થાય છે. વિઠ્ઠલેશનો દેહાંત ઈ. સ. ૧૫૮૮માં થયો એમ વૈષ્ણવ સંપ્રદાયમાં રૂઢ માન્યતા છે. તેથી એમ ફલિત થાય છે કે જગન્નાથ પોતાની ઉંમરના ચૌદ વરસ સુધી વિઠ્ઠલેશના ઘરમાં વૈષ્ણવ સંપ્રદાયની કૃષ્ણભક્તિના વાતાવરણમાં જ ઊછર્યો હતો. અહીં, ગોકુળમાં જ, વૈષ્ણવ સંપ્રદાયના સૂરદાસ વગેરે અષ્ટછાપ કવિઓનાં સંગીતમય ભક્તિગીતોના સંપર્કમાં તે આવ્યો; અહીં જ તે હિંદીમાં શાસ્ત્રશુદ્ધ સંગીતવાળી પદ્યરચના કરવા લાગ્યો; અને પોતે પણ સરસ રીતે ભક્તિગીતો ગાવા લાગ્યો. જગન્નાથના માતામહ વિઠ્ઠલેશના સમયમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનો ગુજરાત તથા ઉત્તર ભારતમાં આશ્ચર્ય પમાડે એવો ફેલાવો થયો હતો. વિઠ્ઠલેશના શિષ્યવર્ગમાં રાણી દુર્ગાવતી, અલીખાન તથા તેની પુત્રી, ઉર્દૂ કવિ રસખાન વગેરેનાં નામો પ્રસિદ્ધ છે; પણ જગન્નાથના જીવનચરિત્રની દૃષ્ટિએ સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે અકબરના દરબારનાં નવરત્નમાંના એક અને ગાયકોના સાર્વભૌમ મિયાં તાનસેને વિઠ્ઠલેશની પાસેથી—વૈષ્ણવ સંપ્રદાયની દીક્ષા લીધી હતી. એ દીક્ષા માટે તાનસેન વિઠ્ઠલેશ પાસે ઈ. સ. ૧૫૪૫માં આવ્યાનો ઉલ્લેખ સં. ક. દ્રુ.માં મળી આવે છે. વળી તાનસેનના ગુરુ હરિદાસબાવા મથુરામાં એ જ અરસામાં રહેવા આવ્યા હતા. આ રીતે જગન્નાથના બાલપણમાં એક બાજુએ તેના પિતા પાસે શાસ્ત્રાધ્યયન, અને બીજી બાજુએ સંગીત તથા પદ્યરચનામાં મગ્ન એવા સૂરદાસ, નંદદાસ, ચતુર્ભુજદાસ તાનસેન જેવા કૃષ્ણભક્ત કવિઓનો સંપર્ક એના પરિણામે જગન્નાથ એકીસાથે પ્રથમ પંક્તિના

પંડિત, કવિ, ગાયક તથા પદ્યરચનાકાર થયો હોય તો તેમાં કંઈ પણ નવાઈ નથી. તાનસેન, સંગીતજ્ઞોની માન્યતા મુજબ ઈ. સ. ૧૫૯૫માં અવસાન પામ્યા. એ સમય આપણે સ્વીકારીએ તો તેમના અવસાનસમયે પં. જગન્નાથ ૨૩ વરસનો એક જુવાન હતો એમ કહી શકાય. તાનસેનના નિધન પહેલાં જગન્નાથ પોતાની પદ્યરચના સાથે લઈને તેને મળવા ગયેલો અને તેની પદ્યરચના અને તે પદ્યો ગાવાની જગન્નાથની ઢબ જોઈને તાનસેન ખુશ થયો અને 'મારા પછી તું એક શ્રેષ્ઠ પદ્યરચનાકાર તરીકે ખ્યાતિ પામીશ ' એવો આશીર્વાદ તેણે જગન્નાથને આપ્યો એ જગન્નાથ વિષેની પ્રસિદ્ધ દંતકથા સં. ક. દ્રુ.માં આપેલી તાનસેનની હકીકત ઉપરથી તદ્દન સાચી છે એમ માનવું જ પડે. પોતાના ગુરુ વિઠ્ઠલેશના દૌહિત્ર જગન્નાથના સંગીતમાં તથા પદ્યરચનામાંના પ્રાવીણ્યની તાનસેન પ્રશંસા કરે અને તેને આશીર્વાદ આપે એમાં કોઈ જાતની અત્યુક્તિ નથી. સં. ક. દ્રુ.માં આપેલી વિઠ્ઠલેશ વિષેની હકીકત વાંચ્યા પછી, તેનો દૌહિત્ર જગન્નાથ એકીસાથે પંડિત, કવિ, કલાકાર તથા પદ્યરચનાકાર થયો હતો એ વિષે કંઈ પણ શંકા રહેતી નથી.

હવે રહી જગન્નાથના લવંગી સાથેના પ્રણયસંબંધની વાત. એ વાત એકલા શ્રી. સેતુ માધવરાવ પગડીને જ કાલ્પનિક લાગે છે એમ નથી, પણ જયપુરના સ્વ. મથુરાનાથ શાસ્ત્રીને પણ તે વાત જગન્નાથના શત્રુઓએ ઉપજાવી કાઢેલી લાગતી હતી! કેટલાક વિદ્વાનોને જગન્નાથના લવંગી વિષેના શ્લોકો કાં તો તેના શત્રુઓએ લખેલા લાગે છે; અથવા તો તેના રંગીલા મિત્રોએ જગન્નાથની મશ્કરી કરવા આ શ્લોકો લખ્યા હશે એમ લાગે છે. પણ સં. ક. દ્રુ.ની અંદર આવેલા—

" जगन्नाथ गुणगट्ट ।
साहसुता गहि गंगसों
मुक्ति लइ झटपट्ट ॥"

આ દોહા ઉપરથી એમ નિશ્ચિત રીતે કહી શકાય છે કે, " પં. જગન્નાથે દિલ્લીના મોગલ બાદશાહના કુટુંબની કોઈ યવની તરુણીની સાથે લગ્ન કર્યાં હતાં (અને તેના પરિણામે એ પોતે યવન થઈ ગયો હતો અને આ રીતે, યવનીના સંપર્કથી તે દૂષિત થયો, તેમાંથી ગંગામૈયાએ તેને જલ્દી મુક્ત કર્યો ".

આ દોહામાં લખેલી હકીકતનું સંપૂર્ણપણે પ્રામાણ્ય માનવું જ પડે; તેનું કારણ એ છે કે આ પંક્તિ લખનાર કવિ મનરંજન (અથવા વિઠ્ઠલનાથ) જગન્નાથના મોટાભાઈનો પૌત્ર હતો; અને જગન્નાથ આશરે ૧૬૬૦માં અવસાન પામ્યા, એમ જો માની લઈએ તો, તેના અવસાન પછી તેરમે વરસે જ મનરંજન કવિએ આ વાત લખી છે; એટલે આ લવંગીપ્રણયપ્રકરણ કવિ મનરંજને સગી આંખે જોયું હતું—અને તેથી તેના વિધાનની વિશ્વસનીયતા પ્રત્યક્ષ પ્રમાણ જેટલી જ છે. સં. ક. દ્રુ.ના આ દોહા ઉપરથી બીજી પણ એક વાત માનવી પડે, તે એ છે કે, ગંગા નદીના જગન્નાથે રચેલા 'ગંગાલહરી' નામના સ્તોત્ર ઉપરથી કહો કે, પ્રત્યક્ષ ગંગા નદીના પ્રવાહમાં બનેલા જગન્નાથ વિષેના કંઈક ચમત્કાર ઉપરથી કહો, લોકોએ—તે વખતના કાશીના ધર્મશાસ્ત્રીઓએ જગન્નાથને પાવન કરીને હિંદુ સમાજમાં પાછો લઈ લીધો. 'ગંગસોં મુક્તિ લઈ ઝટપટ્ટ' આ શબ્દોનો આના કરતાં બીજો અર્થ સંભવતો નથી, એમ મને લાગે છે. પણ મુક્તિનો

અર્થ, 'ગંગા નદીએ જગન્નાથ તથા લવંગીને પોતાના પ્રવાહમાં ખેંચીને ડુબાવી દીધાં' એમ જે દંતકથા કરે છે, તે સ્વીકારી શકાય એમ નથી, કારણકે એમ માનીએ તો, 'ઝટપટ્ટ'— શબ્દનો અર્થ સુસંગત રીતે કહી શકાતો નથી. આ ચમત્કાર પછી જગન્નાથને લોકોએ નિર્દોષ ઠરાવ્યો, એનો અર્થ જ એ છે કે જગન્નાથને નિર્દોષ જાહેર કર્યા પછી તે ઘણાં વર્ષો સુધી જીવ્યો; અને રસગંગાધરના પહેલા આનનમાં આવેલા 'મારી પાંચે લહરીઓ ભાવકાવ્યનાં ઉત્તમ ઉદાહરણો છે' એ ઉલ્લેખ ઉપરથી, ગંગાલહરી રચ્યા પછી પણ તે ઘણાં વરસ સુધી જીવતો હતો, અને ગ્રંથરચના કરતો હતો એ વાત સ્પષ્ટ થાય છે—અને રસગંગાધરના છેલ્લા શ્લોકના લખેલાં ત્રણ જ ચરણો ઉપરથી તો ચોક્કસ લાગે છે કે, ગંગાપ્રવાહમાં તણાઈ જવાથી જગન્નાથ પાણીમાં ડૂબી ગયો, એમ કહેનાર દંતકથા સાચી નથી જ નથી; કારણ કે રસગંગાધરમાંના ઉત્તરાલંકારના ઉપલબ્ધ ભાગમાંના છેલ્લા શ્લોકનો ત્રીજો ચરણ લખાયા પછી તરત જ જગન્નાથનો દેહપાત થયો; ત્યાર પછી તે શ્લોકનો ચોથો ચરણ (અને અર્થાત્ જ) રસગંગાધરનો સંકલ્પિત બાકીનો ભાગ, લખી શક્યો જ નહીં, એવો અચાનક તથા અનપેક્ષિત તેનો દેહાંત થયો; પણ આ અધૂરી ત્રણ ચરણવાળી આર્યા ઉપરથી એટલું તો ચોક્કસ અનુમાન થઈ શકે છે કે, આ છેલ્લી આર્યા લખતી વખતે તે કોઈ સુરક્ષિત સ્થળે, રસગંગાધરમાંનું આ ઉત્તરાલંકારનું પ્રકરણ લખવા બેઠો હોવો જોઈએ—નહિ કે તે ગંગાપ્રવાહ પાસે ઘાટ ઉપર પાણીમાં ભૂસકો મારવા બેઠો હશે! આ બધી ચર્ચા પછી એટલું તો કહેવું પડે કે, યવનીસંપર્કદોષમાંથી જગન્નાથને ગંગા માઈએ જે મુક્ત કર્યો તે, તેને કાયમને માટે પોતાના પાણીમાં સમાવી દઈને નહીં, પણ તેને જીવતો રાખીને. લૌકિક ભાષામાં એનો અર્થ એમ થાય છે કે, ગંગા નદીના પાણીની સાથે સંકળાયેલો કંઈક ચમત્કાર જોઈને જગન્નાથને કાશીના બ્રાહ્મણોએ, અથવા ચુસ્ત ધર્મશાસ્ત્રીઓએ, શુદ્ધ કરી લીધો. અને તેને ફરી હિંદુ સમાજમાં લઈ લીધો. મનરંજન કવિના 'साहसुता गहि गंगसों मुक्ति लई झटपट्ट'। એ (દોહાના) ઉત્તરાર્ધ ઉપરથી એવું તર્કશુદ્ધ અનુમાન કરી શકાય છે. આટલું માન્ય કર્યા પછી, "યવની તરુણી લવંગી સાથેના પ્રણય-સંબંધનો મિથ્યારોપ જગન્નાથના શત્રુઓએ તેના ઉપર કર્યો હતો" એમ તેના બચાવ માટે પં. મથુરાનાથ શાસ્ત્રીએ જે લખેલું છે તે માત્ર તેમનું કલ્પનાવિલસિત છે. કેવળ જગન્નાથના જેવા તેમના સજાતીય પ્રત્યેની તેમની સદ્ભાવના તેમણે કરેલા જગન્નાથના આ ખોટા બચાવ માટે જવાબદાર છે.

હવે શ્રી. સેતુમાધવરાવ પગડીના બીજા એક ખોટા ખ્યાલ વિષેની ચર્ચા ઉપાડીએ. તેઓશ્રી લખે છે કે, જગન્નાથ પંડિત એ પોતે તૈલંગ બ્રાહ્મણ હતો; અને તેથી તે દિલ્લીના બાદશાહના દરબારના કવિ તરીકે હિંદીમાં પદ્યરચના કરીને તે ગાઈ બતાવી શક્યો જ નહીં. તે હિંદીપદ્યો રચીને ગાઈ બતાવનાર બીજો જ કોઈ, ઉત્તર હિંદુસ્તાનનો રહીશ જગન્નાથ હોવો જોઈએ. શ્રીયુત પગડીનું આ વિધાન ભ્રાંતિમૂલક છે એ, હવે મને પ્રાપ્ત થયેલા લિખિત પુરાવા ઉપરથી, સહેલાઈથી સિદ્ધ કરી શકાય છે. જગન્નાથ જન્મથી જ ગોકુળમાં રહ્યો હતો અને ઊછર્યો હતો; તે પરમ વૈષ્ણવ વિઠ્ઠલેશનો દૌહિત્ર હતો; તેથી, વૈષ્ણવ સંપ્રદાયના સૂરદાસ, છિતસ્વામી, પરમાનંદ વગેરે કવિઓએ કરેલાં સેંકડો હિંદી પદ્યોના રણત્કારવાળા વાતાવરણના પ્રભાવથી તેણે પોતે પણ અનેક ભજનો લખ્યાં હતાં અને તે ભજનો અનેક રાગરાગિણીમાં વૈષ્ણવ મંદિરોમાં ગવાતાં હતાં. જગન્નાથે

રચેલાં એવાં કેટલાંક ભજનો વૈષ્ણવ સંપ્રદાયના ભજનસંગ્રહમાં છપાયેલાં આજે પણ ઉપલબ્ધ છે. આ બધાં ભજનોની છેલ્લી કડીમાં, જગન્નાથ કવિરાય ' એવી તેની નામમુદ્રા સ્પષ્ટપણે લખેલી છે. એમાંથી નમૂના તરીકે એક હિંદીપદ્ય હું જિજ્ઞાસુ વાચકો માટે નીચે આપું છું. કૃષ્ણગોપીના સંવાદવાળું આ પદ્ય વ્રજભાષામાં લખેલું છે :—

(રાગ—લલિત; તાલ ધમાર)

अहो हरि होरीमें जब ज्यों ।
गये तुम भागि ॥ ध्रु० ॥

गारी दे हूँ भरूँ भराऊं ।
मुखमां दोंगी आज ॥ १ ॥

हूँ अपने मन भायो करि हों ।
सुनि व्रजराज कुमार ॥ २ ॥

जगन्नाथ कविरायके प्रभु ।
भाई, सकल घोख (घोष) सिरताज ॥ ३ ॥

કીર્તન સંગ્રહ ભાગ ૨ જો; પૃષ્ઠ ૪૯ કીર્તન નં. ૨૧૮

પણ આ પદ્યમાં આવેલી કવિરાય એ જગન્નાથની નામમુદ્રા કરતાં વધારે નિર્ણાયક એવી નામમુદ્રા, બીજા એક ભજનની છેલ્લી કડીમાં આવેલી છે, તે આ પ્રમાણે :—

जगन्नाथ कविराय ' रायलु ' ।
मैंसन डोलत पूरन शशिआरी ॥

આમાંનું ' રાયલુ 'એ ઉપાધિવાચક પદ (ગુજરાતી ' લાલ ' એ આદરદર્શક ઉપાધિપદ જેવું) આજે પણ તૈલંગણુમાં સભ્ય ગૃહસ્થોના નામની સાથે જોડાય છે. જગન્નાથે રચેલાં આ બે પદ્યોમાંની નામમુદ્રા ઉપરથી, હિંદીમાં રાગતાલયુક્ત પદ્યરચના કરનાર, સંસ્કૃતમાં પંચલહરી, ભામિનીવિલાસ જેવાં અત્યંત મનોહર કાવ્યોના નિર્માતા, રસગંગાધર જેવો સાહિત્યશાસ્ત્રમાં મૌલિક ગ્રંથ તરીકે ખ્યાતિ પામેલો ગ્રંથ રચનાર—એવી પંડિતરાજ જગન્નાથ નામની એક જ વ્યક્તિ મોગલ બાદશાહના દરબારમાં, સત્તરમી સદીના પૂર્વાર્ધમાં, બિરાજતી હતી તે વિષે શંકા કરવાનું કંઈ પણ કારણ નથી.

હવે છેલ્લા એક જ મુદ્દાની થોડી ચર્ચા કરીને આ મારો પ્રદીર્ઘ લેખ હું સમાપ્ત કરું છું.

ભામિનીવિલાસના શાંતવિલાસમાં આવેલા એક શ્લોકનો ઉત્તરાર્ધ નીચે મુજબ છે :—

संप्रत्युज्झितवासनं मधुपुरी-
मध्ये हरिः सेव्यते ।
सर्वं पण्डितराजराजितिलके-
नाकारि लोकोत्तरम् ॥

આ ઉત્તરાર્ધમાંના 'मधुपुरी'ના સ્થાનમાં "संप्रत्यंधकशासनस्य नगरे तत्त्वं" परं चिन्त्यते। એવો પાઠ ભામિનીવિલાસની કેટલીક પ્રતોમાં મળી આવે છે. આ બે પાઠોમાંથી કયો પાઠ શુદ્ધ (અને સાચો) હશે ? આ પ્રશ્નના જવાબમાં અત્યાર સુધી કરેલી ચર્ચાના આધારે એવું નિઃશંક રીતે કહી શકાય કે, मधुपुरीमध्ये हरिः सेव्यते। (મથુરામાં રહીને હવે હું હરિની સેવા કરું છું) એ જ પાઠ સાચો અને સ્વાભાવિક છે. જ્યાં (જે ગોકુળ-મથુરામાં) જગન્નાથનો જન્મ થયો; જ્યાં તેનું વિદ્યાર્થી જીવન વ્યતીત થયું, જ્યાં તેનાં માતાપિતા, નાના, મામા, ભાઈ, ભાઈના પુત્ર—વગેરેના પરિવારમાં તેનાં ઓછામાં ઓછાં પચીસ વરસ તેણે ગાળ્યાં, જ્યાં તેની મા, તેણીના પિતા વિઠ્ઠલેશે આપેલી ભગવાન શ્રીકૃષ્ણની મદનમોહન નામની મૂર્તિની આમરણ ઉપાસના કરતી હતી, ત્યાં જ, વૃદ્ધાવસ્થામાં સકલ સાંસારિક વાસનાનો ત્યાગ કરીને પં. જગન્નાથ શ્રી હરિની અખંડ ઉપાસના કરવામાં કાલક્ષેપ કરે, એ જ વધારે ઉચિત તથા સ્વાભાવિક છે. વળી વાર્ધક્યમાં કાશીનું વાતાવરણ તેને માટે અનુકૂલ ન હતું; કારણ કે, ત્યાંના શાસ્ત્રીપંડિતોએ, (ભટ્ટોજી દીક્ષિત અપ્પય્ય દીક્ષિત વગેરે જેવાએ) તેના યવનીસંપર્કને કારણે તેને યવન ઠેરવીને જ્ઞાતિ–બહિષ્કૃત કર્યો હતો; પછી તો ગંગાની કૃપાથી તેની નિર્દોષતા સિદ્ધ થઈ એ વાત જુદી; પણ તેના જ્ઞાતિ-બહિષ્કારથી, તેને કાશીનું વાતાવરણ ગમ્યું ન હોય તો તે સ્વાભાવિક જ ગણાય. છતાં તેના શુદ્ધીકરણ પછી, તે ત્યાં થોડા વખત માટે જઈને રહ્યા હશે, તે પણ બનવાજોગ છે. કારણ કાશીમાં તેના માતામહ વિઠ્ઠલેશનું મોટું મકાન હતું અને તેના વ્યાકરણના ઉચ્ચ અધ્યયનના કાળમાં તેની સાથે ઘણા લોકોએ મૈત્રી બાંધી હતી; તો પણ તે છેવટે મથુરામાં જ આયુષ્યના છેલ્લા દિવસોમાં રહ્યો હોય તે જ સ્વાભાવિક ગણાય.

તેનું મૃત્યુ હૃદયના દર્દને કારણે થયું હશે એવું મેં એક ઠેકાણે અનુમાન કર્યું છે તે, અન્ય પુરાવાને અભાવે, અહીં માત્ર પુનરુક્ત કરું છું; કારણ કે શ્લોકની ત્રણ લીટી લખ્યા પછી ચોથી લીટી તેનાથી લખાઈ નહીં, તે ઉપરથી એટલું તો અનુમાન થઈ શકે કે ચોથી લીટી લખતાં પહેલાં કોઈપણ જીવલેણ અકસ્માતથી જગન્નાથનું અવસાન થયું હશે—પછી તે અકસ્માત હૃદયરોગના સ્વરૂપનો હોય કે, ધરતીકંપનો આંચકો હોય કે ઘાતકીઓના શસ્ત્રરૂપ હોય.

રાજકુળની કોઈ યવનસુંદરીની સાથે લગ્નસંબંધ થવાથી કિંચિત્કાલ જગન્નાથ બ્રાહ્મણ મટીને યવન થયો હતો; એમ માની લેવા જેટલો પુરાવો વૈષ્ણવ સંપ્રદાયની પરંપરામાંથી મળી આવે છે; તે એ છે કે પેરમભટ્ટની વંશાવલીમાંના પુરુષોની હકીકત (જે હાલ મુદ્રિત સ્વરૂપમાં મળી આવે છે તે) અત્યાર સુધી માત્ર વૈષ્ણવ સંપ્રદાયના લોકો માટે જ પ્રાપ્ય હતી તે બહારના લોકો માટે ગુપ્ત રાખવામાં આવી હતી. તેમાં જગન્નાથ યવન થયાની હકીકત ન છૂટકે આપવી પડી છે, પણ તે જગન્નાથના વંશજોને પ્રકટ કરવામાં શરમ લાગતી હતી. તેથી જ ગયાં ત્રણસો વર્ષ દરમિયાન બહારની દુનિયા માટે તે હકીકત સાવ અજ્ઞાત હતી. જગન્નાથના વંશજોની પ્રતિષ્ઠાની દૃષ્ટિએ તે પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવામાં આવેલી. પણ હવે આધુનિક કેળવણી પામેલા વૈષ્ણવપંથના કેટલાક સજ્જનોને તે હકીકતનું ઐતિહાસિક મહત્ત્વ લાગવાથી મારા જેવા વૈષ્ણવ સંપ્રદાયની બહારના માણસોને પણ તે પ્રાપ્ત થઈ ગઈ છે, તે વાત નિઃસંશય આવકારદાયક છે.

પાદટીપો

1 'સંપ્રદાયકલ્પદ્રુમ'ના જે દોહાઓમાં જગન્નાથના માતૃકુળની તથા પિતૃકુળની માહિતી જગન્નાથના મોટાભાઈનો પૌત્ર વિઠ્ઠલનાથ (કવિ મનરંજન) આપે છે, તે દોહાઓ નીચે આપ્યા છે :—

दोहा—

विल्वनाट तैलंगकुल, नारायणद्विजनंद ।
विष्णुदत्त यमुनाजुपति भूपति मान अमंद ॥
तत्सुत गोपिनाथ अरु, जगन्नाथ गुणगट्ट ।
साहसुता गहि, गंगसों मुक्ति लई झटपट्ट ॥
जेठे गोपीनाथके रघुनंदन बलवांन ।
तत्सुत विठ्ठलनाथ हों भूपतिमांन सुजांन ॥
भूप तालमेदी सुकवि, मनरंजन उपमान ।
दक्षिण मथुरा के विषें पितु प्रपितामहधामं ॥
श्रीमद्गोकुलके विषें तात पितामह गेह ।

—सं.क.द्रुम, पृ. १८०-१८१ दोहा ३२-३३-३४-३५-३६

२ दोहा— ...श्रीवल्लभ द्विजराज ।

प्रकटे विठ्ठलनाथ फिर श्रीवल्लभगृहआंन ।
बहुर आय गोपालपुर सेवा करत अमंद ।
प्रकट भई यमुनासुता लोक[3]भूमि[1]रस[6]चंद[1] ॥
(= संबत् १६१३ = ई. स. १५५७)
श्रीमद्गोकुल आंन फिर, विठ्ठलेश मनमग्न ।
मोर पितामह तातसों यमुनाको किय लग्न ॥

सं.क.द्रुम, पृ. ६९, दोहा ६९

નવસાહસાંકચરિત—પરિચય

અંબાલાલ પ્રેમચંદ શાહ

ભારતીય કાવ્યસાહિત્યમાં ઐતિહાસિક કહી શકાય એવાં કાવ્યો જૂજ મળી આવે છે. એવાં ઐતિહાસિક કાવ્યોના કર્તાઓનાં નામો આપણને નીચેના શ્લોકોમાંથી પ્રાપ્ત થાય છે :—

बाणो वाक्पतिराजश्च पद्मगुप्तस्तथैव च ।
बिल्हणः कल्हणश्चैते प्रसिद्धा ऐतिहासिकाः ॥

(હર્ષચરિતના કર્તા) બાણ, (ગૌડવહોના કર્તા) વાક્પતિરાજ, (નવસાહસાંકચરિતના કર્તા) પદ્મગુપ્ત, (રાજતરંગિણીના કર્તા) કલ્હણ અને (વિક્રમાંકદેવચરિતના કર્તા) બિલ્હણ—આ કવિઓ પ્રસિદ્ધ ઐતિહાસિકો—ઐતિહાસિક કાવ્યોના કર્તા તરીકે ખ્યાતિ પામેલા છે.

આ કવિઓમાં પદ્મગુપ્ત કવિનું નામ નોંધાયેલું છે. પરિમલ પદ્મગુપ્ત કવિએ 'નવસાહસાંકચરિત' નામક કાવ્યની રચના કરી છે એ વિશે અહીં વક્તવ્ય છે.

કાવ્યપરિચય :

કવિએ આ કાવ્યમાં વાક્પતિરાજ મુંજના નાના ભાઈ સિંધુરાજની પરાક્રમકથા અને નાગરાજની પુત્રી શશિપ્રભાની સાથે તેના પાણિગ્રહણનું વર્ણન કર્યું છે. સિંધુરાજ નાગોના શત્રુ વજ્રાંકુશને મારીને શશિપ્રભાના પિતા શંખપાલની પ્રતિજ્ઞા પૂર્ણ કરી શશિપ્રભા સાથે વિવાહ કરી લે છે.

કવિએ આ ઘટનાનું કાવ્યોચિત વર્ણન કરતાં પોતાના આશ્રયદાતા સિંધુરાજના ચરિત્ર ઉપર પ્રકાશ નાખ્યો છે, તે માલવાના પરમાર વંશના ઇતિહાસ માટે આછી છતાં ઉપયોગી સામગ્રી રજૂ કરે છે.

માલવપતિ સિંધુરાજ અને તેની સાથે શશિપ્રભાના પાણિગ્રહણનો પ્રસંગ કવિને પ્રત્યક્ષ છે, જેના આધારે કવિએ કલ્પનાનો લાંબો વિસ્તાર કર્યો છે.

આ કાવ્યમાં ૧૮ સર્ગો છે. પ્રત્યેક સર્ગના શ્લોકો સાથેના વિષયની માહિતી આ પ્રકારે છે :

(૧) નગરી—નરેન્દ્રવર્ણન—(શ્લોક) ૯૧,
(૨) ચિત્રમૃગાવલોકન—૧૦૧,
(૩) શશિપ્રભાહારલાભ—૭૪,
(૪) પાટલાદર્શન—૬૩,
(૫) શશિપ્રભાવલોકનાર્થપ્રસ્થાન—૮૨,
(૬) શશિપ્રભાદર્શન—૧૧૮,

(૭) શશિપ્રભાસંલાપ—૮૨,
(૮) નાગલોકાવતાર—૮૧,
(૯) નર્મદાસંવાદ—૬૭,
(૧૦) રત્નચૂડસંપ્રેષણ—૭૧,
(૧૧) વંકુમહર્ષિદર્શન—૧૨૧,
(૧૨) ફણિરાજસુતાસ્વપ્નસમાગમ—૭૨,
(૧૩) વિદ્યાધરાધિપસમાગમ—૭૨,
(૧૪) પાતાલાલોકન—૮૭,
(૧૫) પાતાલગંગાવાહન—૭૪,
(૧૬) કનકારવિંદપ્રાર્થના—૧૨૧,
(૧૭) હેમકમલહરણ—૭૬,
(૧૮) શશિપ્રભાલાભ—૬૮,
પ્રશસ્તિ-૪— કુલ ૧૫૩૪ પદ્યો છે.

કાવ્યની મહત્તા :

આ કાવ્યની વર્ણનશૈલી સંસ્કૃતમય સ્વરૂપની છે. વર્ણનમાં પ્રતિભા તરી આવતી વરતાય છે. કવિ કાલિદાસની છાપ અંકિત છે. કવિ કાલિદાસ તેમ જ કવિ બાણની શૈલીનું મિશ્રણ પણ જણાય છે. કાવ્યમાં સુકુમારતા, ઓજઃપૂર્ણ શૈલી, ઉત્પ્રેક્ષિત કથાનું સ્વાભાવિક વર્ણન અને પ્રાંજલ ભાષા—આ બધા કાવ્યના ગુણો ઊપસી આવે છે.

આ ગુણોના કારણે સુપ્રસિદ્ધ આલંકારિક મમ્મટે પોતાના 'કાવ્યપ્રકાશ'માં અલંકારોનાં ઉદાહરણો આપવા માટે આ કાવ્યનાં પદ્યો પસંદ કરી ઉદ્ધૃત કર્યાં છે. જેમ કે-વિષમાલંકારમાં-शिरीषादपि० (સ. ૧૬, શ્લો. ૧૮); सद्यः करस्पर्श० (૧-૬૨); પર્યાયાલંકારમાં-बिम्बोष्ठ एव. (૬-૬૦); એકાવલીમાં-पुराणि यस्यां० (૧-૨૧).

આ સિવાય કવિ ક્ષેમેન્દ્રની 'ઔચિત્યચર્યા'માં કવિ પદ્મગુપ્ત અને તેના આ કાવ્યની ચર્ચા છે, તેમાં ક્ષેમેન્દ્રે આ કાવ્યના કંઈક અંશો પણ ઉદ્ધૃત કર્યા છે.

વળી, વર્ધમાનસૂરિએ રચેલા 'ગણરત્નમહોદધિ'માં પરિમલપદ્મગુપ્ત કવિનાં પદ્યો ઉદ્ધૃત કરેલાં છે. પણ તે પદ્યો આ કાવ્યમાં નથી. એટલે અનુમાન થાય છે કે, આ કવિની બીજી કોઈ રચના પણ હોવી જોઈએ, જેનો હજી સુધી પત્તો લાગ્યો નથી.

આ દૃષ્ટિએ આ કાવ્યની મહત્તા અને મૂલ્યાંકન વધી જાય છે.

કાવ્યનું ઐતિહાસિક વસ્તુતત્ત્વ :

પરમારવંશનું ઉત્પત્તિસ્થળ અર્બુદાચલ બતાવી તેનું વર્ણન (સર્ગ : ૧૧, શ્લોક : ૪૯ થી ૬૩ અને ૬૪ થી ૭૦માં) કર્યું છે. તેમાં ત્યાંના વશિષ્ઠાશ્રમનું વર્ણન છે. ત્યાંથી જ

પરમારવંશ ઉત્પન્ન થયાનું જણાવ્યું છે. કવિએ બતાવ્યું છે કે, તે વંશમાં પ્રથમ પ્રતાપી પુરુષ ઉપેન્દ્ર નામે થયો.[૧] તેના વંશમાં અનેક રાજાઓ થયા પછી વાક્પતિદેવ નામે રાજા થયો.[૨] તે પછી વૈરિસિંહ નામે રાજા થયો.[૩]

સીયકરાજ :

વૈરિસિંહને સીયક નામે પુત્ર હતો.[૪] તેણે વિ. સં. ૧૦૦૫ થી ૧૦૨૯ સુધી રાજ્ય કર્યું.

સીયકનું બીજું નામ હર્ષ પણ હતું,[૫] તેની પત્નીનું નામ વડજા.[૬] આ સીયક રાજા રુદ્રપાટી—શિવપાટી—સેવાડીમાં રાજ્ય કરતો હતો.[૭] તેણે હૂણોનો પરાજય કર્યો.[૮] આ ઉલ્લેખ ઇતિહાસની દૃષ્ટિએ વિચારણીય છે.

સીયક રાજર્ષિ હતો. તેણે કુશચીવર ધારણ કર્યાં હતાં.[૯]

મુંજરાજ :

સીયકને બે પુત્રો હતા. ૧ વાક્પતિરાજ મુંજ અને ૨ સિંધુરાજ. વાક્પતિરાજ મુંજ વિ. સ. ૧૦૩૦ થી ૧૦૫૨માં થયો. આ રાજવી ભારે ઉદાર અને પરાક્રમી હતો. તે વિદ્યાપ્રેમી હતો. એના રચેલા દોહાઓ પ્રબંધગ્રંથોમાં નોંધાયેલા મળી આવે છે. વિક્રમ અને સાતવાહન રાજાઓ પછી સરસ્વતી દેવીએ આ વાક્પતિરાજનો આશ્રય લીધો હતો. તે ઉજ્જૈનીમાં રહીને સમસ્ત રાજ્ય ચલાવતો હતો. પ્રાચીન કાળમાં થઈ ગયેલા યયાતિ, માંધાતા, દુષ્યંત અને ભરત જેવા રાજવીઓ જેવો તે હતો.[૧૦]

સિંધુરાજ :

સીયકનો બીજો પુત્ર તે સિંધુરાજ, મુંજનો નાનો ભાઈ, સં. ૧૦૫૨ થી ૧૦૬૭માં થયો.

---

૧ उपेन्द्र इति संजज्ञे—સર્ગ: ૧૧, શ્લોક ૭૬

૨ तत्र वाक्पतिराजाख्यः पार्थिवेन्दुरजायत—११-८०

३ वैरिसिंह इति प्रापजन्म तस्माज्जनाधिपः—११-८३

४ श्रीसीयक इति क्षेत्रं यशसामुदभूत् ततः—११-८५

५ पितुस्ते श्रीहर्षदेवनृपतेः प्रतिहारपालः—१८—४३

६ वडजेत्यभवद् देवी कलत्रं यस्य भूरिव—११-८६

७ रुद्रपाटीपतिप्रियः—११-८९

८ हूणावरोधवैधव्यदीक्षादानं व्यधत्त सः—११-९०

९ राज्याश्रममलंचक्रे राजर्षिः कुशचीवरः—११-८८

१० अतीते विक्रमादित्ये गतेऽस्तं सातवाहने ।
कविमित्रे विशश्राम यस्मिन् देवी सरस्वती ॥—११-९३
प्रशास्ति परितो विश्वमुज्जयिन्यां पुरि स्थितः ।
अयं ययाति-मान्धातृ-दुष्यन्त-भरतोपमः ॥—११-९९

આ સિંધુરાજનું વર્ણન સર્ગ ૧માં શ્લોક ૫૮ થી ૮૮માં આવે છે. સિંધુરાજનાં કુમારનારાયણ અને નવસાહસાંક એવાં બીજાં નામો પણ હતાં.[૧] આ નવસાહસાંક નામ તો વિક્રમાદિત્ય—વિક્રમાંકના અનુકરણ રૂપે લાગે છે.

તે ઉજ્જૈનીમાં આવે છે. અહીં પૂર્વે થઈ ગયેલા વિક્રમાદિત્ય રાજાનું સ્મરણ આ કાવ્ય (૧ થી ૭૭)માં કર્યું છે. અહીં થોડો સમય રહ્યા પછી તેની કુલરાજધાની ધારામાં જાય છે.[૨]

કાવ્યમાં ધારાને સિંધુરાજની કુલરાજધાની તરીકે ઓળખાવી છે. તેથી લાગે છે કે, પરમારોએ મૂળ પોતાની ગાદી ત્યાં સ્થાપી હશે અને પછીથી ધીમે ધીમે વધતાં ઉજ્જૈની હસ્તગત કરી હતી. એટલે ધારા તો એમની કુલપરંપરાગત રાજધાની હતી.

આ રાજવી ૬૪ કળાઓનો જાણકાર હતો.[૩] તેણે અનેક સાહસનાં કાર્યો કર્યાં હતાં તેથી વીરોની વાતોમાં એ નવીન યા નવસાહસાંક કહેવાતો હતો.[૪]

રાજા શિકારમાં પોતાની સાથે કૂતરાંઓ લઈ જતો.[૫]

સિંધુરાજે કુંતલરાજાનો પરાજય કર્યો હતો.[૬] હૂણ, વાગડ, ઉરંગલ, લાટ, કોસલ અને અપરાંત દેશના રાજાઓ સિંધુરાજને વશવર્તી હતા.[૭]

તેના રાજ્યમાં કોઈ પણ પ્રકારનો આંતરિક કલહ નહોતો.[૮]

---

૧ नाम्ना यमेके नवसाहसा कुमारनारायणमाहुरन्ये १-५९

२ याति स्म भूषितकुलः कुलराजधानीं धाराममात्यकथिता मृगयेतिवृत्तः ॥—१८-६२

३ अकलङ्काकृतेस्तस्य चतुःषष्टिकलावतः—२-२५

४ पार्थिवो हि नवसाहसाङ्क इत्येष सीयकनरेन्द्रनन्दनः—८-७७
सखि ! साहसिक सोऽयमवन्तितिलको नृपः—२-२१
नवसाहसाङ्कोऽयं वीरगोष्ठीषु गीयते—११-१०२

५ सहेमशृङ्खलाः श्वानः श्वेतास्तस्यागतो ययुः—२-१४

६ आक्रान्तदिङ्मण्डलकुन्तलेन्द्रसान्द्रान्धकारान्तरितं रणेयः—१-७४

७ अपकर्तुमत्र समये तवात्तभीर्मनसाऽपि हूणनृपतिर्न वाञ्छति—१०-१४
भवताऽत्र वागडवधूजनः कृतो रतिसन्धि-विग्रहकथापराङ्मुखः—१०-१५
उरलाङ्गनाजनैर्विजयप्रशस्तिरिव लिख्यते तव—१०-१६
न किमर्पितानि नृप ! लाटयोषितां स्फटिकाक्षसूत्रवलयानि पाणिषु—१०-१७
जगतीन्द्र ! कौशलपतेः पुरन्ध्रयः—१०-१८
झटित्यपरान्तपार्थिवमुखेन्दवः—१०-१९

८ इति किञ्चिदेव न तव स्वमण्डले नृप चिन्त्यमस्त्युदितशक्तिसंपदः—१०-२४

રાજાને યશોભટ નામે બુદ્ધિશાળી સચિવ હતો, જે સમગ્ર સામ્રાજ્યનો ભાર વહન કરતો હતો.[1] આ યશોભટે લાંબા સમય સુધી વહન કરેલા સામ્રાજ્યનો ભાર સિંધુરાજે ધારામાં જઈને પોતાના હાથમાં લીધો.[2]

શ્રી હર્ષે કવિ બાણ અને મયૂર કવિનો સંઘટ્ટ કરાવ્યો હતો. આ હકીકત શ્રી. હર્ષ અને બાણ તેમ જ મયૂર કવિઓની સમકાલીનતા માટે નોંધપાત્ર છે.[3]

કવિપરિચય :

કવિએ કાવ્યમાં પોતાનો કશો પરિચય આપ્યો નથી. અંતે **मृगाङ्कदत्तसूनोः** અને બીજે સ્થળે **मृगाङ्कगुप्तसूनोः** એ શબ્દ દ્વારા પોતાના પિતાનું નામ મૃગાંકગુપ્ત એટલે ચંદ્રગુપ્ત હોવાનું જણાવ્યું છે. તે સિવાય બીજી હકીકત મળતી નથી. પરિમલપદ્મગુપ્તે આ કાવ્યની રચના ક્યારે કરી એ વિશે પણ કવિએ કોઈ નોંધ કરી નથી.

આમ છતાં અવાંતર પ્રમાણોથી અનુમાન થાય છે કે, મુંજે કર્ણાટક—ચોલ દેશના રાજાઓને પરાસ્ત કર્યા હતા અને તૈલપ બીજાએ વિ. સ. ૧૦૫૦ અને ૧૦૫૪ની વચ્ચે તેને મારી નાખ્યો હતો.

તે પછી સિંધુરાજ વિ. સં. ૧૦૫૩—૫૪માં સિંહાસનારૂઢ થયો હશે. તેણે ૧૪ થી ૧૬ વર્ષ સુધી રાજ્ય કર્યું, તે દરમિયાન પ્રથમ ચાર-પાંચ વર્ષ તેણે પરાક્રમ બતાવવામાં ગાળ્યાં હોય અને તે પછી પદ્મગુપ્તને કાવ્યરચના કરવા ભલામણ કરી હોય તો 'નવસાહસાંકચરિત'નો રચનાકાળ વિ. સં. ૧૦૬૧—૬૨ (સને ૧૦૦૫—૬)માં સિદ્ધ થાય.

કવિએ મુંજરાજને પોતાની ભાવભક્તિભરી અંજલિ આપતાં જણાવ્યું છે કે, મુંજના મૃત્યુ પછી પોતે કોઈ કાવ્યરચના કરી નહીં, છેવટે સિંધુરાજાના આદેશથી આ કાવ્ય રચ્યું એ વિશે નીચેના શ્લોકોમાં જણાવ્યું છે—

> सरस्वतीकल्पलतैककन्दं वन्दामहे वाक्पतिराजदेवम् ।
> यस्य प्रसादाद् वयमप्यनन्यकवीन्द्रचीर्णे पथि संचरामः ॥ १-७
>
> दिवं यियासोर्मम वाचि मुद्रामदत्त यां वाक्पतिराजदेवः ।
> तस्यानुजन्मा कविबान्धवस्य भिनत्ति तां संप्रति सिन्धुराजः ॥ १-८

સિંધુરાજ વિ. સં. ૧૦૬૬ પૂર્વે ગૂજરાતના સોલંકી રાજા ચામુંડરાજની સાથેની લડાઈમાં માર્યો ગયો.

પરિમલપદ્મગુપ્તનો જન્મકાળ વિ. સં. ૧૦૧૮ લગભગમાં માનીએ તો વિ. સં. ૧૦૪૮માં તે મુંજરાજનો દરબારી કવિ બન્યો હશે.

---

૧ साम्राज्यभारोद्वहनप्रगल्भो यशोभटाख्यः सचिवोऽस्ति यस्य—१-८९

૨ देवेनाथ स्वमन्त्रिप्रवरचिरधृता साहसाङ्केन दीर्घे ।
रोहज्याघातरेखे पुनरपि निदधे दोष्णि साम्राज्यलक्ष्मीः ॥—१८-६८

૩ श्रीहर्ष इव संघट्टं चक्रे बाण-मयूरयोः । २-१८

કવિએ ભોગવતી અને નર્મદા નદીનું સુંદર વર્ણન કર્યું છે. હાટકેશ્વરના વર્ણનથી જણાય છે કે, તે કાશ્મીરના પ્રકૃતિસૌન્દર્યથી પરિચિત હતો. તેનું નામ પણ કાશ્મીરી પરંપરાનું લાગે છે. તેના ઉપર કાશ્મીરી શૈવ સિદ્ધાંતની છાપ અવશ્ય પડી હશે. કાવ્યના આરંભમાં જ કવિએ શિવની સ્તુતિ કરી છે એટલે તે શિવભક્ત હતો એમ જણાય છે.

આવો પ્રૌઢ કવિ હોવા છતાં તેણે પોતાની નમ્રતા નીચેના પદ્યમાં આ રીતે બતાવી છે :—

यच्चापलं किमपि मन्दधिया मयैव-
मासूत्रितं नरपते ! नवसाहसाङ्क ! ।
आज्ञैव हेतुरिह ते शयनीकृतोग्र-
राजन्यमौलिकुसुमा न कवित्वदर्पः ॥

આવો પ્રૌઢ છતાં નમ્ર કવિ વિદ્વાનોનો પ્રીતિપાત્ર બને એમાં આશ્ચર્ય નથી.

તા. ક. :—આ કાવ્યગ્રન્થ નીચે જણાવેલા સ્થળેથી પ્રકાશિત થયો છે.

नवसाहसाङ्कचरितम् ‘ प्रकाश ’ હિંદી વ્યાખ્યાસહિત. વ્યાખ્યાકારઃ શાસ્ત્રી જિનેન્દ્રચન્દ્ર ભારતીય, એમ.એ. પ્રકાશકઃ ચૌખંબા વિદ્યાભવન, વારાણસી–૧, સને ૧૯૬૩. આ પહેલાં, ઘણાં વર્ષ અગાઉ (સને ૧૮૯૫માં) તે બૉમ્બે સંસ્કૃત સિરીઝમાં પ્રગટ થયો છે (સંપાદક : વામનશાસ્ત્રી ઇસ્લામપુરકર).

પારસી ગુજરાતી કહેવતો અને રૂઢિપ્રયોગો

મધુસૂદન પારેખ

અક્કલના અદુખરા વેરવા—બેઅકલી કામ કરવું.

અભાડો બાળવો—છાની વાત બકી નાખવી.

અવાસ બરી ગિયા ને કોલસા રહી ગયા—સાપ ગયા ને લિસોટા રહી ગયા.

અનીખના તારા તોડવા—ખૂબ મુશ્કેલ કામ હાથ લેવું.

અંદર પોરા માહે તમોરાં—બહારથી સારું અંદરથી ખરાબ.

અડધાનો ખુરદો અને અડધો બાધો કરવો—તડ ને ફડ રોકડો હિસાબ કરવો.

આરે લાકરે આરોગવું—જેવા સાથે તેવા (Tit for Tat).

આઇના સીકોરા બાઈને ભારી—માબાપના લાડકોડ દીકરાને ભારી પડવાં.

આઈ તો મહેલ્લો—ખાધામાં પહેલ્લો કામ કરવે છેલ્લો—સારા કામમાં જશ ખાટવામાં,
લાભ મેળવવામાં આગળ, કામ કરવામાં પાછળ.

આટોલસન કરવા—(To crush) કચડી નાખવું.

આદમજી ગિયા ને ગધેરું વસાવ્યું—ખોટનો ધંધો કરવો (A bad bargain)

આટો બાફવો—ઊંધું મારવું.

આઈતા પર કોઈતું—મફતના દલ્લા પર હક્ક જમાવવો.

આતાલ પાતાલ એક કરવા–ખૂબ પરિશ્રમ કરવો. (આકાશ-પાતાળ એક કરવાં ઉપરથી)

આઈનો ખાર બાઈ પર—પાડાને વાંકે પખાલીને ડામ. કોઈની રીસ કોઈના પર.

આપે ધરમે ને ખાય કરમે—દીકરીને ગમે તેટલું આપવા છતાં નસીબનું જ ખાવા પામશે.

આંકો આવવો—છેલ્લી ઘડી આવી રહી.

ઇતરનું હાલ્લું હોવું—ફેશનમાં ખુમારી રાખીને ફરનારો.

ઉસાનો ભાઈ મુસો (ગવાહિ) (Both unreliable) એકથી બીજો ચડે તેવો.

ઊથ(ત)રો કઈ તર બેસે છે—પરિણામ કયી તરફ ઢળશે તે વિચારવું.

ઓઢઈ પથરાઈ જવું—ખૂબ વહાલ બતાવવું.

કોઠાં ભોપવાં—મોઢાં તાકવાં.

કાંદો ખીલવો—મિજાજ જવો.

કાંદાની નાત જમાડવી—બહુ મોટું કામ કર્યું હોય, ધાડ મારી હોય, તેવો દેખાવ કરવો, ફાંકો રાખવો.

કાંટાનું કતેસર—કંઈક વિઘ્ન ઊભું થવું.

કાતરિયાની ધસેલી—પાગલ.

કકડા મોડવા—બદદુવા કરવી.

કવાબમેં હાડકું—બે જણાની વાતમાં ત્રીજો વિઘ્નરૂપ લાગે ત્યારે.

કોલાણું ગેપ—ભેજું ગેપ.

કહું તો મારી મા જાય ના કહું તો બાપ કુત્તા ખાય—બંને બાજુની મુશ્કેલી.

ફોણીધીને કોણ વખાણે ? તો એની મા—વરને કોણ વખાણે ? વરની મા.

કાણા કરતાં કરડકણું ભલું—બે અનિષ્ટોમાં ઓછું હોય તેનો સ્વીકાર.
(Lesser of two evils)

કાલનો દુકાળ આજ પડવો—આવતી કાલની આફત આજે ઊતરવી.

ખરવાયા તોડવા—કંઈ ને કંઈ બહાનાં કાઢી ઝઘડા કરવા, ખામી શોધવી.

ખરજ્યા પગ ગલીચા સુધી—સામાની નબળાઈનો લાભ ઉઠાવવો.
(To take advantage of one's weakness)

ખીલો ઉપાડ કરવો—જડમૂળથી ઉખેડવો, ખૂબ ઘસાતું બોલવું.

ખુદાની લાકડીનો અવાજ નથી—ઈશ્વરની સાક્ષીની જાહેરાત થતી નથી.
(Punishment is bound to come without any warning)

ખેન કોતક—જૂની આંખે નવો તમાશો.

ગળે ગાંઠ મોઢે ડૂચો—બધી બાજુથી મુશ્કેલી.

ગળે લગાવી ગરદન મારવો—મિત્રતાનો ડોળ કરી દુશ્મનનું કામ કરવું.
(To pretend to be a lover and being a destroyer).

ગધા કયા બૂઝે ઝાફરાનની બાત—ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?

ગલેમેં માલા ઔર બગલમેં જાલા—(સરખાવો—મુખમેં રામ બગલમેં છૂરી) સજ્જનના વેશમાં બદમાશ.

ધરણુ લેવા—ઝઘડા લેવા.

ઘાસ ખાય તે ઘીસ બી ખાય—(સરખાવો—માર ખાય તે માલ ખાય)

ધરો પખોરવો—કોઈના ખરાબ ગ્રહ દૂર કરવા.

ઘરણુનું ખાધણ્યું—સાવ મોં ચડાવેલા, ગંભીર.

ચસકેલી ચૉકલેટ—મગજનું ઠેકાણું ન હોય તેવી વ્યક્તિ માટે.

છાંડો સારો હોવો—મિલકત સારી હોવી.

છાન પૂતળાનો નાચ—જૂની આંખે નવા તમાશા.

છરી ચુલ્યાનું વેર—સાત પેઢીનું વેર.

છીંકતા નાક કાપવું—કાંઈ બહાનાનું કાઢીને મારામારી કરવી.

ઝીપલા મારવા—ફાંફાં મારવાં.

જીભના નખ લેવા—જીભ ઉપર કાબૂ રાખવો.

જમાલગોટાનો જુલાબ—સખત ખબર લેવી. (To take left and right)

ઢીંગલાં ગુરિયાની રમત—મશ્કરીની કે ન કામની વાત.

ઢીંગણો ઠરિયો ને બગાડે ફરચો—બદસૂરત–બેડોળ.

તેરી ભૈસને મેરી ખીંચા પાડી—લડવા માટેનું બહાનું.

ડૂબતું આદમી ફીણને વળગે—સરખાવો: ડૂબતો માણસ તરણું ઝાલે.

દેશ ખાઈ દરવાજા ખાંધે બાંધવા—ખૂબ ઉસ્તાદ અને અનુભવી માણસ માટે.

ધરણનો થાંભલો થઈ બેસવું—મોં ચડાવીને બેસવું.

ધનના ભેસ્પતિ બેસવા—પૈસાનો વરસાદ વરસવો.

દળનારીના દીકરાનું નામ દારાશાહ—નામ મોટાં દર્શન ખોટાં.

દરાન ચીત્યાં ખાવી—ગોરપદાનું અન્ન ખાવું. (ધર્મગુરુ માટે તિરસ્કારમાં),
(contemptuous reference to priestly friend)

દહાડેનું થવું—લગ્નની ઉંમર થવી.

નાકે જીભ લગાડવી—માન માગવું.

નાકના બાલ હોવું—ખૂબ માનીતા હોવું.(To be very favourite).

નરયાની ખસેલી—ભેજાંગેપ.

નરોજ બી સરખાં ને ગ્રહણ બી સરખાં—બધા દિવસ સરખા.

નાકનાં ફીકડાં ફફડાવવાં—ખૂબ ગુસ્સે થવું.

નિશાળે બેસાડવું—ગિરે મૂકવું.

પાતાળ પાણી ચાલે ને મોરી કોરડી ને કોરડી—બહુ મીંઢા માણસ માટેની કહેવત. મનમાં કંઈ કંઈ રમતો હોય પણ બહાર કંઈ અણસારો ન દેખાતો હોય.

પગે પેતાવા, હાથમાં છૂરી, ભણે ગણે ને દયાનત બૂરી—બહારથી પવિત્ર અંદરથી શઠ.

પડતી પર પચાસ—Misfortunes never come single.

પોત્યાં લેવાવાં—ગભરાટ થવો.

પેટમાં અભરમજી આવવાં—અદેખાઈ આવવી.

પાણી મુવેલા હોવા—આબરૂ ગુમાવવાનો પ્રસંગ.

પાવડો ઉઠાવવો—ચાલતી પકડવી, મરી જવું.

પગે સાવરણી બાંધેલી હોવી—બધે ફર્યા જ કરનારી વ્યક્તિ માટે. (constantly moving)

પહેલી ચૂમીએ જ ગાલ કરડ્યો—પહેલા શુભ પ્રસંગે જ કડવો અનુભવ.

પાકીને પલેકાર થવું—ખૂબ કંટાળી જવું (to be thoroughly disgusted).

પીંછરાં વેરવાં—ઝાટકણી કાઢવી.

પીધ્યાં દાસ—દારૂડિયો.

પાદસ ફેરવવી—વેડફી નાખવું.

ફૂલ સુંઘણું—પોતાનો બોલ ન રહેવો.

ફૂલ ગુજર થવું—મૃત્યુ પામવું.

ફૂલન્ત વાડીમાં સિધાવવું—મૃત્યુ પામવું.

બઈરાની અક્કલ માથાબાનામાં—સરખાવો : સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ.

બારે ગાંઠ પૂરો—ખૂબ ઉસ્તાદ.

બિલાડી સુવાડવી—બહુ જ સાદગી કરવી.

બાણુ બેસી જવા—ઠંડા થઈ જવું.

બદામ દરાખ વેરાઈ જવાં—ખોટું ખોટું હસાહસ કરવું.

બારે વાર થઈ જવું—નાશ પામવું.

બાવા નાહે ને તાપે—કંગાલ અવસ્થા માટે.

બુધવારના વાંધા—અક્કલના અધૂરા.

ભીંગ ફરી જવા—ચીડાઈ જવું.

ભાજીનું પાણી—સાવ ઢીલો પોચો.

પેંડો પકડાવવો—છૂટા કરવા.

બદામ દરાખના આશીર્વાદ—ખોટી રીતે પતાવી આપેલાં લગ્ન.

મિયાંની ઘોડી પાદરવેર—શક્તિની મર્યાદા દર્શાવવા માટે.

માથું ધોઈ નાખવું—પરણાવી દેવું.

મન સાથે ખડબૂચાં ખાવાં—શેખચલ્લી જેવા તરંગો કરવા.

માંચીના માંકડા હોવું—ઘરકુકડી.

માંચડો ખાલી કરવો—દુનિયા છોડી જવી.

મોંડામાં સાકર ને પેટમાં કાતર—સરખાવો : મુખમેં રામ બગલમેં છૂરી.

મરઘાજી—સ્ત્રીથી દબાયેલા પતિ માટે (henpack).

મકાઈ બુઠ્ઠો—બુદ્ધિ વિનાનો.

મુરદા બહેસ્ત જાવ કે દોજખ—બીજાનું ગમે તે થાઓ પણ પોતાનો સ્વાર્થ સરવો જોઈએ.
(સરખાવો—વર મરો, કન્યા મરો, ગોરનું તરભાણું ભરો).

રૂપિયા પહેરાવવા—સગાઈ કરવી.

રાજા બોલ્યા ને દાદરી હાલી—મોટા માણસ ગમે તે બોલે તે વિશ્વાસપાત્ર જ હોય.

રતન ચમેલીના ખેલ—પ્રેમતમાશા.

રડતો ચનાવલો—રોતલ.

રૂથીકુથી—ગમાર અને બેડોળ. (Plain & ugly).

લે લે ગુરગી—સાવ ઢીલા થવું.

લાધ દે, લધામણ દે, લાધનેવાલા સાથ દે—બધી જ સગવડ માગનાર માટે.

લોહીનો ગોટો ગળવો—ગમે તેટલું કોઈને હેરાન કરે તે મૂંગે મોંઢે સહન કરી લેવું.

લવંગની લાતીએ જવું—બહુ દોડાદોડ અને ઉતાવળ કરનાર માટે.

વાસ્તો મરઘો—બોલ બોલ કરનાર માટે.

વઉ વીંછણ—વાત વાતમાં કરડી ખાવા આવનાર સ્ત્રી માટે.

વા પર વખાતો—વા ખાતો, દરકાર વિનાનો.

વટેણા વાવવા—છટકી જવું.

વકટ લેન વંઠારું—(very weak) સાવ અશક્ત.

વાસે વઢે ને પવનસે લઢે—બધા સાથે લડે.

વ્યાહમાં વલ્હોરું પડવું—સારા કામમાં વિઘ્ન.

વાંસ ફરે ને હાંલ્લું નહિ નડે—સાવ ગરીબ.

સુનાના દાદરને રૂપાનાં દોરડાં—દેખાવ મોટો પણ ખોટી વાતો.

સુજમાં રોજા ખોલવા—મોટી મોટી આશાઓ રાખવી.

સેસ ભણવી—ગાળ ચોપડાવવી.

સાણુ સુકાલ્યો—સાવ ગરીબ.

સૂના સાવજ—સૂનમૂન.

શયતાન ડાભો કરવો—કંઈ તકરાર ઇત્યાદિ વિના વસ્તુ સ્વીકારી લેવી.

શોભત શાભનની—શોભાના ગાંઠિયા જેવી.

હરો, ધરો ને નાલ્લી વહુ પર પરો—પોતાનું કંઈ નીપજે નહિ, કે ખોટું થાય તો નાની વહુનું નામ (હલકું નામ હવાલદારનું).

હાંડા માસ્તર—ગરીબ માટે (મશ્કરીવાચક).

સાબરકાંઠા જિલ્લાના ગુરુબ્રાહ્મણ(ગરો) સમાજમાં મૃત્યુ પ્રસંગે ગવાતા મરસિયા

મહેશચન્દ્ર પંડ્યા

માનવ મન કદીક આનંદનાં શિખરો સર કરે છે તો ક્યારેક વિષાદની ગર્તામાં પણ ધકેલાઈ જાય છે. તેને તડકી–છાંયડી, ચડતી–પડતી, ભરતી–ઓટ, ઉષા–સંધ્યા, અમાસ–પૂર્ણિમા, વસંત–પાનખર કે જન્મ–મૃત્યુ વગેરે યુગ્મો આનંદ–વિષાદ કે સુખ–દુઃખના ઓછાયા–પડછાયાનાં પ્રતીકો પૂરાં પાડે છે. જટાજૂટ જંગલમાં વસતો વનવાસી કે અસ્તિત્વવાદના આટાપાટામાં અટવાતો આજનો આદમી, એ સૌમાં વસતું માનવમન આનંદ–વિષાદનાં યુગ્મો આસ્વાદે છે. તેની પ્રતીતિ લોકસાહિત્ય દ્વારા થાય છે. આદિ માનવના લોકસાહિત્યને આજનો શિષ્ટ સમાજ તેનું નવી દષ્ટિએ અધ્યયન કરી, લોકહૃદય સમક્ષ મૂકવા મથે છે, જ્યારે ગ્રામ્ય સમાજ તેના અસલ સ્વરૂપમાં જ તેને આસ્વાદે છે.

સદેવંત–સાવળિંગા, શેણી–વિજાણંદ કે ગજરા-મારૂ જેવી લોકહૃદયમાં વલોપાતનું વલોણું મચાવતી, કારુણ્યનીતરતી પ્રેમકથાઓ, વિરહ, આક્રંદ, કલ્પાંત કે વલવલાટની વેદનાનો અનુભવ કરાવે છે. શેક્સપિયર, ભવભૂતિ કે અજ્ઞાત લોકકવિઓની કૃતિઓ કરુણરસને લીધે જ અતિ લોકપ્રિય બની છે, કેમ કે કેટલીક વાર દુઃખની અસહ્ય વેદનામાંથી મુક્ત થવા કરતાં દુઃખદ સ્થિતિ વારંવાર વાગોળવી, દુઃખના સાન્નિધ્યમાંથી નીપજતી અતિ સૂક્ષ્મ સુખદ પળોની સુંવાળપભરી અનુભૂતિ પામવાનો અવસર ત્યજવો એ ગમતું નથી. આમ કરુણરસ લોક-સાહિત્યનો રસરાજ બની જાય છે.

મહદ્ અંશે લોકસાહિત્યની અભિવ્યક્તિના માધ્યમ તરીકે લોકગીતો અગ્ર ભાગ ભજવે છે. અજ્ઞાત લોકકવિઓએ મનુષ્યના જન્મને વધાવી લેતાં મંગલ ગીતોથી શરૂ કરીને મૃત્યુ પછી સ્મશાને પહોંચવા સુધીનાં વિષાદગીતો(મરસિયા) દ્વારા માનવજીવનના પ્રત્યેક પાસાને કલાત્મક રીતે ગીતોમાં ગૂંથી લીધાં છે. મંગલકારી ગીતોથી શરૂ થયેલ માનવજીવન વિષાદ ગીતોમાં શમી જાય છે ત્યારે "જીવન એ ગીત છે" એમ માનવું પડે છે.

સ્નેહી જનના મૃત્યુથી નીપજતી અકથ્ય વેદનાને વાચા આપતા મરસિયા ગુરુબ્રાહ્મણ-(ગરો) સમાજમાં પણ ગવાય છે. મરસિયાઓમાંથી નીતરતું કારુણ્ય સાંભળનારના હૈયામાં વેદના સર્જે છે. ગાનાર બાઈનું ગળું કરુણરસ વહેવડાવે છે. આ સમાજની બહેનો અન્ય અસ્પૃશ્ય સમાજમાં મૃત્યુટાણે મરસિયા ગાવા જાય છે. ગાનાર બાઈ લાંબા લહેકાથી પંક્તિ શરૂ કરે છે. બાકીની બહેનો પેલા સૂર સાથે છાતી કૂટવાના અવાજથી તાલ આપી તેટલા જ લાંબા લહેકાદાર સૂરને ગાનાર બાઈના ઢાળ સાથે ઢાળી દે છે. કોઈ પરદેશી આ દશ્ય જુવે તો તેને તેની સરખામણી એક ઉત્તમ કોરસ સાથે કરવાનું મન થાય. આ મૃત્યુગીતો, શોકગીતો, મરસિયા કે રાજિયાને

નામે ઓળખાય છે. મૃત્યુગીતો ગાવાના ઢાળ સાથે સંબંધ રાખીને તેના "પરજિયા" અને "વેલ" એમ બે ભાગ પાડવામાં આવ્યા છે. પરજિયા ટૂંકા સાદે શબ્દોને ઝાટકા દઈને ગવાય છે, જ્યારે વેલ ખૂબ લાંબા લહેકાદાર અવાજે ગવાય છે.

આ સમાજના મરસિયાઓની વિવિધતા ખાસ ધ્યાન ખેંચે છે. નાના બાળક માટેના મરસિયા અલગ, પરિણીત કે અપરિણીત યુવાન—યુવતી માટે અલગ મરસિયા, વિધવા-વિધુર માટે જુદા, તેમ વૃદ્ધા કે વૃદ્ધ તથા સમાજની મોભાદાર વ્યક્તિ માટે પણ ભિન્ન ભિન્ન મરસિયા સાંભળવા મળે છે તો ક્યારેક ઋતુ ઋતુના જુદા જુદા મરસિયા પણ જાણવા મળે છે. નારી-હૃદયની વ્યથાને વ્યકત કરતા મરસિયાના પ્રકારો આપણે જોઈએ:

૧ બાળકો માટેના મરસિયા :

બાળકના મૃત્યુ પછી માતા તેના જુદાં જુદાં અંગોને યાદ કરી, તેને અન્ય પ્રતીકો સાથે સરખાવી કલ્પાંત કરે છે :

શું વખાણું ધાવણા, હાયે ઊછળતા ધાવણા,
આંખ વખાણું ધાવણા, જાણે ભમ્મર કેરી પાંખ.
હાયે ઊછળતા ધાવણા.

નાક વખાણું ધાવણા, જાણે દીવા કેરી શગ,
હાયે ઊછળતા ધાવણા.

મુખ વખાણું ધાવણા, જાણે કમળ કેરું ફૂલ,
હાયે ઊછળતા ધાવણા.

આંગળી વખાણું ધાવણા, જાણે લીલા મગની શીંગ,
હાયે ઊછળતા ધાવણા.

અંગ વખાણું ધાવણા, જાણે કનેર કેરી કાંખ,
હાયે ઊછળતા ધાવણા.

બાળકની સાથેના રોજબરોજના બનેલા બનાવો યાદ કરીને પણ રાજિયા ગવાય છે. ધાવણિયા બાળકની માતા, હાથમાં પાટી, કાનમાં પેન નાખીને ભણવા ગયેલા પોતાના બાળકની ચિંતા કરે છે. તોફાની પવન ફૂંકાય છે, અને ઘેર આવવાનો સમય થયો છે માટે ઘેર આવવા વીનવે છે. પણ બાળક માતાનું બારણું જોવાની ના પાડે છે.

આંબલિયાને ડાળે બાંધ્યું પારણું હો ધાવણિયા.
આથે(હાથે) પાટીને કાને લખણ ,, ,,
આયા વાયરા ને આયા પવન ,, ,,
માડી જુએ છે કુંવર વાટ ,, ,,
(હવે) અવ નહિ આવું તમ બારણે હો માતા.

૧૦ થી ૧૨ વર્ષનું ભણતું બાળક મૃત્યુ પામે ત્યારે :

હાયે હાયે રે નિશાળિયો ગયો રે વદેશ (પરદેશ).
,, ,, એ તો લાડકણીને દેશ.
,, ,, એની માતા જુવે છે વાટડી.
,, ,, એના પિતા જુએ છે વાટડી.

બાળકના રૂપ-રંગ, કોમળતા, સદ્ગુણ તથા સંબંધીઓના સ્વાર્થને વણી લેતા પણાઝયા પણ સંભળાય છે :

હાયે ધાવણિયા—સામો પક્ષ હાય હાય
,, આવરફૂલ ,, ,,
,, કરમાઈ ગ્યાં ,, ,,
,, પારણિયાં ,, ,,
,, સૂનાં પડચાં ,, ,,
,, જનેતાના ,, ,,
,, ખોળા ,, ,,
,, ખાલી પડચા ,, ,,
,, કેવડિયા ,, ,,
,, લાડીલા ,, ,,
,, ઊછળતા ,, ,,

એ જ પ્રમાણે જુવાન અને વૃદ્ધને ઉદ્દેશીને પણઝિયા ગવાય છે.

હાયે લાડણા હાય હાય
,, જવાનિયા ,, ,,
,, લાડીવર ,, ,,
,, કેસરિયા ,, ,,
,, બેનીના ,, ,,
,, બાંધવ ,, ,,
,, ઝેરીલો ,, ,,
,, વરસાદ ,, ,,
,, વરસ્યો ,, ,,

યુવક-યુવતીના મૃત્યુ સમયે ગવાતી વેલો :

રસ ભરેલાં યુવક—યુવતીના અવસાનથી તો સમાજમાં કાળો કેર વર્તાઈ જાય છે. તેમના મનોરથોને પૂરા કરવા માતાપિતાએ સેવેલા મનસૂબા મૃત્યુગીતોમાં વ્યક્ત થાય છે.

હાયે રે ચાંદલિયો ઊગ્યો ને હરણ્યો આથમી,
,, મોડના બાંધ્યા તમ કયાં ગયા.
,, જોષીડો આવ્યો'તો ઘરને બારણે,
,, લગનાં લાવેલો પાછાં લઈ ગયો.
,, પોઠી આવ્યા'તા ઘરને બારણે,
,, પીઠીઓ લાવેલી પાછા લઈ ગયા.
,, સોની આવ્યો'તો ઘરને બારણે,
,, ઘરેણાં લાવ્યો'તો પાછાં લઈ ગયો.

જુવાનજોધ દીકરાના અવસાનથી આખા પ્રદેશમાં અંધારું છવાઈ ગયું છે. તેવા ભાવ વ્યક્ત કરતા મરસિયા નીચે પ્રમાણે ગવાય છે :

અલ રહ્યો સોરઠનો લાડો, સારી સોરઠ આંબો અલ રહ્યો.
,, ,, જવાનિયા વીરા ,, ,, ,, ,,
,, ,, દીકરાનો બાપો ,, ,, ,, ,,
,, ,, પાટણનો દીવો ,, ,, ,, ,,
,, ,, તરાસિયા લાડો ,, ,, ,, ,,
,, ,, પીઠીનો ખીલેલ ,, ,, ,, ,,
,, ,, વરમાળા વીંટેલ ,, ,, ,, ,,
,, ,, મેઢળિયા લાડો ,, ,, ,, ,,

સ્નેહીઓ અને ઘરડાં માબાપ દીકરાને આ ફાની દુનિયામાંથી જતો અટકાવવા નિષ્ફળ પ્રયત્નો કરે છે.

હાયે હાયે રે આજનો સૂરજ ઊગ્યો ઊંધાંધળો (ઝાંખો).
,, ,, ,, અવધે આવી ચિઠ્ઠી ઊતરી.
,, ,, ,, જવાનીએ લીલુડી પલાણી જો.
,, ,, ,, બાપો એમના સહી રહ્યા.
,, ,, ,, દીકરા નહીં દઉં ચાલવા.
,, ,, ,, માતા એમનાં સહી રહ્યાં.

અંતે અવધની ચિઠ્ઠીને જ માન આપવું પડે છે. માતા-પિતાના રોકવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે. દાતણ, નાવણ, જમણ, પોઢણ અને સોગઠાં રમવાની વેળા થઈ છે પણ દીકરો નથી એ ભાવ વ્યક્ત કરતું ગીત પણ સંભળાય છે :

પીત્તળ લોટા તમારા જળ ભર્યા,
દાતણવેળા થઈ ઓ જવાનિયા,
ડેરા દેજો રે ફૂલ વાડીએ.
તાંબા કુંડીઓ જળે ભરી,
નાવણ વેળા થઈ ઓ જવાનિયા—ડેરા દેજો રે ફૂલ વાડીએ.
ચૂલે ખીચડી ચડી રહી, ,, ,, ,, ,, ,,
ભોજન વેળા થઈ ઓ કેસરિયા ,, ,, ,, ,, ,,
ઢાળ્યા તે ઢોલિયા અહીં રહ્યા, ,, ,, ,, ,, ,,
પોઢળ વેળા થઈ ઓ ઊછળતા ,, ,, ,, ,, ,,
માંડેલ સોગઠાં અહીં રહ્યાં ,, ,, ,, ,, ,,
રમત વેરા થઈ ઓ લાડીવર ,, ,, ,, ,, ,,

બેન, બાંધવ અને માતાપિતાની વેદના વ્યક્ત કરતા રાજિયા પણ ગવાય છે :

પાધર ખેતર ખેડિયાં ઓ કેસરિયા,
વાવ્યું છ સોન-મજીઠ ઓ જુવાનિયા,
રંગો લાડલાનાં મોરિયાં ઓ કેસરિયા,
રંગો લાડણ વહુનો ચૂડલો ,, ,,
હાથમાં છે ગલનો ગોટો ઓ લાડણી,
રૂવે છે બેની બાર માસ ઓ લાડણા,
સૂનો બાંધવ તારો દેશ ,, ,,
સળગે છે હૈયામાં આગ ,, ,,
બાપો રૂવે ને માડી રીઝવે ,, ,,
ના રોશો બેનીના બાપ ,, ,, .

મૃત્યુની જાણ ચિઠ્ઠીઓ દ્વારા અગાઉથી સંબંધીઓને કરવામાં આવે છે. સંબંધીઓના પ્રયત્નો મૃત્યુને રોકી શકતા નથી એ અર્થનાં ગીતો :

ચિઠ્ઠીઓ લખજો ચાર રે દુલામણ ગુજરી,
પહેલી ચિઠ્ઠી આપો એમના બાપના હાથમાં,
એમના વાળ્યા ના વળ્યા એમના (૨)
દીવડો ઝાંખો બળે ને સેજલડી સૂની બળે.
દુલામણ ગુજરી.

બીજી ચિઠ્ઠી માતાને, ત્રીજી બાંધવ અને ચોથી ચિઠ્ઠી ગોરાંદેને અપાય છે છતાં કોઈના પ્રયત્નો કામયાબ નીવડતા નથી.

ઓતરા-અભિમાનની વેલ :

પરણેલો જુવાનિયો મૃત્યુ પામે તે વખતનો આઘાત અસહ્ય ગણાય છે. અભિમન્યુના જવાથી જે વલોપાત ઓતરાએ અનુભવ્યો હતો તેવો જ વલોપાત વિધવા બનેલ બાઈ અનુભવે છે. ઓતરા-અભિમન્યુની વેલમાં રાત્રિના ચાર પ્રહર દરમિયાન ઓતરાને અશુભ સ્વપ્નો આવ્યાં હતાં તે વેલમાં વણી લેવાયાં છે :

આયો આયો અષાઢો મેઘ રે
વીજળી કરે રે ઝીણા ઝાટકા.
ઊંચી મેડી રે આસમાન રે
ત્યાં રે સૂતી રે ઓતરા એકલી.
પાછલા પરોઢિયાની રાત રે
સપનું લાગ્યું રે પ્હેલા પ્હોરનું.
માડી મુજને સાસરિયે વળાવ રે
કસર ન હોયે મારા કંથને.
દીકરી તને ઘણીયેલ ખમ્મા રે,
સપનું પડજો રે સૂકા લાકડે.
બીજા પરોઢિયાની રાત રે,
સપનું લાગ્યું રે બીજા પ્હોરનું.
માડી મુજને સાસરિયે વળાવ રે,
જાણે અભિમાન જુદ્ધે ચઢયા.
દીકરી તુજને ઘણીયેલ ખમ્મા રે,
સપનું પડજો રે સમદર બેટમાં.
ભાઈ દોષીડા હાટ ઉઘાડ રે,
દીકરીનાં આણીલાં આવિયાં.
ત્રીજા પરોઢિયાની રાત રે,
રઈકો જાણે આવ્યા તેડવા.
સાંઢણીને કોટે ઘૂઘરમાળ રે,
રઈકાને પગે સોનલ સાંકળાં.
ભાઈ વાણિયા હાટ ઉઘાડ રે
ઘાટડાં કાઢ ઘણીયલ ભાતનાં.
ઘાટડાં કાઢયાં ઘણીયલ ભાતનાં
કાળી ઓઢણી (કણહઈ) બાઈના કરમની.

ભાઈ મણિયારા હાટ ઉઘાડ રે,
ચૂડીઓ કાઢી રે મોંઘા મૂલની.

ચૂડીઓ કાઢી મોંઘા મૂલની
ભાંગેલી ચૂડી બાઈના કરમની.

ઓતરા બેનને સાસરિયે વળાવ રે,
રઈકો ને બેની બે ચાલિયાં.

અભિમાનની બીજી વેલ :

હાય અભિમાન માથે મોરિયાં તારે શોભતાં
તારા છોગલે લીધો વાદ, ઘડી એક પાલખી ઊભી રાખજો.
હાય અભિમાન કાને ગંઠોડા શોભતા.
હાય તારી કડીઓ લીધો વાદ—ઘડીએક પાલખી ઊભી રાખજો.
હાય અભિમાન કેડ કંદોરો શોભતો,
હાય તારી કટારીએ લીધો વાદ— ,, ,, , ,,
હાય અભિમાન પગે પિયારી તારે મોજડી.
,, ,, ચાલો હંસ કેરી ચાલ— ,, ,, ,, ,,

મધ્યરાત્રિએ મરઘલો બોલે છે, જમ (યમ) આવવાનું સૂચન કરે છે. કુટુંબ જાગી જાય છે; પણ કુટુંબ કુડવાળું મરનારને બચાવી શકતું નથી.

આરે આરે લીંબડિયાની છાંય રે,
મરઘલો બોલ્યો રે વેરણ રાતનો,
પ્હેલા મરઘલે કુટુમ્બ જગાડિયાં,
કુટુંબને હૈડે કુડ રે,—પરદેશી પંખીડું કોણે મારિયું.

તે જ રીતે બીજે, ત્રીજે અને ચોથે મરઘે બાંધવ, બેની અને માડી જાગી જાય છે પણ મૃત્યુના મુખમાંથી મરનારને બચાવી શકતાં નથી.

સંસાર અસાર છે. માત્ર મૃત્યુ જ પૃથ્વી પરનું અંતિમ કૃત્ય છે. તેને સ્વીકારવું એમાં જ ડહાપણ છે—ત્યાર બાદ બીજી વાર સંસારમાં ન આવવાનો સૂર પુરાવતાં ગીતો પણ સંભળાય છે :

હાય હાય રે હવે નહીં આવું સંસારમાં.
,, ,, આ તો જૂઠો સંસાર જી,
,, ,, જીવ જમરે શું ઘેર્યો,
,, ,, આ તો મરણની વેળા,
,, ,, આત્મા ગયો ધામ જી,
,, ,, આત્મા મોક્ષને કાન જી,
,, ,, ~~તમારો~~ વૈકુંઠ વાસ જી,

ચોમાસામાં વિધવા બનેલ સ્ત્રી, પતિ-પત્નીના મીઠા સંબંધો યાદ કરી રુદન કરે છે:

આ તો શ્રાવણ માસ આયો રે હાય હાય,
એમના પરણ્યાને તેડાવો રે ,, ,,
પરણ્યો માથા કેરાં મોરીલાં ,, ,,
પરણ્યો મારો માછીડો , ,,
મારાં કઈ બેન તણાયાં રે ,, ,,
ઝરમર વરસે મેહુલો ,, ,,

વિધવા બનેલ સ્ત્રીને પતિના મૃત્યુ પછી જળાશયે ન્હાવા લઈ જતી વખતે તેને નવાં વસ્ત્રો અને આભૂષણોથી સજ્જ કરવામાં આવે છે. આ વિધિને "પોથ નાખવી" કહે છે. તેનો પતિ નવાં વસ્ત્રો અને આભૂષણો ખરીદતો કલ્પીને રાજિયા ગવાય છે:

લાડી તારો લાડણો મેં દીઠો રે દુકાનમાં,
દીઠો રે દુકાનમાં ઊભો રે બજારમાં,
સુતો રે મશાણુમાં—લાડી તારો લાડણો—
લાડી તારો લાડણો ઊભો'તો સોની હાટ,
હાંસડી મૂલવતો મોંઘા મૂલની,
લાડી તારો લાડણો ઊભો'તો દોષીહાટ,
પીઠી મૂલવતો મોંઘા મૂલની.
લાડી તારો લાડણો ઊભો તો માળીવાડ,
ગજરા મૂલવતો મોંઘા મૂલના.

વૃદ્ધોના મૃત્યુસમયે પ્રમાણમાં શોક ઓછો હોય છે. તે તે વખતે ગવાતા મરસિયામાં વ્યક્ત થાય છે:

ધૈડાં માની પાલખી ફૂલે ભરી રે હાય હાય,
પાલખી તો દીકરો એમના સંઈ (પકડી રહ્યા રે) હાય હાય,
મૂકો મૂકો દીકરા મારી પાલખી રે હાય હાય,
તેડાં આવ્યાં શ્રી રાજનાં રે ,, ,,
પાલખી તો દીકરી એમનાં સંઈ રહ્યાં રે ,, ,,
પાલખી તો પરણ્યો એમના સંઈ રહ્યા રે ,, ,,
મેલો મેલો (મૂકો) પરણ્યા પાલખી રે ,, ,,
તેડાં આવ્યાં શ્રી રાજનાં રે ,, ,,

સાહિત્ય અને લોકશાહી

હરિત્ નૃસિંહ વિભાકર

ગુજરાતી સાહિત્ય પરિષદમાં બોલવાની મારી મર્યાદાની મને જાણ છે. આપ મહાશયોના જેવો–કે મારા સ્વ. પિતાશ્રીની જેમ–હું સાક્ષર હોવાનો તો દાવો ન જ કરી શકું. વળી લગભગ છેલ્લા બે દાયકાના અરસામાં, ગુજરાતથી અને હિંદુસ્તાનથી દૂર હું પરદેશમાં રહ્યો છું એટલે આપણા દેશની–અને ખાસ કરીને ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિ અને પ્રગતિથી હું તદ્દન અપરિચિત રહ્યો છું એ મારું કમભાગ્ય છે. છતાં આપ મિત્રો જેટલો જ મને આપણી સાહિત્યપ્રગતિમાં હંમેશાં રસ રહ્યો છે એટલું જ નહિ પણ અત્યારે જો બને તો આપ સર્વ મિત્રોનું આપણા સાહિત્ય બાબત એક અગત્યની વાત ઉપર ધ્યાન ખેંચવાની મને બહુ જરૂર લાગે છે, કારણ કે મારા ખ્યાલથી, એ બાબત ઉપર હજુ સુધી, જરૂરી એવું ધ્યાન ખેંચાયું નથી, અથવા તો એ બાબતમાં બેદરકારી થઈ છે. હાલના સંજોગો જોતાં પરદેશમાં રહીને ત્યાંના સાહિત્યે કેટલો સુંદર ફાળો—ખાસ કરીને ઇંગ્લેન્ડ, અમેરિકા તથા સોવિયત રશિયામાં તે દેશોની આર્થિક, સામાજિક અને રાજકીય પ્રગતિમાં આપ્યો છે એની નોંધ રસભર લઈ શક્યો છું. વિશેષ કરીને દેશના રાજકીય ઘડતરમાં સાહિત્યનો ફાળો તો સવિશેષ મહત્ત્વનો છે જ. ગાંધીજીએ આપણું સાહિત્ય, આપણું રાજકારણ અને આપણો સમાજ જે રીતે ઘડ્યો અને એને નવું દર્શન આપ્યું તે આપ સૌને સુવિદિત છે.

ખરું જોતાં તો ઈ. સ. ૧૯૧૯થી ૧૯૪૯ સુધીનો સમય, માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ, પણ આખા ભારતના ઇતિહાસમાં ગાંધીજીએ જે મહત્ત્વનું પ્રદાન કર્યું તે જોતાં ગાંધી-યુગને નામે ઓળખાય છે. એ યુગ રાષ્ટ્રઘડતરનો યુગ હતો. સત્ય, અહિંસા, સ્વદેશી ભાવના, યજ્ઞ તથા બલિદાનની ભાવના, અસ્પૃશ્યનિવારણની એમની ઝૂંબેશ, કોમી એકતાને માટેના એમના પ્રયાસો, દેશના આર્થિક ઉત્થાન માટે એમણે ઘડેલો અને અમલમાં મૂકેલો કાર્યક્રમ એ બધાને લીધે આપણી રાષ્ટ્રીયતાની ભાવનામાં પશ્ચિમની સમાજવાદી તથા સામ્યવાદી ભાવનાનો સમન્વય થયો. ગાંધીજીની દૃષ્ટિ, એમની અખૂટ શક્તિ, એમની વ્યવસ્થા, નિપુણતા, અને એમનું આકર્ષક વ્યક્તિત્વ આપણી સર્વબૌદ્ધિક પ્રવૃત્તિને પ્રબળ વેગ આપનાર નીવડ્યાં. પછી એ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા હોય કે નવજીવન દ્વારા, પ્રત્યેક નૈતિક, સામાજિક, રાજકીય, કે આર્થિક પ્રશ્ન પરત્વે ગાંધીજીની વાણી જે નવજીવન દ્વારા જનતા પાસે પહોંચતી, તેણે એક નવો ઉત્સાહ અને જોમ પ્રસાર્યાં. વાસ્તવિકતા, સાદાઈ અને ભાવનાને સીધો સ્પર્શ એ ગાંધીયુગના સાહિત્યની વિશેષતા હતાં. ગાંધીજીનાં બે પુસ્તકો "દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ" અને "આત્મકથા" માત્ર ગુજરાતી સાહિત્યનાં નહિ પણ વિશ્વસાહિત્યનાં અદ્વિતીય પુસ્તકો છે. એમાં ઉચ્ચ સાહિત્યિક ગુણો તો છે જ, પણ એ એક સામાન્ય, અદનો માનવી, કેવી રીતે સત્યના બળથી ઊંચો ને ઊંચો ચઢતો જાય છે, અને એ વ્યક્તિ મટીને વિશ્વમાનવી બનતો જાય છે તેનું

આપણને દર્શન કરાવે છે, અને સામાન્ય માનવમાં પણ દિવ્યતા તરફ જવાની જે પ્રચ્છન્ન શક્તિ છે તેની પ્રતીતિ કરાવે છે. એ પુસ્તકો જગતનાં મહાન પુસ્તકો એટલા માટે છે કે મહાન પુરુષની એ પ્રામાણિક જીવનની ગાથા છે. એમણે કેવી રીતે આપણી પ્રાચીન ભાવનાઓ અને પ્રાચીન સામાજિક જીવનનું જે માળખું હતું તેને મઠારીને, સમકાલીન જીવનના પ્રશ્નોના ઉકેલ માટે એને ઉપયુક્ત બનાવ્યું તેની ઝાંખી એમાં થાય છે. એમણે કાકાસાહેબ, મશરૂવાળા, ઇત્યાદિનો નવો લેખકવર્ગ ઉત્પન્ન કર્યો અને સાહિત્યને એક નવો વળાંક આપ્યો તે સુવિદિત છે.

ગાંધીજીએ (આ બધાનો) ગાંધીયુગના લેખકોનો અને નેતાઓનો આપણને વૈભવપૂર્ણ વારસો આપ્યો, અને તેનું પરિણામ આપણને જવાહરલાલ નેહરૂમાં દેખાય છે. ગાંધીજીએ નૈતિક અને સામાજિક ક્ષેત્રમાં જે સિદ્ધિ મેળવી તે જવાહરલાલે રાજકીય ક્ષેત્રમાં પ્રાપ્ત કરી. એમની લોકશાહી માટેની ઝંખના અને તમન્નાએ એમને ભારતમાં જ નહિ, પણ આખા વિશ્વમાં આદરણીય સ્થાન અપાવ્યું. એમની ગાંધીજી પાસેથી વારસામાં મળેલી ભાવનાઓ અને સિદ્ધાંતો દ્વારા એમણે સહઅસ્તિત્વ, આંતરરાષ્ટ્રીય મનમેળ, સહિષ્ણુતા અને શાંતિ દ્વારા પ્રગતિની ભાવના સંયુક્ત રાજ્ય પરિષદમાં પ્રસારી. એમાં એમને કેનેડીનો સાથ મળ્યો. એ બન્ને મહાપુરુષોએ પોતાના આદર્શોને મૂર્તિમંત કર્યા. આમ ગાંધીજીની જેમ આ બે વ્યક્તિઓએ પોતાના વિચારો અને સાહિત્ય દ્વારા સારાય જગત પર પોતાનો પ્રભાવ પાડ્યો. આ રીતે આપણને સાચી જીવન-ફિલસૂફી પ્રાપ્ત થાય અને આપણી સાર્વત્રિક પ્રગતિ થાય તે અર્થે રાષ્ટ્રઘડતરમાં નેતાઓનો ફાળો અત્યંત મહત્ત્વનો હોય છે, પણ આ દિશામાં તો સાહિત્યકાર જ લોકોને પ્રેરણા આપી શકે અને જનતાને કલ્યાણમાર્ગે દોરી લઈ જઈ શકે. આ બધું શાંતિના યુગમાં જ સંભવી શકે. આપણું રાષ્ટ્ર આજે ગાંધીજી ને નેહરૂની દોરવણી નીચે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી વીશ વર્ષનું યુવાન રાષ્ટ્ર બન્યું છે, પણ હજી તે મંજિલ ઘણી બાકી છે. ગાંધીજી અને નેહરૂએ તો આપણને પ્રગતિના સાચે માર્ગે મૂકી દીધા. નેહરૂ ગયા પછી આપણો દેશ છિન્નભિન્ન થઈ જશે અને સરમુખત્યારશાહી સ્થપાશે, એવો ભય ખોટો પડ્યો છે, અને આપણે પૂરતા પ્રમાણમાં આપણી જનતાની શક્તિનો પરિચય બાહ્ય જગતને કરાવ્યો છે. ચોથી સામાન્ય ચૂંટણીએ આપણી લોકશાહીની ભાવના કેટલી જ્વલંત છે તેનો પરિચય જગતને કરાવ્યો છે. આપણી નિરક્ષર પ્રજા પણ કેટલી વિચારમાં પુખ્ત વયની છે તેનું ભાન આપણને એ ચૂંટણીએ કરાવ્યું. માત્ર પાકિસ્તાની આક્રમણ કે ચીની આક્રમણ વખતે જ આપણી રાષ્ટ્રપ્રીતિનું દર્શન થતું નથી પણ શાંતિના સમયમાં પણ ચૂંટણી જેવે પ્રસંગે એનું દર્શન થાય છે. આમ છતાં આપણે જો લોકશાહીને ટકાવવી હોય તો અમલ કરાય એવા આદર્શો જ આપણી યશકલગી છે. આપણે બતાવી આપ્યું કે આપણને સિદ્ધાંતો વહાલા છે, વ્યક્તિઓ નહિ.

પરંતુ એ માટે માત્ર સાંખ્યિક બહુમતીવાળી રાજકીય લોકશાહી હોય એ જ પૂરતું નથી. શકિતશાળી, રાજકીય અને આર્થિક લોકશાહી ઉપરાંત જરૂરી સામાજિક અને નૈતિક લોકશાહી હશે તો જ આપણી લોકશાહી સૂચક બનશે અને ટકી શકશે. શંકાસ્પદ અને સંઘર્ષશીલ " સંખ્યાવાચક " રાજકીય લોકશાહી અને જીવનની શિસ્તબદ્ધ લોકશાહી પ્રણાલીની વચ્ચે મોટું અંતર છે, કારણ કે આ જાતની રાજકીય લોકશાહી એ શાસન કરતી સરકારના અમુક પ્રકારનું એક માળખું છે, જ્યારે બીજા પ્રકારની 'જણાવી તે લોકશાહી, તો લોકોની પ્રણાલી, સંસ્કૃતિ અને દૃષ્ટિમાં સુસ્થાપિત થઈ ચૂકલી વસ્તુ છે. લોકશાહી જીવનપદ્ધતિને, રાજકીય

લોકશાહીની માફક કાયદા દ્વારા સ્થાપિત કરવી કે લાદવી અશક્ય છે. એનાં મૂળ તો લોકોનાં હૃદયમાં, લોકોની જીવનપદ્ધતિમાં તથા તેમના રોજબરોજના વ્યવહારમાં પાંગરે છે. હકીકતમાં, પ્રાચીન ભારતના પરંપરાગત સમાજ, ધર્મ અને અર્થરચનામાં લોકશાહી વિકસી હતી. આપણે ત્યાં વિકસેલું 'પંચાયતી રાજ' એ માત્ર વ્યવસ્થાતંત્રના વિકેન્દ્રીકરણ માટેનું માળખું નહોતું, પરંતુ ગ્રામસેવાના સામાજિકરણની એક વિશદ પ્રવૃત્તિ હતી જેનો જોટો જગતમાં બીજે ક્યાંય જોવા નથી મળતો. બહુ ભાષા અને બહુજાતિઓવાળા દેશો તરફ આપણે નજર કરીએ અને હિટલરના જર્મનીમાં યહુદીની, અમેરિકામાં હબસીની, સામ્યવાદી ચીનમાં માઓ તરફી ન હોય તેવા ચીના કે તિબેટીની હાલતનો, કે પાકિસ્તાનમાંના હિંદુઓની સ્થિતિનો વિચાર કરીએ, અને આપણા સમાજમાં એકરૂપ બની ગયેલા મેસેડોનિયન, પારસીઓ, આર્યો તથા દ્રાવિડો વગેરેનો વિચાર કરીએ, તો આપણને જરૂર લાગશે કે આવાં જુદી જુદી જાતિઓ તથા જુદી જુદી ભાષાઓને કારણે ઉદ્‌ભવતા અટપટા પ્રશ્નોને આપણા દેશે તો ઈસવી સન પૂર્વેના કાળમાં, અત્યંત લોકશાહી અને અત્યંત વ્યવહારુ માર્ગે હલ કર્યા હતા. આ વિશાળ દૃષ્ટિમય ભાવનાને આપણે આપણા અત્યારના બંધારણમાં 'બિનસાંપ્રદાયિકતા'(secularism)ના નામે અપનાવી છે અને ભારતના તમામ નાગરિકોને જ્ઞાતિ, વિચાર, કે રંગના કોઈ પણ ભેદભાવ વિના મૂળભૂત હક્કોની સમાન રીતે ખાતરી આપી છે. ઇસ્લામના વર્ચસ્વકાળ દરમિયાન હિંદુ લોકશાહી જીવનની પ્રણાલી સુષુપ્ત બની. ઇસ્લામે સૌને શરૂમાં ભેદભાવરહિત સમાનતા બક્ષી હતી ખરી, પરંતુ પાછળથી એ ઇસ્લામના અનુયાયીઓ સિવાયના અન્ય લોકો તરફ એ ઉદારતા દાખવી શક્યું નહિ. બ્રિટિશ શાસન આવ્યા બાદ અંગ્રેજી પ્રજાના ઉદારમતવાદના બૌદ્ધિક પ્રભાવ, સમાનતાના સિદ્ધાંત તથા અખબારી સ્વાતંત્ર્યે બ્રિટિશ સામ્રાજ્યશાહીના મધ્યાહ્ન કાળ દરમિયાન પણ આપણામાં મુક્ત વિચારશક્તિ અને મુક્ત અભિવ્યક્તિ પ્રેર્યાં. સામ્રાજ્યવાદી શાસન હેઠળ લોકશાહીને તદ્દન નકારવામાં આવી હોવા છતાં પણ, રાજકીય લોકશાહીના તત્ત્વજ્ઞાન, કાયદાના શાસન તેમ જ કાયદા સમક્ષની સમાનતા તરફ આપણા દેશના લોકોમાં ખાસ કરીને ભણેલા વર્ગમાં અનુરાગ પેદા થયો હતો.

બિનસાંપ્રદાયિક રાજ્યનું સર્જન, મૂળભૂત હક્કોને માન્યતા અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોનો અમલ—એ ત્રણ બાબતો ભારતના બંધારણના મુખ્ય લોકશાહી મુદ્દાઓ છે. ઈ. સ. ૧૯૫૦માં પુખ્ત મતાધિકાર દાખલ થતાં, આપણી પ્રજામાં રાજકીય જાગૃતિ તથા સક્રિયતા આવ્યાં. આની સાથે જ રાજકીય નેતાગીરીની તરેહમાં પણ પરિવર્તન આવ્યું અને રાજકીય નેતાગીરી સ્થાનીય નેતાઓ તરફ સરકી. આપણા મતદાતાઓમાં પ્રવર્તતી નિરક્ષરતા, તથા જ્ઞાતિવાદ, કોમવાદ અને ભાષાવાદથી ખદબદતા વાતાવરણમાં નિરક્ષર મતદારો પર નિર્ભર રહેતી લોકશાહીમાં પોતાની અંતઃસ્થ નિર્બળતા રહેલી હોય એ દેખીતું છે; પરંતુ શિક્ષણને જ રાજકીય પુખ્તતાની અનિવાર્ય કસોટી ગણી શકાય નહિ. આપણી ચોથી સામાન્ય ચૂંટણીએ સાફ બતાવી આપ્યું છે કે, નિરક્ષર લોકો પણ રાજકીય પુખ્તતા સારી રીતે ધરાવે છે. ગાંધીજી અને નહેરૂના અવસાન પછીથી આપણે ત્યાં વ્યક્તિપૂજાનો અંત આવ્યો છે અને પરિણામે જુદા જુદા પક્ષો સાંપ્રત પ્રશ્નોની રજૂઆત કરીને મતદારોને ખેંચે છે અને એ રીતે લોકશાહી વધુ તંદુરસ્ત સ્વરૂપે સક્રિય બની છે. આનો અર્થ એ નથી કે લોકશાહીમાં નેતાગીરી નબળી હોવી જોઈએ. કહેવાનું

એટલું જ છે કે, નેતાગીરી ધરાવતી વ્યક્તિ ગમે તેટલી મહાન હોય તોપણ એનાથી લોકોની આરંભિક ક્રિયાશીલતા પાંગળી બની જવી જોઈએ નહિ. અત્યાર સુધી આપણી લોકશાહી માત્ર એક પક્ષના શાસન પર અને એ પક્ષ માત્ર એક જ વ્યક્તિના વ્યક્તિત્વ પર નિર્ભર હતાં. પરિણામે અંદરના તેમ જ બહારના વિરોધો બિનઅસરકારક બની જતા. આમ મુન્શીજીએ એક વાર કહ્યું હતું તેમ એ લોકશાહીની સરમુખત્યારી બની રહી હતી.

વ્યક્તિપૂજાનો અંત આવતાં, આપણા રાજકારણમાં એવા નેતાઓ અને રાજપુરુષો આગળ આવવા લાગ્યા કે જેઓ પ્રજાના પ્રશ્નોને હાથમાં લેવાની અને હલ શોધવાની શક્તિ ધરાવતા હોય. ચૂંટણી વખતે સફળ રાજકારણી બની રહે એટલું જ હવે પૂરતું નથી. સમાજ અને દેશનું સાચું અને અસરકારક નેતૃત્વ કરવા માટે એમણે સફળ રાજનીતિજ્ઞ અને રાજ્યકૌશલ્ય States-manship હોવાનો પુરાવો પણ હવે આપવો પડે તેમ છે. કોઈ એક પક્ષના જ કાર્યકર કે પ્રચારક થવાથી જ ચાલે તેમ નથી; પરંતુ તેણે લોકોનું તથા કોઈ ચોક્કસ વિચારધારાનું નેતૃત્વ દાખવવાનું છે. તેનું કામ દેશની તત્કાલીન આકાંક્ષાઓને અભિવ્યક્તિ આપવાનું જ નહિ પરન્તુ એ આકાંક્ષાઓને નક્કર ભૂમિકા પર ઉતારવા માટેની પરિસ્થિતિને અભિવ્યક્ત કરવાનું છે, કાર્ય આયોજનની વ્યવસ્થિત નીતિ ઘડવાનું છે, જેમાં લાગતાંવળગતાં તમામ તત્ત્વોનો સહકાર સાંપડી રહે, તથા તેમની આ કાર્યપદ્ધતિને કારણે તમામ બળો ગતિશીલ બને અને કાયદાને અસરકારક બની રહે. આવી રાજ્યકૌશલ્યભરી નીતિને પ્રથમ પ્રસ્તાવે જ અનુમતિ સાંપડી રહેશે એવું નથી, અને સંપૂર્ણ આવકાર અને અનુમતિ સાંપડે ત્યાં સુધી રાહ જોવાની જરૂર પણ નથી. એવી કેટલીયે બાબતો હોય છે કે જ્યાં સુધી લોકોના જીવનમાં તેનો ઘનિષ્ઠ સંબંધ ન થાય ત્યાં સુધી લોકો એને સમજી શકે નહિ. આથી પ્રતિભાશાળી રાજનીતિજ્ઞે ઘણી વાર લોકો કરતાં વહેલા થઈને હિંમતભર્યું પગલું લેવું જ પડવાનું. ઉપરછલી ભ્રામક પરિસ્થિતિના આવરણ હેઠળ છુપાયેલી હકીકતોને નિહાળી તે અનુસાર પગલું ભરવાની શક્તિ એનું નામ જ રાજ્યકૌશલ્ય. લોકોને શું જોઈએ છે એ નહિ, પરંતુ શું જોઈશે એની ગણતરી કરીને રાજનીતિજ્ઞ તેનો કાર્યક્રમ યોજે છે, અને એને માટે, તત્કાલીન ક્ષુબ્ધ વાતાવરણથી પર રહીને વિચારવાની અને હિંમત દાખવવાની શક્તિ તથા તથ્યોનું ધ્યેયલક્ષી વિશદ જ્ઞાન તથા દૃષ્ટિ જરૂરનાં છે.

આ પ્રકારનું નેતૃત્વ જ સફળ, શક્તિશાળી, તંદુરસ્ત, શિસ્તબદ્ધ રાજકીય લોકશાહી સર્જી શકે. લોકો ત્યારે જ મુક્ત કહેવાય કે જ્યારે તેમનામાં શક્તિ અને સત્તાની સમાનતા પ્રવર્તતી હોય. સત્તાની અસમાન વહેંચણી હોય અને રાજકીય અથવા અન્ય નિર્ણયો, લોકોની બહુમતિને બદલે ડોલર, પૌન્ડ કે રૂપિયાની બહુમતીનું દાસત્વ સ્વીકારતા હોય તેવી મતપેટીઓમાં પુરાયેલી સમાનતા શા કામની ? આર્થિક સમાનતા અને આર્થિક સ્વાતંત્ર્ય ન હોય તેવી લોકશાહી રાજકીય દંભ અને સડાનું મૂળ બને છે. એવી જ રીતે, જો લોકશાહીમાં વિકેન્દ્રીકરણ ન હોય તોપણ લોકશાહી અર્થ વિનાની બની જશે. જેમ રાજ્ય અથવા કાર્યપ્રદેશ મોટા, તેમ વ્યક્તિત્વને અને લોકશાહીને જાળવવાનું કામ વધુ મુશ્કેલ. મોટી વસતિ પર શાસન કરવું સહેલું લાગે ખરું, પરંતુ એમાં જડત્વ વધુ હોવાથી તથા તેમની ઇચ્છાઓ અને મુશ્કેલીઓ અંગે એકમતિ સાધવાનું મુશ્કેલ હોવાથી એનું લોકશાહી વ્યક્તિત્વ જલદી ભૂંસાઈ જાય છે. આથી જ કોઈએ

કહ્યું છે કે, "મોટાં સામ્રાજ્યો, ખંડો કે ઉપખંડો માટે લોકશાહી સગવડભરી નથી." મોટી રાજકીય લોકશાહીનો ગરીબ 'સાર્વભૌમ' મતદાતા પોતાનો રોજિંદો રોજીરોટલો રાખવામાં એટલો ખૂંપેલો અને પરેશાન રહેતો હોય ત્યાં એના પક્ષમાં ઊભા થતા, અને ઓગળી જતા હજારો પ્રશ્નો પર લક્ષ નાખવાની એને બિચારાને ફુરસદ ક્યાંથી મળે ? એટલે જ 'લોકશાહી એટલે જેને કશી ખબર ન હોય તેવાઓની સરકાર' એવી વ્યાખ્યા કોઈએ કરી છે. આથી જ પુરાણા 'ગ્રીક શહેર રાજ્યો'ની માફક, આપણી વિકેન્દ્રિત લોકશાહીની 'પંચાયતી રાજ'ની પ્રાચીન પ્રથા સ્થાનિક પ્રશ્નોના વધુ જલદીથી અને સરળ રીતે તોડ કાઢવા માટેની ઉત્તમ પદ્ધતિ છે. આ પદ્ધતિ હેઠળ શાસિત લોકો તેમનું શાસન કરનારાઓની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી શકે છે તેમ જ તેનું નિયંત્રણ પણ કરી શકે છે. વિકેન્દ્રિત લોકશાહીની માફક આયોજિત લોકશાહી પણ આપણી લોકશાહીના સ્વરૂપને અને મૂલ્યોને સાકાર કરી શકે તેમ છે. આર્થિક લોકશાહી વિનાની રાજકીય લોકશાહી અર્થ વિનાની છે. આયોજિત લોકશાહી હોય તો જ, યોગ્ય શિક્ષણ તથા તમામ પ્રકારની સામાજિક અને આર્થિક સુવિધાઓ જેવી હેતુમય જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો પ્રાપ્ત થઈ શકે અને અભાવ તથા તંગીમાંથી છુટકારો મળી શકે. આયોજન વિના આપણી તમામ સાધનસંપત્તિ અને શક્તિઓ વેડફાઈ જાય છે અને આપણે કશું ધ્યેય સાધી શકતા નથી. આપણી પહેલી, બીજી, ત્રીજી અને ચોથી પંચવર્ષીય યોજનાઓ દ્વારા આપણે આપણી સાધનસંપત્તિ અને શક્તિઓને નાથવાના પ્રયાસો કર્યા છે. એમાં આપણને કેટલી સફળતા મળી છે કે મળે છે, તથા આપણી ઉત્પાદન અને વિતરણની પદ્ધતિઓ આપણને આપણી સમાજવાદી લોકશાહીની મંજિલ સુધી પહોંચાડી શકે તેમ છે કે કેમ એ જોવાનું કામ આપણી સરકાર, આપણા અર્થશાસ્ત્રીઓ તથા લોકોનું છે. એવી જ રીતે, સામાજિક કક્ષાએ અનેકાનેક અંતરાયોને દૂર કરવાની પણ એટલી જ અનિવાર્ય જરૂરત રહેલી છે. આપણે ત્યાં સમૃદ્ધિ અને સંપત્તિના અઢળક ઢગલા થાય ત્યારે–અત્યારે જો કે એ એક સ્વપ્ન જ છે—કેટલાક "આગળ વધેલા" દેશોમાં બન્યું છે તેમ, એને કારણે આપણું સામાજિક તથા નૈતિક પતન ન થાય એ જોવું ઘણું જરૂરી છે. જો આપણી લોકશાહીમાં સામાજિક અને નૈતિક મૂલ્યોને સમાવવામાં નહિ આવે તો, આપણી ભાવિ લોકશાહી, ગમે તેટલી રાજકીય અને આર્થિક પુખ્તતા ધરાવતી હશે તોપણ ક્ષીણ બની જશે.

આપણી લોકશાહીની ભાવના બે મહાન લેખકોને હાથ પાંગરી—ગાંધીજી અને જવાહર. એમણે લોકોની પ્રચ્છન્ન શક્તિ પ્રત્યે પ્રજાને જાગ્રત કરી. એમણે કેવળ લખ્યું જ નહિ, પણ પોતાના સિદ્ધાંતો વ્યવહારમાં મૂકયા; પણ સદ્‌ભાગ્યે આ બંને લેખકો નેતા તેમ જ રાજનીતિજ્ઞ પણ હતા. એ આવશ્યક બને છે કે આપણા લેખકો અને લોકનેતાઓ એકબીજાનો સમન્વય સાધી સમાજને અને દેશને સાચી દોરવણી આપે. દેશને ઉચ્ચ આદર્શો તરફ લઈ જનાર લેખકો જ હોય છે. હેરોલ્ડ લાસ્કી, બર્નાડ શૉ, વૉલ્ટર લીપમેન, માર્ક્સ, લેનિન અને આપણા દેશમાં મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરૂ આદિનાં દષ્ટાંતો છે. આથી લેખકોની ફરજ છે કે દેશોન્નતિનું દેશમાં લોકશાહીની ભાવના વિકસાવવાનું કામ ફક્ત રાજકીય નેતાઓના હાથમાં જ નહીં, પણ હરગીઝ સોંપાવું જોઈએ લેખકોના હાથમાં—લેખકો જ લોકોના સાચા નેતા બની શક. એમ થશે તો જ દેશના જે આંતરિક તેમ જ બાહ્ય પ્રશ્નો છે, સમસ્યાઓ છે તેનો ઉકેલ

આવશે. આપણી આધ્યાત્મિકતાની જેમ લોકશાહી પણ આપણી રગેરગમાં પ્રસરી જવી જોઈએ. એ કાર્ય લેખકો જ કરી શકે. આમ નહિ થાય તો આપણી લોકશાહી ભયમાં આવી પડશે. આથી સાહિત્યે, ફક્ત રાજકીય ક્ષેત્રમાં જ નહિ, પરંતુ સામાજિક અને નૈતિક ક્ષેત્રમાં પણ એ ભાવના પ્રસરવી જોઈએ. રાજકીયક્ષેત્રની જેમ સામાજિક લોકશાહીની કે નૈતિક લોકશાહીની ભાવના કાનૂન મારફતે લાદી શકાય નહિ. એ તો લોકોના હૃદયમાંથી ઊગી નીકળવી જોઈએ. આપણો સમાજ જે પરંપરા જોડે સંકળાયેલો છે તેમાં તો લોકશાહીની ભાવના પૂર્ણપણે જીવંત હતી. આપણી ગ્રામપંચાયત એ ફક્ત સત્તાના વિકેન્દ્રીકરણનું જ પ્રતીક નહોતી પણ ગ્રામસેવાના સામાજિકરણની પ્રવૃત્તિ હતી. આજે આપણે યહૂદીની જર્મનીમાં, હબસીની અમેરિકામાં કે હિન્દુની પાકિસ્તાનમાં જ દુર્દશા જોઈએ છીએ અને ભારતમાં ઈરાનથી, ગ્રીસથી જે લોકો આવ્યા અને એમની જોડે જે પ્રેમભર્યો વ્યવહાર રહ્યો તે આપણી સંસ્કૃતિ અને સભ્યતાની ઉચ્ચતાનું દર્શન કરાવે છે. ભારતના બંધારણની બિનસાંપ્રદાયિકતાનું કારણ પણ આ સંસ્કૃતિની ને ભાવનાની પરંપરા છે. પણ સાચું જોતાં આપણી લોકશાહીની આધુનિક ભાવના તો આવી છે, અંગ્રેજી અમલ દરમ્યાન એ રાજ્યે લોકશાહીની ભાવના પર પ્રહાર કર્યા છતાં એણે લોકશાહીની ભાવના પ્રત્યે આપણામાં આદર પણ ઉત્પન્ન કર્યો. આજે ગાંધીજી અને જવાહર ગયા પછી આપણે ત્યાં વ્યક્તિપૂજાનો યુગ આથમ્યો છે અને હવે વ્યક્તિ કરતાં સિદ્ધાંતોને જ સવિશેષ મહત્ત્વ અપાય છે. આજે ચોથી ચૂંટણીએ હવે આપણી જનતાની જાગ્રતિનો અચૂક પુરાવો આપ્યો છે. હવે આપણે સિદ્ધાંતોને મહત્ત્વ આપીએ છીએ, વ્યક્તિને નહિ. ગમે તેવી મહાન વ્યક્તિને પણ ચૂંટણીમાં હારવું પડે એ અને જનતાનો સીધો સંપર્ક રહેવો જોઈએ. એમ ન થાય તો કેવળ સાહિત્યને જ નહિ, પણ દેશને પણ હાનિ થવાની છે. લોકોમાં એ ભાવના સ્વેચ્છાથી જ પ્રગટાવી શકાય; અને એ ભાવના પ્રત્યેની અભિરુચિ સાહિત્યકાર જ જન્માવી શકે. આપણા દેશમાં રામનું જેટલું મહત્ત્વ છે એટલું જ વાલ્મિકીનું છે. મહાભારતનાં પાત્રો કરતાં વ્યાસ જ વધારે પૂજ્ય છે. વલ્લભાચાર્ય કે શંકરાચાર્ય એ આપણા નેતાઓ પોતાની કૃતિઓ દ્વારા જ લોકજીવનને આલેખી શક્યા. એવા લેખકોની આજ જરૂર છે, કે જે દેશની લોકશાહી રક્ષી શકે.

જેમ શ્રી. ઉમાશંકરે આપણને "કવિની શ્રદ્ધા"ની વાત કહી, તેમ એ જ ભાવથી હું કહું તો આપણી "જનતાની શ્રદ્ધા" લોકશાહીમાં છે. જેમ અર્જુનને કર્મયોગનું જ્ઞાન શ્રીકૃષ્ણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા દ્વારા આપ્યું, તેવી જ રીતે આપણા લેખકો તેમના સર્જન દ્વારા લોકશાહીમાં આપણી જનશક્તિ અને જનસિદ્ધિ કેળવી અને મેળવી શકે, કારણ કે આપણી સંસ્કૃતિના જ્યોતિર્ધરો લેખકો જ છે, અને તે રહેવા જોઈએ.

સ્વર્ગારોહણપ્રાસાદ

પ્રભાશંકર ઓ. સોમપુરા
મધુસૂદન ઢાંકી

મૃત સન્તો અને કોઈક દૃષ્ટાન્તોમાં મહાન નૃપતિઓ પાછળ સમાધિમન્દિરો બાંધવાની પ્રથા પ્રાગ્-બૌદ્ધ કાળથી લઈ અદ્યાપિપર્યન્ત ભારતમાં પ્રચલિત છે. બૌદ્ધ અને જૈન સ્તૂપોમાંના ઘણાખરા સાધુસન્તોના શરીરાવશેષો પર રચાયેલા ઉપાસ્ય ચૈત્યો હોઈ એની વાત તો બાજુએ રાખીએ, પણ ભૂતકાળમાં બંધાયેલાં, દેવપ્રતિમાઓ ધરાવતાં બ્રાહ્મણ તેમ જ જૈન મન્દિરોમાંથી થોડાંક મૃતજનોની માત્ર પુણ્યવૃદ્ધિ માટે જ નહિ, સ્મૃતિ અર્થે—સ્મશાનચૈત્યરૂપે—પણ બંધાયાં હશે. ઉત્કીર્ણ લેખોના પ્રમાણની અનુપસ્થિતિમાં ઉત્તર ભારતમાં વિનષ્ટ યા વિદ્યમાન મન્દિરોમાંથી કયાં અને કેટલાં મન્દિરો આવા ઉદ્દેશથી બંધાયાં હશે તે કહેવું અશક્ય બની જાય છે; પણ વાઙ્મયનાં કેટલાંક પ્રમાણોના આધારે મૃતાત્માઓની પાછળ આવાં સ્મારકો બંધાતાં તેવું સિદ્ધ થઈ શકે છે. મંત્રીશ્વર વસ્તુપાલના સ્વર્ગગમન પછી લઘુબન્ધુ તેજપાલે શત્રુંજય પર સ્વર્ગારોહણ-પ્રાસાદ બંધાવ્યાનું જિનહર્ષે 'વસ્તુપાલ ચરિત્ર' (ઈ. સ. ૧૪૪૧)માં નોંધ્યું છે. એ જ ગ્રન્થમાં જૈત્રસિંહે તેજપાલના સ્મરણમાં ચાન્દ્રોન્માનપુરમાં નિર્માવેલ જિનાલયમાં પણ સ્મારકીય ઉદ્દેશ સૂચિત છે.

પણ આ ઉલ્લેખોમાંથી સ્વર્ગારોહણપ્રાસાદના સ્વરૂપ વિષે કશી માહિતી પ્રાપ્ત થતી નથી. વિશ્વકર્મા અને એમના માનસપુત્ર 'જય'ના સંવાદરૂપે રચાયેલા અને વિશૃંખલ બની ગયેલા 'વાસ્તુવિદ્યા' ગ્રન્થના સઙ્કલન-સમ્પાદન દરમિયાન અમને હાલ વિચ્છેદ થયેલ વાસ્તુગ્રન્થ 'સિદ્ધાર્થપૃચ્છા'નો 'સ્વર્ગારોહણપ્રાસાદ'ની રચના-વિધિ બતાવતો એક અધ્યાય, સમુચ્ચયગ્રન્થ 'શ્રીજ્ઞાનરત્નકોશ' અન્તર્ગત જોવા મળેલો. આ ગ્રન્થની અમે જોયેલી ત્રણેક હસ્તપ્રતોમાંથી માત્ર એકમાં જ એ પ્રકરણ મળેલું હોઈ પાઠનાં સ્ખલનો તેમ જ વ્યાકરણના દોષો દૂર કરવાનું શક્ય નથી બન્યું; તોપણ તેમાં સમાયેલી સામગ્રી ગુજરાત તેમ જ સમગ્ર ભારતના ઇતિહાસ અને પુરાતત્ત્વના તથ્યાભ્યાસ માટે ઉપયુક્ત હોઈ એનો સારાંશ મૂલપાઠ સાથે અહીં રજૂ કરીએ છીએ.

સ્વજન—પિતા, માતા, ભ્રાતા, માતામહ—ની મરણોત્તર ધાતુ–વેદિકા (ઉપર) 'મૃત્યુંકોષ્ઠ' રચવો અને એને (ગર્ભમાં રાખી ?) સ્વર્ગારોહણપ્રાસાદનું નિર્માણ કરવું. એ કરવા માટે ચોરસ ક્ષેત્રના આઠ ભાગ કરી બે ભાગનો કર્ણ (મૂળખૂણો) અને ચાર ભાગનું ભદ્ર (ભદર) કરવું. પીઠ 'નાગરચ્છન્દ'ની કરવી; દ્વાર 'ભૂમિજ' સંસ્થાને કરવું. માડ કરવો. પહેલી ભૂમિ પૂર્વ પ્રમાણે કરવી. દ્વિતીય ભૂમિએ મણ્ડપ કરવો (?) જેનાં અંગોમાં વેદિકા ઇત્યાદિ છન્દાલઙ્કાર સહિત ચન્દ્રાવલોકન (જાળિયું) કરવું. એક દ્વાર કરવું અથવા પૂર્વ પશ્ચિમ બે દ્વાર કરવાં. ભદ્ર પર તવઙ્ગ કરવા. મણ્ડપ બહુ સ્તમ્ભયુક્ત કરવો. અનેક ભાવો બતાવતા વિદ્યાધરો કરવા. તેના પર ઘણ્ટાકૂટયુક્ત સંવરણા (સામરણ) કરવી. એને તવઙ્ગ, ઇલિકાવલણથી વિભૂષિત કરવી તેમ જ ચારે દિશાએ હાથીનાં મોઢાં, વ્યાલ, સિદ્ધ, વિદ્યાધર, સિંહ ઇત્યાદિ રૂપોથી અલઙ્કૃત કરવી.

બીજા પ્રકારના સ્વર્ગારોહણપ્રાસાદ માટે ચોરસ ક્ષેત્રના દશ ભાગ કરી કર્ણ બે ભાગ, એક ભાગ પ્રતિરથ (પઢરો) અને ચાર ભાગનું ભદ્ર કરવું. અર્ધા ભાગે એનો નિર્ગમ (નિકાળો) કરવો. પૂર્વમાને દ્વારાદિ કરવાં. ઉપર ઘણ્ટાકૂટ, ઇલ્લિકાવલણ, સિંહ અને કુમ્ભથી વિભૂષિત સંવરણા કરવી.

ત્રીજા પ્રકારના સ્વર્ગારોહણપ્રાસાદ માટે ચોરસ ક્ષેત્રના બાર ભાગ કરી ચાર ભાગનું ભદ્ર, બે ભાગનો પ્રતિરથ, બે ભાગનો કર્ણ સલિલાન્તર સહિત કરવો; ભદ્ર અને પ્રતિરથનો બે ભાગે નિકાળો કરવો. અગાઉ પ્રમાણે પીઠ, દ્વાર... (?) અને મણ્ડોવર (મંડોરો) કરવાં. બાર સ્તમ્ભોવાળો ત્રીજો મણ્ડપ કરવો. અથવા ત્રણ ભૂમિ (?) કરવી. અગાઉની પેઠે અલઙ્કૃત સંવરણા કરવી. (એમ) એક ભૂમિ, બે ભૂમિ કે ત્રણ ભૂમિવાળો સ્વર્ગારોહણપ્રાસાદ કરવો. ત્રણ ભૂમિવાળો જ્યેષ્ઠ, બે ભૂમિવાળો મધ્યમ અને એક ભૂમિવાળો કનિષ્ઠ જાણવો. શ્રીધર, વિભવ, શ્રીયાનન્દ, સુન્દર, હેમકૂટ, લક્ષ્મીવિલાસ, ઇત્યાદિ નવ પ્રકારના પ્રાસાદો કરવા. એમાં શિખર વર્જિત કરવું.

ઉત્તર ભારતીય દેવાલય—સ્થાપત્યના પ્રકાણ્ડ અભ્યાસી અને મર્મજ્ઞ શ્રી કૃષ્ણદેવ માને છે કે ખજુરાહોનું બ્રહ્મામન્દિર (વાસ્તવમાં ચતુર્મુખ લિઙ્ગવાળું ફાંસનાયુક્ત શિવાલય) અને ત્યાંનું માતઙ્ગેશ્વરનું મન્દિર (ઈ. સ.નો ૧૦મો સૈકો) તેમ જ ભોજપુરનું અધૂરું રહેલું ચોરસ શિવાલય (૧૧મી સદીનો પૂર્વાર્ધ) મૃત્યુ–સ્મારકરૂપે બંધાયાં હશે. પ્રાદેશિક–કાલિક લક્ષણભેદને બાજુએ રાખીએ તો આ મારુ-ગુર્જર વાસ્તુ-ગ્રન્થમાં પ્રબોધેલી સ્વર્ગારોહણપ્રાસાદની રચના શ્રીકૃષ્ણદેવના મતનું સબળ રીતે સમર્થન કરે છે.

દક્ષિણી–દ્રાવિડી–પરંપરામાં પણ સ્વર્ગારોહણપ્રાસાદ નિર્માણ કરવાનો રિવાજ હોવાનું ચોળ સમયના કેટલાક ઉત્કીર્ણ લેખોથી જાણવા મળે છે. ચોળરાજ આદિત્ય પ્રથમ (ઈ. સ. ૮૭૧-૯૦૫)ના મૃત્યુ બાદ એના પુત્ર પરાન્તક પ્રથમે તોણ્ડઈમાનાડુમાં 'આદિત્યેશ્વરમ્' નામક પલ્લિપળ્ળાઈ એટલે કે સ્વર્ગારોહણપ્રાસાદ ઈ. સ. ૯૦૭માં બંધાવેલો.[1] ચોળ સમ્રાટ રાજરાજ પ્રથમે પોતાના પિતામહ અરિનિજયના સ્મરણમાં એના ધાતુ–અવશેષો પર ઈ. સ. ૧૦૧૪માં મેલપાડિમાં અરિ઼-જકાઈ–ઈશ્વરમનું મન્દિર બંધાવેલું.[2] રાજરાજના પુત્ર રાજેન્દ્ર પ્રથમે પોતાની સ્વર્ગસ્થ રાણીના સ્મરણમાં પળયારુ ખાતે પઞ્ચવન મહાદેવીશ્વરમ્ પલ્લિપળ્ળાઈ ઈ. સ. ૧૦૧૯ પહેલાં નિર્માણ કરાવેલ.[3] મૃતજનો પાછળ ખાંભી–પાળિયા–ઊભા કરવાનો રિવાજ ગુજરાતમાં કંઈ નહીં તો યે મધ્યકાળથી તો હતો જ. ગુજરાતી શબ્દ 'પાળિયા' અને તામિળ શબ્દ 'પલ્લિપળ્ળાઈ' વચ્ચે કંઈ સંબંધ હશે કે કેમ તે પ્રશ્નનો ઉત્તર તો ભાષાવિજ્ઞાનશાસ્ત્રીઓ આપી શકે.

---

૧ બાલસુબ્રહ્મણ્યમ, એસ. આર., 'શોળર કલ્લઈપ્પાની' (તામિળ), મદ્રાસ ૧૯૬૬, ચિત્ર ક્રમાંક ૫૫.

૨ એજન, ચિત્ર ક્રમાંક ૬૫.

3 BALASUBRAHMANYAM, S. R., 'Four Chola Temples', Bombay 1963, p. 43.

ભારતનો સાંસ્કૃતિક પ્રભાવ જ્યાં પડેલો તેવા કમ્બોજ જેવા દેશોમાં પણ સ્વર્ગારોહણ-પ્રાસાદો રચવાની પ્રથા પ્રચારમાં હતી. કમ્બોડિયાનું જગપ્રસિદ્ધ અંગકોરવાટનું મન્દિર રાજા સૂર્યવર્મન દ્વિતીયના મરણોત્તર સમાધિમન્દિર તરીકે બારમી શતાબ્દીના બીજા પ્રહારમાં બાંધવામાં આવેલું.

ઉત્તર ભારતના પશ્ચિમ ભાગમાં મુઘલ સમયમાં રાજપૂત રાજાઓના સ્વર્ગગમન પછી એમની પાછળ ('છત્રી' તરીકે હાલ પરિચયમાં રહેલ) મણ્ડપો અને શિવાલયો બાંધવામાં આવતાં. કચ્છના રાવોની ભુજ પાસેની છતરડીઓ, ઉદેપુરમાં રાણાઓની છત્રીઓનો સમુદાય અને મંડોરમાં જોધપુરના રાઠોડવંશી રાજાઓના મૃત્યુ-સ્મારક રૂપે બંધાયેલા શિવાલયો ભારતીય સ્થાપત્યના અભ્યાસીઓને જ્ઞાત છે. પૂના પાસેની સિંધિયાની છત્રી અને વડોદરાનું મહારાજા સયાજીરાવ ગાયકવાડના સ્મરણમાં બાંધેલું કીર્તિમન્દિર આ પરંપરાનાં અન્તિમ દૃષ્ટાંતો છે. જો કે આમાંનું કોઈ પણ સ્મારક વાસ્તુશાસ્ત્રને અનુસરતું નથી; અને ગુમ્બજવાળી છત્રીઓની રચના પાછળ તો કંઈક અંશે મુસ્લિમ પ્રભાવ કામ કરતો લાગે છે; કબ્રની હિન્દુ આવૃત્તિ જેવાં એ સ્મારકો ભાસે છે. મુઘલ સમયમાં એ પ્રથાને મળેલું પુનર્જીવન અને સવિશેષ પ્રચાર એ તારવણીને અનુમોદન આપી રહે છે. આ સ્મારકોનો અભ્યાસ રસપ્રદ બની શકે; પણ વધારે મહત્ત્વના તો છે મુસ્લિમ શાસનકાળ પહેલાંના, શાસ્ત્રાધારે નિર્માયેલા પરંપરામાન્ય સ્વર્ગારોહણ-પ્રાસાદો. આ અંગે વિશેષ માહિતી એકત્ર થતાં ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં સ્થાપત્ય પ્રયોજન અંગે એક નવું જ પ્રકરણ ઉમેરી શકાશે.

स्वर्गारोहणप्रासादलक्षणम्

श्रीविश्वकर्मा उवाच ।

अथातः संप्रवक्ष्यामि स्वर्गारोहणमुत्तमम् ।
येन विज्ञानमात्रेण ज्ञायते च शुभाशुभं ॥ १ ॥

चतुरस्त्रीकृते क्षेत्रे अष्टभागोर्विभाजयेत् ।
कर्णभागद्वयं कार्यं भद्रभागचतुष्(ठयं ?) ॥ २ ॥
पीठं नागरो छन्दो(क ?) द्वारं भूमिजसंस्थितम् ।
माड(संज्ञाभिधातं च ?) कर्तव्यं शिल्पि(बुद्धिमान् ?) ॥ ३ ॥
प्रथमं भूमि पूर्वोक्तं मण्डपं द्वितीय(भूमय ?) ।
क्रमयुक्ति विधातव्या स्वच्छन्दा कामरूपिणाम् ॥ ४ ॥
माण्डलं छन्दो + युक्तं (मालेहे ?) स्वर्गमण्डितम् ।
वेदाद्यंयेदलंकारं छन्द चन्द्रावलोकनम् ॥ ५ ॥

एकद्वारं च विज्ञेयं द्विद्वारं पूर्वपश्चिमे ।
अधिकं वर्जयेत्प्राज्ञः कन्यसं शुभलक्षणम् ॥ ६ ॥

भद्रे तवङ्गास्तु दातव्यां कर्णसंस्थामण्डोरकम् ।
अथवा चन्द्रावलोकनं कर्तव्या शास्त्रपारगैः ॥ ७ ॥

भद्रे च मण्डपं कार्यं बहुस्तम्भं समन्वितम् ।
विद्याधरस्वरूपाथ विभावानेकसंकुल ॥ ८ ॥
तस्योर्ध्वे तु संवरणा घण्टाकूटैः समाकुला ।
ईलिका तवङ्गसंयुक्ता (आलेङ्गैश्च ?) विभूषिताः ॥ ९ ॥
हस्तितुण्डवरालैश्च (हस्तिभिः ?) समलंकृतम् ।
सिद्धविद्याधरैर्यक्षैः सिंहैकर्मैश्च चतुर्दिशः ॥ १० ॥
चतुर्भित्तिस्थितैर्मध्ये गर्भगर्भप्रतिष्ठयेत् ।
कल्पना यस्य कुर्वन्ति सर्वपूर्वा (सुखा भवेत् ?) ॥ ११ ॥
प्रासादस्यार्धजं युक्तं तां प्राचीं प्रकल्पयेत् ।
सर्वा तत्र समुद्दिश्या पश्चादिनां प्रतिष्ठयेय ॥ १२ ॥
अपरा पितृमातुर्णां भ्रातमातामहादिकाम् ।
अथस्य पुत्रं तद्युक्तं ये मृतास्तुत्तरोत्तमम् ॥ १३ ॥
मृत्युकोष्ठं च भक्ता च धातध्वेदिका निर्मिता ।
तस्मार्थे च कृते पद्म स्वर्गारोहति (खिखिना ?) ॥ १४ ॥

द्वितीयस्वर्गारोहणप्रासादम्

अतः ऊर्ध्वं प्रवक्ष्यामि द्वितीयं स्वर्गारोहणम् ।
चतुरस्त्रकृते क्षेत्रे दशभागविभाजिते ॥ १५ ॥
कर्णं द्विपदं भिरयुक्तं पदमेकं प्ररथकः ।
भद्रं भागचतुःकेन भागस्यार्धेन निर्गमः ॥ १६ ॥
अथ भागसंयुक्तं ++ प्रतिरथं मिदं भवेत् ।
एवं तस्यात्पूर्वमानेन द्वाराणां तृतीयं तथा ॥ १७ ॥
ऊर्ध्वस्थिता संवरणा घण्टाकूटैः समाकुला ।
इलिकावलणैर्युक्ता सिंहकुम्भैर्विभूषिता ॥ १८ ॥

श्रीविश्वकर्मा उवाच ।

अथ ऊर्ध्वे प्रवक्ष्यामि स्वर्गारोहं तृतीयकम् ।
येन विज्ञातमात्रेण सर्वपुण्यफलं लभेत् ॥ १९ ॥
चतुरस्त्रकृते क्षेत्रे दिवाकरविभाजिते ।
भद्रं भागचतुःकेन द्विभागं प्रतिरथकम् ॥ २० ॥
कर्णं च द्विगुणं प्रोक्तं सलिलान्तरसंयुता ।
द्विपदं पदनिष्क्रान्तं प्रतिरथ-रथस्य च ॥ २१ ॥
पीठः स्यात्पूर्वमानेन द्वाराणि (द्विगुणं कृते ?) ।
मण्डोवरं ततः प्राज्ञ उच्छ्रयमस्तु द्वितीयका ॥ २२ ॥

द्वादशस्तम्भसंयुक्तं तृतीयं विभुमण्डपम् ।
अथवा तच्चतस्तम्भं भूत्रिकं द्विविधं तथा ॥ २३ ॥
ऊर्ध्वस्थिता संवरणा घण्टाकूटैः समाकुला ।
(एकार ?)तवङ्गसंयुक्ता सिंहकुम्भैर्विभूषिता ॥ २४ ॥
माडच्छन्दोद्भवं युक्तं (मालेहे ?) स्वर्गमण्डितः ।
सिद्धविद्याधरैर्यक्षैः भूषयेश्च चतुर्दिशः ॥ २५ ॥
इदं उत्तमं तृतीयं स्वर्गारोहणम् ।
एकभूम्या (त्रयः ? तत्र) कार्या द्विभूमा वा त्रिभूमिकाः ॥ २६ ॥
स्वर्गारोहणता + + ज्येष्ठमध्यकनीयसा ।
त्रिभूमं च भवेद्ज्येष्ठं द्विभूमं मध्यमं भवेत् ॥ २७ ॥
भूम्येकमधमं युक्तं त्रिविधं स्वर्गारोहणम् ।
एकैकं पदं द्विगुणं त्रिगुणं तस्य कल्पना ॥ २८ ॥
त्रीणि (रमाख्या ?)न्येकैकस्य न संशयः ।
त्रयो ज्येष्ठ भविष्यति मध्यसंज्ञा (क्षायस्तथा ?) ॥ २९ ॥
कनीयसस्त्रयः प्रोक्ता एकैकस्तु त्रिधा भवेत् ।
श्रीधरो विभवश्चैव श्रीआनन्दस्तृतीयकः ॥ ३० ॥
सुन्दरो हेमकूटश्च षष्ठो लक्ष्मीविलासकम् ।
(प्रष ? पृष ?)भौमनभद्रस्य हेमकूटनवस्तथा ॥ ३१ ॥
प्रथमं चैकभूमं च नवभूमं ततोतिमम् ।
त्रिभिस्त्रिभिश्च विज्ञेया नामसङ्ख्या प्र + + ॥ ३२ ॥
प्रथमे च द्वितीये च तृतीयके त्रिके त्रिके ।
एकं त्रिचतुर्धाराणि (निसंते ?) [य] नवध्रुवम् ॥ ३३ ॥
शिखरं वर्जये (हय ?) (हर्म्यं ? हर्म्ये) नैव कल्पयेत् ।
शिखरं तु स्वराधिष्ठं गेहं मानुषसंश्रयं ॥ ३४ ॥
तस्मात् सर्वप्रयत्नेन माड (माय ?) विधीयते ।
स्वर्गारोहे कृते यस्तु शिल्पिनो तीर्थं विना ॥ ३५ ॥
क्षत्रिमाणां भवेत् पीडा तद्दृष्टा च + + सदा ।
तस्मात् सर्वप्रयत्नेन तीर्थं कुर्यात्सदा बुधैः ॥ ३६ ॥
सर्वपापविनिर्मुक्तं सर्वतः शुद्धो न संशयः ।
यजमा(ने मने + ?) बुधै रायपुण्ययशस्तथा ॥ ३७ ॥
राज्ञा च भवेद् दीर्घी प्रजा सौख्येन नंदति ।
कथयंतीति सिद्धार्थं स्वर्गारोहणमुत्तमम् ॥ ३८ ॥

ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક

ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

આ અંકના પૂંઠાની પાછળની બાજુએ છાપેલું મસ્તક, તાજેતરમાં કચ્છમાં દોલતપર ગામ નજીકના એક ખેતરમાંથી મળેલું તે હાલ વડોદરા મ્યૂઝિયમમાં રાખવામાં આવેલું છે. આ મસ્તક લગભગ સાડાપાંચ સેન્ટીમીટર ઊંચું અને આશરે છ સેન્ટીમીટર પહોળું છે. કચ્છના જ કોઈ સ્થાનિક ખારા પથ્થરનું બનેલું આ મસ્તક ગુજરાતની શિલ્પકલાના ઇતિહાસના હાલના આપણા જ્ઞાનમાં બહુ જ અગત્યનો ઉમેરો કરે છે.

આ મસ્તકની નીચે ગળાનો થોડોક ભાગ સચવાઈ રહ્યો છે અને શરીરનો બાકીનો બધો જ ભાગ ઉપલબ્ધ નહીં હોવાથી, આ મસ્તક કયા દેવની મૂર્તિનું છે તે કહેવું કઠિન છે. છતાં વિષ્ણુની પ્રાચીન મૂર્તિઓના મસ્તક ઉપર આવી જાતની ઊંચી દિવાલવાળી ટોપી (અથવા મુકુટ) જોવા મળે છે તેથી આ મસ્તક વિષ્ણુપ્રતિમાનું હોઈ શકે. વિકલ્પે, આ મસ્તક સૂર્યપ્રતિમાનું પણ હોઈ શકે. વિષ્ણુ પણ વૈદિક પરંપરામાં આદિત્યોમાંના એક હોઈ, વિષ્ણુ અને સૂર્યનો સંબંધ સમજી શકાય છે. આ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે, કેમ કે આ મસ્તકની ઊંચી ટોપીની બેઉ બાજુએ પાષાણની જે પહોળી પટ્ટી દેખાય છે તેના ઉપર જ્વાલાઓ દર્શાવેલી હશે એમ અનુમાન થાય છે. આવી જ પણ કંઈક નાની દિવાલની ટોપીવાળું એક મસ્તક શામળાજીમાંથી મળેલું તે હાલ વડોદરા મ્યુઝિયમમાં છે.[1] તેમાં બેઉ બાજુએ આવી જ્વાલાઓ સ્પષ્ટ છે. આ ઉપરાંત, ભિન્નમાલમાંથી મળેલી પારેવા પથ્થરની એક પ્રાચીન વિષ્ણુ-પ્રતિમા[2] (હાલ વડોદરા મ્યૂઝિયમમાં, આ લેખકે ભેટ આપેલી છે તે)માં પણ વિષ્ણુના મુકુટની બેઉ બાજુએ જ્વાલાઓ દર્શાવી છે જે વિષ્ણુ અને આદિત્યનો સંબંધ સૂચવે છે.

દોલતપરમાંથી મળેલું આ મસ્તક, શામળાજીના મસ્તક કરતાં અને ભિન્નમાલના વિષ્ણુ કરતાં જૂનું છે.

આ ત્રણેય પ્રતિમાઓને સાથે રાખી, ત્રણેયના મસ્તક પરના ટોપીઘાટના મુકુટને સરખાવીએ તો સમજાશે કે, દોલતપરના મસ્તક પરના મુકુટનું વચ્ચેનું અલંકરણ, ત્રણેમાં સૌથી જૂના ઘાટનું અને મથુરામાંથી કુશાણ યુગ(ઈ. સ. પહેલાથી ત્રીજા સૈકા)નાં મળેલાં શિલ્પો પરનાં આવાં અલંકરણો સાથે ખૂબ સામ્ય ધરાવતું છે. આવા સ્પષ્ટ અલંકરણવાળું મસ્તક ગુજરાત રાજ્યમાં પહેલું જ મળવાથી, આ મસ્તક ગુજરાત–રાજસ્થાનના શિલ્પના ઇતિહાસમાં બહુ અગત્યનું સ્થાન ધરાવે છે.

---

૧ ફોટા માટે જુઓ, ડૉ. ઉમાકાન્ત શાહ–કૃત 'સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી એન્ડ રોડા,' ચિત્ર નં. ૪૯.

૨ ફોટા માટે જુઓ, એજન, ચિત્ર નં. ૧૦.

શામળાજીના મસ્તક પરનો મુકુટ, આને મળતો જ, ભાતવાળી ટોપીનો બનેલો છે પણ તેમાં આગળ વચમાંનું અલંકરણ (કુષાણ અલંકરણને મળતું) ઘસાઈ ગયું હોવાથી, તે સ્પષ્ટ નથી. છતાં હવે એટલું સ્પષ્ટ થાય છે કે, એ મસ્તક પણ ઇ. સ. ચોથા સૈકા પછીનું તો નથી જ. શામળાજીના મસ્તકમાં મુકુટની બે બાજુએ જે જ્વાલાઓની આકૃતિ કોતરી છે તે પરથી અનુમાન કરી શકાય કે, દોલતપરના મસ્તક પર પણ તેમ હશે પણ હાલ ઘસાઈ ગઈ છે.

ભિન્નમાલના વિષ્ણુના મસ્તક પરનો મુકુટ ઊંચાઈમાં સહેજ નાનો છે પણ દોલતપર અને શામળાજીના મસ્તક પરના મુકુટની પરિપાટીનો જ છે. ભિન્નમાલના વિષ્ણુને બીજાં અનેક કારણોથી આ લેખકે, ઈ. સ.ના ચોથા સૈકામાં (ઈ. સ. ૪૦૦ આસપાસ) બનેલા જણાવેલ તે અનુમાનને હવે પુષ્ટિ મળે છે. દોલતપરનું મસ્તક ઈ. સ.ના બીજા કે ત્રીજા સૈકામાં બનેલી પ્રતિમાનું કહી શકાય.

શામળાજી, ભિન્નમાલ અને દોલતપરનાં આ ત્રણેય શિલ્પોમાં મુખાકૃતિની બીજી વિશિષ્ટતા એ છે કે ત્રણેયમાં આંખો તદ્દન ખુલ્લી છે. ઉપલી પાંપણ થોડીક પણ નીચે ઢળતી નથી. મથુરાનાં કુષાણકાલીન શિલ્પોમાં એ જ સમયમાં જુદી પરિપાટી છે અને તેમાં ઉપલી પાંપણ ઓછી વધતી નીચે ઢળેલી હોય છે જેથી આંખનો ડોળો પૂરો દેખાય નહીં. મારાં અગાઉનાં લખાણોમાં અન્યત્ર મેં જણાવ્યું છે તેમ પશ્ચિમ ભારત(ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર)નાં ક્ષત્રપકાલીન શિલ્પોની પોતાની આ વિશિષ્ટતા છે કે, એમાં આંખોની પાંપણ ઢળેલી હોતી નથી અને વચ્ચે કીકી પણ ઘણી વખત કોતરેલી હોતી નથી. આ વસ્તુ કારલા, કન્હેરીની ગુફાનાં શિલ્પોમાં પણ સ્પષ્ટ છે. આ પરિપાટી જૂની છે અને તે સાંચી અને ભરહુતનાં શિલ્પોમાંથી ઊતરી આવેલી છે.

ક્ષત્રપકાલનું પશ્ચિમ ભારત એક વિશિષ્ટ સાંસ્કૃતિક એકમ હતું. નહપાનના જમાઈ ઉષવદાતે (ઋષભદત્તે) નાસિકથી માંડી પુષ્કર સુધી દાન કર્યાનો ઉલ્લેખ છે. ક્ષત્રપકાલમાં આ એકમ વ્યાપારનું એક મહત્ત્વનું કેન્દ્ર હોઇ, ભરૂચ, શૂર્પારક વગેરે બંદરો દ્વારા ભારતને પરદેશોનું ખાસ કરીને રોમન અઢળક સોનું રળાવી આપતું.

આ સમયમાં ગુજરાત સાંસ્કૃતિક બાબતોમાં ઘણું આગળ વધ્યું હોવું જોઈએ, એ તો રુદ્રદામાએ પોતાનો ગિરનારનો શિલાલેખ સુંદર કાવ્યમય સંસ્કૃતમાં કોતરાવ્યો છે તે જ બતાવી આપે છે. આ લેખો પ્રજાની જાણ માટે, પ્રજા વાંચી સમજી શકે તે માટે કોતરાવ્યા હશે, અને પ્રજાનો સારો એવો ભાગ આ ભાષા સમજતો હશે, તેમ જ સંસ્કૃતને સારો રાજ્યાશ્રય હશે, એમ જણાય છે.

એવા યુગમાં, જ્યારે કારવણમાંથી લકુલીશ સંપ્રદાયે સમગ્ર ઉત્તર ભારત પર એકદમ અસર કરવા માંડેલી, જ્યારે બૌદ્ધોએ આખા પશ્ચિમ ભારતમાં અનેક સુંદર ગુફાઓ કોતરાવવા માંડેલી, ત્યારે આ પ્રદેશે સારી એવી પ્રગતિ કરી હશે જ.

એ પ્રગતિના—એ વિકાસના ઇતિહાસની કડીઓ ધીરે ધીરે મળતી જાય છે એ હર્ષની વાત છે. મથુરાના કુષાણકાલીન અવશેષો ઘણા વર્ષોથી મળ્યા, સારનાથ, અજંતા વગેરેના ગુપ્ત-

કાલીન અવશેષો ઘણાં વર્ષોથી મળ્યા, એટલે સામાન્ય રીતે મન ઉપર એવી છાપ પડી ગઈ છે કે, અન્ય પ્રદેશોની કલા આ કુષાણ અને ગુપ્તકાલીન કેન્દ્રોની અસર નીચે છે; વાસ્તવમાં એ પૂર્ણ સત્ય નથી.

અન્ય પ્રદેશોએ પોતપોતાની રીતે પણ કલા અને સાહિત્યમાં ફાળો આપ્યો છે અને ભારતના જુદા જુદા પ્રદેશો કલા અને સાહિત્યના વિકાસમાં એકબીજા ઉપર અસર પાડતા આવ્યા છે. દાખલા તરીકે, ચોથા સૈકામાં બનેલાં દેવની મોરીનાં માટીનાં શિલ્પો જોઈએ તો તેઓ એ જ સમયની ઇતર ભારતની ગુપ્તકલા કરતાં વધુ અને પોતાનો આગવો વિકાસ સાધતાં નજરે પડે છે.

ગુજરાત અને રાજસ્થાનના સંશોધકો સહકારથી હજી વધુ સ્થળતપાસ (exploration) કરે અને બેઉ રાજ્યોની સરકારો ઉત્ખનનોમાં વધુ સહાય આપે તો, સમગ્ર ઉત્તર ભારત (વિન્ધ્યની ઉત્તરના)ની કલાના વિકાસમાં, પશ્ચિમ ભારતના અગત્યના ફાળાની ખૂટતી કિંમતી કડીઓ મળી આવવાની સંભાવના સ્પષ્ટ છે.

ગોવર્ધનધારીની એક પ્રાચીન પ્રતિમા

કનૈયાલાલ ભાઈશંકર દવે

ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ વ્યક્ત કરતાં અનેક મૂર્તિશિલ્પો પ્રાચીન કાળનાં મળી આવ્યાં છે. તેમાં શકટલીલા, નંદયશોદા સાથે કૃષ્ણની બાળલીલાઓ, ગોવર્ધનધારણ અને બીજા અનેક પ્રસંગોનાં શિલ્પો મળે છે. આ પૈકી ગોવર્ધનધારણનાં મૂર્તિશિલ્પો અતિ-પ્રાચીન કાળનાં, એટલે ઈ. સ. પૂર્વેથી મળતાં હોવાનું પ્રાપ્ત શિલ્પોના આધારે જણાય છે. કુશાણકાળથી પણ પ્રાચીન એક અદ્દભુત ગોવર્ધનધારણની પ્રતિમા, રાજસ્થાનમાં બીકાનેરના રંગમહેલમાંથી મળી છે, જે પકવેલી માટીની ઈંટો દ્વારા બનાવેલી છે. આજે આ પ્રતિમા બીકાનેરના સંગ્રહાલયમાં સુરક્ષિત રાખી છે. તેમાં ગળામાં પહેરેલી જંઘા સુધી લટકતી માળા, બન્ને બાજુ ગાયો, બે હાથ, તે પૈકી એક હાથે ગોવર્ધન પર્વત ધારણ કરેલ, તેમાં સિંહ વગેરે વનનાં પશુઓ, બન્ને હાથે પહેરેલી કલ્લીઓ, માથા ઉપર ગોવાળ જેવું શિરોવેષ્ટન, આવું ત્રિભંગમાં ઊભા રહેલા ભગવાન શ્રીકૃષ્ણનું આ સ્વરૂપ કલાની દૃષ્ટિએ અનુપમ સૌન્દર્ય ધરાવે છે. કુશાણ-કાળ પૂર્વેના આ મૂર્તિશિલ્પ ઉપરથી શ્રીકૃષ્ણનાં બીજાં સ્વરૂપો કરતાં, ગોવર્ધનધારણસ્વરૂપનો પ્રચાર પ્રાગ્-ઐતિહાસિક કાળથી વધુ પ્રચારમાં આવ્યો હોવાનું સમજાય છે.

કુશાણકાળ પછી અને ગુપ્તકાળ પૂર્વેની ઈ. સ.ના બીજા કે ત્રીજા સૈકાની, એક પ્રતિમા વૃંદાવનની આજુબાજુના પ્રદેશમાંથી મળી છે, જેમાં ભગવાનનું સુડોળ, સુદૃઢ, બાલ્ય ભાવ વ્યકત કરતું શરીર, માથાના વાળ છૂટા, બે હાથ, તે પૈકી ડાબા હાથે ગોવર્ધન પર્વતને ધારણ કરેલ, બન્ને હાથમાં ગોવાળો પહેરે છે તેવી કલ્લીઓ, માથે ગોપ બાળકો જેવી મોચીલા-વાળી ટોપી, ગળામાં વાઘનખ તથા માદળિયું, તેના ઉપર એકાવળી હાર, કેડે ભેટની માફક બાંધેલું ઉત્તરીય, લલિત ત્રિભંગમાં ઊભા રહેલા, વગેરે આ શિલ્પની અપૂર્વતા વ્યક્ત કરે છે.

ગુપ્તકાલીન ગોવર્ધનધારીનું એક સ્વરૂપ, રાજસ્થાનમાં જોધપુર પાસે મંડોર ગામના ભગ્નાવશેષોમાંથી મળ્યું છે. આ શિલાખંડ કોઈ તોરણનો ભાગ છે, જે ૬ ફૂટ ૪ ઇંચ લાંબો અને ૨ ફૂટ ૨ ઇંચ પહોળો હોઈ, તેમાં ત્રણ વિભાગોની અંદર ભગવાન શ્રીકૃષ્ણના ગોવર્ધનધારી સ્વરૂપને વ્યક્ત કરેલ છે. આ પૈકી મધ્યમ ખંડની અંદર શ્રીકૃષ્ણ બાળસ્વરૂપમાં ઊભા રહેલા, બે હાથ, ડાબા હાથે ગોવર્ધન પર્વત ધારણ કરેલ, જમણો હાથ કટ્યવલંબિત—કેડે રાખેલો, બન્નેમાં કલ્લીઓ પહેરેલી, ગળામાં હાર, કેડે ભેટ બાંધેલી, તેનો એક છેડો પગ સુધી લટકતો, હાથમાં કોણીની ઉપર કેયૂરો, માથે ફૂમતાંવાળી ટોપી, અને જાણે સહેલાઈથી પર્વતને ધારણ કરતા હોય તેવો ભાવ તેમના મુખ ઉપર સૂચવ્યો છે. તેમની પાસે ગોપકુમારો તથા ગોપીઓ ઉપહાર સમર્પણ કરતી અને ગોપલોકો પર્વતને ધારણ કરવામાં મદદ કરતા બતાવ્યા છે. ઉપરના વિભાગમાં ગોવર્ધન પર્વતનું ચિત્રાંકન ઉત્કીર્ણ કરી, તેની પ્રચંડ શિલાઓ ઉપર વાનરો, વાઘ,

વગેરે વનચર પશુઓ જણાવેલ છે. જ્યારે નીચેના ત્રીજા વિભાગમાં ગાયો, વાછરડાં અને ગોપ-કુમારોને રજૂ કરતાં, કેટલીક ગાયો પોતાના વાછરડાને વાત્સલ્યપૂર્ણ જોતી કે તેના શરીરને ચાટતી બતાવી છે. આ મૂર્તિશિલ્પ જોધપુરના સંગ્રહાલયમાં રાખેલ છે.

ગુપ્તકાળની એક આવી પ્રતિમા મથુરા સંગ્રહાલયમાં છે, રાજપુતાનાના ઓસિયા ગામમાંથી મળી છે, જેમાં ભગવાન શ્રીકૃષ્ણ લલિત ત્રિભંગમાં ઊભેલા, બે હાથ, તે પૈકી ડાબા હાથે ગોવર્ધન પર્વત ધારણ કરેલ, જમણો હાથ કટચવલંબિત, ગળામાં એકાવળી તથા લાંબો હાર, ખભા ઉપર ગોપલોકો ગાયો દોહવા માટે તેના પગ બાંધવા રાખે છે તેવું નેતરું, હાથમાં કલ્લીઓ, ઉપરના ભાગે બાજુબંધ, માથે ભરેલી ટોપી, બન્ને બાજુ બે બે ગાયો, અને પગ પાસે બે બાજુ બે ગોપકુમારો લાંબી લાકડીઓ લઈ ઊભા રહેલા છે. આ પ્રતિમા છઠ્ઠા સૈકાની હોવાનું પુરાતત્ત્વ-વિદોએ અનુમાન્યું છે.[1] આવું જ ગુપ્તકાલીન બીજું શિલ્પ કાશીના ભારત કલાભવનમાં રાખેલું છે, જે પહેલાં કાશીના એક મહોલ્લામાં રખડતું પડ્યું હતું. આ મૂર્તિ ૭ ફૂટ ઊંચી અને ૪ ફૂટ ૧૦ ઇંચ પહોળી છે. તેમાં ભગવાને સરળતાથી ગોવર્ધન પર્વતને ઉપાડ્યો હોય, તેવી ભંગી વ્યક્ત કરેલી છે. તેમના ગળામાં વાઘનખ તથા કાંઠલો, એકાવળી હાર, માથે શિરોવેષ્ટન અને કેડ ઉપર બાંધેલ ભેટ વગેરે કલાકારે અદ્વિતીય રીતે કંડારેલ છે.[2] જો કે તે ખંડિત છે છતાં કલાની દૃષ્ટિએ એક અપ્રતિમ મૂર્તિશિલ્પ ગણાવી શકાય. ગોવર્ધનધારીનું એક સુંદર મૂર્તિશિલ્પ પહાડપુરના ખોદકામમાંથી મળ્યું છે. ત્યાં એક વિષ્ણુમન્દિર હતું, જે છઠ્ઠા-સાતમા સૈકા જેટલું પ્રાચીન હોવાનું વિદ્વાનોએ જણાવ્યું છે, એટલે આ પ્રતિમા પણ તેટલી પ્રાચીન માની શકાય.

દક્ષિણ ભારતમાંથી આવાં અનેક સ્વરૂપો મળ્યાં છે, તેમાં બાદામીની ગુફા માંહેનું આવું મૂર્તિશિલ્પ સર્વોચ્ચ તરીકે ગણાવી શકાય. આ સિવાય મહાબલિપુરમ્ અને હળેબીડમાંથી પણ ગોવર્ધનધારીની મૂર્તિઓ મળી છે, જે સાતમા-આઠમા સૈકા જેટલી પ્રાચીન છે.[3] છઠ્ઠી સદીની એક આવી મૂર્તિ કાશીમાં એક ટેકરાના ખોદકામમાંથી મળી છે, જેની તક્ષણકલા ઊંચા પ્રકારની હોવાનું કલાવિદોએ માન્યું છે. ઇલોરાની ગુફાઓમાં ગુફા નં. ૧૫ દશાવતારગુફામાંથી તેમ જ ગુફા નં. ૧૬ કૈલાસગુફામાંથી ગોવર્ધનધારીની સુંદર મૂર્તિઓ મળી છે, જેનું સમસ્ત આયોજન ઉપર જણાવેલ આવાં મૂર્તિ શિલ્પો જેવું ગોપ, ગોપીઓ, ગોવર્ધન પર્વત વ. જણાવતું બતાવેલ છે.[4] આ મૂર્તિઓ આઠમા સૈકા જેટલી પ્રાચીન હોવાનું વિદ્વાનોએ સૂચવ્યું છે.

આવી જ એક સુંદર પ્રતિમા ઉત્તર ગુજરાતના પાટણ શહેરમાં છે, જેનું કલાવિધાન વિદ્વાન્ કલાવિદ્‌ના હાથે તૈયાર થયું હોવાનું સમજાય છે, જેનું વ્યવસ્થિત વિવેચન આ લેખદ્વારા રજૂ કરવામાં આવનાર છે. પાટણની આ એક અપ્રતિમ વૈષ્ણવ પ્રતિમા છે, જે આજે તેમના સ્વતંત્ર મંદિરમાં સેવ્ય સ્વરૂપે પુજાય છે. તે કાળા કસોટી જેવા આરસમાંથી બનાવેલી હોઈ,

---

૧ આર્કિયોલૉજીકલ સર્વે એન્યુઅલ રિપોર્ટ, ઈ. સ. ૧૯૧૭-૧૮, ભા. ૧.

૨ કલા ત્રિમાસિક, અંક ૧-૨, પૃ. ૧૦૯.

૩ ઍલીમેન્ટ્સ ઑફ્ હિન્દુ આઈકોનોગ્રાફી, ભા. ૧, ખંડ ૧, ચિત્ર નં. ૪૫-૪૬.

૪ ડૉ. કાંતિલાલ સોમપુરા, ભારતીય સ્થાપત્ય અને શિલ્પ, પૃ. ૧૦૩.

ગોવર્ધનધારીની એક પ્રાચીન પ્રતિમા
(પાટણ)

તેની ઊંચાઈ ૪॥ ફૂટ અને પહોળાઈ ત્રણ ફૂટની બનાવતાં, તેનું કલાવિધાન અદ્વિતીય રીતે બનાવવામાં આવેલ છે. તેની પીઠિકા પણ કલાસૌષ્ઠવની ભવ્યતા વ્યક્ત કરે છે. આ પ્રતિમાને બે હાથ બનાવ્યા હોઈ, તેમાં ડાબા હાથે ગોવર્ધન પર્વત ધારણ કરી, જમણો હાથ કેડ પાસે બતાવેલ છે. માથા ઉપર મોચીલા જેવી ગોળ ટોપી બતાવતાં, તેમના ગૂંચળા વળેલા કેટલાક વાળોની અલકા ટોપીમાંથી બહાર નીકળતી જણાવી છે. ભગવાનની પ્રતિમા ઊભી હોવા છતાં, તે લલિત ત્રિભંગ વ્યક્ત કરતી સહેજ ટેઢી છે: પ્રભુનો ડાબો પગ આંટી વાંળેલો છે, જેને પદ્મ વડે ટેકવી રાખ્યો હોય તેમ સૂચવેલ છે; જ્યારે જમણો પગ સીધો બનાવ્યો હોઈ, બન્ને પગો ઉપર સ્વસ્તિકનાં ચિહ્નો કોતરેલ છે. તેમનો જમણો હાથ કટચવલંબિત–કેડે મૂકેલ જણાવી, પાંચે આંગળીઓ વડે મૂઠી વાળેલી બતાવી છે. બન્ને હાથ ઉપર કલ્લીઓ, અને કોણી ઉપરના ભાગે બન્ને હાથોમાં બાજુબંધ કોતર્યા છે. ગળામાં જૂઈનાં ફૂલ જેવો લાંબી કળીવાળો હાર તથા વિયાંગ જેવું રેખાંકન પેટ સુધી નાભિના ઉપરના ભાગે હાર જેવું વ્યક્ત કરેલ છે. ભગવાનના વક્ષઃપ્રદેશની મધ્યમાં શ્રીવત્સનું ચિહ્ન ઉપસાવી બનાવેલ છે. સૌથી વધુ આકર્ષક કલાવિધાન ભગવાનના કટિબંધમાં જણાવેલ મેખલાનું છે. આ મેખલા–કંદોરો જાણે દોરડીઓનો બનાવ્યો હોય તેવા ત્રણચાર આંટા કંડારી નીચેના ભાગે ઘૂઘરીઓ લટકતી કોતરી છે. આ કંદોરાના મધ્યભાગે ગોળ, ચોરસ, ફૂદડીઓ કંડારી, ચાંદીના કંદોરા જેવા ચાપડા ચારે દોરીઓને બાંધી રાખતા બતાવ્યા છે. ભગવાનનું હાસ્ય વેરતું મુખારવિંદ ગુપ્તકાલીન પ્રતિમાઓના જેવું લંબગોળ સહેજ પાનના આકારનું છે. આ પ્રતિમાનું સૌન્દર્ય, તેનો ચળકાટ અને ત્રિભંગ વગેરે સામે ઊભેલા આરાધકને આકર્ષક તેમ જ દિવ્ય લાગે છે.

પ્રતિમાનું બીજું વિશિષ્ટ અંગ તેની પીઠિકા છે. તેને શિલ્પકલાનું અનન્ય પ્રદર્શન જ કહી શકાય. આ પીઠિકા દ્વારા ભગવાનના સ્વરૂપ ઉપર કીર્તિસ્તંભ જેવું તોરણ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હોવાનું સમજાય છે. બન્ને બાજુ સ્તંભો બનાવી, ઉપરના ભાગે હિંડોલક જેવું તોરણ રચી તેમાં વચ્ચે વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણની નાનીમોટી કેટલીક પ્રતિમાઓ બેસાડેલી છે. બન્ને બાજુના સ્તંભોમાં પાંચ પાંચ વિભાગો પાડી, નાના નાના ગવાક્ષો તેની સ્તંભિકાઓ તથા તોરણોયુક્ત કંડાર્યા છે. આ દરેક ગવાક્ષમાં દેવો તથા પરમ ભાગવતોનાં નાનાં નાનાં સ્વરૂપો બેસાડી, કેટલાક સમભંગમાં સીધા ટટ્ટાર ઊભેલા તેમજ કેટલાક ત્રિભંગવાળા બનાવેલ છે. પ્રતિમાની જમણી બાજુના સ્તંભમાં ગવાક્ષોની અંદર ઉપરના ભાગેથી અનુક્રમે બ્રહ્મા, નારદ, ધર્મરાજા, ધ્રુવ અને ઐરાવત ઉપર બેઠેલ ઇંદ્રને મૂકયા છે; જ્યારે ડાબી બાજુના સ્તંભમાં ગવાક્ષોની અંદર ઉપરથી અનુક્રમે શિવ, વિભીષણ, પ્રહ્લાદ, ગાંગેય ભીષ્મ–અને અંબરીષની નાજુક તેમ જ કલાયુક્ત પ્રતિમાઓ દરેકનાં આયુધો કે ઉપકરણો સાથે મૂકેલી છે. આ ગવાક્ષોમાં સૌથી ઉપર બન્ને ગવાક્ષોમાં બ્રહ્મા તથા શિવને તેમનાં વાહનો હંસ તથા નંદી સાથે મૂકયા છે. બાકીના ગવાક્ષોની બધી પ્રતિમાઓને અતિમાનવ સ્વરૂપે નહિ જણાવતાં, દરેકને ફક્ત બે જ હાથ બતાવ્યા છે. આ પૈકી જમણી બાજુના ગવાક્ષોમાં મૂકેલા બ્રહ્મા, નારદ અને ધર્મરાજા તેમ જ ડાબી બાજુના ગવાક્ષોમાંના વિભીષણ, પ્રહ્લાદ અને ભીષ્મને, પ્રધાન પ્રતિમાને અનુરૂપ, ત્રિભંગવાળા પગમાં આંટી વાળી ઊભેલા જણાવેલ છે; જ્યારે જમણી બાજુના ધ્રુવ તથા ડાબી બાજુના અંબરીષ સમભંગવાળા જણાવી ઇંદ્રને ઐરાવત ઉપર બેઠેલ વ્યક્ત કર્યા છે. આ બધા ભક્તો બે હાથે પ્રભુને નમસ્કાર કરતા કે ચામર યા પંખા વડે

પ્રભુની સેવા કરતા બતાવેલ છે. દરેકના માથે રાષ્ટ્રકૂટ અને ચંદેલ કાળની પ્રતિમાઓના જેવા મુકુટો, ગળામાં એકાવલી અને પગમાં તેમ જ હાથમાં કડાં, બાજુબંધો વગેરે કોતરેલાં છે.

પીઠિકાના સ્તંભો ઉપર બન્ને બાજુ કલશો સૌથી મોખરે મૂકયા છે. તેના હિંડોલક તોરણમાં તેમ જ સૌથી ઉપરના ભાગે ચાર વિમાનો બનાવી તેમાં પ્રભુનાં વિવિધ સ્વરૂપો મૂક્યાં છે. આ પૈકી જમણી બાજુનાં વિમાનોમાંના એકની અંદર ભગવાન બાલકૃષ્ણ એક પગ વાળી હાથમાં લાડુ લઈ બેઠેલા, લાલજી જેવા મૂક્યા છે; જ્યારે તેના ઉપરના વિમાનમાં કૃષ્ણ ભગવાન પગમાં આંટી વાળી ઊભેલા, બે હાથે બંસી વગાડતા જણાવેલ છે. ડાબી બાજુના તોરણની અંદર ઉપસાવેલાં વિમાનોમાં આ જ પ્રમાણેની નાની નાની પ્રતિમાઓ મૂકી છે. તોરણમાં સૌથી ઉપર મધ્ય ભાગના વિમાનમાં શ્રીકૃષ્ણની બેઠી પ્રતિમા રજૂ કરતાં, તેમને ચાર હાથ, તેમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલ, માથે કિરીટ મુકુટ અને ગળામાં એકાવળી હાર બતાવેલ છે. પ્રધાન પ્રતિમાના માથા ઉપર લટકી રહેલ ગોવર્ધન પર્વતના રેખાંકનમાં વૃક્ષો, વાઘો, સિંહો અને વાનરો, વગેરે જણાવતાં પર્વતીય સ્વરૂપની અભિવ્યક્તિ રજૂ કરી છે. પ્રધાન પ્રતિમાના મસ્તકની પાછળ પ્રભામંડળ વ્યકત કરતાં તેમાં અષ્ટપત્રયુક્ત કમળનો નિર્દેશ સૂચવ્યો છે. ભગવાનની આ દિવ્ય પ્રતિમાના પગ પાસે ચરણ-ચોકીમાં એક એક સાલ બંને બાજુ આજે પણ જોવામાં આવે છે, જેમાં નાના નાના ગોપ કે ગોપીઓનાં પ્રતીકો મૂકયાં હોવાનું અનુમાન છે. આ બંને પ્રતીકો મળી આવ્યાં નથી, પરંતુ મંડોવર, બીકાનેર, ઓસિયા અને ઇલોરાની ગુફાઓમાંથી મળતી ગોવર્ધનધારીની પ્રતિમાઓમાં તેમની પાસે ગોપ-ગોપીઓનાં સ્વરૂપો કંડારેલાં મળ્યાં છે, જેથી આ પ્રતિમા પાસે પણ આવાં પ્રતીકો મૂકયાં હોવાનું સમજી શકાય છે. આ પ્રતીકો છૂટાં પડી જવાથી આજે તેનાં સાલો જ ચરણ-ચોકીમાં બચવા પામ્યાં છે. આ પ્રતિમાનું સંપૂર્ણ કલાવિધાન શાસ્ત્રીય રીતે નયનરમ્ય મનોહર દિવ્ય સ્વરૂપની ઝાંખી કરાવે છે.

આ પ્રતિમા, તેના કલાવિધાનના આધારે, કયા સમયની હશે તેને માટે ઠીક ઠીક વિચારણા માગી લે છે. આ પ્રતિમામાં કોઈ સ્થળે લેખકે પ્રશસ્તિ કોતરેલી નથી, જેથી તે કયા કાળની હશે તે સમજવામાં કેટલીક મુશ્કેલી છે. કલાનો વિકાસ અને હ્રાસ દરેક સૈકામાં થતો રહ્યો હોઈ દરેક યુગનાં વિશિષ્ટ લક્ષણો જાણવા મળે છે, જેના આધારે દરેક પ્રતિમા કયા સમયની હશે તેની ઓળખાણ કલાવિધાન દ્વારા જાણકાર સ્થપતિઓ અને કલાના નિષ્ણાત વિદ્વાનો આપી શકે છે. આથી જ કુશાનકાળ પૂર્વેની કુશાનયુગની, ગુપ્તકાળની, ઉત્તર ગુપ્તકાળની, ચોલ, પાંડ્ય કે ચંદેલ-યુગની કે સોલંકીયુગની પ્રતિમાઓ તેનાં નિશ્ચિત લક્ષણો વડે ઓળખાવી શકાય તેમ છે.

ભગવાન શ્રીગોવર્ધનધારીની આ પ્રતિમા ચંદેલયુગની હોવાનું તેના લાક્ષણિક કલાવિધાન ઉપરથી જાણી શકાય છે. આ પ્રતિમા શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની હોવાથી તેમ જ ગોપજીવનમાં ઊછર્યા હોવાથી, તેમના માથે કિરીટ-મુકુટ નહિ મૂકતાં, મૂર્તિના સર્જકે ગોપ બાળકો પહેરે છે તેવી ફૂમતાવાળી ટોપી પહેરાવી છે. મૂર્તિઓના અલંકારો પણ તેનો સર્જનકાળ નક્કી કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આ બાલસ્વરૂપમાં ખાસ અલંકારો મૂર્તિકારે રજૂ કર્યા નથી, પરંતુ ગળામાં પહેરેલો કંઠહાર ચંદેલયુગની જે પ્રતિમાઓ ખજુરાહોમાંથી મળી છે તેને સર્વાંશે મળતો છે. અલ્હાબાદ મ્યૂઝિયમમાં મૂકેલી લક્ષ્મીનારાયણની પ્રતિમામાં લક્ષ્મી અને નારાયણના

કંઠહારો આ જ પ્રકારના બતાવેલ છે. આ પ્રતિમા ખજુરાહોના કોઈ મંદિરમાંથી લાવી મૂકયાનું તેની નીચેની પટ્ટી દ્વારા જાણી શકાય છે.[૧] બીજું ખભાથી પેટ સુધી લંબાતો લંબગોળ એક પટ્ટો આ મૂર્તિના વક્ષઃપ્રદેશમાં બનાવી, તેના મધ્યભાગે શ્રીવત્સનું ચિહ્ન કંડાર્યું છે. આવું જ કલાવિધાન પાટણની ગોવર્ધનધારીની પ્રતિમામાં બતાવેલું છે. આથી આ મૂર્તિ ચંદેલયુગની હોવાનું માનવા પ્રેરે છે. ચંદેલોનો રાજ્યકાળ ઈ. સ. ૯૫૦ થી ૧૦૫૦ સુધીમાં આવે છે. આથી આ મૂર્તિ દસમા સૈકાના અંતની કે અગિયારમી સદીના આરંભકાળની હોવાનું સૂચવે છે. આ સિવાય બીજું પણ એક પ્રમાણ તેને માટે મળે છે. વિષ્ણુની દરેક પ્રતિમાની પીઠિકામાં ખાસ કરીને વિષ્ણુના મત્સ્ય, કૂર્મ વગેરે દશ અવતારોની પ્રતિમાઓ ખાસ મૂકવાનો પ્રચાર પ્રાચીન કાળથી ચાલુ છે. આવી દશાવતારોની પીઠિકાઓ સેંકડો મૂર્તિઓમાંથી જોવા મળે છે, પરંતુ આ પ્રતિમાની પીઠિકામાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રહ્લાદ વગેરે પરમ ભાગવતોને પીઠિકાના ગવાક્ષોમાં રજૂ કર્યા છે, જે તેની એક અનન્ય વિશિષ્ટતા સૂચવે છે. તે દરેકમાં તેનાં નામો કોતરેલ છે. આથી આ મૂર્તિ ભાગવત સંપ્રદાયની હશે એમ માનવા પ્રેરે છે. આ ગવાક્ષોમાં મૂકેલા પરમ ભાગવતોના માથા ઉપર જે મુકુટો બનાવ્યા છે તેવા મુકુટોનો પ્રચાર દસમી-અગિયારમી સદીની મૂર્તિઓમાંથી જોવા મળે છે. 'ઇન્ડિયન ટેમ્પલ્સ ઍન્ડ સ્કલ્પ્ચર્સ' ગ્રંથમાં નાગયુગલની પ્રતિમાનું એક સુંદર ચિત્ર છે. તેમાં તે નાગ અને નાગિનીના મુકુટો ગોવર્ધનધારીની પીઠિકામાં મૂકેલા પરમ ભાગવતોને સંપૂર્ણ મળતા છે. આ પ્રતિમાની સમજ આપતાં તેના લેખકે તે નાગ-પ્રતિમા મધ્ય-પ્રદેશમાંથી મળી આવી હોવાનું જણાવતાં તે શિલ્પ દશમી કે અગિયારમી સદીનું જણાવેલ છે.[૨] આ સમય ચંદેલયુગનો છે એટલે ગોવર્ધનધારીની પ્રતિમા દશમા કે અગિયારમા શતકની હશે એમ માનવા કારણ છે.

આ પ્રતિમા પ્રાચીન પાટણના કોઈ વૈષ્ણવ મંદિરની હતી, જે મુસ્લિમોના આક્રમણ વખતે શ્રદ્ધાળુ વૈષ્ણવોએ જમીનની અંદર દાટી દીધી હતી. સમયના વહેણમાં સરસ્વતીના પ્રવાહ-માર્ગો પાટણ પાસે બદલાયા કર્યા છે. સત્તરમા સૈકાના અંતમાં કે અઢારમી સદીના મધ્યભાગ સુધીમાં સરસ્વતીના વહનમાર્ગમાંથી ઉપરની જમીન ખસી જતાં આ પ્રતિમા અને તેની સાથેની બીજી કેટલીક મૂર્તિઓ મળી આવી, જે હાલના પાટણમાં લાવી તેના શ્રદ્ધેય ભકતોએ મંદિર બંધાવી તેમાં સેવ્યસ્વરૂપે બેસાડેલી છે. ટૂંકમાં પાટણની આ એક પ્રાચીન પ્રતિમાને દસમા-અગિયારમા સૈકાની અનન્ય કલા રજૂ કરતી વિરલ પ્રતિમા તરીકે ગણાવી શકાય તેમ છે.

---

૧ ઇન્ડિયન ટેમ્પલ્સ ઍન્ડ સ્કલ્પ્ચર્સ, પૃ. ૩૨૧, પ્લેટ નં. ૨૮૮.

૨ એજન, પૃ. ૨૯૬, પ્લેટ નં. ૨૮૯.

ગિરનારના ત્રણ અપ્રસિદ્ધ શિલાલેખો

છો. મ. અત્રિ

ગિરનાર ઉપરથી ઈ. સ. ૧૯૬૬માં જૂનાગઢ-મ્યૂઝિયમમાં લાવવામાં આવેલાં કેટલાંક પ્રસ્તર-શિલ્પોમાં ત્રણ શિલાલેખોનો પણ સમાવેશ થાય છે.[૧] કોઈ અજ્ઞાત દિવાલમાં ચણાઈ જવાને કારણે કે ગમેતેમ, પ્રસ્તુત ત્રણે લેખો, ટૉડ,[૨] બર્જેસ[૩] અને તેમના પછીના તમામ તજ્જ્ઞોની નજર બહાર રહી ગયા જણાય છે. અદ્યાપિપર્યન્ત પ્રસિદ્ધ થયેલા ગિરનાર પરના કુલ્લે ૩૪ શિલાલેખોમાં પ્રસ્તુત ત્રણે લેખો ક્રમશઃ લેખ-સમય, ભાષા-શૈલી અને લેખાંકિત વિષયની દૃષ્ટિએ વિશિષ્ટ સ્થાન ભોગવશે.

ઈ. સ. ૧૧૩૯ના તુલ્યકાલીન સમયનો, ઝાંખા-ઘેરા કાળમીંઢ પાષાણની ૬૨ × ૨૫ × ૧૮ સે. મિ.ના માપની શિલા ઉપર કંડારેલી અશ્વારોહી અને છત્ર-વાહકની પ્રતિમાઓ હેઠળ કોતરાયેલો, ફક્ત ત્રણ પંક્તિઓનો પ્રથમ લેખ ગિરનાર પરના પ્રસિદ્ધ થયેલા સર્વ શિલાલેખોમાં પ્રાચીનતમ છે. તેની નેત્ર-વાચના નીચે મુજબ છે:

(૧) सं ११९५ (६ ?) वर्षे

(२) ठ. घेह्ला (ला ?) सुत

(३) ठ. जसणा प्र(अ ?)स्य ॥

લેખ ઉપર કંડારાયેલી, ઈસુની બારમી શતાબ્દીના પૂર્વાર્ધના ગુજરાતી દાનેશ્વરી ઠ. જસાણાની અશ્વારોહી પ્રતિમા ગિરનાર પરની પ્રાચીનતમ સમયાંકિત દાતા-મૂર્તિ બનવા ભાગ્યશાળી થઈ છે. ઠ. જસાણાના પિતાનું નામ આપવા સિવાય લેખમાં અન્ય કશી વિગત આપવામાં આવી નથી તેને પ્રતિમા-સ્થાપકનો સંયમ ગણશું કે લેખની રચના-શૈલીની સીમાબદ્ધ ખામી ? વિશેષમાં તથા-કથિત સમયના ગુજરાતી વ્યક્તિવાચક નામોના બે નમૂના પણ આ લેખ આપી જાય છે.

શ્યામરંગી કાળમીંઢ પાષાણ ઉપર કોતરાયેલો બીજો લેખ ઈ. સ. ૧૧૮૮નો તુલ્યકાલીન છે. લેખ ઉપર સંભવતઃ જિન-મુનિ શ્રી પ્રભાનંદસૂરિની પ્રતિમા કંડારેલી છે. સંપૂર્ણ શિલા-પટ્ટનું માપ ૧૨૧ × ૩૫ × ૨૪ સે. મિ. છે. શિલા-પટ્ટ સંપૂર્ણ સંરક્ષિત સ્થિતિમાં હોવા છતાં લેખની અંતિમ કેટલીક પંક્તિઓ ઘસાઈ ગયેલી છે. અવશિષ્ટ રહેલી નવ પંક્તિઓ ઘસાઈ ગયેલી છે. અવશિષ્ટ રહેલી નવ પંક્તિયોની ચક્ષુવાચના નિમ્નાનુસાર છે:

(१) ण० सं. १२४४ वैशा

(२) ष सुदि ३ वांदीदं श्री

(३) आनन्दसूरि शिष्यः श्री

(४) प्रमानंद[illegible]रयः सपाद

(५) लक्षान सहोदर संज्ञः से

(६) नापति आहडेन सह्या

(७) त्रागामार्णं तुं(कृ ?)तः सुरधारा

(८) यां सुरसदनतयः । तन्म

(९) –।ः यां । – –

વ્યાકરણ–દૃષ્ટિએ ભાષા–પ્રયોગ અશુદ્ધ હોવા છતાં, ‘ સ ’નો અનુપ્રાસ સંક્ષિપ્ત અભિવ્યક્તિમાં પણ સારું સૌન્દર્ય જમાવે છે. ‘ પ્રભાનંદસૂરયઃ ’ એમ બ. વ.ના પ્રયોગનું કારણ સમજાતું નથી. ‘ સંજ્ઞઃ ’ વગેરે વિસર્ગાન્ત શબ્દો સાથે પ્રાસ જાળવવા માટે વ્યંજનાન્ત સંજ્ઞાઓની છઠ્ઠી વિભક્તિના એક વચનનું અણઘડ અનુકરણ કરી ‘ પ્રભાનંદસૂરયઃ ’ શબ્દ પ્રયોજ્યો હોવાનો સંભવ ખરો. ગિરનાર પરના સં. ૧૨૮૮(ઈ. સ. ૧૨૩૨)ના છ યે શિલાલેખોમાં પણ શ્રી આનન્દસૂરિનો ઉલ્લેખ છે, પરંતુ બંને ઉલ્લેખ વચ્ચે ૪૪ વર્ષનો ગાળો હોઈ ઉભયે આનન્દસૂરિઓ વચ્ચે અભેદ ન પણ હોય, ‘ સેનાપતિ આહડ ’નો ઉલ્લેખ સિદ્ધરાજના મંત્રી ઉદયનના દ્વિતીય–પુત્ર ‘ વાહડ ’ કે ‘ ચાહડ ’નું ઉચ્ચારણસામ્યે, સ્મરણ કરાવે છે; તેને કુમારપાળે ઈ. સ. ૧૧૬૭ આસપાસ નોકરીમાં રાખ્યો હતો.[૬] વર્તમાન ‘ ગૌમુખી–ગંગા ’ જેવા કોઈ પ્રાકૃતિક ઝરણાનું નામ ‘ સુરધારા ’ હશે. ‘ ગંગાયાં ઘોષઃ ’ને મળતી શબ્દ–રચના ‘ સુરધારાયાં સુરસદન ’નો ભાવાર્થ ‘ નાગજરિસિશ ’ ઉપર ‘ દેવકુલિકા ’ને[૭] મળતો હશે. લેખનો સ્પષ્ટ આશય સમજાતો નથી.

ઈ. સ. ૧૨૪૩નો તુલ્યકાલીન ત્રીજો લેખ તેમાં આપેલી સંયમિત વિગતોની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો છે. ૬૧×૩૩×૧૨ સે. મિ.ના માપની પીતવર્ણી નરમ શિલાનો નીચેનો ડાબી બાજુનો ખૂણો, બંને બાજુઓ સાથે, થોડો ખંડિત થયેલો છે, જેથી લેખ પણ પૂરેપૂરો પ્રાપ્ત થતો નથી. જેમાં પાછળથી શિલાની ઉપરનો ભાગ ખાલી છોડી દેવામાં આવેલો છે. લખાયેલા કોઈ લેખની ત્રણ ત્રુટક પંક્તિઓ છે. એવા લેખની આંખે દીઠી વાચના નીચે મુજબ છે :

(१) श्रीमाल षाढ देवल

(२) नीमिणि पुत्र

(३) हा न पालद

(१) सं १२९९ फाग सुदि ३ श्री उजयंत महातीर्थे

(२) महामात्य श्रीवस्तुपालविहारे महं श्री तेजपाल आदे

(३) (शे)न सा. षेढा लाहडेन श्रीनेमिनाथबिंबं षतकं च कारितं ।

(४) (प्रति)ष्ठितं श्री विजयसेणसूरिभि[:] ॥ श्री शेतुंजफू(ये ?) महा

(५) (तीर्थे) श्री आदिनाथबिंबं देवकुलिका दंडकलसादि सहिता

(६) वतीत्र महं श्री व(स्तु)पालकारित श्री साचउर देवकुले

(७) माव्य श्रीमहावीरबिंबं षातकं च श्री अर्बुदाचले मा दा मा

(८) ग्र श्रीतेजपालकारित श्रीनेमिनाथ चैथ जगत्यां देवकुलि

(९) का २ बिंब ६ सपरिगण श्रीजावालिपुरे श्रीपारस्वनाथदेव चै

(१०) गजगथी देवकुलिका श्रीरिषभनाथबिंबं वीजापुरे श्री नें

(११) (मिनाथ)बिंबं देवकुलिका दंडकलसादिसहिता

(१२) ....न्दाद......फा......दडिया साढु० ने

(१३) ....साढु० षेढा सा०

(१४) ....दधणे (श्च ?) र लघु

(१५) ....(सं ?) वत्

(१६) ....

(१७) ....ल......

ગિરનાર પરના પ્રકાશિત સઘળા શિલાલેખો પૈકી છ લેખોમાં ઉલ્લેખિત વસ્તુપાળ-તેજપાળ-નાં નામોનો એક વધુ ઉલ્લેખ આ લેખમાં થયેલો છે. કાલક્રમાનુસાર આ ઉલ્લેખ છટ્ઠો ગણાય.[૮] ગિરનાર ઉપર વસ્તુપાલનાં બંધાવેલાં ગણાતાં આદિનાથ–મંદિર, અષ્ટાપદ–મણ્ડપ અને સમેત–શિખર–મણ્ડપના ઝૂમખાને આ અગાઉ ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખમાં પણ 'વસ્તુપાલ-વિહાર' નામ આપવામાં આવ્યું છે. એ ઝૂમખાંની ચોતરફના પ્રવેશદ્વારોની દ્વારશાખાઓ ઉપરના ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છ લેખોમાં, દરેક વચ્ચે લેખન અને અભિવ્યક્તિની અન્ય વિભિન્નતા છતાં, બાંધકામને લગતો અનુચ્છેદ છએમાં એકસરખો જ છે; તેમાં અટપટી અને અંશતઃ અશુદ્ધ ભાષામાં વાસ્તવમાં 'વસ્તુપાલવિહાર'માં જ થયેલાં બાંધકામનો ઉલ્લેખ થયો જણાય છે; પરંતુ એ સંયુક્ત નામાભિધાન કરવામાં નથી આવ્યું.[૯] ત્યારબાદ ઈ. સ. ૧૨૩૩નો તુલ્યકાલીન લેખ પહેલી જ વાર એ ઝૂમખાનું નામકરણ તો કરે છે, પરંતુ તેને ત્રણ મંદિર ગણી, કપર્દી–યક્ષના મંદિર સહિત કુલ ચાર મંદિરોને મહામાત્યને નામે ચઢાવે છે. બાકીનાં ચાર (જુઓ પાદટીપઃ ૮) શિલાલેખોમાંથી મળતી માહિતી અતિ વિશ્વસનીય નથી, કારણ કે સં. ૧૨૦૪ના લેખના વાસ્તવિક વર્ષ માટે ખુદ ટૉડને પણ શંકા હતી.[૧૦] તે લેખમાં વસ્તુપાલ-તેજપાલનો ઉલ્લેખ જ લેખ બનાવટી હોવાની શંકા પ્રેરે છે. સં. ૧૨૩૪ના બંને લેખોમાં એ સમયે (ઈ. સ. ૧૧૭૮) પાટણમાં કુમારપાળનું રાજ્ય ચાલતું હોવાનો નિર્દેશ થયેલો છે.[૧૧] કુમારપાળનો રાજ્યસમય સાધારણ રીતે ઈ. સ. ૧૧૪૨–૭૨ સ્વીકારવામાં આવ્યો છે. વળી બંને લેખોમાં કુમારપાળને અને વસ્તુપાળ-તેજપાળને સમકાલીન સ્વીકારી લેવામાં આવ્યા છે. એ બંને લેખની આ ક્ષતિઓ છતાં, ઈ. સ. ૧૧૭૮ પહેલાં કે આસપાસ વસ્તુપાળ-તેજપાળના પિતાએ ગિરનાર ઉપર મંદિર બંધાવ્યું હોય[૧૨] અને પાછળથી તે પણ મહાન પુત્રને નામે ચઢી ગયું હોય તો નવાઈ નહિ, કારણ કે ઈ. સ. ૧૨૨૨થી ૩૧ની વચ્ચે અરિસિંહરચિત 'સુકૃતસંકીર્તન'માં ગિરનાર પર વસ્તુપાલે બંધાવેલાં મંદિરનો ઉલ્લેખ છે.[૧૩] આવા જ કોઈક આધારે સં. ૧૨૩૪ના ઉપર્યુક્ત બંને લેખો કોતરાયા હોય (અને તેમ કરવા જતાં રચનાકારનું બાકીનું અજ્ઞાન છતું થઈ ગયું હોય) તેમ પણ

બને. બાકી રહ્યો લગભગ ઈ. સ. ૧૪૫૪નો તુલ્યકાલીન લેખ, જેને ગિરનાર ઉપર કોઈ પ્રાચીન ભવનમાં જોયાનું ટૉડ લખે છે.[૧૪] ક્યાં તો એ લેખની ટૉડે લીધેલી વાચનામાં કે પછી તેના અનુવાદમાં કાંઈક ભૂલો રહી ગઈ છે. અથવા તો રચનાકાર કેટલીક બાબતોથી અજ્ઞાત હશે. તેથી જ એ લેખમાં વસ્તુપાલને 'તેજપાલના મોટાભાઈનો પુત્ર', લુણિગને 'લુણિરામ' અને માલદેવને 'માલકુલ' કહેલા છે, તથા જયન્તસિંહને બદલે સંદર્ભવિહોણો 'લલિતરાજ'નો 'ચાલુક્યવંશી રાજા' અને વ્યાપારી તરીકે ઉલ્લેખ કર્યો છે, અને એ લલિતે ગિરનાર ઉપર મંદિર બંધાવ્યાનું જણાવ્યું છે. હા, આ બધા વિરોધાભાસ વચ્ચે કાંઈક મહત્ત્વનું એટલું જ છે કે એક જ મંદિર બંધાયાનો એમાં ઉલ્લેખ છે. ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છયે લેખોમાં ઉલ્લેખિત તમામ બાંધકામને ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખમાં 'વસ્તુપાલ-વિહાર' જેવું એક જ નામ આપ્યા છતાં એ જ લેખમાં જણાવવામાં આવ્યું છે કે વસ્તુપાલે ગિરનાર ઉપર ચાર મંદિરો બંધાવ્યાં. આ ચાર પૈકીનાં ત્રણ(આદિનાથ, અષ્ટાપદ અને સમેત–શિખર)નો સમાવેશ તો ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન લેખોને આધારે 'વસ્તુપાલવિહાર'માં જ થઈ શકે તેમ છે. તેથી ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખને આધારે એમ માની શકાય કે ચોથું કપર્દી-યક્ષનું મંદિર પણ 'વસ્તુપાલવિહાર'-ની અંતર્ગત ક્યાંય બંધાયેલું હશે. ઈ. સ. ૧૨૪૩નો તુલ્યકાલીન ચર્ચિત લેખ આ ધારણાને બળ આપે છે કારણ કે તેમાં (આગળ જોયું તેમ) આ અમાત્ય–બંધુઓ દ્વારા મુખ્ય–મુખ્ય જગ્યાએ થયેલાં મુખ્ય–મુખ્ય બાંધકામોનો ઉલ્લેખ છે, જેમાં 'ઉજ્જયંત મહાતીર્થે' 'વસ્તુપાલ–વિહાર'ને જ ગણવામાં આવ્યો છે.

ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છયે લેખોના એકસમાન અનુચ્છેદમાં આપવામાં આવેલી 'સત્યપુરાવતાર શ્રી મહાવીર' જેવી વાક્યરચનાને ખ્યાલમાં રાખી પ્રસ્તુત લેખ વાંચવાથી થોડો ગોટાળો થવા સંભવ છે. પેલા છયે લેખોમાં 'શત્રુંજયમહાતીર્થાવતાર' 'સ્તંભનક પુરાવતાર' આદિ સમાસો 'ઋષભદેવ', પાર્શ્વનાથ' આદિનાં વિશેષણો તરીકે વપરાયેલા છે (અર્થાત્ તે સર્વેની સ્થાપના તો 'વસ્તુપાલવિહાર'માં જ), જ્યારે પ્રસ્તુત લેખમાં શ્રી 'ઉજ્જયંત મહાતીર્થે'ને અનુસરીને 'શત્રુંજયે,' 'અર્બુદાચલે,' 'જાબાલિપુરે' આદિ શબ્દોમાં સ્પષ્ટ રીતે જ સાતમી વિભક્તિનો પ્રયોગ થયેલો હોઈ, જે જે દેવની જ્યાં જ્યાં સ્થાપના કરવામાં આવી તે તે સ્થળ જ અહીં અભિપ્રેત છે. આમ આ સાતમી વિભક્તિના પ્રયોગને કારણે જ પ્રસ્તુત લેખ મન્ત્રી–દ્વય દ્વારા વિવિધ સ્થળે થયેલાં બાંધકામની સંક્ષિપ્ત સ્મૃતિ જાળવી રહ્યો છે.

'વસ્તુપાલ-વિહાર'ની વાત પૂરી થયા પછી ચોથી પંક્તિમાં મુકાયેલાં બે પૂર્ણવિરામો પણ એ વાતનાં દ્યોતક છે કે તેમના પછીના વિધાનને તેમની પૂર્વની વિગત જોડે સંબંધ નથી, (તેથી જ કદાચ, પછી ક્યાંય વિરામચિહ્ન વપરાયું નથી). વિવિધ બાંધકામનો પ્રસ્તુત લેખમાં થયેલો ઉલ્લેખ નીચે મુજબ છે :

(૧)	ઉજ્જયંત મહાતીર્થે	વસ્તુપાલ-વિહાર,
(૨)	શત્રુંજયે	આદિનાથ,
(૩)	સત્યપુરે	મહાવીર,

(૪)	અર્બુદાચલે	નેમિનાથ,
(૫)	જાબાલિપુરે	પાર્શ્વનાથ, અને
(૬)	બીજાપુરે	નેમિનાથ.

આ યાદીમાં સ્તમ્ભનકપુર અને કાશ્મીરનો ઉલ્લેખ નથી તથા ઈ. સ. ૧૨૩૨ના તુલ્ય-કાલીન છયે લેખોમાં 'અર્બુદાચલાવતાર', 'જાબાલિપુરાવતાર' અને 'બીજાપુરાવતાર'નો ઉલ્લેખ નથી એ નોંધનીય છે.

ઈ. સ. ૧૨૩૨ અને ૩૩નાં તુલ્યકાલીન લેખોમાં દર્શાવવામાં આવેલાં બાંધકામ અને પ્રતિમા–પ્રસ્થાપનાઓનો સમાવેશ આમ 'વસ્તુપાલવિહાર'માં થવા છતાં અન્ય પ્રતિમાઓની સ્થાપના માટે ત્યાં સંપૂર્ણ અવકાશ હતો. તેથી જ પ્રસ્તુત લેખ-કથિત ખેઢા લાહડ ઈ. સ. ૧૧૮૮માં નેમિનાથની અને ગિરનારના એક અન્ય લેખ-કથિત[૧૫] સામંતસિંહ તથા અણહિલવાડ પાટણના તત્કાલીન મંહા-અમાત્ય સલક્ષણસિંહ ઈ. સ. ૧૨૪૯માં પાર્શ્વનાથની પ્રતિમાઓની સ્થાપના ત્યાં કરાવી શક્યા હતા.

પ્રસ્તુત લેખની વાકચ-રચના વ્યાકરણ-દૃષ્ટિએ અશુદ્ધ હોવા ઉપરાંત તેની શબ્દ-રચનામાં ગુજરાતી-પ્રાકૃત શબ્દોનો પણ ઠીકઠીક ભરમાર છે: ખતક, વિજયસેણ, શેતુંજ્યૂ (કોતરનારની ભૂલથી યૂ નો ક્રૂ થઈ ગયો હશે), સાચઉર, પારસ્વનાથ, રિષભનાથ. 'ખ' ને બદલે એ સમયે પ્રચલિત 'ષ'નો ઉપયોગ થયો છે. 'ખેઢા' અટક અદ્યાપિપર્યન્ત પ્રચલિત છે. 'લાહડ' ફરી એક વાર ઉપરના બીજા લેખ (સં. ૧૨૪૪)માં ઉલ્લેખિત 'આહડ'નું અને ઉદયનપુત્ર 'વાહડ' કે 'ચાહડ'નું સ્મરણ કરાવે છે. આમ ગિરનારના પાંચ લેખો આપણને ચાર હડ-અન્ત્ય વ્યક્તિવાચક સંજ્ઞાઓ આપે છે. ઈસુની તેરમી શતાબ્દીના તુલ્યકાલીન એક સાલ વિનાના લેખમાં ઉલ્લેખિત[૧૭] 'ચાહડ' અને પ્રસ્તુત 'લાહડ' વચ્ચે જો અભેદ હોય તો ઉપર્યુક્ત સામંતસિંહ તેનો પ્રપૌત્ર થયો તે એક મઝાનો સંયોગ છે. 'ગજગથી' ફરી એક વાર 'નાગજરિસિરા'ની યાદ આપે છે.[૧૮] 'વિજયસેન-સૂરિ'ને ઉલ્લેખ ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છયે લેખોમાં થયેલો જ છે. લેખ કોતરનારને ભાષાનું સાધારણ જ્ઞાન પણ નહિ હોય, નહિ તો અનેક ક્ષતિઓ નિવારી શકાઈ હોત. સારા યે કોતરકામમાં 'હ્રસ્વ-ઇ' અને 'એક માત્રના' ચિહ્નો કોઈ કોઈ મરોડ ધ્યાન ખેંચે તેવો છે.

સંદર્ભસૂચિ અને નોંધ

૧ પ્રસ્તુત શિલ્પ-ખંડો અને શિલાલેખોની પ્રાપ્તિનાં સ્થળ અને કારણો બાબત લેખકના તાજેતરમાં પ્રસિદ્ધ થનારા અન્ય લેખમાં યોગ્ય માહિતી આપવામાં આવેલી હોઈ અહીં પુનરાવર્તન નથી કર્યું.

૨ Tod, Lt. Cl. James, Travels in Western India; London 1839.

3 Burgess, James, Report on the Antiquities of Kathiawad and Kuchh, London, 1876.

૪ ૧ પુનરાવર્તનો બાદ કરતાં ટૉડના ઉપર્યુક્ત ગ્રન્થમાંથી ૧૨, બર્જેસના ઉપર્યુક્ત ગ્રન્થ અને The Antiquities at Dabhoi, Ahmedabad, Than, Junagadh, Girnar and Dhankમાંથી,[૧૨] બર્જેસ અને કઝીન્સકૃત The Revised List of the Antiquarian Remains of the Bombay Presidencyમાંથી ૫, શ્રી. ડી. બી. ડિસકલકરલિખિત Inscriptions of Kathiawad (Ancient India, Vols. I, II and III)માંથી ૪ અને શ્રી ગિ. વ. આચાર્યકૃત 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભા. ૧, ૨, ૩માંથી ૧ લેતાં કુલ ૩૪ લેખો થાય છે.

૨ ટૉડના ઉપર્યુક્ત ગ્રન્થના Appendix XII-4માં આપેલ અનુવાદ વાસ્તવમાં આબુના કોઈ લેખના અનુવાદનો મુસદ્દો હોવાનું માળવાના મહારાજ કુમાર શ્રી રઘુવીરસિંહજીએ આ લેખના લેખકને પત્રથી જણાવેલ હતું. વળી, લેખકનું પોતાનું માનવું છે કે એ જ ગ્રન્થની એ જ પુરવણીમાં ક્રમ XII-1 અને XII-2 તથા XV-4 અને XV-6 હેઠળ વાસ્તવમાં કોઈ એકેક લેખનાં બબ્બે વાચના કે અનુવાદ આપેલાં છે. એ જ રીતે સંભવ છે કે XII-3 હેઠળ આપેલા અનુવાદની અસલ વાચનામાં શરતચૂકથી વસ્તુપાલ-તેજપાલને લગતી અન્ય કોઈ લેખની હકીકત ઉમેરી XV-1 હેઠળ જુદા લેખરૂપે અપાઈ-છપાઈ ગઈ હોય. આમ આ શંકાસ્પદ ૪ લેખોને બાદ કરતાં ગિરનાર ઉપરનાં પ્રસિદ્ધ શિલાલેખોની સંખ્યા ૩૦ જેમાં પ્રસ્તુત ૩ ઉમેરાતાં ૩૩ થઈ.

૫ Burgess J. and Cousens H., op. cit., pp. 328 ff.

૬ (1) Edalji Dosabhai, A History of Gujarat, pp. 34-35.
(2) Diskalkar, D. B. op. cit. Vols. I-II, Inscription No. 18, pp. 695.

૭ આચાર્ય, ગિ. વ., ગુ. એ. લે. ભા. ૨ જો, લેખાંક-૧૪૯, પૃ. ૫૧.

૮ કાલક્રમાનુસાર આ સાતેય ઉલ્લેખ નીચે મુજબના શિ. લે.માં થયા છે :

૧ સં. ૧૨૦૪ Tod. op. cit., APPENDIX No. XI-1, pp. 509.
૨ સં. ૧૨૩૪ Ibid, No. XV-7, pp. 518.
૩ સં. ૧૨૩૪ Ibid, No. XI-3, pp. 510.
૪ સં. ૧૨૮૮ Burgess & Cousens, op. cit. pp. 328 ff.
૫ સં. ૧૨૮૯ Ibid, pp. 361.
૬ સં. ૧૨૯૯ પ્રસ્તુત લેખ.
૭ સં. (૧૫૧૦?) Tod, op. cit. No. XV-1, pp. 51[?].

૯ Burgess & Cousens, op. cit., pp. 328 ff.

૧૦ Tod, op. cit., Footnote on pp. 510.

૧૧ જુઓ નોંધ–૮માં (૨) અને (૩).

૧૨ જુઓ નોંધ–૮માં (૩).

૧૩ સુકૃત–સંકીર્તનમ્, પ્રકાશક : જૈન આત્માનંદ–સભા, ભાવનગર.

૧૪ જુઓ નોંધ-૮માં (૭).

૧૫ Diskalkar, op. cit., Vol. I-II, Inscription No. 10, pp. 691.

૧૬ (૧) ઉપર ૬–(૧) મુજબ.
(૨) ઉપર ૯ મુજબ (૭ પૈકી પ્રથમ લેખ).
(૩) ઉપર ૧૫ મુજબ.
(૪) ઉપર ૬–(૨) મુજબ.

૧૭ ઉપર ૬–(૨) મુજબ.

૧૮ ઉપર ૭ મુજબ.

કુંભારિયાનો ધાતુ-ઉદ્યોગ

રમણલાલ નાગરજી મહેતા

કુંભારિયા એ અંબાજીથી પૂર્વમાં આશરે દોઢ કિલોમીટર પર આવેલું જૈન તીર્થ-સ્થાન છે. એ તીર્થસ્થાનમાં જૈનોએ અગિયારમી સદીમાં મંદિરો બંધાવ્યાં હતાં. અહીંના શ્રી શાંતિનાથજીના મંદિરની પ્રતિમાઓ તથા મહાવીરના મંદિરની પ્રતિમાઓ પરના લેખો પરથી એમ જણાય છે કે અગિયારમી સદીમાં અહીં મંદિરો બાંધવાની પ્રવૃત્તિ સંભવતઃ શરૂ થઈ હતી અને તે બારમી અને તેરમી સદીમાં ચાલુ હતી.

આ પ્રવૃત્તિની સાથે સાથે અહીં ધાતુ ગાળવાનો ઉદ્યોગ જાણીતો હતો. તેને માટેની ઉપલબ્ધ માહિતી માટે શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેએ નીચેની નોંધ આપી છે:

"આરાસુર પર્વતમાં આજે પણ કુંભારિયાનાં મંદિરોની આસપાસ, ઠેઠ અંબાજીના મંદિર સુધી, બળેલા પથ્થરો જાણે કોઈ ભઠ્ઠીના કાટડા હોય, તેવા ગઠ્ઠાઓ જ્યાં ત્યાં વેરાયલા પડેલા છે. કેટલાક માણસો આ પહાડમાં જ્વાળામુખી કોઈ ઠેકાણે ફાટી નીકળ્યો હોવાનું અનુમાન કરી, તે લાવા રસના બળેલા અવશેષો હોય એમ ધારે છે; જ્યારે કુંભારિયા યાને આરાસણની પુસ્તિકા લખનાર, મથુરાદાસ શેઠ તેને માટે જણાવે છે કે, આ પહાડમાં ધાતુની ખાણો હતી, અને તેના પથ્થરોમાંથી સુવર્ણ નીકળતું હતું. વિમળશાહે આ ખનિજસંપત્તિને ગાળવા જે ભઠ્ઠીઓ કરી હતી તેના આ બધા કાટડાઓ જ્યાં ત્યાં ચારે બાજુ વેરાયલા પડ્યા છે. આવી જ હકીકત 'ઉપદેશસપ્તતિ' અને 'પુરાતનપ્રબંધસંગ્રહ' વગેરે પ્રાચીન ગ્રન્થોમાં પણ નોંધાઈ છે. આરાસણ નગરમાં પાસીલ નામે ગોગા મંત્રીનો પુત્ર રહેતો હતો. દૈવયોગે તે નિર્ધન બની ગયો. એક વખત વ્યાપાર માટે તે પાટણ ગયો ત્યારે દર્શનાર્થે જતાં રાજવિહાર મહાપ્રાસાદનું બારીકાઈથી નિરીક્ષણ કરતો જોઈ ઠક્કર છાડાની પુત્રી હાંસીએ તેનો ઉપહાસ કરતાં કહ્યું: "શું તમારે આવો પ્રાસાદ બંધાવવો છે?" તે વખતે પાસીલે હાંસીનો શાંતિથી જવાબ આપતાં કહ્યું, "મારે માટે આ કાર્ય આજે તો દુષ્કર છે, પણ જો હું આવો પ્રાસાદ બંધાવું તો જરૂર તમો તેના દર્શને પધારશો." ત્યાર બાદ પાસીલ આરાસણ નગરમાં પાછો આવ્યો, પણ આ વાત તેના હૃદયમાં સદાય ખટકતી હતી. તેણે ગુરુને આ મનની વાત જણાવી. આથી ગુરુએ તેને અંબિકાની આરાધના કરવા જણાવતાં પાસીલના ભાગ્યયોગથી માતાએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે આ પર્વતમાં જે સીસાની ખાણ છે તે મારા પ્રભાવથી રૂપાની થશે. દેવીની કૃપાથી પાસીલને તે ખાણમાંથી ખૂબ દ્રવ્ય મળ્યું. તે વડે તેણે નેમિનાથ ભગવાનનો પ્રાસાદ બંધાવ્યો. આ પ્રાસાદ બંધાતો હતો ત્યારે એક વખત ગુરુ મહારાજ ત્યાં આવ્યા, અને પાસીલને પૂછ્યું કે, "ભદ્ર, ચૈત્યનિર્માણનું કાર્ય તો બરાબર ચાલે છે ને?" પાસીલે કહ્યું, "દેવ અને ગુરુકૃપાથી બધું ઠીક ચાલે છે." આથી ભગવતી અંબિકા કુપિત થતાં ચૈત્યનું કાર્ય શિખર સુધી આવતાં અટકી પડ્યું. પાસીલે આ મંદિરના પ્રતિષ્ઠામહોત્સવ માટે ગુરુશ્રી વાદી દેવસૂરિ, અને હાંસી

શ્રાવિકાને નિમંત્રી ગુરુશ્રીના વરદ હસ્તે ભગવાન નેમિનાથની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી કરી. આ વખતે હાંસી શ્રાવિકાએ પાસીલની અનુમતિ લઈ નવ લાખ રૂપિયા ખર્ચી મેઘનાદ નામનો મંડપ મંદિરની આગળ બંધાવ્યો."[1]

આ હકીકતો પરથી જણાય છે કે કુંભારિયાનાં મંદિરોની પૂર્વ દિશામાં પડેલા કાટડાઓએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને તેની પરથી નીચે પ્રમાણે માન્યતાઓ બંધાઈ હતી :

૧ પહાડમાં જ્વાળામુખી કોઈ ઠેકાણે ફાટી નીકળ્યો અને આ તેના અવશેષો છે.

૨ અહીં સુવર્ણની ખાણો હતી અને વિમળશાહે તે સુવર્ણ ગળાવ્યું હતું.

૩ ગોગા મંત્રીના પુત્ર પાસીલના નસીબે મૂળ સીસાની ખાણ રૂપાની થઈ અને આ તેના અવશેષો છે.

આ માન્યતાઓની સત્યાસત્યતા તપાસવાનો પ્રસ્તુત લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે, અને તેથી દરેક માન્યતાની ચર્ચા અત્રે કરીશું.

પ્રથમ માન્યતા તેને લાવા રસના અવશેષો માને છે; પરંતુ લાવા રસ નીકળવાના, તેના વહેવાના અને તે ઠરી ગયા પછી તેનાં જે સ્વરૂપો થાય તે સ્વરૂપો કરતાં આ કાટડાનું સ્વરૂપ તદ્દન જુદું હોઈ આ માન્યતા માત્ર કલ્પના પર આધાર રાખતી હોઈ તેની પર વધુ વજૂદ રખાય નહીં.

બીજી અને ત્રીજી માન્યતા સાથે તપાસવા જેવી છે. આ બન્ને માન્યતાઓ અત્રે ધાતુ ગાળવામાં આવી હતી એ હકીકત દર્શાવે છે, તે સત્ય છે; પરંતુ તેમાં દર્શાવેલી ધાતુઓ સોનું, રૂપું અને ચાંદી છે તે બાબત વિચારણા માગી લે છે.

ભારતમાં સોનાની ખાણો હતી, અને તેથી આ ધાતુની ખાણો અત્રે હોવાની માન્યતા છે; જ્યારે ચાંદી અને સીસું એક જ પ્રકારની કાચી ધાતુમાંથી મળે છે. તેથી ત્રીજી માન્યતા ધાતુજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલી માનવામાં વાંધો નથી; પરંતુ માત્ર કાટોડા જોઈને તેના પરથી જ ધાતુ શોધવા માટેના પ્રયાસો કર્યા સિવાય આ ત્રણે માન્યતાઓ ઉત્પન્ન થઈ હોય એમ લાગે છે!

આ વિવિધ પ્રકારની માન્યતાઓ હોવાને પરિણામે કુંભારિયાની પુરાવસ્તુની તપાસ કરવામાં આવી. આ તપાસ કુંભારિયાનાં મંદિરની પૂર્વ દિશામાં આશરે સો મીટર લાંબા અને આશરે સો મીટર પહોળા વિસ્તારમાં પડેલા કાટડાઓના સમૂહમાં કરવામાં આવી હતી. અહીં તપાસ કરતાં જણાય છે કે અહીંની કુદરતી જમીન પર કાટડા પડ્યા છે. તેના જે ઢગલાઓ થયા છે તે પૈકી કોઈ પણ ઢગલો જમીનના મૂળ તળથી આશરે ત્રણેક મીટર કરતાં વધુ ઊંચો નથી. વળી આ કાટોડામાં કેટલાક ભારે વજનદાર છે. બીજી જાતના કાટડા ધાતુ ઓગાળતાં ઉપરથી નીકળતા મેલ જેવા છે, અને ત્રીજો પ્રકાર ધાતુ ગાળવાની ભઠ્ઠીની અંદર ધમણ માટે નાખવામાં આવતી ભૂંગળી સાથે ભઠ્ઠીની અંદર જામી ગયેલા કાટડા છે.

આ ત્રણ પ્રકારના કાટડા ભેગા કરવામાં આવ્યા હતા. તેની સાથે માટીનાં બીજાં વાસણો મળ્યાં ન હતાં; કવચિત્ ઈંટોના અવશેષ દેખાતા હતા, અને કાટડાઓને ઈંટો તરીકે ચણતરમાં

---

૧ કનૈયાલાલ ભાઈશંકર દવે, 'અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા,' પૃ. ૩૫-૩૬. સીસાનું રૂપું થવાની વાત 'ઉપદેશસપ્તતિ'માં છે. આ ગ્રન્થ વિ. સં. ૧૫૦૩ (ઈ. સ. ૧૪૪૭)માં રચાયો છે.

વાપરેલા હોય એવા અવશેષો પડ્યા હતા. અહીં નિશ્ચિત તારીખ આપી શકે એવા પદાર્થોનું પ્રમાણ ઘણું ઓછું હતું. અહીંથી બાજુ પર ઊભી ધારવાળા થાપલા મળ્યા હતા. આ પદાર્થો પૈકી કોઈ પદાર્થ ઈ. સ.ની પ્રથમ સહસ્રાબ્દી જેટલો જૂનો હોવાનું જણાતું નથી, તેથી હાલને તબક્કે આ કાટડાવાળા ધાતુના ઉદ્યોગને પુરાવસ્તુની નજરે તારીખ આપવી હોય તો તે ઈ. સ.ની દશમી સદી પછી, પરંતુ 'ઉપદેશસપ્તતિ' અને 'પુરાતનપ્રબંધસંગ્રહ'ની રચના પહેલાંની તારીખ આપવી પડે. આ તારીખ અહીં થયેલી જૈન મંદિરોની રચનાની સમકાલીન ગણાય. પરંતુ આ સમયાંકનથી અહીં કયી ધાતુ ગળાતી હશે તેને માટેનો પુરાવો મળે નહીં, તેથી અહીંથી મળેલા કાટોડાનું રાસાયણિક પૃથક્કરણ કરવાનું નક્કી કરીને તે કામ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાવસ્તુવિદ્યા વિભાગમાં કરવામાં આવ્યું.

આ કામના ફલસ્વરૂપે સમજાય છે કે અહીં પડેલા કાટડા લોખંડના છે, અને તેથી આ સ્થળે લોખંડ ગાળવામાં આવ્યું હશે એ સ્પષ્ટ થાય છે. આમ અહીં પડેલા કાટડા લોખંડના હતા[1] અને તેમાં સોનું, ચાંદી કે સીસું હાલને તબક્કે મળ્યું નથી, અને તેથી ઉપર જણાવેલી બીજી અને ત્રીજી માન્યતાઓ નિર્મૂળ બનતી લાગે છે.

અહીં લોખંડ શા માટે ગાળવામાં આવ્યું હશે? આ પ્રશ્નનો ઉત્તર આપવો સુહેલો નથી, પરંતુ એક એવું અનુમાન કરી શકાય કે અહીં આરસની ખાણો આવેલી છે. આ ખાણોનો ઘણો ઉપયોગ અગિયારમી-બારમી અને તેરમી સદીમાં થયો છે. આ ખાણોમાંથી પથ્થરો કાઢવા, તેને તોડવા, તેને યોગ્ય ઘાટ આપવા માટે લોખંડના ઓજારોની જરૂર પડે. આ ઓજારો ઘણે દૂરથી લાવવાને બદલે તે સ્થળે જો તૈયાર કરવામાં આવે તો વધુ અનુકૂળતા રહે. વળી અહીં લોખંડનું કામ થતું હોય તો આ ઓજારો બગડતાં તે સમારવાનું પણ સરળ બને. આવી જરૂરિયાત સંતોષવા માટે અહીં લોખંડ ગાળવાની અને તેનાં ઓજારો બનાવવાની પ્રવૃત્તિ આ સદીઓમાં ચાલુ રહી હશે.

આ પ્રવૃત્તિ બંધ થયા પછી અહીં પડેલા કાટડાએ જોનારની કલ્પના ઉત્તેજી અને તેને પરિણામે અહીં જ્વાલામુખી હોવાની તથા સોનું, ચાંદી, સીસું વગેરે ગાળવાની માન્યતાઓ જન્મી. આ માન્યતાઓ આ સ્થળે પડેલી વસ્તુઓ સમજાવવાનો પ્રયાસ માત્ર છે, પરંતુ તે સ્થળની વસ્તુઓની વૈજ્ઞાનિક પરીક્ષા કરવાથી એ વસ્તુઓ માટેની યોગ્ય સમજૂતી ઉપર દર્શાવેલી કથાઓમાં નથી એ સમજાશે. હાલને તબક્કે સમજાય છે કે આરાસુર પર્વતમાંથી કાઢવામાં આવતા પથ્થરોના મુખ્ય ઉદ્યોગની સાથે કદાચ તેનો ઉપકારક ઉદ્યોગ વિકસ્યો હશે. જ્યારે અહીં દેરાસરો બાંધવાની પ્રવૃત્તિ વધી ત્યારે તે ઉદ્યોગે દેરાસરના પથ્થરો ઘડવા માટેનાં ઓજારો બનાવવા માટે મદદ કરી હશે. આ ઉપરાંત આ ઉદ્યોગે બીજી કયી મદદ આપી હશે એ માટે વધુ તપાસ જરૂરી બને છે. તદુપરાંત અહીંના વિસ્તારોમાંથી વધુ કાટડા ભેગા કરીને તેની ધાતુપરીક્ષા કરવાની જરૂર ઊભી થાય છે. આ કાર્યથી અહીં લોખંડ ઉપરાંત બીજી ધાતુ ગાળવામાં આવતી હતી કે કેમ તે સમજાશે.

---

૧ ગુજરાતમાં કપડવંજ, બસરાવી, વસ્તાનડુંગરી, ધલા વગેરે અનેક સ્થળે આ પ્રકારનો ઉદ્યોગ જાણીતો હતો.

વિકસતું વિજ્ઞાન અને માનવ

હરિત રણજિતભાઈ દેરાસરી

વિજ્ઞાન અને પ્રકૃતિ :—વિજ્ઞાન એ પ્રકૃતિને સમજવા માટેનું ધ્યેયલક્ષી જ્ઞાન છે. અવલોકન અને પ્રયોગના વાસ્તવિક પાયા પર તે રચાયેલું છે. જેમ જેમ વિજ્ઞાનનું પ્રસરણ થશે, તેમ તેમ આપણે પ્રકૃતિને સાચા સ્વરૂપે સમજતા થઈશું. પ્રકૃતિના દરેક પરિવર્તનને માત્ર શ્રદ્ધા અને કલ્પના કે શંકાથી ન સમજતાં, વિજ્ઞાની તેને કાર્યકારણસંબંધથી ચકાસે છે. સાચો વિજ્ઞાની એ નાસ્તિક નથી પરંતુ પ્રકૃતિનો પરમ પૂજારી છે અને માનવજગતને નવી દૃષ્ટિ આપતો દૃષ્ટા છે.

વિવિધલક્ષી વિજ્ઞાન :—વિજ્ઞાન વિવિધ શાખાઓમાં વહેંચાયેલું છે. શાખાઓ ને પછી વિશાખાઓ છે, અને તેમાં પણ પાછી સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ઉપવિશાખાઓ છે. વિજ્ઞાની જેમ ઊંડો ઊતરે તેમ તેને સૂક્ષ્મમાં વિરાટનાં દર્શન થવાનાં અને તેના વિશ્લેષણમાંથી તે કાંઈ નવો પ્રકાશ પાડવાનો. જેમ સૂક્ષ્મમાં વિરાટ, તેમ વિરાટ વિશ્વને પણ વિજ્ઞાનીએ સૂક્ષ્મ કેમેરામાં આવરી લીધું છે, અને પૃથ્વીથી લાખો માઈલ દૂર રહેલા ચન્દ્રનું પરિભ્રમણ તેઓ કરી રહ્યા છે. રસાયણ, ભૌતિક, જીવવિજ્ઞાન વગેરે અનેક શાખાઓમાં વિજ્ઞાન નવાં લક્ષ્યાંકો સિદ્ધ કરી રહ્યું છે.

વિજ્ઞાનનો આરંભ તો સર્જનજૂનો છે, પરંતુ છેલ્લાં ૨૦–૨૫ વર્ષોમાં વિજ્ઞાને અસીમ સિદ્ધિઓ હાંસલ કરી છે. આ નવયુગને આપણે અણુયુગ (એટોમિક એઈજ), અવકાશયુગ (સ્પેઈસ એઈજ) અને માહિતીસંચારયુગ (સાયબરનેટિક એઈજ) એમ કોઈ પણ નામે ઓળખાવી શકીએ. માનવજીવન પર ત્રણેયની પ્રબળ અસરો પડી છે.

અણુયુગ :—અણુના વિભાજનમાંથી જન્મતી શક્તિએ વિજ્ઞાનને સમૃદ્ધ કર્યું છે. અણુશક્તિથી હવે જગતને વીજળી મોટા પ્રમાણમાં નહિવત્ મૂલ્યે મળી શકશે. દરિયાનાં પાણીમાંથી વિસ્તૃત પાયા પર મીઠું પાણી મેળવી શકાશે. નોર્વે તથા ઈઝરાયલે હમણાં જ જળસફાઈનો વિસ્તૃત કાર્યક્રમ રાષ્ટ્રીય કક્ષાએ અપનાવ્યો છે. તદુપરાંત અણુશક્તિનો સદુપયોગ રેડિયો આઈસો-ટોપ્સ (સમસ્થાનિકો) દ્વારા જીવવિજ્ઞાન તથા તબીબી ક્ષેત્રે થઈ રહ્યો છે. કર્કરોગ યાને કેન્સર જેવા જીવલેણ દર્દને કાબૂમાં રાખવા સમસ્થાનિકો ઉપયોગી નીવડ્યાં છે. અણુશક્તિની મદદથી મોટા મોટા ઉદ્યોગોની પુનઃરચના થશે અને થોડા મૂલ્યે, સીમિત શ્રમથી, નાના વિસ્તારમાં, મોટાં ઉદ્યોગક્ષેત્રો ચાલુ થઈ જશે. કૃષિક્ષેત્રે અર્થાત્ ખેતીમાં પણ, બીજસુધારણા, પાકનો વૃદ્ધિવેગ અને તેની ગુણવત્તા વધારી, અણુશક્તિના બળે, વિજ્ઞાની ભૂખ્યા જગતને ભરપૂર રીતે જમાડી શકશે.

સાયકલોટ્રોન્સ, મેગાટ્રોન્સ અને કિલોસ્ટ્રોન્સનાં યંત્રોની મદદ વડે, ઇકલેટ્રોન્સને અત્યંત ગતિશીલ બનાવીને અણુનું કૃત્રિમ વિભાજન કરવામાં આવે છે, જેમાંથી આજે જગત વિપુલ

શક્તિસંચાર પ્રાપ્ત કરી શકશે. આવાં યંત્રોની મદદથી નજીકના ભાવિમાં ભૌતિકશાસ્ત્રી એક ધાતુનું બીજામાં રૂપાંતર કરી શકશે. વિજ્ઞાનીઓ, આપણો સુવર્ણનો લોભ અને મોહ ધારે તો ક્ષણમાત્રમાં ઓસારી નાખી શકે !

અણુયુગ જીવનવ્યવહારમાં કરકસર, સરળતા અને નિપુણતા પ્રેરી, સુખસંચય કરશે એટલું જ નહીં, પરંતુ જગતની કાયાપલટ પણ કરી નાંખશે.

અવકાશયુગ :—અવકાશયુગની સિદ્ધિઓ તો જગજાહેર છે. રશિયા અને અમેરિકાએ અવકાશમાં મોકલેલા ઉપગ્રહો અને માનવી સાથેનાં અવકાશયાનો યાને રોકેટો દ્વારા મેળવેલી વૈજ્ઞાનિક માહિતીએ, જગતને ચકિત કરી નાખ્યું છે. ચંદ્ર પર ચઢાઈના શેખચલ્લીનાં સ્વપ્નો આજે વિજ્ઞાનીઓએ સાકાર કરી બતાવ્યાં છે. રામચંદ્રજી નાના બાળક હતા ત્યારે તેમને પાણીની કુંડીમાં ચંદ્રનું પ્રતિબિંબ બતાવી, સંતોષવા પડેલા પરંતુ આપણા પુત્રો તો અવકાશયાનમાં ચંદ્રની સફર કરે તો નવાઈ નહીં !

રેડીયો એસ્ટ્રોનોમિથી વિરાટ વિશ્વ હવે એક કાલ્પનિક બ્રહ્માંડ નથી રહ્યું, પરંતુ તેની ક્ષિતિજો હવે સમજાવા માંડી છે. બ્રહ્માંડ એ શૂન્યાવકાશ નથી. પરંતુ વિકિરણો, દ્રવ્યાણુઓ તથા ઈતર ગૂઢ તત્ત્વોથી સભર છે. ત્યાંથી સતત વરસી રહેલાં વિકિરણોની પૃથ્વી ઉપર શી શી પ્રકીર્ણ અસરો પડી રહી છે તેની હવે ઇલેક્ટ્રોનિક્સની મદદથી પ્રાયોગિક પ્રતીતિ થઈ રહી છે. દુર્લભ અને ભારે, અસમતુલ પરમાણુના ભંજનમાંથી શક્તિ મેળવવી એ એક જટિલ પ્રક્રિયા છે. તેના અન્વયે હવે ભાવિમાં હલકા અને સુલભ્ય એવા હાઈડ્રોજન વાયુના વિશ્લેષણમાંથી, વિપુલ શક્તિ જગતને મળી શકશે. આ કલ્પના એકાદ દશકામાં આપણા ભારતમાં પણ સાકાર થશે. અસ્તુ.

માહિતીસંચારયુગ :—આ સાયબરનેટિક્સ ક્ષેત્રે પણ, અભૂતપૂર્વ સંશોધનો થઈ રહ્યાં છે, જેને વ્યવહારમાં પ્રયુક્ત પણ કરવામાં આવ્યાં છે. યંત્રોદ્યોગ વિદ્યા યાને ટેક્નોલોજીની મદદથી સૂક્ષ્મ માહિતી ગ્રહી શકે તેવાં અને વિરાટમાં ચાલતાં અવિરત પરિબળોને પણ પત્રપટી પર આંકી, તેની અસરો સમજાવતાં ઇલેક્ટ્રોનિક યંત્રો નીકળ્યાં છે. આજ સુધી માનવે યંત્રો બનાવી તેની મદદથી ઘણું મેળવ્યું. આજે યંત્રવિદોએ માનવની અવેજીમાં, એક યંત્રમાનવ જ બનાવ્યો છે, જે કેટલાંક નિશદિન જીવનવ્યવહારમાં યંત્રમાનવ યાને "રોબોટ" તરીકે કામ આપે છે.

ભીમકાય મસ્તિષ્કયંત્ર યાને કોમ્પ્યુટરે આજે માનવમગજમાં ચાલતી વિદ્યુતીય પ્રક્રિયાઓનું યાંત્રિક અનુકરણ કરી, એક માનવમગજસમું યાંત્રિક મગજ સ્થાપિત કર્યું છે. તે યંત્ર સેંકડો બલ્કે હજારો માણસોનું બૌદ્ધિકકાર્ય અતિ ટૂંક સમયમાં સંપૂર્ણ ચોકસાઈથી કરી શકે છે. તેમાં માહિતી ભરો, તો થોડીક મિનિટોમાં, પૂર્વગ્રહ વિનાનો, તારતમ્ય જવાબ તે આપી શકે છે. વર–વધૂ સભર માહિતી આપે તો તેમનું લગ્નજીવન સફળ થશે કે નહીં, તે પણ જણાવી શકે છે. લાખ્ખો ને કરોડોના આંકડા તે વિનાક્ષતિ તારવી શકે છે. આંકડાશાસ્ત્રીની માફક તમને વ્યાપાર-ઉદ્યોગમાં માર્ગદર્શન પણ આપી શકે છે. નજીકના ભવિષ્યમાં, માનવના

જીવનનો દોર કોમ્પ્યુટર હસ્તક થઈ જશે. આવાં કોમ્પ્યુટરોની બેકારી પર શી અસર પડશે તે પણ એક વિવાદાસ્પદ પ્રશ્ન છે.

રેડિયો, ટેલિવિઝન, રડાર, કોમ્પ્યુટર, રેડિયો-ટેલીસ્કોપ, લાસર અને માસર કિરણો એ માહિતીસંચારયુગની અપૂર્વ સિદ્ધિઓ છે. રડારમાં વીજ ચુંબકીય તરંગો દ્વારા અવકાશયાનનું સંચાલન કરવામાં આવે છે. યુદ્ધકાળમાં આ રડાર દ્વારા, અવકાશયાનો, જેટ બોમ્બરો, વગેરેની ગતિ, દિશા, તેમ જ સમયસ્થાનની સંપૂર્ણ માહિતી ક્ષણમાત્રમાં મળી શકે છે.

ઇલેક્ટ્રોનિક્સનાં સાધનો દ્વારા ઉપગ્રહ સંદેશ, મથક પર કેંદ્રિત કરી, ટેલિવિઝનયુક્ત, સચિત્ર ચલચિત્ર સંદેશો, જગતના ગમે તે ખૂણે, પળ વિપળમાં પહોંચાડી શકે છે. ટેલિવિઝનથી જગત ઘણું સીમિત બની ગયું છે. સારાયે જગતને વિવિધ પ્રકારના સંદેશા અને કેળવણીના પાઠો એકસાથે આપી શકાશે.

જેટ પ્લેઈનની કલાકના ૧૨૦૦ માઈલની ગતિ યંત્રવિદોને ઓછી પડે છે. તેઓનું દઢ મંતવ્ય છે કે સંઘર્ષરહિત અવકાશમાં પ્લેઈન ઊડે, તો કલાકોમાં જગતના ગમે તે ભાગમાં પહોંચવું મુશ્કેલ નહીં પડે. આમ યંત્રવિદોએ સ્થળકાળ પર વિજય મેળવ્યો છે.

લાસર અને માસરનાં કિરણોથી સૂક્ષ્મ સર્જરી પણ સાધ્ય થઈ છે. હાલના રડારથી દશ હજાર ગણું ચોકસાઈભર્યું રડાર, આ કિરણોની મદદથી બનાવી શકાશે. અરે એક ક્ષણમાં ગમે તેવી સઘન ધાતુને પીગાળી શકાય છે. આવાં લાસર કિરણોની વચ્ચે જે કંઈ આવે તે બધું ભસ્મીભૂત થઈ શકે છે. એમ. આઈ. ટી.ના ઇજનેરોએ હમણાં જ ચંદ્રની નિર્ણિત બે માઈલની સપાટીને લાસર કિરણોથી પૃથ્વી પર રહ્યાં રહ્યાં, પ્રજ્વલિત કરી હતી.

સ્વરક્ષણ માટે, કે જગતના વિનાશ માટે, આજે રશિયા, અમેરિકા, ચાઇના વગેરે મિસાઈલ્સ તૈયાર કરી રહ્યાં છે. આવાં વૉર મિસાઈલ્સ જગતના ગમે તે ભાગમાં ધારી ક્ષણે, ધાર્યો વિનાશ સર્જવાને સમર્થ ગણાય છે.

જીવવિજ્ઞાન :—જીવરસાયણના ક્ષેત્રે ડી. એન. એ. અને આર. એન. એ.ની શોધે, જીવોત્પત્તિનો કિલ્લો સર કર્યો છે. કેંદ્રના રંગસૂત્રો યાને ક્રોમોસોમ્સમાં ડી. એન. એ. અને આર. એન. એ.નાં તત્ત્વો મુખ્ય છે. એકકોષિકાના વિભાજનની પ્રજોત્પત્તિની જટિલ પ્રક્રિયા, હવે આ શોધથી, પ્રયોગશાળામાં કરી શકાય છે. સમય જતાં વીર્યાણુ અને અંડના સંયોગથી, વિજ્ઞાની ધાર્યાં રૂપ, રંગ, કદ અને આકાર ધરાવતી માનવ આકૃતિઓ સર્જી શકશે. પ્રકૃતિના સૂક્ષ્મતમ તત્ત્વના વિશ્લેષણમાંથી, કૃત્રિમ એવી માનવ સૃષ્ટિ રચવાનું સ્વપ્ન, એક દિવસ અવશ્ય ફલીભૂત થશે.

તબીબી સિદ્ધિઓ :—તબીબી ક્ષેત્રે નિશ્ચિત અસરો ઉપજાવતાં અનેક ઔષધો આજે શોધાઈ ચૂકયાં છે. માણસના મનતરંગોને ઉત્તેજીત અને પ્રશાંત કરનારાં ઓષધો આજે આપણી પાસે છે. અનેક એન્ટિબાયોટિક્સ યાને પ્રતિજૈવિક તત્ત્વોવાળી દવાઓ, આજે માનવજાતને રોગથી થતાં મૃત્યુમાંથી બચાવી રહી છે. ફ્લેમિંગે શોધેલું પેનિસિલીન આજે જરા પાછું પડયું છે. ક્ષય માટે સ્ટ્રેપ્ટોમાયસિન, ટાઈફોડ માટે કલોરોમાયસેટિન, અને વિષાણુ યાને વાયરસના સંક્રામણો

માટે બ્રોડ સ્પેક્ટમ એન્ટિબાયોટિક્સ યાને પૃથુવર્ણક્રમ પ્રતિજૈવિકો, લાખો માણસોના જીવ બચાવી રહ્યાં છે. જનસમુદાયને રોગમુક્ત રાખવા માટે, વિવિધ પ્રતિબંધક ઉપાયો લેવાઈ રહ્યાં છે. શીતળા, બાળલકવો, ઉંટાટિયો, કૉલેરા યાને કોગળિયું, પ્લેગ યાને મરકી, ડિપ્થેરિયા યાને ગળસુ; ટાઈફોઈડ યાને વિષમ જ્વર માટે, તે તે રોગની પ્રતિકારક રસીઓ માનવજાતને અજબ રક્ષણ આપી રહી છે. મચ્છર અને જીવજંતુ મારતું ડી.ડી.ટી. પણ ઓછું અગત્યનું નથી. મચ્છરનું અસ્તિત્વ ન હોય તો મેલેરિયા અને ફાઈલેરિયા સદાને માટે અદશ્ય થઈ જાય, તે નિઃશંક છે. માનવવસતીની વૃદ્ધિ રોકવા માટે વંધ્યત્વ જારી રાખતી ગોળીઓ નીકળી છે, જે કુટુંબ-નિયોજનની દષ્ટિએ ખૂબ જ અગત્યની છે.

શસ્ત્રક્રિયાના વિજ્ઞાનની પ્રગતિ પણ એક શૌર્યવાન યોદ્ધા જેવી છે. દર્દીને બરફ જેવો ઠંડો કરી, હવે સર્જનો કલાકો સુધી વાઢકાપ કરી શકે છે. હૃદયના કપાટો યાને વાલ્વઝ આજે બદલી શકાય છે. વળી આકસ્મિક મૃત્યુ પામેલાઓનાં હૃદય અને ફેફસાં, હવે પુનઃ ચાલુ કરી શકાય છે. આમ દર્દીને આજે પુનર્જન્મ નહીં, પરંતુ પુનર્જીવન બક્ષી શકાય છે. નેત્ર, રક્ત, મૂત્રપિંડ, પ્લિહા, વગેરે અવયવોની આજે પશ્ચિમમાં બેન્કો ચાલે છે. જરૂરી અવયવો કે તેના ભાગો આજે જીર્ણને સ્થાને મૂકી શકાય છે. વામનોને ઊંચા કરવા અને તાડિયાઓને ટૂંકા કરવા માટે અને માણસોના બેડોળ અંગોને સુઘડ કરવા માટેની શસ્ત્રક્રિયાઓ આજે થઈ રહી છે. પ્લાસ્ટિક સર્જરી ભવિષ્યમાં માનવજાતને વધુ રૂપાળી કરે તો નવાઈ નહીં !

આયુર્વેદ, યુનાનિ, હોમિયોપથી, વગેરેમાં પણ રામબાણ ઔષધો આજે બહાર પડતાં રહ્યાં છે. અંતે 'સર્વે સન્તુ નિરામયાઃ'નો મંત્ર સફળ થશે.

પ્રભાવક અસરો :—વિજ્ઞાને આપણને રૂઢિ, વહેમ, શંકા, અંધશ્રદ્ધા વગેરેમાંથી મુક્તિ અપાવી છે, અને કાર્યકારણ સંબંધની સાચી સમજ આપી છે. બળિયા કાકાના કોપથી શીતળા થાય, શેષનાગ હાલે ને ધરતી કંપે, ચંદ્રને રાહુ ગળી જાય, એવી અનેક જૂનવાણી માન્યતાઓને, આજે સમાજ, પોતાની બુદ્ધિથી ચકાસી, તેનું સાચું રહસ્ય સમજતો થયો છે.

વિજ્ઞાને દરેક વસ્તુની અને પ્રકૃતિની પ્રક્રિયાની આપણને સમજ આપી છે. પરિણામે આપણે ભૌતિક પરત્વે વિચારવંત બન્યા છીએ. વિચારમાંથી આચાર જન્મે છે, તે જ પ્રમાણે પ્રકૃતિના જ્ઞાનમાંથી, કૃત્રિમ જગત રચવાની આપણને પ્રેરણા મળી છે. ટૂંકમાં આપણે હવે વિજ્ઞાનના જ્ઞાનને પ્રયુક્ત કરવા માંડયું છે. આ છે, આપણા યંત્રયુગની શરૂઆત.

શરૂઆતમાં ભૌતિક અને રસાયણશાસ્ત્ર તરફ મીટ માંડી, આપણે તેમાંથી વ્યવહારને ઉપયોગી વસ્તુઓ બનાવતા થયા. સમય જતાં દારૂગોળો બનાવી સ્વસામર્થ્ય સિદ્ધ કરતા થયા. નાવિકના હોકાયંત્રે આપણને આપણી પૃથ્વી વિષે સાચો ખ્યાલ આપ્યો. વરાળ એન્જિનો, વીજયંત્રો, અને અણુભઠ્ઠીઓ (રિએક્ટર્સ) તૈયાર કરી, પ્રકૃતિમાંથી અગાધ શક્તિ આપણે મેળવતા થયા છીએ.

વિજ્ઞાને માનવ સમાજને આજે વ્યવસ્થિત રીતે સંગઠિત કર્યો છે, અને પ્રજાને સહકાર અને સંકલનથી જીવતાં શીખવ્યું છે.

વિજ્ઞાનને વ્યવહારમાં મૂકવાથી આપણને અનેકવિધ લાભો થયા છે. વિજ્ઞાન આપણી ગરીબી ટાળી શકશે, શ્રમબોજ ઘટાડી શકશે, અને મનુષ્યનો આયુષ્ય-આંક ઊંચો લાવી શકશે. વિજ્ઞાનના બળે કેળવણી વધતી રહી છે, અને જનસમાજ બુદ્ધિમાન બનતો રહ્યો છે. સારમાં, વિજ્ઞાને આપણને વાનર-અવસ્થા અને આદિમાનવમાંથી વિચારશીલ સજ્જન ઘડી આપ્યો છે. એવી છે વિજ્ઞાનની, સમાજ પરની પ્રભાવક અસરો.

અનિષ્ટ અસરો :—આ સાથે વિજ્ઞાને માનવસમાજ પર અનેક અનિષ્ટ અસરો પણ જાણ્યે-અજાણ્યે સ્થાપિત કરી છે, જેની સમીક્ષા કરવી અસ્થાને નહીં ગણાય.

યંત્રોનો સમૂળો ત્યાગ આજના જીવનમાં અશક્ય છે, પરંતુ સારુંયે જીવન યંત્ર પર આધારિત રહે, તેમાં માણસની મૌલિકતા ક્ષણે ક્ષણે હણાઈ રહી છે, તેનો આપણને ખ્યાલ રહેતો નથી. દા. ત. એક ટાંકણી બનાવતા કારખાનામાં કામ કરતો માણસ, જીવનનાં ૪૦ વર્ષ સુધી ટાંકણીનાં ટોપકાં ચઢાવ્યા જ કરે, અને પછી જીવનમાં આનંદ મેળવવા, ધન ખર્ચીને તેને કૃત્રિમ રીતે આનંદ મેળવવો પડે, તે મને તો અસહ્ય લાગે છે. વિજ્ઞાનથી વિમુખ એવો ખેડૂત, વિજ્ઞાનથી જેટલો વિમુખ છે, તેટલો જ તે સ્વતંત્ર પણ છે, અને પ્રકૃતિનો આનંદ ઐચ્છિક રીતે તે માણી શકે છે. યંત્રયુગનો માનવી તો યંત્રનો ગુલામ જ બની ગયો છે.

જેની પાસે યંત્ર છે, તેનામાં એક પ્રકારની શક્તિ અને તેમાંથી નિર્માણ થતાં દૂષણોની અધિકારવૃત્તિ પેદા થઈ છે, અને પરિણામે તેમાંથી એક અહંકારી શ્રીમંત વર્ગ ઊભો થયો છે, જેના બળે આજે યંત્રયુગનું સંચાલન થઈ રહ્યું છે. તેની સાથે અને તેની સામે, એક એવો વિરોધી વર્ગ ઊભો થઈ રહ્યો છે કે જે, આજે બળ્યો-ઝળ્યો, દબાયો-ચંપાયો, કારીગર તરીકે ઉદ્યોગક્ષેત્રે કામ કરી રહ્યો છે. જો "સાહેબ અને ગુલામ"ના ન્યાયે જ નૂતન યંત્રયુગ ચાલશે, અને વ્યક્તિસ્વાતંત્ર્ય, માનવઅધિકારો, વગેરેનાં સાચાં મૂલ્યો નહીં સમજાય, તો યંત્રયુગની સભર સિદ્ધિઓ, કાળક્રમે ભસ્મીભૂત થઈ જશે.

યંત્રયુગમાં સરમુખત્યારશાહી લાંબી ટકી શકે નહીં. ઘણાનું ઘણું કલ્યાણ કરતું સમવાયતંત્ર જ સ્થિર રહી શકે. તેવા તંત્રમાં સૌને સરખી તકો સાંપડે, ગરીબ અને શ્રીમંત વચ્ચે મોટો તફાવત ન રહે, અને સત્તાનું સાચું વિકેન્દ્રીકરણ થાય, તો જ આ યંત્રયુગનો સમાજ ટકી શકે. નહીં તો, જે વિજ્ઞાને નવો યંત્રયુગ રચ્યો, તે જ વિજ્ઞાનનાં પરિબળો જગતને ભરખી જશે.

વિજ્ઞાને જન્માવેલા યંત્રયુગમાં, ભૌતિક સુખ મળવા છતાં, માનસિક અજંપો ઉદ્ભવ્યો છે, જેને લઈને માણસ "હાશ" અનુભવી શકતો નથી અને સંતોષી જીવન જીવી શકતો નથી. યંત્રયુગનો માનવી સહકાર અને સંકલનથી જીવવાને બદલે વ્યક્તિગત બનતો જાય છે. ત્યાગવૃત્તિ ઘટતી જાય છે અને સંગ્રહવૃત્તિ વધતી જાય છે. લાગણી અને મમતા, સદાચાર અને સહિષ્ણુતા હવે ઝડપથી ઘટવા માંડયાં છે, અને આજનો યંત્રવિદ્ સમાજ ધર્મથી વિમુખ બનતો જાય છે. વિજ્ઞાને માનવ જગત ઉપર પાડેલી પ્રભાવક અસરોની આપણે સમીક્ષા કરી. નવું જગત, વિજ્ઞાનની ક્ષિતિજો તરફ આજે અનિમેષ તેને જોઈ રહ્યું છે. સમાજ આજે એક પ્રકારની દ્વિધા પણ અનુભવી રહ્યો છે. બુદ્ધિજીવીઓ આજે પ્રશ્ન કરે છે, કે, "વિકસતું વિજ્ઞાન, જગતને તારશે કે ડુબાડશે ?"

વિજ્ઞાનની સમસ્યા :—વિજ્ઞાનને યંત્રવિદ્યામાં પ્રયુક્ત કરી, તેમાંથી જગસંહાર કરતાં, અણુ અને હાઇડ્રોજન બૉમ્બ બનાવવાની જવાબદારી કોની? આ એક યુગપ્રશ્ન છે.

જ્ઞાનપિપાસુ વિજ્ઞાનીઓએ તો પ્રકૃતિને સમજવાના શુભ આશયથી વૈજ્ઞાનિક પ્રગતિ કરી. હવે તેના ભીષણ દુરુપયોગની શકયતાઓ વધવા લાગી. તે માટે વિજ્ઞાની એક રીતે જવાબદાર ન લેખાય. વિજ્ઞાનીઓ તો અણુ ને હાઇડ્રોજનના યુદ્ધકીય ઉપયોગનો વિરોધ પણ કરે છે. પરંતુ, હવે તેમને સાંભળે છે પણ કોણ? આ પ્રકરણનો દોર હવે રાજનીતિજ્ઞોને હસ્તક છે, અને તેમને કાબૂમાં રાખવાનું કામ મુખ્યત્વે ઉદ્યોગપતિઓનું અને અંતે તો પ્રજાજનોનું છે. એટલે આ સામે જગજ્જનોએ પ્રબળ વિરોધ જાગ્રત કરવો જોઈએ. આમ થાય તો જ રાજકીય ક્ષેત્રે સદ્ભાવના પ્રકટે, અને જગવિનાશકારી વિશ્વયુદ્ધ પાછું ઠેલી શકાય. ગાંધીજીના "સબકો સન્મતિ દે ભગવાન્"ની પ્રાર્થનાનું મૂલ્ય હવે સમજાવા લાગ્યું છે.

યંત્રયુગનું જીવન જોખમકારી છે. જેટલા માણસો રોગથી નથી મરતા તેટલા આજે અકસ્માતોથી મરે છે. પશ્ચિમના દેશોમાં શારીર રોગ કરતાં મનોવ્યથા અને ચિત્તભ્રમનાં દર્દીઓ વધુ છે. યંત્રયુગનાં યુદ્ધો એ સામસામે ઊભા રહી મરદાનગીથી લડાતાં પૂર્વનાં યુદ્ધો નથી; પરંતુ અજાણ રીતે દુશ્મનના હજારો કે લાખ્ખો માણસોને પળમાં મારી નાંખતાં અને શહેરોનાં શહેરો તારાજ કરતાં પાશવી યુદ્ધો છે, અને ભવિષ્યમાં તેથી પણ વધુ ભયંકર યુદ્ધો થશે. હિરોશીમાંનું દૃષ્ટાંત તો હજુ પાશેરામાં પહેલી પૂણી છે. આ યંત્રયુગની સંસ્કૃતિને રાક્ષસી સંસ્કૃતિ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી જ.

આનો અર્થ એ નથી કે આપણે યંત્રથી સમૂળા વિમુખ થવું, પરંતુ યંત્રયુગની સીમાઓ આંકવાની હવે જરૂર પડી છે. નિરંકુશ હાથીની માફક તેને મસ્તાન થવા દઈશું, તો સર્જનજૂની માનવ સંસ્કૃતિ એકાએક અસ્ત પામશે, અને માનવે, યુગોથી ઝંખેલું સ્વર્ગીય જગત, ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થઈ જશે. માનવ જાતે ખરેખર ચેતવા જેવું છે.

વિજ્ઞાનયુગમાં, ખેતી અને ઉદ્યોગના ઝડપી પ્રસરણને પરિણામે પૃથ્વીની ઉત્પાદનશક્તિ કાળે કરીને ઘટશે. જમીનનાં ક્ષારો અને નત્રિલ તત્ત્વો, તથા કોલસો અને પેટ્રોલ હવે ઘટવા માંડયાં છે. વિજ્ઞાનીઓ નવી પદ્ધતિઓથી આ ખોટ પૂરી પાડશે, પરંતુ પાછી અદૃશ્ય એવી નવી ખોટો ઊભી કરશે. એ વિષચક્રમાં અંતે પૃથ્વીમાતા "બહુરત્ના વસુંધરા" અંતે વસૂકી બનશે. પરંતુ કાલે નહીં, લાખો વર્ષ પછી! તેની આપણને શી પરવા! આવો સ્વાર્થી વિચાર એ પણ યંત્રયુગની આપણને મળેલી અદૃશ્ય બક્ષિસ સમજું છું.

વિજ્ઞાનના વિકાસે ભારે વસ્તીવધારો કર્યો છે. નવાં ઔષધો તથા પ્રગતિશીલ શસ્ત્ર-ક્રિયાથી, માનવનું સરાસરી આયુષ્ય લંબાયું છે. રહેવાને ઘર, યુક્તાહાર, સ્વચ્છ પાણી, કપડાં, સુગમ વાહનવ્યવહાર, વગેરે સુખોને લઈને આપણી વસ્તી વધી છે. આજે દરરોજનાં ૫૮,૦૦૦ બાળકો જન્મે છે. આપણો આર્થિક વિકાસ, આ વસ્તીવધારા સામે કદાપિ ટક્કર ઝીલી શકે નહીં. એટલે હવે વસ્તીનિયમન માટે, વિજ્ઞાનીઓએ ઝંપલાવ્યું છે. એક સમય એવો આવશે કે જ્યારે, ખેતી સિવાયનાં સર્વ ઉદ્યોગો પ્રતિ, પ્રજા બેધ્યાન બનશે, અને તંત્રવિદોએ ઊભા કરેલા

ઉદ્યોગો, પ્રજા ગભડાવી દેશે. વસ્તીવર્ધન કરતાં વિજ્ઞાન પાસે આજે વસ્તિરોધન કરવા સારુ આપણે ભીખ માગવી પડે છે. આ વિષચક્રનું મૂળ, યંત્રની અસીમ પ્રગતિમાં છે. કુટુંબનિયોજન ઉપરાંત, શિશુધ્વંસ, વૃદ્ધાત્મવિલોપન, વિશ્વયુદ્ધ, સામૂહિક આપત્તિ, જેવાં પરિબળો પણ અંતે વધતી વસ્તી રોકવા, બાથ ભીડશે.

માનવશાસ્ત્રની દૃષ્ટિએ, મનુષ્ય સ્વભાવે સુખ, સંપત્તિ અને શાંતિનો ચાહક છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને જો આ સર્વ મળે, તો યુદ્ધ સંભવી શકે નહીં. પરંતુ આવો આદર્શ આજના યંત્રયુગમાં અસંભવિત છે. માટે વિશ્વયુદ્ધ થવાનું જ. ઍટમબૉંબ યુદ્ધ રોકશે નહીં પરંતુ યુદ્ધ પ્રેરશે, યુદ્ધ થશે. માનવસંહાર સર્જાશે. પછી માનવ સમજશે, કે બુદ્ધિ સાથે વિવેક અર્થાત્ ડહાપણની જગતને જરૂર છે. પરંતુ તે રાંડયા પછીનું ડહાપણ હશે. માટે હજુ યંત્રવાંછુ જગત ચેતે !

આદર્શ જગત :—વિજ્ઞાનરત જગતની ભાવિ સ્થિરતા માટે જયજગત સરકારની રચના જરૂરી છે, જે બળ અને કળથી જગત ઉપર શાંતિ સ્થાપિત કરી શકે. બીજું સમાજમાં વિત્ત અને સમૃદ્ધિનું સંતુલન અને ત્રીજું ફરજિયાત સંતતિનિયમન. દરેક જીવંત વ્યક્તિને હવે પ્રગતિ માટે યોગ્ય તક આપવી પડશે, તથા શક્તિ અને અધિકારનું પણ વિકેન્દ્રીકરણ કરવું પડશે.

યંત્રયુગને જીવંત રાખી, તેનું ભૌતિક સુખ માણવું હોય, તો માણસે બુદ્ધિ કરતાં વિવેક અને સંસ્કાર તરફ વધુ ધ્યાન આપવું પડશે; એટલું જ નહીં, પરંતુ જનસમાજને ક્રૂરતા, ઈર્ષ્યા અને લોભવૃત્તિથી વિમુખ કરી સત્ય, પ્રામાણિકતા, કરુણા, સર્વધર્મસમભાવ, સર્વસુખવાંછના, ધર્મ, આશા ધૈર્ય અને મૌલિક સર્જનતા તરફ જ વાળવો જ પડશે. તે માટે તે પ્રકારની કેળવણી જનસમુદાયને આપવી પડશે. આમ થશે, તો જ માનવ જગત વિજ્ઞાનપ્રેરિત યંત્રયુગનાં અનિષ્ટોમાંથી બચશે અને મહામૂલી વિજ્ઞાન સંસ્કૃતિને તે જીરવી શકશે.

જગતમાં આવું પરિવર્તન આવે, તો જ વિકસતા વિજ્ઞાનમાંથી પ્રયુક્ત થયેલા યંત્રયુગના ગુલાબની ખુશ્બો, આપણે તેના અનિષ્ટ કાંટા વગાડયા વિના માણી શકીએ. નેતિ, નેતિ પુકારતી પ્રકૃતિ, આપણને આવું પરિવર્તન લાવવાનું બળ આપો........

"શિવાસ્તુ નઃ પંથાનઃ"

ભૂગર્ભ-પરિચય

સર્વમિત્ર દયાળજી દેસાઈ

આપણી પૃથ્વીના મુખ્ય વિભાગો—વનસ્પતિ જગત, પ્રાણી જગત અને ખનિજ જગત છે. આ ત્રણમાંથી પ્રથમ બે એટલે કે વનસ્પતિ જગત અને પ્રાણી જગત, ચેતનસ્વરૂપે તેની ઉત્પત્તિ અને વૃદ્ધિનો મુખ્ય આધાર પૃથ્વીની સપાટી અને પૃથ્વી પરના વાતાવરણ પર રહેલો છે. વનસ્પતિ અને પ્રાણી જગતમાં થતા ફેરફારોની જાણ મનુષ્યને તેના જીવનકાળ દરમ્યાન થઈ શકે છે જ્યારે ખનિજ જગત અચેતન છે. તેની ઉત્પત્તિ અને વૃદ્ધિ પૃથ્વીના પેટાળ સાથે સંકળાયેલી છે. તેથી ખનિજ જગતમાં થતા ફેરફારોથી મનુષ્ય ખૂબ જ અજાણ છે.

પૃથ્વીના ઉત્પત્તિકાળથી અત્યાર સુધીના સમય દરમ્યાન—એટલે કે આશરે પાંચ અબજ વર્ષના ગાળામાં—પૃથ્વીની સપાટી ઉપર અને તેના પેટાળમાં અનેક ફેરફારો થતા રહ્યા છે. પૃથ્વીનો ગોળો જ્યારે સૂર્યથી છૂટો પડ્યો ત્યારે તે અતિ ઉષ્ણ વાયુરૂપે હતો. ધીમે ધીમે તે ધગધગતા પ્રવાહી રૂપમાં ફેરવાયો. કાળક્રમે તેના ઉપર પાતળો પોપડો બંધાયો. પહેલાં એમ માનવામાં આવતું હતું કે પૃથ્વીનો પોપડો અંદરના પ્રવાહી ઉપર તરે છે; પણ જો તેમ જ હોત તો ચંદ્રના આકર્ષણને લીધે પૃથ્વીના પાતળા પોપડાની ખૂબ જ વિકૃતિ થાત અને પૃથ્વીનું તેની ધરી પરનું ભ્રમણ અંદરના ઘર્ષણને લીધે લાંબો વખત ચાલી શકત નહીં. વૈજ્ઞાનિક કેલ્વીનની શોધના આધારે પૃથ્વી જે પોતાની ધરીની આસપાસ ફરે છે તે અંદરથી ઘન હોવી જોઈએ. દાખલા તરીકે બાફેલું ઈંડું. તે અંદરથી ઘન હોય છે. તે બે હથેલી વચ્ચે ફરી શકે છે. કાચું ઈંડું અંદરથી પ્રવાહી હોય છે. તે બે હથેલી વચ્ચે ફરી શકતું નથી. આથી એમ માની શકાય કે પૃથ્વીના પેટાળમાંના પ્રવાહી પદાર્થનું જેમ પૃથ્વી ઠંડી પડતી ગઈ તેમ ઘન પદાર્થમાં રૂપાંતર થયું હશે.

પૃથ્વીની સપાટીથી ભૂગર્ભ તરફ જતાં સરેરાશ ૩૩ મીટરે ૧ અંશ સેન્ટિગ્રેડ જેટલી ગરમી વધતી જાય છે. એટલે પૃથ્વીના પેટાળમાં તો ખૂબ જ ગરમી હોવી જોઈએ. જ્વાળામુખી પર્વતોમાંથી નીકળતા ધગધગતા લાવારસના પ્રવાહો તેની સાક્ષી પૂરે છે.

ભૂકંપનાં મોજાંઓની ગતિના અભ્યાસથી માલૂમ પડયું છે કે પૃથ્વીની અંદરનું બંધારણ કાંદાના પડ જેવું છે, અને પૃથ્વીનો મોટા ભાગનો પદાર્થ પોલાદની જેમ નક્કર (Rigid) છે. ૩૩ કિલોમીટરને અંતરે ગુટેનબર્ગ વિસંવાદિતાને લીધે પૃથ્વીના ત્રણ ભાગ પાડે છે—સૌથી ઉપરનું કવચ (Crust), તેની નીચે મેન્ટલ (Mantle) અને અંતર્ભાગમાં નીફે (Nife). મધ્ય બિંદુથી ૩૪૭૮ કિ.મી. સુધી નીફે કહેવાય છે, કારણ કે ખરતા તારાની જેમ જ આ ભાગ પણ નિકલ અને લોખંડનો બનેલો હશે એમ માનવામાં આવે છે. પૃથ્વીની સાપેક્ષિક ઘનતા ૫.૬ છે અને તેના ઉપરના પડની સાપેક્ષિક ઘનતા ૨.૭ છે. એટલે પૃથ્વીના ગોળાના અંતર્ભાગની સાપેક્ષિક ઘનતા ૧૨ હોવી જોઈએ. આથી આ ભાગ બેરાઇસ્ફીઅર (Barysphere) પણ કહેવાય છે. પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર પણ આ અંતર્ભાગમાં આવેલ લોખંડ અને નિકલને આભારી છે.

બેરાઇસ્ફીઅરની ઉપર ૩૩ કિલોમીટરથી ૨૯૦૦ કિલોમીટર સુધીના ભાગની એટલે કે કવચની સાપેક્ષિક ઘનતા ૨.૭ થી ૩ છે. દુનિયાની ઊંડામાં ઊંડી ખાણ ૩ કિલોમીટર અને ઊંડામાં ઊંડો ખનિજ તેલ કાઢવા માટેનો પાતાળકૂવો ૬ કિલોમીટરથી વધુ ઊંડો ન હોવાથી કવચના નીચેના ભાગની માહિતી મળતી નથી. આ મેન્ટલનો ઉપરનો ભાગ એટલે કે અપર મેન્ટલ (Upper Mantle) અંગે વધુ માહિતી મેળવવા અમેરિકાએ મો-હોલ યોજના (Mohole Project) દ્વારા દરિયા નીચે મેન્ટલ સુધી શારકામ કરવાનું નક્કી કર્યું છે, કારણ કે દરિયાની સપાટીથી અપર મેન્ટલ ફક્ત ૧૦ કિલોમીટરને અંતરે છે, જ્યારે પહાડોની ટોચ પરથી અપર મેન્ટલ લગભગ ૩૫ કિલોમીટરના અંતરે નીચે છે. પૃથ્વીના કવચમાં બે પડો છે. ઉપરનું પડ (Sial) ગ્રેનાઈટ નામના આસેય ખડકોનું બનેલું છે. તેની સાપેક્ષિક ઘનતા ૨.૭ જેટલી છે અને નીચેનું પડ સીમા (Sima) બેસાલ્ટ નામના આગ્નેય ખડકોનું બનેલું છે. તેની સાપેક્ષિક ઘનતા ૩ છે. પેસિફીક સમુદ્રને તળિયે સિયાલનું પડ ન હોતાં ફક્ત સીમાનું પડ જ મળે છે.

પૃથ્વીની અંદરના બંધારણ વિશે જુદા જુદા વૈજ્ઞાનિકો જુદી જુદી માન્યતાઓ ધરાવે છે. ઈ. સ. ૧૯૨૨માં પ્રોફેસર ગોલ્ડસ્મીથે પૃથ્વીની અંદરના બંધારણ વિશે જે લખ્યું છે તે આધારે સૌથી ઉપરનું પડ ૧૨૦ કિલોમીટર જાડું છે, અને તેની સાપેક્ષિક ઘનતા ૨.૮ છે. તેની નીચે ૧,૦૦૦ કિલોમીટર જાડું પડ ભારે સિલીકેટો એટલે એકલોગાઈટ્સ (Eclogites)નું બનેલું છે. તેની સાપેક્ષિત ઘનતા ૩.૬ થી ૪ છે. ત્રીજું પડ ૧,૭૦૦ કિલોમીટર જાડું તથા સલ્ફાઈડસ અને ઓકસાઈડસનું બનેલું છે. તેની સાપેક્ષિક ઘનતા ૫ થી ૬ છે. સૌથી નીચે ભૂગર્ભમાં ૩,૪૦૦ કિ.મી. જાડો લોખંડ તથા નિકલનો અંતર્ભાગ (Core) છે. તેની સાપેક્ષિક ઘનતા ૮ છે. વિલીયમસન્ અને આદમસે ઈ. સ. ૧૯૨૩માં આપેલ ભૂભૌતિક વિગતોને આધારે જણાય છે કે પૃથ્વીનું અંદરનું બંધારણ ચાર પડોનું બનેલું છે. સૌથી ઉપરનું પાતળું પડ હલકા સિલીકેટ, જેમ કે ગ્રેનાઈટ અને બેસાલ્ટનું બનેલું છે, અને તેની સાપેક્ષિક ઘનતા ૨.૮ થી ૩.૨ છે અને જાડાઈ ૧૦૦ કિ.મી. છે. બીજું પડ ભારે સિલીકેટ જેમ કે પીરીડોટાઈટનું બનેલું છે, અને તેની સાપેક્ષિક ઘનતા ૩.૩ થી ૪.૩ છે અને જાડાઈ ૧,૬૦૦ કિ.મી. છે. તેની નીચે ૧,૪૦૦ કિ.મી. જાડાઈનું ત્રીજું પેલેસીટીક પડ છે. તેની સાપેક્ષિક ઘનતા ૬ થી ૮ છે, અને તે ભારે સિલીકેટ અને નિકલ તથા લોખંડના મિશ્રણનું બનેલું છે. સૌથી નીચે ભૂગર્ભમાં નિકલ અને લોખંડનો અંતર્ભાગ છે. તેની સાપેક્ષિક ઘનતા ૧૦ છે અને જાડાઈ ૩,૪૦૦ કિ.મી. છે.

પૃથ્વીના પડનો ૯૫% ભાગ આગ્નેય ખડકોનો અને ૫% ભાગ જળકૃત ખડકોનો બનેલો છે. જ્યારે પૃથ્વીની સપાટી પરના ક્ષેત્રફળમાં ૭૫% જળકૃત ખડકો અને ૨૫% આગ્નેય ખડકો પથરાયેલા છે. પૃથ્વીની સપાટીથી ૧૮ કિ.મી. ઊંડાણમાં ૯૯.૫% ભાગ ફક્ત ૧૩ તત્ત્વોનો બનેલો છે; જેમ કે ઑકસીજન, સીલીકોન, આયર્ન, કેલ્શીયમ, સોડીયમ, પોટાશ્યમ, મેગ્નેશ્યમ, ટાઇટેન્યમ, ફોસ્ફરસ, હાયડ્રોજન, કાર્બન અને મેંગેનીઝ. બાકીના ૦.૫% ભાગમાં ઉદ્યોગોમાં ઉપયોગી અને કીમતી ધાતુઓ જેવી કે સોનું, ચાંદી, તાંબું, શીસું, જસત, કલઈ, ટંગસ્ટન, નિકલ, ક્રોમીયમ વગેરેનો સમાવેશ થાય છે.

પૃથ્વીના પેટાળમાંથી ખનિજો ખોદીને બહાર કાઢવા અને તે ખનિજોમાંથી ધાતુ જુદી

પાડવી એ ઘણી ખર્ચાળ પ્રક્રિયા છે. એટલે ખનિજોમાં ધાતુનું ઓછામાં ઓછું અમુક પ્રમાણ ન હોય તો તે ખનિજો ઉપયોગી થતા નથી. દાખલા તરીકે લોખંડની કાચી ધાતુમાં ૪૦ થી ૬૦% લોખંડ, તાંબાની કાચી ધાતુમાં ૧ થી ૫% તાંબું, સીસાની કાચી ધાતુમાં ૫ થી ૧૦% સીસું અને જસતની કાચી ધાતુમાં ૧૦ થી ૩૦% જસત હોવું જરૂરી છે. નહીં તો ધાતુની કિંમત કરતાં તેને મેળવવાનો ખર્ચો વધારે થાય. ખનિજોની ઉત્પત્તિ અને તેનો સંગ્રહ અનેક પ્રકારે થાય છે. પ્લેટિનમ અને ક્રોમિયમ ધાતુઓ પૃથ્વીના પેટાળમાં મેગ્મા (Magma)ના ઠરી જવાથી બનેલા અગ્નિકૃત ખડકોમાં મળે છે. તાંબું, જસત, સીસું વગેરેની કાચી ધાતુઓ પૃથ્વીના પેટાળમાં આવેલ ખડકોની તડોમાં તથા તેનાં છિદ્રોમાં ફરતા દ્રાવણની જમાવટથી બને છે. લોખંડ અને મેંગેનીઝ ધાતુના ખનિજનાં સ્તરો સમુદ્રને તળિયે જળકૃત ખડકોમાં બંધાય છે. ખનિજ કોલસો એ પૃથ્વીના પેટાળમાં દટાઈ ગયેલી વનસ્પતિનું, ઉપરના દબાણ અને ગરમીની અસરથી થયેલું રૂપાંતર છે, જ્યારે ખનિજ તેલ એ સૂક્ષ્મ પ્રાણીઓનું દબાણ અને ગરમીથી હાઇડ્રોકાર્બનમાં થયેલું રૂપાંતર છે. પૃથ્વીના પેટાળની ગરમી અને દબાણને લીધે પૃથ્વીના કવચમાં અનેક ફેરફારો થયા કરે છે. પૃથ્વીની સપાટી ઉપર પણ જ્વાળામુખી પર્વતો, ધરતીકંપ, ખવાણ (weathering) અને ધોવાણ (erosion)ને લીધે અનેક ફેરફારો થયા કરે છે. જ્યાં હાલમાં ઊંચા પહાડો છે ત્યાં ભૂતકાળમાં દરિયો ઘૂઘવતો હતો એની જાણ પહાડોનાં સ્તરોમાં દરિયાઈ પ્રાણીના અવશેષો મળે તેના ઉપરથી થાય છે. પૃથ્વીની સપાટી ઉપર આ જાતના ફેરફારો જો ન થતા રહ્યા હોત તો આખીયે પૃથ્વી ક્યારનીયે સમુદ્રનાં પાણીની સપાટી નીચે ડૂબી જઈને જળમય બની ગઈ હોત.

પૃથ્વીનો પોપડો બંધાયો તે સમયના અતિપ્રાચીન વર્ગના અંતઃકૃત અને વિકૃત ખડકો એ ભૂસ્તરીય વર્ગ પ્રમાણે જૂનામાં જૂના ખડકો છે. આ ખડકોનાં ખવાણ અને ધોવાણથી ધોવાણની સમભૂમિ થઈ અને સાથે સાથે સમુદ્રને તળિયે વિસ્તૃત થરો બંધાયા. પૃથ્વીના પેટાળમાં ઉદ્ભવતા સંકોચકારક સંચારણથી સમુદ્રનિક્ષેપો દરિયાને તળિયેથી ઉપર આવ્યા અને પહાડો બન્યા. ગોંડવાના યુગ દરમ્યાન તાણકારક સંચારણથી ખંડસ્તરભંગ (Block faulting) થતાં સમતુલાની સમતા (Isostatic equilibrium) ન જળવાતાં અગ્નિજ કાર્ય (Igneous activity) થયું, જેમાં મુખ્યત્વે જ્વાળામુખીની પ્રક્રિયા દ્વારા પૃથ્વીના પેટાળમાંથી લાવારસ બહાર રેલાયો. ઊંડા સમુદ્રો અને ખંડોના મધ્યભાગ એમની સ્થિતિ ભાગ્યે જ બદલે છે પણ ભૂસંચલનથી દરિયાકિનારાના ભાગો પર અવારનવાર સમુદ્રીય અતિક્રમણ થવાથી જલપ્રલય થાય છે. સ્તરરચનાના ઇતિહાસમાં મુખ્ય વિસંવાદિતા, અતિપ્રાચીન અને પુરાણ યુગની વચ્ચે અને પુરાણ અને આર્ય યુગની વચ્ચે જોવામાં આવે છે. આ વિસંવાદિતા દરમ્યાન પૃથ્વીના પેટાળમાં મોટી હિલચાલો થઈ હશે એમ માની શકાય. પૃથ્વીના પેટાળમાં થતી પ્રક્રિયાના પરિણામે પૃથ્વીની ધરીની સ્થિતિમાં પણ ફેરફાર થાય છે, જેથી હાલમાં ઉષ્ણ કટિબંધમાં આવેલ પ્રદેશોમાં પણ ભૂતકાળમાં હિમયુગ પ્રવર્ત્યો હશે એવી નિશાનીઓ મળે છે.

ભારત દ્વીપકલ્પમાં પુરાતન અને ધારવાર યુગના ખડકો જ્યાં જ્યાં મળી આવે છે ત્યાં મેંગેનીઝ અને લોખંડના ખનિજો મળવાની શક્યતા રહે છે. દાખલા તરીકે બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને માયસોરમાં મળી આવતા લોખંડ અને મેંગેનીઝના ખનિજો. માયસોરમાં આવેલ કોલર (Kolar)ની સોનાની ખાણમાંનું સોનું અને રાજસ્થાન, બિહાર અને નેલોરની અબરખની

ખાણોમાંનું અબરખ પૃથ્વીના પેટાળમાં ઉત્પન્ન થતા રસમાંથી બનેલા ખડકોમાં મળી આવે છે. તાજમહાલમાં વપરાયેલા આરસપહાણના પથ્થરો, પુરાણ યુગમાં સમુદ્રને તળિયે ચૂનાના પથ્થર તરીકે બંધાયા હતા, પણ પૃથ્વીના પેટાળની ગરમીને લીધે તેનું આરસપહાણમાં રૂપાંતર થયું છે.

દિલ્હી અને આગ્રાના લાલ કિલ્લામાં વપરાયેલા રેતીના પથ્થરો સમુદ્રને તળિયે બંધાયા હતા, પણ પૃથ્વીના પડમાં થતી ભૂસંચલનક્રિયાને લીધે વિંધ્યાચળ પર્વતની હારમાળામાં તે મળી આવે છે. ગોળકોંડા અને પન્નાની ખાણોમાંથી નીકળતા હીરા, પૃથ્વીના પેટાળમાં મેગ્મા ઠરી જવાથી બનેલા આગ્નેય ખડકોમાં પાકેલા પણ હાલ તે ખવાણ અને ધોવાણથી બનેલા વિંધ્યના ખડકોમાં મળી આવે છે. ઝરિયા અને રાણીગંજની ખાણોમાંથી નીકળતા પથ્થરના કોલસા ગોંડવાના યુગનાં જંગલોની વનસ્પતિ દટાઈ જતાં તેનું દબાણ અને ગરમીથી થયેલું રૂપાંતર છે. આસામના દિગ્બોઈ અને ગુજરાતના અંકલેશ્વર તેલક્ષેત્રના પેટાળમાંથી નીકળતા ખનિજ તેલ અને કુદરતી વાયુ, તૃતીય જીવ યુગમાં સમુદ્રમાં બંધાયેલા, માટી, રેતી તથા ચૂનાના થરો વચ્ચે દટાઈ ગયેલા કરોડરજ્જુ વગરના અસંખ્ય સૂક્ષ્મ જીવોનું દબાણ અને ગરમીથી હાયડ્રોકાર્બનમાં રૂપાંતર થવાથી બન્યા છે.

ધાતુયુક્ત તેમજ ઉપયોગી ખનિજયુક્ત ખડકો જો જમીનની સપાટી પર ન દેખાતા હોય તો તેને શોધી કાઢવા માટે ભૂભૌતિક સંશોધનક્રિયા કરવી પડે છે. આ પ્રયોગોમાં ધાતુયુક્ત ખનિજો અને બિનધાતુયુક્ત ખનિજોના ભૌતિક ગુણધર્મોના તફાવતનો ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે લોખંડયુક્ત ખનિજો બીજા ખનિજો કરતાં લોહચુંબકને વધુ આકર્ષે છે અને તેની સાપેક્ષિત ઘનતા પણ વધારે હોય છે. એટલે મેગ્નેટિક અને ગ્રેવીમેટ્રિક પદ્ધતિથી સંશોધન કરવામાં આવે છે. ખનિજ તેલનો જથ્થો સામાન્ય રીતે ગડીવાળા અને ઊર્ધ્વવાંક (Anticline) ખડકોમાં મળે છે. એટલે ભૂગર્ભમાં કઈ જગ્યાએ અને કેટલે ઊંડે આ પ્રકારના ખડકો મળે છે તે નક્કી કરવા માટે ગ્રેવીમેટ્રીક (Gravimetric) અને સૈસ્મિક (Seismic) સંશોધનપદ્ધતિઓ અપનાવવામાં આવે છે અને ત્યાર પછી જ શારકામ હાથ ધરવામાં આવે છે. આ પ્રકારની શોધખોળને અંતે ગુજરાતની ધરતી નીચે રહેલો ખનિજ તેલનો વિપુલ જથ્થો મળી આવ્યો છે અને નજદીકના ભવિષ્યમાં ખંભાતના અખાત નીચે પણ ખનિજ તેલ અથવા કુદરતી વાયુનો મોટો જથ્થો મળી આવવાની શક્યતા છે.

ગ્રન્થાવલોકન

બ્રહ્માંડ દર્શન (જ્ઞાન-ગંગોત્રી ગ્રન્થ-શ્રેણિ ૧) લેખક: ડૉ. છોટુભાઈ સુથાર; પ્રકાશક: સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; ગાંધી જયંતી, ૧૯૬૭; પૃ. ૨૫૬; મૂલ્ય રૂ. ૧૫=૦૦.

ગુજરાતની સમસ્ત જનતાની, સાહિત્યક્ષેત્રે તેમ જ કેળવણીક્ષેત્રે, અત્યંત જરૂરી સેવા કરવાના શુભ હેતુથી 'જ્ઞાનગંગોત્રી' ગ્રન્થમાળાનો પ્રારંભ થયો છે. કૉલેજના ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ તથા શિક્ષિત નાગરિકોને જુદાં જુદાં વિષયોમાં વિવેકપૂર્ણ પ્રવેશ કરાવવો, જ્ઞાન–વિજ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજોનો ખ્યાલ આપવો, આજ સુધીના વિશ્વના વિકાસની કેવળ માહિતી નહિ, પણ એને સમજવાની અને મૂલવવાની ચાવી ચીંધવી—એવાં ઉચ્ચ અને પ્રશંસનીય ધ્યેયો આ યોજના પાછળ રહેલાં છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ આ યોજનાને હાથ ધરીને અસાધ્ય નહિ તો પણ દુષ્કર એવાં ધ્યેયો પાર પાડવાની હામ દાખવી છે એ ઘણું જ અભિનંદનીય પગલું છે. આ યોજનાને ગુજરાતના સંત પૂજ્ય શ્રી. મોટા ભારત સરકારના શિક્ષણમંત્રાલય તથા અન્ય સંસ્થાઓ તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે. ગુજરાતના અનેક શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોએ આ યોજનામાં તંત્રીમંડળના સભ્યો અથવા પરામર્શક તરીકે પોતાની સેવા આપીને તથા અનેક પ્રાધ્યાપકો, અભ્યાસીઓ અને વિદ્વાનોએ લેખનની જવાબદારી સ્વીકારીને આ યોજનાને મૂર્તરૂપ આપ્યું છે.

યોજનાના આયોજક સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર શ્રી. ઈશ્વરભાઈ પટેલ છે; ગ્રન્થશ્રેણિના મુખ્ય સંપાદક શ્રી. ભોગીલાલ ગાંધી અને સહાયક સંપાદક (વિજ્ઞાન) શ્રી. બંસીધર ગાંધી છે. આ 'બુક ઑફ નૉલેજ'—'જ્ઞાનગંગોત્રી'ની વિશાળ યોજના ૩૦ ગ્રન્થોમાં વહેંચાયેલી છે. ૨૦ ગ્રન્થો માનવ-વિદ્યાશાખા—ઇતિહાસ, સાહિત્ય, લલિતકલાઓ ઇત્યાદિને લગતા હશે અને ૧૦ ગ્રન્થો વિજ્ઞાન-વિદ્યાશાખા—બ્રહ્માંડ, જીવવિજ્ઞાન, રસાયણ, ગણિત, પરમાણુ-વિજ્ઞાન, પૃથ્વી, કૃષિવિદ્યા, યંત્રશાસ્ત્ર, તબીબી વિજ્ઞાનો ઇત્યાદિને લગતા હશે.

આ યોજનાનો શુભ આરંભ શ્રી. કાકાસાહેબ કાલેલકર જેવા જ્ઞાનવૃદ્ધ ચિંતકને હસ્તે થયો. અને આ શ્રેણિનો પ્રારંભ, પુરાણોની પેઠે 'બ્રહ્માંડ દર્શન'થી થાય છે. આ શ્રેણિનો પ્રથમ ગ્રન્થ 'બ્રહ્માંડ દર્શન' ડૉ. છોટુભાઈ સુથાર જેવા સન્નિષ્ઠ શિક્ષક અને ખગોળવિદ્યાના તજ્જ્ઞના હસ્તે લખાયો છે.

ગ્રન્થ અત્યંત રોચક શૈલીમાં લખાયો છે. આપણું સૂર્યમંડળ મંદાકિનીવિશ્વ—આકાશ-ગંગામાં આવેલું છે. બ્રહ્માંડમાં કુલ આવાં સો અબજ તારાવિશ્વો છે, અને દરેકની સરેરાશ તારાસમૃદ્ધિ સો અબજ સૂર્યની છે! પણ બ્રહ્માંડમાં વિસ્તરેલું શૂન્ય આથીયે વધુ આશ્ચર્યકારક છે. સો અબજ તારાવિશ્વો ધરાવતા બ્રહ્માંડનો ૯૯.૯% ભાગ ખાલીખમ છે. તારાવિશ્વો એકબીજાથી ૨૦ લાખ પ્રકાશવર્ષ છેટે છે. બે તારાવિશ્વો વચ્ચેનું અંતર સૂર્યસેતુ વડે સાંધવું હોય તો ૧૫ હજાર

અબજ સૂર્યોની જરૂર પડે. આવું વિરાટ બ્રહ્માંડ સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુઓથી બનેલું છે. આથી એમના વડે વ્યક્ત થતી બ્રહ્માંડની કથા પણ સૂક્ષ્મ વડે રચાયેલી વિરાટની કથા છે. 'બ્રહ્માંડ દર્શન' સૂક્ષ્મ અને વિરાટની સંયુક્ત કથા છે. ગ્રન્થનું પહેલું પ્રકરણ જ જિજ્ઞાસુ વાચકમાં અસાધારણ રસ પેદા કરી શકે તેમ છે.

બેથી ચાર પ્રકરણોમાં પૃથ્વી-તેનું વાતાવરણને ભૂગર્ભ, સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને ધૂમકેતુ વિષે માહિતી અપાઈ છે.

બીજો ખંડ—પાંચથી બાર પ્રકરણો—તારકવિશ્વોને લગતો છે. આ ખંડ તારકતેજ, તારકવર્ગો, તારકરંગો, નિહારિકાઓ-વાયુવાદળો જેમાંથી તારાઓ જન્મે છે, યુગ્મ તારાઓ, મંદાકિનીવિશ્વ—આકાશગંગાનું સ્વરૂપ, જેના કેન્દ્રથી ૩૦,૦૦૦ પ્રકાશવર્ષ છેટે આપણો સૂર્ય આવેલો છે, તારાઓની જીવનકથા—તેમની ઉત્પત્તિ અને વિનાશ, મંદાકિનીવિશ્વની નજીકનાં કેટલાંક તારાવિશ્વો, તારાવિશ્વોનો પ્રકાર અને દળ, તારાવિશ્વોની ઉત્ક્રાંતિ વગેરે વિષયો પર ગહન અને રસપ્રદ માહિતી આપીને અનંત બ્રહ્માંડની રહસ્યમય અને આશ્ચર્યકારક વિગતોથી વાચકોને મુગ્ધ કરી જાય છે.

ખંડ ત્રીજો ખગોળશાસ્ત્રની એક નવી છતાં મહત્ત્વની શાખા રેડિયોખગોળ વિષેનો છે. રેડિયોખગોળનો વિકાસ આ સદીમાં જ થયો છે અને આ ખંડમાં તેના ઇતિહાસથી માંડી આધુનિકતમ શોધોનો સુંદર ચિતાર અપાયો છે. અવકાશમાંથી પૃથ્વી પર કેવળ શ્વેત પ્રકાશનાં કિરણો જ નથી આવતાં, પરંતુ ગામા કિરણો, ક્ષ-કિરણો, અલ્ટ્રાવાયોલેટ, ઇન્ફ્રારેડ, રેડિયો વિકિરણો આવે છે. આમાંથી શ્વેત પ્રકાશ સિવાય, ફક્ત રેડિયોતરંગો જ પૃથ્વીના વાતાવરણને ભેદી શકે છે. બ્રહ્માંડદર્શન માટે અત્યાર સુધી ફક્ત દૃશ્ય પ્રકાશ વાપરતાં દૂરબીનોનો જ ઉપયોગ થતો, પરંતુ હવે દૃષ્ટિને અગોચર એવા રેડિયોતરંગો વાપરતાં રેડિયોદૂરબીનોનો ઉપયોગ થાય છે. કેટલીક વાર વાયુમંડળો અને બીજા અવકાશી અવરોધો પ્રકાશનાં કિરણોને અટકાવી દે ત્યારે આ રેડિયોદૂરબીનો મદદમાં આવે છે. આવાં દૂરબીનો વડે બ્રહ્માંડમાં ઘણે આઘે આવેલાં રેડિયોતરંગોનાં ઊગમસ્થાનો વિષે ભાળ મળી છે અને અવકાશના રેડિયો આલેખો બનાવી શકાયા છે. ૧.૫ કળાના અંતરે એકબીજાની અત્યંત નજીક આવેલા રેડિયોઉદ્દગમોને આ દૂરબીન વડે અલગ તારવી તેનો અભ્યાસ કરી શકાય છે. સૌરજગતના રેડિયોદર્શનથી ઘણી સૂક્ષ્મ વિગતો મેળવી શકાઈ છે. (દા. ત. મંગળના વાતાવરણમાં વરાળનું દબાણ કેટલું છે? વિવિધ ગ્રહો પૃથ્વીથી કેટલે નિશ્ચિત અંતરે આવેલા છે?–ઇત્યાદિ).

ખંડ ચોથામાં બ્રહ્માંડની ઉત્પત્તિને લગતા સિદ્ધાંતો રજૂ કર્યા છે અને તારાઓ તથા સૂર્યમંડળના બીજા ગ્રહોમાં જીવસૃષ્ટિની શકયતા ચર્ચી છે; જોકે આ વિષયો હજી ઘણું વધારે સંશોધન માગી લે છે.

ખંડ પાંચમામાં ખગોળનો પ્રાચીન ઇતિહાસ વર્ણવ્યો છે. આમાં ભારતીય, અરબી, ગ્રીક અને પાશ્ચાત્ય ખગોળનો સમાવેશ થાય છે.

છેલ્લા ખંડમાં આકાશદર્શન—મહિનાવાર સમજાવાયું છે, જે જિજ્ઞાસુને માર્ગદર્શક બની રહેશે. વળી વેધશાળા અને ખગોળના અભ્યાસ માટે વપરાતાં સાધનોનો પરિચય પણ અપાયો છે.

આ ગ્રન્થની શૈલી જ એવી છે કે પુસ્તક પર નજર ફેરવતાં સામાન્ય વાચકને મહત્ત્વનું વ્યાપક જ્ઞાન મળે છે અને ઝીણવટથી વાંચતાં અભ્યાસીને જિજ્ઞાસાપ્રેરક વિગતો પ્રાપ્ત થાય છે.

અદ્યતન માહિતી અને અનેક ચિત્રો, રેખાંકન, નકશાઓ અને ફોટાઓથી સુસજ્જ આ પુસ્તક તથા એના અનુસંધાનમાં પ્રગટ થનાર શ્રેણિ ગુજરાત માટે 'બુક ઑફ નૉલેજ'ની આવશ્યકતા પૂરી પાડશે એ નિશ્ચિત છે.

'વાચક'

*　　　　*　　　　*

અન્વેષણા : લેખક ભોગીલાલ જ. સાંડેસરા; આર. આર. શેઠની કંપની, મુંબઈ ૨—અમદાવાદ ૧; સપ્ટેમ્બર ૧૯૬૭, મૂલ્ય રૂ. ૮=૭૫, પૃષ્ઠ ૩૬૨.

ચૌદ વર્ષની વયે જેમનો સંશોધનલેખ 'પડીમાત્રાનો સમય,' 'બુદ્ધિપ્રકાશ' જૂન ૧૯૩૧માં પ્રગટ થયો હતો અને ત્યાર પછી સાડત્રીસ વર્ષસુધી જેમની સંશોધનપ્રવૃત્તિ અસ્ખલિત વહ્યા કરી છે તેવા ડૉ. ભોગીલાલ સાંડેસરાના સંશોધનલેખોનો આ પાંચમો સંગ્રહ છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગૂજરાતી વગેરે ભાષાઓ, તેમાંનું પ્રગટ, હસ્તલિખિત કે શિલાંકિત વાઙ્મય, ભાષાવિજ્ઞાન અને તેની વિવિધ શાખાઓ, ગૂજરાતનાં સાહિત્ય અને ઇતિહાસ અને પ્રાકૃતઅપભ્રંશાદિના વ્યાકરણના, ડૉ. સાંડેસરા, લબ્ધપ્રતિષ્ઠ સંશોધક વિદ્વાન છે. પ્રગટ થયેલા પાંત્રીસ જેટલા ગ્રન્થો અને અસંખ્ય સંશોધનલેખો દ્વારા તેમનાં સંશોધનોનો લાભ વિદ્વાનોને પ્રાપ્ત થયો છે. છેલ્લા એક દાયકાથી વડોદરાની 'ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ'ના અધ્યક્ષ તરીકે પ્રાચ્યવિદ્યાની વિવિધ શાખાઓ તથા ગૂજરાતનાં સાહિત્ય અને સંસ્કૃતિ અંગેની સમગ્ર સંશોધન પ્રવૃત્તિને તેમણે સફળ દોરવણી આપી છે.

શરૂઆતમાં જુદી જુદી વિદ્વત્પરિષદોમાં આપેલાં વ્યાખ્યાનોરૂપે અને પછી 'બુદ્ધિપ્રકાશ' 'સ્વાધ્યાય' આદિ સામયિકોમાં લેખોરૂપે પ્રગટ થયેલા, તેમના આ ગ્રન્થમાંના, લેખોને વૈદિક અને પ્રશિષ્ટ વાઙ્મય, ભાષા અને વ્યાકરણ, સ્થાપત્ય અને નગરગૌરવ, વ્યક્તિગૌરવ, ઇતિહાસ અને સાહિત્ય, સંસ્કૃતિસમન્વય અને ગૂજરાતનાં સાહિત્ય અને સંસ્કૃતિ એવા સાત વિભાગોમાં આપણે વહેંચી શકીએ.

પહેલા વિભાગમાં 'વેદ, ઋત અને વરુણ' (૩); 'વેદોમાં સમાજ અને રાજ્યની રક્ષા' (૪), 'અથર્વણ આર્યો (૫), 'પાતિમોક્ખ' (૬), 'શાન્તિપર્વ' (૮), 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર' (૯), 'ત્રિભુવનદીપક પ્રબંધ' (૨૬) એટલા લેખોને સમાવિષ્ટ કરી શકાશે. 'વેદ, ઋત અને વરુણ'માં વેદ અને ઋત એ શબ્દોના અર્થ સમજાવી ઋત અને વરુણનો સંબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

ઋત એટલે 'બાહ્યસૃષ્ટિના જ નિયમો નહિ પણ નીતિ અને ધર્મના નિયમો' અને તેનો અધિષ્ઠાતા દેવ તે વરુણ. વરુણનાં સૂક્તો ઋષિમંડળોમાં પ્રાપ્ત થતાં હોવાથી આ વિચાર પ્રાચીન આર્યોમાં ઘણો પ્રચલિત હતો એમ લાગે છે. ઋગ્વેદમાં ઋત અને સત્ય એવા બે મહત્ત્વના

શબ્દો વારંવાર દેખાય છે. સાર્વકાલિક સત્ય એટલે ઋત અને વ્યવહારસત્ય એટલે સત્ય એવો તેમનો અર્થ સંભવે છે. આ બંનેના દ્રષ્ટા, સ્થાપક, પોષક અને રક્ષક એવા વરુણને રાજા તરીકે સ્વીકારીને વૈદિક આર્યોએ રાજત્વની ભાવનાનું ગૌરવ વધાર્યું છે. 'વેદોમાં સમાજ અને રાજ્યની રક્ષા' એ લેખમાં 'ક્ષતૃ' અને 'ક્ષત્રિય' શબ્દોના અર્થનું તેમણે પરિશીલન કર્યું છે અને પ્રાચીન આર્યોનાં યુદ્ધાસ્ત્રોનો સરસ પરિચય આપ્યો છે. વેદ વિષેના તેમના લેખોમાં 'અથર્વણ આર્યો' આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. અથર્વણ આર્યો, તેમની પ્રાચીનતા, તેમનો અથર્વવેદ સાથે સંબંધ અને ઋગ્વેદમાં તેમનું સ્થાન વગેરે મહત્ત્વના મુદ્દાઓની આ લેખમાં ચર્ચા કરવામાં આવી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આપણું ધ્યાન આપણા સાહિત્ય પ્રત્યે જ્યારે વધારે ગયું છે ત્યારે જર્મન વિદ્વાનોને પગલે અનુસરતી આપણી વિદ્વાન પેઢીએ પોપટની માફક પઢાવેલાં આર્યો વિષેનાં કેટલાંક સંશોધનસૂત્રો બદલવાની જરૂર ઊભી થઈ છે તે તરફ આ લેખ સ્પષ્ટ નિર્દેશ કરે છે; એટલું જ નહિ પણ આર્યો, સિન્ધુ સંસ્કૃતિ અને સુમેર સંસ્કૃતિના સમન્વયાત્મક અભ્યાસની હવે આવશ્યકતા ઊભી થઈ છે તે અંગેની પ્રેરણા આ લેખમાંથી પ્રાપ્ત થાય છે, ઋગ્વેદમાં સ્થળે સ્થળે અગ્નિ અને ઇન્દ્રની મદદમાં રહેનારા અંગિરસો, દસમા મંડલમાં अङ्गिरसश्च घोराः । (૧૦-૧૦૮-૧૦) કહીને જેમની શક્તિને બિરદાવવામાં આવી છે અને કૃષ્ણ દેવકીપુત્રના ગુરુ તરીકે ઉપનિષદો જેમને ઉલ્લેખે છે તે ઘોર અંગિરસ્ અને તેમનું મહત્ત્વ પ્રસ્થાપવું ઘટે. અથર્વવેદના અભિચાર મન્ત્રો, બ્રાહ્મણ કાળમાં તેમના અને યાતુધાનો પ્રત્યેની સૂગ (देवा आयान्तु यातुधानापयान्तु विष्णो देवयजनं रक्षस्व ।) તથા અભિચાર મન્ત્રો સાથે પ્રાચીન જર્મન, લૅટિન અને રશિયન મંત્રોનું નોંધપાત્ર સામ્ય—આ બધું આપણા વેદના વિદ્વાનોને સંશોધનની નવી દિશા ઉઘાડી આપે છે.

'પાતિમોક્ખ' એ ઉલેખમાં બૌદ્ધ મૂલગ્રન્થોની ઉત્ક્રાંતિ બતાવી તેમાંનાં એક 'પાતિમોક્ખ'નો ડૉ. સાંડેસરાએ પરિચય આપ્યો છે. જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ પરંપરા માટેનાં તેમનાં કેટલાંક વિધાનો ('જૈન અને બૌદ્ધ પરંપરા...લોકભાષામાં છે,' પૃ. ૬૧) અભ્યાસીઓ અને ધર્માગ્રહી સજ્જનોના સંશયોને છેદી નાખે છે. યતિધર્મની આજ્ઞાઓમાં પણ મૂકાયેલી છૂટછાટો માનવજીવન કેવું પરિવર્તનશીલ છે તે બતાવે છે. 'પાતિમોક્ખ'ના નિયમો વિષે વાત કરતાં લેખકે પારાજિક અપરાધોની યાદી આપવાનું શરૂ કર્યું. અધિકારી વાચકની રસવૃત્તિ જાગ્રત થાય અને તે પાનું ફેરવે એટલામાં તો લેખ પૂરો થાય છે, ડૉ. સાંડેસરાના હવે પછીના સંશોધનલેખ સંગ્રહમાં 'વિનયપિટક' અને છંદસૂત્રોની સરખામણીમાંથી અને 'પાતિમોક્ખ'ના નિયમોમાંથી મનભર સામગ્રી માટે આપણે ઉત્સુક છીએ. 'શાન્તિપર્વ—રાજકીય દૃષ્ટિએ' એ લેખની, ભારતની આજની સ્થિતિના સંદર્ભમાં, ઘણી અગત્ય છે. આપણા રાજકીય નેતાઓએ 'શાન્તિપર્વ'ના આ વિભાગનું મનન કરવું ઘટે. 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર' (વિદ્વાનોમાં હવે 'કૌટલ્ય' શબ્દ વધારે પ્રચલિત બનતો જાય છે)માં અર્થશાસ્ત્રના એ સુપ્રસિદ્ધ અને પ્રાચીન ગ્રંથનો સંક્ષિપ્ત છતાં સુન્દર અને સર્વગ્રાહી પરિચય આપવામાં આવ્યો છે. 'ત્રિભુવનદીપક પ્રબન્ધ'માં ગૂજરાતના પ્રબન્ધગ્રંથોથી ભિન્ન પ્રકારની એક રચનાનું, વર્ણન કરવામાં આવ્યું છે. 'પ્રબન્ધ' એવો સાહિત્યપ્રકાર ઇતિહાસ અને મુક્તક એમ અતિદીર્ઘ અને અતિલઘુ એવા બે પ્રકારો વચ્ચેની સ્થિતિ દર્શાવતો અને રસ તથા ધ્વનિ આદિથી શોભતો એક સર્વતોષી કાવ્યપ્રકાર

છે. પ્રાચીન સંસ્કૃત આલંકારિકોએ પ્રબન્ધને આવો પ્રકાર માન્યો છે. ગુજરાતના સંસ્કૃત પ્રાકૃત પ્રબન્ધો વિવિધ વસ્તુ રજૂ કરે છે, ચરિત્રાત્મક નિરૂપણથી માંડીને લોકભોગ્ય 'રાસ' સુધીની રચનાઓને પણ પ્રબન્ધ કહીને તેના લેખકો ગૌરવ અને સંતોષ માને છે. 'ત્રિભુવનદીપક પ્રબન્ધ' વળી એક ત્રીજા જ પ્રકારની આધ્યાત્મિક રૂપકકથા છે. ધર્મોન્મુખ વ્યક્તિઓની રસતૃપ્તિ આવી રૂપકકથાઓ દ્વારા થતી તેના પ્રાચીન પુરાવા તરીકે અશ્વઘોષનું એક ખંડશઃ પ્રાપ્ત રૂપકનાટક આપણને મળ્યું છે. 'ત્રિભુવનદીપક પ્રબન્ધ' જેવી ગુજરાતી રચનાઓ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ઘણી મહત્ત્વની ગણી શકાય. ડૉ. સાંડેસરાએ આ લેખમાં આ પ્રકારની બીજી રચનાઓ તરફ પણ આપણું ધ્યાન દોર્યું છે.

બીજા વિભાગમાં વ્યાકરણ અને ભાષા વિષયક લેખો છે. 'કાન્હડદે પ્રબન્ધ'ના ત્રણ વિશિષ્ટ શબ્દપ્રયોગો (૩૧), 'ખેડાવાળ બ્રાહ્મણોની ત્રણ અટકો' (૩૨), 'જીમી' વિષે (૩૩), 'ડિંડી' (૩૪), પ્રાકૃતમાં રુવ પ્રત્યય (૩૫), બે વિસ્મૃત શબ્દો (૩૬), 'સામિસાલ' (૩૭), કટરિ-કટરે' (૩૮), 'બઇકાર' (૩૯), 'કિરાટ' (૪૦), 'શ્વેતભિક્ષુ' (૪૧), 'અઈવડુઉ' (૨૦), અને 'વિષ્ટિ' (૪૨), આ લેખોમાં કેટલાક અતિજાણીતા છતાં રસિક ઇતિહાસવાળા શબ્દોનાં વ્યાકરણ, ભાષા, લોકવ્યવહાર અને સાહિત્યપ્રસિદ્ધિની દૃષ્ટિએ નિર્વચન કરવામાં આવ્યાં છે. એમાં વિષ્ટિ, મસાણી, પઈ, શેલત, જિમિ, ડિંડી અને સામિસાલ એ શબ્દોની આલોચના સાચે જ રસિક છે. આપણી આસપાસ વપરાતા (ડિંડી) સાહિત્યમાં રૂઢ બનેલા (વિષ્ટિ) લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગએલા (જિમિ, પઈ) અને વિવિધ પ્રકારના રાજકીય વાતાવરણમાંથી દીર્ઘયાત્રાને અંતે આવેલા (મસાણી, શેલત) શબ્દોની આ પ્રકારની ચર્ચાથી ગુજરાતનો અધિકારી વાચક ડૉ. સાંડેસરાના લેખો દ્વારા પરિચિત છે. શાસ્ત્ર, વ્યવહાર, સાહિત્ય અને લોકજીવનની લેખકની સમન્વયાત્મક મૌલિક સૂઝનો આથી બીજો પુરાવો ભાગ્યે જ હોઈ શકે. આ બધાંમાં 'શ્વેતભિક્ષુ' પર નિર્વચન કરતો લેખ લેખકની સર્વગ્રાહી, સૂક્ષ્મ અને વેધક સંશોધકપ્રતિભાનો ઉત્તમ પુરાવો છે.

'ભાષા અને વ્યાકરણ' (૨૯), એ લેખમાં પ્રતિપન્ન થયેલાં કેટલાંક વિધાનો મનનીય છે. વિજ્ઞાન તરીકે ભાષાવિજ્ઞાનનો વિકાસ પશ્ચિમના દેશોમાં અત્યંત ઝડપથી થઈ રહ્યો છે અને ગાણિતિક વિજ્ઞાનોની કક્ષામાં ભાષાવિજ્ઞાન હવે આવતું જાય છે. આમ હોવા છતાં પ્રાચીન ભારતમાં પ્રાતિશાખ્યો, પાણિનિ, પતંજલિ અને ભર્તૃહરિએ અર્વાચીન ભાષાવિજ્ઞાનના પાયામાં સમર્થ બળ પૂરું પાડયું છે તે વાત ભૂલવી ન જોઈએ. લેખકે ભાષા અને વ્યાકરણના પરસ્પર સંબંધ અંગે કેટલીક સૂક્ષ્મ અને તાત્ત્વિક ચર્ચા કરી છે. સાર્વત્રિક સંકેતથી નિશ્ચિત બનેલા ભાષાશરીરનું વૈયાકરણો પૃથક્કરણ કરે છે. વ્યાકરણના ગ્રંથોમાં ભાષાશરીરમાં ફૂટતાં નવાં કિસલયને ધ્યાનમાં લેવા વાર્તિકો અને પરિશિષ્ટોની રચના થાય છે એ વાત જ ભાષા એક જીવંત તત્ત્વ છે અને પાણિનિ જેવા વૈયાકરણ-શહેનશાહો પણ તેને નમાવી શકતા નથી તે હકીકતને સિદ્ધ કરે છે. આપણે ઇચ્છીએ કે આ લઘુલેખ તેમાં ઠાંસીને ભરેલાં કેટલાંક સત્યોને વિસ્તૃત રીતે પ્રવહમાન કરે અને 'શબ્દ અને અર્થ' જેવો એક બીજો આસ્વાદ્ય ગ્રન્થ આપણને પ્રાપ્ત થાય. 'ભાષાવિજ્ઞાન અને અન્ય વિદ્યાઓ'માં ભાષાવિજ્ઞાનના અન્ય ભૌતિક, સામાજિક અને પ્રાકૃતિક વિજ્ઞાનો સાથેના સંબંધનું સ્પષ્ટ વિવરણ કરવામાં આવ્યું છે.

ત્રીજા વિભાગ 'સ્થાપત્ય અને નગરગૌરવ'માં 'ચૈત્યો અને વિહારો' (૭), 'ભોજરાજાનું સરસ્વતીસદન' (૧૬), 'દેલવાડાનાં મંદિરો' (૧૭), 'પાટલિપુત્ર અને ઉજ્જયિની' (૧૦), 'વડનગર' (૧૮), 'ચાંપાનેર' (૧૯) અને 'અમદાવાદની પોળ' (૨૧) તથા રાષ્ટ્રમુદ્રા (૧૩) એટલા લેખો સમાવી શકાય. 'ચૈત્યો અને વિહારો'માં બૌદ્ધ સ્થાપત્યના આ પ્રકારોનું ભૌગોલિક, ધાર્મિક અને સ્થાપત્યની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. 'દેલવાડાનાં મંદિરો'માં અર્બુદગિરિ (આબૂ) પરનાં જગપ્રસિદ્ધ સ્થાપત્યોનું સુરેખ અને ક્રમબદ્ધ વર્ણન મળે છે. આ સ્થાપત્યોની ઐતિહાસિક પૂર્વભૂમિકા પણ વિગતે સમજાવવામાં આવી છે. દેલવાડાનાં સ્થાપત્યોની નીચી બાંધણી માટે પર્વતમાં થતા ધરતીકંપોના ડરને લેખક કારણભૂત ગણે છે. કેવળ ધરતીકંપનો ડર આવી નીચી બાંધણી માટે જવાબદાર હોય એમ લાગતું નથી. જૈન સ્થાપત્યની સમગ્ર પરંપરા સાથે એકરૂપતા જાળવવા અને તેની આશ્ચર્યચકિત કરે તેવી શિલ્પસમૃદ્ધિની વિશેષતા દર્શાવવા નીચી બાંધણી રાખી હોવાનો સંભવ છે. અર્બુદાચલનાં શિખરોએ જ ઊંચાઈની કલ્પના હરી લીધી હશે તેથી ઊંચાં શિખરો અને ઊંચા સ્તંભોની યોજના પ્રયત્નપૂર્વક ટાળવામાં આવી છે. સારા પ્રકારના આરસનું ઉત્તમ માધ્યમ પ્રાપ્ત થયું હોવા છતાં શિલ્પકારો દ્રષ્ટાને ચકિત કરવાનો એકમાત્ર આદર્શ રાખતા હશે તેથી જ ભાવાન્વિત શિલ્પાંકનને બદલે અતિસૂક્ષ્મ રેખાંકનને તેમણે સ્વીકાર્યું હશે. 'પાટલિપુત્ર અને ઉજ્જયિની,' 'વડનગર,' અને 'ચાંપાનેર' એટલા લેખોમાં તેમણે પાટલિપુત્ર અને ઉજ્જયિની જેવાં અતિપ્રાચીન ભારત પ્રસિદ્ધ શહેરો અને વડનગર તથા ચાંપાનેર જેવાં ગુજરાતનાં પ્રાચીન શહેરોનો ભવ્ય ભૂતકાળ આપણી સમક્ષ તાજો કર્યો છે. લેખકે કરેલા વર્ણનને કારણે તે તે શહેરો આપણા માનસચક્ષુ સમક્ષ ખડાં થાય છે અને આપણે ત્યાં જ વિહરતા હોઈએ એવો અધ્યાસ અનુભવીએ છીએ. 'રાષ્ટ્રમુદ્રા'(૧૩)માં સ્વાતંત્ર્યોત્તર ભારતે રાષ્ટ્રમુદ્રા તરીકે સ્વીકારેલ અશોકચક્રનો ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ અને સ્થાપત્યના અનુલક્ષમાં સુન્દર પરિચય છે. આ વિભાગનો સૌથી સુન્દર અને હૃદ્ય લેખ છે 'ભોજરાજાનું સરસ્વતીસદન'. આ લેખ દ્વારા ભોજરાજાના સમયનાં સ્થાપત્ય, સાહિત્ય અને વિદ્યાજીવનની ત્રિવેણીની પ્રવૃત્તિનું અતિ સુન્દર દર્શન ડૉ. સાંડેસરા કરાવે છે. 'પારિજાતમંજરી'ના ત્રીજા અને ચોથા અંકોની પટ્ટિકાઓના ટુકડા કરી ફરસમાં જડાવનાર વિધર્મીની ધર્માન્ધતાના ખ્યાલથી ચિત્ત નિષ્ફળ ગ્લાનિ અનુભવે છે. જર્મન વિદ્વાન હુલ્ટ્શના પરિશ્રમની કથા વાંચીને આ ગ્લાનિ કાંઈક ઓછી થાય છે.

મહાનગરોના ગૌરવને પોતાના નાનકડા અંતરમાં સમાવતી અને સાચવતી 'પોળ'ના ઇતિહાસને પણ ડૉ. સાંડેસરા ભૂલ્યા નથી ('અમદાવાદની પોળ'). અમદાવાદની પોળનાં નામાભિધાનની પાછળ કેવા સંસ્કૃતિપ્રવાહો વહેતા તેનું સરસ વર્ણન આ લેખમાં છે. 'ઇતિહાસની કેડી'એ વિહરનાર લેખકે જળોવાળીનો પણ ખ્યાલ રાખ્યો છે. તેમની સૂક્ષ્મેક્ષિકાનો આ પુરાવો છે.

'ચિરસ્મરણીય વેપારીઓ' (૨૩), 'મોગલકાલના ગુજરાતના બે વીર મુત્સદ્દીઓ' (૨૪), 'ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી' (૨૭), અને 'સ્વ. રામલાલ મોદીની સંશોધન દૃષ્ટિ' (૨૮), એટલા લેખો માટે 'વ્યક્તિગૌરવ' એવો એક વિભાગ કરી શકાય. આ લેખોમાં ડૉ. સાંડેસરાએ જગડૂશાહ અને શાન્તિદાસ, મહેતા ઈશ્વરદાસ અને રાજા છબિલારામ જેવા વેપારી અને રાજકીય

મુત્સદ્દીઓનાં જીવન અને કાર્યને તથા તત્કાલીન વાતાવરણને તેમણે કેવું ગૌરવવંતું તથા પ્રેરક બનાવ્યું હતું તેની આહ્લાદક પ્રરૂપણા કરી છે. ગુજરાતના ઇતિહાસમાંથી, પ્રોજ્જ્વલ દીપક સમા આ મહાપુરુષોનો સમુદ્ધાર કરીને ગુર્જર ઇતિહાસ વિષે લેખકે આપણને જિજ્ઞાસાવાળા કરી મૂક્યા છે. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી જેવા જ્ઞાનપુરુષનું વૃત્તાંત સાંભળીને આપણે પણ ધન્ય બનીએ છીએ. એમની આજન્મ સૂક્ષ્મ દૃષ્ટિ, પ્રભુદત્ત હોય તેવી મૌલિક સંશોધનસૂઝ, તેમનો પરિશ્રમ અને આ બધાંની સાથે તેમનું વાત્સલ્યપૂર્ણ માનવ્ય અને કર્તવ્યપરાયણ ગુરુભક્તિ જેવા અનુકરણીય ગુણોનો સમન્વય આપણને એક દેવાંશી પુરુષ તરફ ભક્તિ પ્રેરે છે. આ લેખ આવી ભક્તિપ્રેરણા માટે જવાબદાર છે. 'સ્વ. રામલાલ મોદીની સંશોધનદૃષ્ટિ' એક સુશિષ્યે કરેલું ગુરુતર્પણ કહી શકાય.

'ઇતિહાસ અને સાહિત્ય' એનો એક વિભાગ કરીને તેમાં 'ઇતિહાસ અને સાહિત્ય—સંશોધનની દૃષ્ટિએ' (૨) અને 'ભારતમાં દારૂગોળાના ઉલ્લેખો' (૨૫) એ બે લેખોને સમાવીશું. પ્રથમ લેખમાં ઇતિહાસ અને સાહિત્ય કેટલીક વાર પરસ્પરનાં પૂરક બનીને સાંસ્કૃતિક એકતા પ્રગટ કરી તે તે યુગના સંસ્કારપ્રવાહોને જાણવામાં કેવાં મદદરૂપ થાય છે તેનું અનુશીલન કરીને લેખકે પ્રાચીન સાહિત્યમાંથી કેટલાંક ઉદાહરણો આપ્યાં છે. સાહિત્યનું ઉપાદાન ભાષા છે અને ભાષા માનવીના કાર્યપ્રવાહોનું વાહન છે એમ સ્વીકારીએ તો માનવીના ઇતિહાસને સમજવામાં સાહિત્ય મહત્ત્વનો ફાળો આપી શકે. સાથે સાથે પુરાવિદ્યાએ પ્રાપ્ત કરાવેલા પુરાવાઓ એ ઇતિહાસમાં ચોકસાઈ લાવી આપે. એ દૃષ્ટિએ ઇતિહાસ અને સાહિત્યનો એકબીજામાં સમવાય કરવો આવશ્યક બને છે. પ્રાચીન સાહિત્યકાર શ્રદ્ધાપૂર્વક સમસ્ત લોકયન્ત્રના નિયમોને અનુસરતો અને લોકશાસ્ત્રાદ્યવેક્ષણની પૂર્વભૂમિકા પર સાહિત્ય રચતો. આવી સ્થિતિમાં ઇતિહાસ અને સાહિત્ય પરસ્પરાવલંબી બની રહે તેમાં શી નવાઈ!

'સંસ્કૃતિસમન્વય' નામે વિભાગ કલ્પીને 'ભારત અને ચીન' (૧૧) અને 'એશિયાની એકતા' (૧૨) એ નામે બે લેખોને તેમાં મૂકીશું. ડૉ. સાંડેસરાએ સ્પષ્ટ કરેલા ભારત અને ચીન વચ્ચેના પ્રાચીન અને દીર્ઘકાલીન સંબંધો અત્યારના રાજકીય સંદર્ભમાં વિશેષ મહત્ત્વ ધારણ કરે છે. ધાર્મિક અને સાંસ્કૃતિક એકતા કરતાં રાજકીય સ્વાર્થગર્ભ એકતામાં રાચતા આપણા યુગની કાયાપલટ ન થાય ત્યાં સુધી ચીનભારતસંપર્કનું ગૌરવ ઝાંખું રહેવા સરજાયું છે. 'એશિયાની એકતા' એ પણ નવા સન્દર્ભમાં એક મહત્ત્વનો સાંસ્કૃતિક સંદેશપાઠ બની રહે છે. બૌદ્ધધર્મરૂપી એકસૂત્રથી સૂત્રિત બનેલ એશિયાઈ લોકજીવન કેવું ઐક્ય અનુભવતું હતું તેનું સુસ્પષ્ટ ચિત્ર આ અગત્યના લેખમાંથી ઊપસે છે.

'ગુર્જર સાહિત્ય અને સંસ્કૃતિ' એવા વિભાગમાં 'ગુર્જર ઇતિહાસ અને સંસ્કૃતિ' (૧), 'ગુજરાત અને કાશ્મીર' (૧૫) અને 'ગુજરાતના ટાપુઓ' (૨૨) એવા ત્રણ લેખોનો સમાવેશ થશે. પ્રથમ લેખમાં 'ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં કરવાં જોઈતાં અધ્યયન અને સંશોધનનાં થોડાંક કામો વિષેના' લેખકના ખ્યાલો સંક્ષેપમાં રજૂ થયા છે. અપભ્રંશ અને ગુર્જર પ્રજાનો સંબંધ તથા 'અવહટ્ઠ'ની વ્યાપકતા સ્થાપીને ડૉ. સાંડેસરા 'અવહટ્ઠ'નાં તળપદાં સ્વરૂપોના મૂળમાં, એના અધઃસ્તર તરીકે કોઈ ગુર્જર લોકબોલીની કલ્પના કરે છે, કારણ કે અવહટ્ઠ, ચારણી કે ડિંગલ કેવળ કૃત્રિમ કવિભાષા હોઈ શકે નહિ. મૂલસ્રોત

વિષે કલ્પના કરીને લેખક બેસી રહ્યા નથી પરંતુ તેની શોધ માટેનાં ચોક્કસ દિશાસૂચનો તેમણે કર્યાં છે. ઝડપથી ઔદ્યોગીકરણ પામતા રાજસ્થાનના અંતરિયાળ પ્રદેશોમાંની ભાષા-બોલીઓની ખોજ અત્યંત આવશ્યક છે. રાજકીય ધ્યેયોને સિદ્ધ કરવાને માટે પ્રયત્નશીલ એવા કેટલાક લોકોએ ગુજરાતી અને રાજસ્થાનીને હિન્દીની બોલીઓ કહેવાની ધૃષ્ટતા કરી છે તે સામે ડૉ. સાંડેસરા સાધાર વાંધો ઉઠાવે છે. એમણે હિન્દી માટે યોગ્ય જ કહ્યું છે કે હિન્દીનો ભૂતકાળ બસો વર્ષથી વધારે પ્રાચીન નથી. "હિન્દીના સાહિત્યનો જન્મ સૈકાઓ પહેલાં કલ્પવો અને બીજાં ભાષાસાહિત્યોને એનાં આનુષંગિક કે ખંડિયાં માનવાં તે અયોગ્ય છે. એમ કરવું એ ખરેખર તો રાષ્ટ્રીય કુસેવા છે." તેમણે પાટણ, થાન, શામળાજી, કડિયાડુંગર વગેરે સ્થળોના ઉત્ખનનને માટે, ગુજરાતનાં મ્યુઝિયમોમાં સંગ્રહિત પ્રાચીન સિક્કાઓની સંદર્ભસૂચી માટે અને મુસ્લિમ તવારીખકારોએ લખેલા ગ્રન્થો ઉપરથી ગુજરાતનો ઇતિહાસ—as told by her own historians—તૈયાર કરવાનો અનુરોધ કર્યો છે. સદ્‌ભાગ્યે ગુજરાત સરકારની નિશ્રામાં ગુજરાત વિદ્યાસભાએ આવો ઇતિહાસ તૈયાર કરવાની યોજના ઘડી છે. તેમાં ડૉ. સાંડેસરાના માર્ગદર્શનનો લાભ મળશે એ જાણીને આનંદ થાય છે.

કોઈ પણ સંશોધનગ્રન્થની શ્રીને વધારતી સૂચિ આ પુસ્તકમાં પણ જોઈને આનંદ થાય છે. પુસ્તકમાં અનેક વિધાનો સૂત્રાત્મક છે તેને ભાષ્યાત્મક કરવાની જરૂર છે.

પ્રાચ્યવિદ્યા અને ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક ગ્રન્થોમાં આ ગ્રન્થ એક અત્યન્ત મહત્ત્વનો ઉમેરો કરે છે. લેખકના ચિત્તમાં ગુજરાતનાં વિદ્યા-સંસ્કાર અને સાહિત્ય-પ્રવૃત્તિ હંમેશાં કેન્દ્રસ્થાને છે. આ ગ્રંથમાંના લગભગ દરેક લેખમાં આવી પ્રવૃત્તિને તેમણે મહત્ત્વ આપ્યું છે. જ્ઞાનપુરુષ ભગવાનલાલ ઇન્દ્રજી, વિકટ ચીનયાત્રા કરનાર બૌદ્ધ શ્રમણ ધર્મગુપ્ત, રાજશેખર આદિ સેંકડો સંસ્કૃત-કવિ-વિદ્વાનો, દેલવાડાની ચકિત કરતી શિલ્પસમૃદ્ધિના સૂત્રધારો, સમસ્ત ભારતને વિદ્યાનાં શીળાં જલનું સિંચન કરનારા વડનગરના બ્રાહ્મણો, વ્યાપારકેન્દ્ર ચાંપાનેર, ગુજરાતના ગૌરવના રત્નસમું અણહિલવાડ પાટણ, વીર મુત્સદ્દીઓ—ઈશ્વરદાસ અને છબિલારામ તથા શાંતિદાસ જેવા ઉદારચરિત વ્યાપારીઓના ગૌરવને તેમણે શબ્દાન્વિત કર્યું છે.

ડૉ. સાંડેસરાના સંશોધનનું ફલક વિસ્તૃત છે. ભાષા, વ્યાકરણ, પુરાતત્ત્વીય સામગ્રી, લૌકિક રિવાજો, ઇતિહાસ, સાહિત્ય અને લોકજીવનની, પ્રચલિત છતાં અણપ્રીછી રહેલી વિગતોમાં તેમની દૂરગામિની સૂક્ષ્મ દૃષ્ટિ ફરી વળે છે.

મતાન્તરને નિરવકાશ બનાવતી ચોક્કસાઈ, સુચિન્તિત નિર્ણયને નમ્ર છતાં સ્પષ્ટપણે રજૂ કરવાનો આગ્રહ; કશું અસ્પષ્ટ—અધૂરું—ધૂંધળું—અને કલ્પનોત્થ નહિ સ્વીકારવાનો નિર્ણય; પૂર્વસૂરિઓએ કરેલી અર્થકલ્પનાની નિરાધારતા સપ્રમાણ દર્શાવી પોતે કરેલા અર્થઘટન માટે બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ પરંપરાના ભિન્ન ભિન્ન સાહિત્યગ્રંથોમાંથી બલવાન પ્રમાણો આપીને અર્થ-નિર્ણય સાધી તેને લૌકિક પ્રયોગોના ટેકાથી પુષ્ટ કરવો અને પ્રમાણસમૃદ્ધિ અલ્પ હોય ત્યાં નિર્ણય આપતાં વિરમવું—આવી વૈજ્ઞાનિક સંશોધનપદ્ધતિની સિદ્ધિ ડૉ. સાંડેસરાને પ્રાપ્ત થયેલી છે.

ટિપ્પણયોગ્ય અવતરણોને લેખનના હાર્દમાં સરળતાથી સમાવવાની કલા પ્રમાણનુસારી જિજ્ઞાસા પ્રગટ કરતો સુગ્રથિત વાકયવિન્યાસ, નૈસર્ગિક સરળતા અને ઋજુતાને ધારણ કરતી

અર્થગર્ભ શૈલી, પ્રાચીન સંસ્કૃતપ્રાકૃતાદિ સાહિત્યના વહી આવતા ઉલ્લેખોથી પ્રપૂર્ણ અને વિદ્વદ્ભોગ્ય છતાં રસિક તથા આહ્લાદક સામગ્રીને ફૂલની જેમ ધારણ કરતું ગદ્ય, ડૉ. સાંડેસરાના પ્રસન્નોદાર વ્યક્તિત્વને તથા સુદીર્ઘ જ્ઞાનસાધનાનાં તેમને લાધેલાં સુફલને પ્રગટ કરે છે.

જયદેવ મો. શુકલ

* * *

ક્ષીરાર્ણવ (મૂળ સંસ્કૃત, સુપ્રભાનામક હિંદી તેમ જ ગુજરાતી ભાષા ટીકા સમેત) સંપાદક: સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા; પ્રકાશક : બળવંતરાય સોમપુરા ઍન્ડ બ્રધર્સ, ૩, પથિક સોસાયટી, અમદાવાદ-૧૩. પૃ. ૫૮ + ૩૨૨, તથા રેખાંકનો, નકશાઓ અને આર્ટપ્લેટ પર ચિત્રો. મૂલ્ય રૂપિયા પચીસ.

'દીપાર્ણવ'ને પ્રથમ વાર જ પ્રકાશમાં આણ્યા પછી, લુપ્તપ્રાય 'ક્ષીરાર્ણવ'ના ઉપલબ્ધ અંશોનું સુંદર સંપાદન કરી, તેમ જ શિલ્પશાસ્ત્રની પરિભાષા સમજી શકાય તે માટે પોતાની ગુજરાતી તેમ જ હિંદી ટીકા ઉમેરી, શ્રી પ્રભાશંકરભાઈએ ગુજરાતી સાહિત્યની જ નહિ પણ હિંદી સાહિત્યની અને ભારતીય સ્થાપત્યકળાના અભ્યાસીઓની અમૂલ્ય સેવા કરી છે.

'ક્ષીરાર્ણવ' મૂલ ગ્રન્થના શરૂઆતના ૯૮ અધ્યાયો મળતા નથી; તે પછીના અધ્યાય ૧૨૦ સુધીના મળેલા અધ્યાયોનું સંપાદન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. 'ક્ષીરાર્ણવ'માં સાંધાર મહાપ્રસાદ વિષે સારી એવી ઉપયોગી માહિતી ઉપલબ્ધ થાય છે. ગ્રન્થના ઉપલબ્ધ ભાગોમાં જગતી લક્ષણ, ભિટ્ટમાન પ્રકરણ, પીઠમાન પ્રકરણ, પ્રાસાદોદયમાન, દ્વારમાન, પીઠથર વિભાગ, મંડોવરવિભાગ, મેરુ મંડાવર, પ્રતિમાપીઠમાન, શિખરાધિકાર, સ્તમ્ભલક્ષણાધિકાર, મંડપાધિકાર, ચાતુર્મુખ મહાપ્રાસાદ સ્વરૂપ, સાંધાર ચતુર્મુખ પ્રાસાદ-લક્ષણ વગેરે અનેક ઉપયોગી અધિકારો છે.

વિશ્વકર્મા પ્રણીત મનાતો આ ગ્રન્થ અપૂર્ણ મળ્યો છે એટલે એનો રચનાસમય એકદમ નક્કી કરવો કઠિન છે.

શ્રી પ્રભાશંકરભાઈની પ્રસ્તાવના અનેક રીતે ઉપયોગી છે અને અભ્યાસપૂર્ણ માહિતી-વાળી છે. નાગર તેમજ દ્રાવિડ શિખરો તરીકે જાણીતાં શિખરોનાં સુંદર રેખાંકનો અને તેમનાં પ્રત્યેક અંગનાં શાસ્ત્રીય નામો સમજાવતાં અનેક ચિત્રો ભારતીય સ્થાપત્યકળાના અભ્યાસીઓને બહુ સહાયભૂત નીવડશે.

આ જાતનાં સંપાદનો હવે થવા માંડયાં છે અને તેની પહેલ ગુજરાતમાં થઈ છે એ ગૌરવ લેવા જેવી બાબત છે. શ્રી પ્રભાશંકરભાઈનું ગુજરાતે યોગ્ય ગૌરવ સન્માન કરવું ઘટે.

ઉમાકાન્ત પ્રે. શાહ

* * *

જૈન ઇતિહાસની ઝલક: લેખક: પદ્મશ્રી મુનિ જિનવિજયજી; સમ્પાદક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકાશક શ્રી અશોક કાંતિલાલ કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ–૨૬. શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા–૮. પ્રાપ્તિસ્થાન ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ. સપ્ટેમ્બર ૧૯૬૬. પૃ. ૧૬ + ૧૯૬. કિંમત બે રૂપિયા.

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા લગભગ બસો ગ્રન્થોના સમ્પાદન-સંશોધનમાં પોતાનું સમસ્ત જીવન વ્યતીત કરનાર, પ્રાકૃત તથા જૈન વિદ્યાઓના અભ્યાસના ક્ષેત્રે તો આપણા દેશમાં સાચી પહેલ કરનાર તથા નીડર અને સુસ્પષ્ટ ઇતિહાસ-સંશોધન માટે વિખ્યાતિ પ્રાપ્ત કરનાર મુનિશ્રી જિનવિજયજીના 'વિશાળ જ્ઞાનસરોવરમાંથી નાની સરખી અંજલિ રજૂ કરવાનો' પ્રયત્ન પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યો છે. તેમના અતિવિપુલ અગાધ સાહિત્યમાંથી જૈન ઇતિહાસને લગતાં લખાણો તેમ જ જૈનધર્મ અને પ્રભાવક પુરુષોનો પરિચય આપતા લેખોને સંક્ષિપ્ત સ્વરૂપે અહીં એકત્ર કરવામાં આવ્યાં છે. સંક્ષેપ બહુ કાળજીપૂર્વક કરાયો છે, છતાં કેટલેક સ્થળે મહત્ત્વની ગણાય તેવી વાતો પણ ઊડી ગઈ છે; તથાપિ 'મુનિજીના વ્યાપક જ્ઞાનનો થોડોક નમૂનો રજૂ કરવાનો જ હેતુ' હોઈ તે તો સારી રીતે સિદ્ધ થયો છે જ. અહીં પ્રસ્તુત કરેલ વસ્તુ અન્તિમ કેવલી શ્રી જમ્બૂસ્વામીથી—એટલે કે છેક મહાવીરનિર્વાણથી—શરૂ કરી આધુનિક સમયપર્યન્તના જૈન ઇતિહાસને આવરી લેતી હોવાથી સંગ્રહનું નામ યથાર્થ છે. લેખોનો ક્રમ આ પ્રમાણે રખાયો છે, જે કાલક્રમ તથા વસ્તુવિભાગની દૃષ્ટિએ સમુચિત છે: મહામુનિ જંબૂસ્વામી, કલિંગમાં જૈનધર્મ, ગુજરાતનો જૈનધર્મ, સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્ર, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, હરિભદ્રસૂરિ અને એમનો સમય, જિનેશ્વરસૂરિ, મહર્ષિ હેમચન્દ્રાચાર્ય, રાજર્ષિ કુમારપાલ, મહાકવિ વિજયપાલ અને શ્રીપાલ, વસ્તુપાલ-તેજપાલ અને તેમની કીર્તિગાથા, જગદ્ગુરુ હીરવિજયસૂરિ મોગલ સમ્રાટના અન્ય પ્રતિબોધકો, કેટલાક જ્યોતિર્ધરો.

સિદ્ધસેન દિવાકર તથા સમન્તભદ્રને અનુક્રમે 'જૈનધર્મના તત્ત્વજ્ઞાનને અંકુરિત કરવામાં જળસિંચનનું કામ' કરનાર તથા 'એ અંકુર પોતાની ઇચ્છા પ્રમાણે નિર્ભય રીતે મોટો થઈ શકે એ માટે એની આસપાસ કાંટાની વાડ ઊભી' કરનાર તરીકે નવાજવામાં આવ્યા છે; જ્યારે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને 'જૈનદર્શન પ્રતિપાદિત જ્ઞાનવિષયક વિચારને કેવળ શ્રદ્ધાગમ્ય વિષયની કોટિમાંથી બુદ્ધિગમ્ય વિષયની કોટિમાં ઉતારવાનો સુસંગત પ્રયત્ન સૌથી પ્રથમ' કરનાર તરીકે ઓળખાવ્યા છે. જિનેશ્વસૂરિને જૈનસમાજમાં નૂતનયુગના વિધાયક ગણાવ્યા છે. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યને 'મહર્ષિ' કહ્યા છે તથા તેમની નિષ્પક્ષપાતતાની પ્રશંસા કરી છે, પરન્તુ તે અંગેનાં મહત્ત્વનાં દૃષ્ટાન્તો આ સંક્ષેપમાં ઉતારવામાં આવ્યાં નથી. તે જ રીતે "રાજર્ષિ કુમારપાલના જૈનત્વ વિષેની વાત એટલી જ સાચી છે જેટલી તેના અસ્તિત્વ વિષેની હોઈ શકે છે." એવા વિધાનના પ્રતિપાદન અર્થે કોઈ નક્કર પ્રમાણો અહીં આપવામાં આવ્યાં નથી. અશોક અને કુમારપાલ વચ્ચેની સમાનતાઓનું નિદર્શન અતિસુંદર રીતે કર્યું છે. સમ્રાટ અકબર અને તેના ઉત્તરાધિકારીઓ પરના શ્રી હીરવિજયસૂરિ તથા તેમના ઉત્તરાધિકારીઓના પ્રભાવની વાત પણ અત્યંત રોચક શૈલીમાં રજૂ કરી છે. આવી ગૌરવગાથાઓની વિગતો તો વારંવાર વાંચવાનું મન થાય તેવી છે. આવા પ્રસંગોનું ઐતિહાસિક મૂલ્ય ઓછું આંકવું ન જ જોઈએ.

આ મહાન લેખક ધર્મને નહીં પરંતુ વ્યક્તિને મહત્ત્વ આપે છે. ધર્મના ઝઘડાઓએ આ અવની ઉપર કેવાં કેવાં તાંડવ મચાવ્યાં છે તે જાણ્યા પછી મુનિશ્રીના આ દૃષ્ટિબિન્દુની વાસ્તવિકતા સહેજે સમજાશે. તેઓની સ્પષ્ટ અને દૃઢ ઘોષણા છે કે: "શૈવ હો કે વૈષ્ણવ હો, બૌદ્ધ હો કે જૈન હો–ધર્મથી ગમે તે હો–જેણે જેણે આપણી પ્રજાની ઉન્નતિ અને સંસ્કૃતિમાં જે જે કાંઈ વિશિષ્ટ ફાળો આપ્યો છે, તે બધા જ આપણા ઉત્કર્ષક અને સંસ્કારક પુરુષો આપણી પ્રજાની સંયુક્ત અચળ સંપત્તિ છે" (પૃ. ૧૨૫). આવી તટસ્થ રાષ્ટ્રીયતા અન્યત્ર પણ વ્યક્ત થઈ છે. "જૈનો જે રીતે પોતાનાં દેવસ્થાનોની પવિત્રતા સાચવવા યથાશક્તિ પ્રયત્ન કરે છે, તે રીતે જૈનેતર વર્ગ નથી કરતો અને તેથી જૈનેતર દેવસ્થાનોની આજે જોઈએ તેવી ભવ્યતા દૃષ્ટિગોચર નથી થતી" એ 'વસ્તુસ્થિતિને આપણી પ્રજાકીય અને ધાર્મિક ભાવનાની ભારે ક્ષતિ સૂચવનારી બાબત' તેઓ સમજે છે (પૃ. ૩૬), અને તેથી જ તેઓ જણાવે છે કે: "જૈન હોય, શૈવ હોય, વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય કે પછી ખ્રિસ્તી હોય કે ઇસ્લામી હોય, કોઈ પણ પ્રજાનાં ધર્મસ્થાનોની અધોગતિ એ તે પ્રજાજીવનની અધોગતિ સૂચવનારી બાબત છે" (પૃ. ૩૬).

આગમોના પ્રથમ સંસ્કૃતટીકાકાર સત્યોપાસક હરિભદ્રસૂરિના સત્તાસમયનો નિર્ણય કરનારનો નિબન્ધ તો 'ઐતિહાસિક સંશોધનનો એક શ્રેષ્ઠ નમૂનો' છે. તેમાં મુનિશ્રી સમગ્ર પ્રશ્નની છણાવટ બહુ સરસ રીતે ઝીણવટપૂર્વક કરે છે, પ્રમાણોનું યોગ્ય પરીક્ષણ કરે છે અને પોતાના સિદ્ધાન્તની રજૂઆત અત્યન્ત સ્પષ્ટ રીતે કરે છે. ડૉ. હર્મન્ યાકોબી જેવા પ્રખર પાશ્ચાત્ય પંડિતને પણ જિનવિજયજીનો આ નિબંધ જોયા પછી હરિભદ્રસૂરિના સમય વિષેનો પોતાનો મત બદલવો પડ્યો છે અને તેમના પરિશ્રમની પ્રશંસા કરવી પડી છે. *

મુનિશ્રીની વિલક્ષણ ભાષાશૈલીથી ઇતિહાસ-સંશોધનમાં રસ ધરાવનાર કોણ અપરિચિત હોય? તેમની સંસ્કૃતપ્રચુર છતાં અક્લિષ્ટ ભાષા, ગામ્ભીર્ય અને પ્રૌઢિને કારણે તથા વિચારોની વિદગ્ધતા અને વ્યક્તીકરણની વિશદતાને પ્રતાપે સર્વત્ર ભવ્યતા ધારણ કરે છે, અને વિષય તેમ જ વિચારને અનુરૂપ રીતે ક્વચિત્ દ્રુતવિલમ્બિત બનતી, ક્વચિત્ ભુજંગપ્રયાતનાં દર્શન કરાવતી, ક્વચિત્ વળી મન્દાક્રાન્તાનો ભાસ ઊભો કરતી, અને વચ્ચે વચ્ચે વારંવાર શાર્દૂલવિક્રીડિતના જેવી છલંગો મારતી તેમની શૈલી આવા ગમ્ભીર ચિન્તનની સરસ પોષક બની જઈ સુદીર્ઘ લખાણોના વાચનમાં પણ કંટાળાને અવકાશ આપતી નથી. સમ્પાદકનું એ વિધાન યથાર્થ છે કે "ઇતિહાસનું

---

* હરિભદ્રસૂરિવિરચિત समराइच्चकहानी પોતાની આવૃત્તિ (કલકત્તા, ૧૯૨૬)ની પ્રસ્તાવનામાં ડૉ. યાકોબીએ આ નિબન્ધમાં નિર્ણીત સમયનું પ્રતિપાદન કર્યું છે. તે વિષેના તેમના કેટલાક નિખાલસ ઉદ્ગારો જુઓ :

(1) "In this investigation I took what eventually turned out the wrong side of the question" (પૃ. ૧)

(2) "The first who rightly understood the passage in question and recognised its chronological bearing, was Munirāj Shri Jinavijaya" (પૃ. ૨)

આ ફકરો તે ઉદ્યોતનાચાર્યના પ્રાકૃત કાવ્ય 'कुवलयमाला'ની પ્રશસ્તિ, જે હસ્તપ્રતમાં અશુદ્ધ અને અપૂર્ણ હોઈ જિનવિજયજીએ ખંતપૂર્વક શુદ્ધ કરી છે અને જરૂર હતી ત્યાં અક્ષરો ઉમેરી પૂર્તિ કરી છે, જે 'સન્તોષપ્રદ' હોવાનું યાકોબી જણાવે છે; (પૃ. ૨).

આલેખન માત્ર શુષ્ક હકીકતો આપીને જ નહીં પણ એમાં કવિની સંવેદનશીલતાનું માધુર્ય ઉમેરીને કરે છે, એ એની હૃદયસ્પર્શી વિશેષતા છે" (પૃ. ૮). તેમાં પણ વિશેષતઃ ગુજરાતના મહાન સાહિત્યાચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિના ચરિત્રના ચિત્રણમાં તો આ નિઃસ્પૃહ ચિન્તક-સંશોધકની ભાષાશૈલી પ્રવાહસાતત્ય ધારણ કરી જાણે કાવ્યની ઉત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચી જાય છે. વળી મોટા ભાગના લેખો મૂળ હિન્દીના સંક્ષિપ્ત અનુવાદો હોવા છતાં સમ્પાદકની ચીવટને પ્રતાપે મૂળની ચમત્કૃતિ સર્વત્ર જીવન્ત રહી શકી છે; જોકે કવચિત્ અરુચિકર પ્રયોગો દષ્ટિગોચર થાય છે; ઉ.ત. પૃષ્ઠ ૪૩ ઉપર આવતો 'દુર્વ્યવસ્થિત દશા'એ પ્રયોગ જરા ખૂંચે એવો છે.

આ રીતે સમગ્રાવલોકન કરીએ તો આ સંગ્રહની સામગ્રીમાંથી મહાન લેખકનું ધીર અને ઉદાત્ત, શૂર અને પ્રેમાળ, ધર્મિષ્ઠ અને કર્મઠ, સ્વદેશાભિમાની અને સર્વમાનવસમભાવનિષ્ઠ વિરાટ-સૌમ્ય વ્યક્તિત્વ ઊપસી આવે છે; અને આ જ એમનો અ-ક્ષર દેહ છે ને?

પુસ્તકને અન્તે સૂચિ નથી આપી, છતાં અનુક્રમણિકામાં દરેક લેખનાં નાનાં નાનાં ઉપશીર્ષકો આપેલાં છે તે વર્ણ્યમાન વિષયની વિગતનો વિશદ ખ્યાલ આપતાં હોવાથી ઉપયોગી છે; અને આ બેઉ પ્રસ્તુત ગ્રન્થમાળાની વિશિષ્ટતાઓ છે.

મુદ્રણદોષો તો 'ત્રણેક અઠવાડિયાં જેટલા ઓછા વખતમાં' મુદ્રણ થયું તે ઉતાવળને જ આભારી હોય. તથાપિ વર્ષાંકના આલેખનમાં પ્રવેશેલ મુદ્રારાક્ષસ કદાચ કોઈ ગૂંચ ઊભી કરે! ઉ.ત. પૃષ્ઠ ૧૮૬ ઉપર વિજયસેનસૂરિના સ્વર્ગવાસની સંવત્ ૧૯૭૨ આપી છે તે ૧૬૭૨ જોઈએ. તે જ પ્રમાણે પૃ. ૧૬૯ ઉપર સમ્રાટ અકબરના આમન્ત્રણથી હીરવિજયસૂરિ દિલ્હી જવા નીકળ્યા તે વર્ષ વિ. સં. ૧૬૩૮ નહીં પણ ૧૬૩૯ જોઈએ. એક સ્થળે તો આ મુદ્રારાક્ષસે ભારે અનર્થ કરી દીધો છેઃ—

"અકબર બાદશાહ જેવા મુગલ સમ્રાટને પણ જૈન આચાર્યોએ પોતાના સદુપદેશ દ્વારા **અહિંસાના નિષેધ** તરફ સુરુચિવાળો બનાવ્યો હતો" (પૃ. ૪૧)!

આ લઘુસંગ્રહ તો આવકારને પાત્ર છે જ. પરન્તુ જિનવિજયજી જેવા મહાનુભાવ સંશોધક-લેખકનાં સર્વ લખાણોનો સમ્પૂર્ણ સંગ્રહ કરવો એ અતિ આવશ્યક લેખાવું જોઈએ. વિશેષતઃ આજે જ્યારે મુનિશ્રી એંશીને ઊંબરે ઊભા છે ત્યારે એ માટેનો સમય પાકી ગયો ગણાય; કેમ કે તેમના પોતાના માર્ગદર્શન નીચે જો આ કામ થાય, તો તે કેવળ સંગ્રહ જ નહિ પણ તેથી કાંઈક વિશેષ બની જાય.

જયન્ત પ્રે. ઠાકર

* * *

કવિજીવન : કર્તા–નવલરામ લક્ષ્મીરામ પંડ્યા; સંપાદક : શ્રી. મોહનભાઈ શંકરભાઈ પટેલ; પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૬૬; પ્રથમ આવૃત્તિ; મૂલ્ય રૂ. ૧=૫૦.

પશ્ચિમના જીવનદર્શન અને સાહિત્યના સંપર્કથી ગુજરાતી સાહિત્યમાં જે વિવિધ સાહિત્યપ્રકારો ખેડાવાનું શરૂ થયું તેમાંનો જીવનચરિત્ર એક છે. લાખો સામાન્ય મનુષ્યોના ટોળામાંથી, પોતાના આંતર અને બાહ્ય તેજસ્વી વ્યક્તિત્વથી, પોતાની જાતને જુદી તારવી કાઢનાર

વ્યક્તિઓ આપણાં માન અને પૂજાને પાત્ર થાય છે. આવી અસામાન્ય અને અલૌકિક શક્તિઓ અને સમૃદ્ધ વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિઓની જીવંનજયંતીઓ ઉજવાય છે અને ભાવિ પ્રજાને પ્રેરણારૂપ તેમનાં જીવનચરિત્રો લખાય છે, અને તે રીતે, વીર કવિ નર્મદનું જીવનચરિત્ર લખી, ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધરને નવલરામે અમર કર્યો છે.

મૂળ 'કવિજીવન' 'નર્મકવિતા'ની ત્રીજી આવૃત્તિમાં પ્રસિદ્ધ થયેલું, તેને નરહરિભાઈએ 'નવલગ્રન્થાવલિ'માં અંતર્ગત કર્યું હતું, પણ 'નવલગ્રન્થાવલિ' ઘણા સમયથી અપ્રાપ્ય થઈ ગઈ હતી. પુનર્મુદ્રિત 'નવલગ્રન્થાવલિ'માં 'કવિજીવન' સમાવેલું જ છે, પણ અવારનવાર તે યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં સ્થાન પામતું હોઈ, ગુજરાત વિદ્યાપીઠે તેને અલગ પુસ્તિકાના સ્વરૂપમાં પ્રસિદ્ધ કરી, અભ્યાસીઓ અને વિદ્યાર્થીઓને તે સુલભ બનાવ્યું છે, તેને માટે પ્રકાશકસંસ્થા અને સંપાદક બંને અભિનંદનને પાત્ર છે.

આપણા અર્વાચીન સાહિત્યમાં આરંભનાં જે જીવનચરિત્રો લખાયાં છે તેમાં આ 'કવિજીવન' ઉત્તમ છે. 'કવિજીવન' લખાયું ત્યાર પછી ગુજરાતી ભાષાની જોડણી અને લેખનપદ્ધતિમાં સારું એવું પરિવર્તન થઈ ગયું છે. તેથી કૃતિ એના મૂળરૂપે છાપી, પાદનોંધમાં આધુનિક જોડણી અને લેખનપદ્ધતિ દર્શાવી, વિદ્વાન સંપાદકે કૃતિની વાચના તૈયાર કરવામાં નોંધપાત્ર કૌશલ્ય, ચોકસાઈ અને ચીવટ દર્શાવ્યાં છે. અર્વાચીન વિકસિત દૃષ્ટિવાળા સન્નિષ્ટ વિદ્વાનના હાથે આ સંપાદન થયેલું હોઈ, કૃતિને સારા અભ્યાસપૂર્ણ લેખની પ્રસ્તાવનાનો લાભ મળ્યો છે. 'જીવનચરિત્ર' અને 'આત્મકથા'નું સાહિત્યસ્વરૂપ, એક યા બીજી રીતે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના અભ્યાક્રમમાં સ્થાન પામે છે અને તે દૃષ્ટિએ, સંપાદકનો 'જીવનચરિત્ર'–વિષયક લેખ મહત્ત્વની અભ્યાસસામગ્રી પૂરી પાડે છે. આ જ સંદર્ભમાં, 'જીવનચરિત્ર' અને 'આત્મકથા'ના સાહિત્યસ્વરૂપની સમગ્રતયા સૈદ્ધાન્તિક ચર્ચા કરતું, પ્રો. ઉપેન્દ્ર ૨. ભટ્ટ–વિરચિત 'ચરિત્રની કલા' પુસ્તક, આપણા સાહિત્યની વરતાતી ખોટ પૂરી પાડે છે.

'કવિજીવન'ની સર્વ હકીકતો અને ઘટનાઓ, નર્મદે પોતે ઈ. સ. ૧૮૬૬ સુધીની લખેલી પોતાની આત્મકથા 'મારી હકીકત' પર આધારિત છે. ત્યાર પછી વીસ વર્ષે ઈ. સ. ૧૮૮૬માં નર્મદનો સ્વર્ગવાસ થયો. નર્મદની પોતાની ઇચ્છા ખરી કે, કોઈ પોતાનું જીવનચરિત્ર રચે. એટલે, મિત્ર પ્રત્યેની મમતાના કારણે, મિત્રના આત્માના તર્પણાર્થે, નવલરામે 'કવિજીવન'-રૂપે શ્રદ્ધાંજલિ અર્પી. આદ્ય વિવેચક, પ્રખર વિદ્વાન અને ઉચ્ચ કક્ષાના ગદ્યશૈલીકાર નવલરામમાં યોગ્ય વિવેકબુદ્ધિ, તટસ્થતા, તોલનશક્તિ, સમતા અને સમભાવ હોવા છતાંય મિત્ર તરફની આસક્તિના કારણે તેઓ જીવનચરિત્રકારનો ધર્મ ભૂલ્યા છે, એમ સંપાદકે દર્શાવ્યું છે ('કવિજીવન,' પ્રસ્તાવના, પૃ. ૧૩): "'તે છતાં જો તે વેળા નિશાળોમાં 'ક્રિકેટ,' 'ફૂટબૉલ' જેવી ઉત્સાહી તથા સ્પર્ધાની રમતો હોત તો આ બાળકવિ તેમાં ઘૂમ્યા વિના રહેત નહીં એમ અમને લાગે છે.' ...આવી કલ્પના કરીને અધૂરું પૂરું કરવાની ચેષ્ટા ચરિત્રકારે કરવાની જરૂર કશી ? આવા કલ્પનાપૂરિત રંગો જીવનચરિત્રને ભાગ્યે જ ન્યાય કરતા હોય છે."

જીવનચરિત્રકાર, ઘટના અને હકીકતોનો હેયઉપાદેયની કલા(The Art of Omission and Commission) દ્વારા, ચડતી-પડતી, પ્રકાશ-છાયા, સુખ-દુઃખ, મહત્તામર્યાદા

અને હર્ષ-અશ્રુ વચ્ચે પડતા, આખડતા, ઊભા થતા અને ઝઝૂમતા અષ્ટરંગી નાયકનું રંગીન વ્યક્તિત્વ નિરૂપે છે. 'કવિજીવન'માં દેશકાળની પરિસ્થિતિ અને અન્ય પરિબળો વચ્ચે વિકસેલા નર્મદના આંતર અને બાહ્ય વ્યક્તિત્વની સમૃદ્ધિ, સિદ્ધિઓ, નિષ્ફળતાઓ અને નબળાઈઓનું સંપૂર્ણ અને સમગ્ર નિરૂપણ થઈ શકયું છે? કહો કે આ કૃતિ નર્મદના જીવનનો આછો રૂપરેખાત્મક ગુણદર્શી પરિચય છે; 'સુધાભાવ'થી, મધુકરવૃત્તિથી, સ્વસ્થ વિશ્લેષણપ્રધાન પ્રતિભાવાળા નવલરામે મિત્રનું મમત્વથી પ્રેરાઈને દોરેલું જીવનચિત્ર છે. જોમભર્યા વહેતા, પડતા, પછડાતા અને ફરી પાછા સડસડાટ વહેતા, તરવરાટભર્યા પ્રચંડજળ ધોધ સમા, યુગપ્રવર્તક નર્મદનું એ સંપૂર્ણ સમગ્ર જીવનચરિત્ર નથી.

સોમાભાઈ ધૂ. પારેખ

* * *

સાભાર સ્વીકાર

ઉપહાર: સંપાદક: ડૉ. સુરેશ દલાલ; પ્રકાશક: કે. જે. સોમૈયા કૉલેજ પ્રકાશન સમિતિ, ઘાટકોપર, મુંબઈ–૭૭; પૃષ્ઠ: ૧૭૮; કિંમત રૂા. ૭ = ૫૦ પૈ.

શ્રી દેવાધિદેવ વાયુભગવાન રજત જયંતી ગ્રંથ **'વાયુવેદના':** સંપાદક: ડૉ. મૂળજીભાઈ પીતામ્બરદાસ શાહ; પ્રકાશક: રસિકલાલ મોતીલાલ ગાંધી, C/o એન. રસિકલાલ એન્ડ કુા., ત્રણ દરવાજા પાસે, ગાંધીરોડ, પાટણ (ઉ. ગુ.); પૃ.ષ્ઠ: ૧૧૦ કિંમત: અમૂલ્ય.

ૐ તત્ સત્: લેખક: મનહર મોદી; પ્રકાશક: રે મઠ વતી શાંતિલાલ મોદી, સારંગપુર ચકલા, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૪૧: કિંમત: રૂા. ૨ = ૫૦ પૈ.

ડાયલનાં પંખી: લેખક: ચિનુ મોદી; પ્રકાશક: રે મઠ વતી ચિનુ મોદી, સારંગપુર ચકલા, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૬૪; કિંમત: રૂા. ૩–૦૦ પૈ.

મેઈક બિલીવ: લેખકો: લાભુશંકર ઠાકર તથા અન્ય લેખકો; પ્રકાશક: રે મઠ વતી સુભાષ રસિકલાલ શાહ, સારંગપુર ચકલા, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૮૮; કિંમત: રૂા. ૩ = ૦૦ પૈ.

આરજુ: લેખક: જશવંત લ. દેસાઈ; પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૪૦; કિંમત: રૂા. ૧ = ૫૦ પૈ.

અનંતકળા: લેખક: સ્વામી આનંદ; પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૨૪૦; કિંમત: રૂા. ૧૦ = ૦૦ પૈ.

સ્વચ્છતા અને આરોગ્ય: લેખક: બબલભાઈ મહેતા; પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ–૧; પૃ.: ૫૫; કિંમત રૂા. ૧ = ૦૦ પૈ.

દાદાસાહેબ માવળંકર: લેખક: દા. ન. શિખરે; અનુવાદક: હીરાલાલ પોપટલાલ શાહ; પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ–૧; પૃષ્ઠ: ૧૭૦; કિંમત: રૂા. ૪ = ૫૦ પૈ.

સંત સેવતાં સુકૃત વાધે : લેખક : નારાયણ દેસાઈ; પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન; પૃષ્ઠ : ૧૫૨; કિંમત : રૂા. ૩ = ૦૦ પૈ.

આપણાં પંખીઓ : (અનેક ત્રિરંગી પક્ષીચિત્રો સાથે) ચિત્રકાર : સોમાલાલ શાહ; ચિત્રપરિચય : છોટુભાઈ સુથાર; પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ–૧; પૃ. ૧૦૧; કિંમત : રૂા. ૧૫ = ૦૦.

ભારતીય નગર : લેખક : ડૉ. લલિતાપ્રસાદ વિદ્યાર્થી; પ્રકાશક : આર. આર. શેઠની કું., મુંબઈ–૨; પૃષ્ઠ : ૧૩૮; કિંમત : રૂા. ૪ = ૦૦ પૈ.

ભારતીય સમાજ અને સંસ્કૃતિ : લેખક : ડૉ. અક્ષયકુમાર દેસાઈ; પ્રકાશક : આર. આર. શેઠની કું., મુંબઈ–૨; પૃષ્ઠ : ૧૪૧; કિંમત : રૂા. ૩ = ૫૦ પૈ.

ભારતનું ગ્રામજીવન : અનુવાદકો : અરવિંદ મ. શાહ, રમેશ ગો. શ્રોફ અને પુરુષોત્તમ છ. શાહ; પૃષ્ઠ : ૩૫૪ કિંમત : રૂા. ૮ = ૫૦ પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૫ : અંક ૨ ફેબ્રુઆરી, ૧૯૬૮

વસંતપંચમી વિ. સં. ૨૦૨૪

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. સહાયક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ૧૩૭–૧૫૩
૨. પંડિતરાજ જગન્નાથના જીવનચરિત્ર ઉપર નવો પ્રકાશ—
રામચંદ્ર બળવંત આઠવલે ૧૫૪–૧૬૪
૩. નવસાહસાંક ચરિત-પરિચય—અંબાલાલ પ્રેમચંદ શાહ ૧૬૫–૧૭૦
૪. પારસી ગુજરાતી કહેવતો અને રૂઢિપ્રયોગો—મધુસૂદન પારેખ ... ૧૭૧–૧૭૬
૫. સાબરકાંઠા જિલ્લાના ગુરુબ્રાહ્મણ (ગરો) સમાજમાં મૃત્યુ પ્રસંગે
ગવાતા મરસિયા—મહેન્દ્ર પંડ્યા... ... ... ૧૭૭–૧૮૪
૬. સાહિત્ય અને લોકશાહી—હરિત્ નૃસિંહ વિભાકર ૧૮૫–૧૯૦
૭. સ્વર્ગારોહણપ્રાસાદ—પ્રભાશંકર ઓ. સોમપુરા, મધુસૂદન ઢાંકી ... ૧૯૧–૧૯૫
૮. ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક—ઉમાકાંત પ્રે. શાહ ... ૧૯૬–૧૯૮
૯. ગોવર્ધનધારીની એક પ્રાચીન પ્રતિમા—કનૈયાલાલ ભાઈશંકર દવે ... ૧૯૯–૨૦૩
૧૦. ગિરનારના ત્રણ અપ્રસિદ્ધ શિલા લેખો—છો. મ. અત્રિ ૨૦૪–૨૧૦
૧૧. કુંભારિયાનો ધાતુ ઉદ્યોગ—રમણલાલ નાગરજી મહેતા ૨૧૧–૨૧૩
૧૨. વિકસતું વિજ્ઞાન અને માનવ—ડૉ. હરિત રણજિતભાઈ દેરાસરી ... ૨૧૪–૨૨૦
૧૩. ભૂગર્ભ-પરિચય—સર્વમિત્ર દયાળજી દેસાઈ ૨૨૧–૨૨૪
૧૪. ગ્રન્થાવલોકન :
૧. બ્રહ્માંડદર્શન (જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણિ, ૧) ૨૨૫–૨૨૭
૨. અન્વેષણા ૨૨૭–૨૩૩
૩. ક્ષીરાર્ણવ ૨૩૩
૪. જૈન ઇતિહાસની ઝલક ૨૩૪–૨૩૬
૫. કવિજીવન ૨૩૬–૨૩૮

જ્યોતિ
પાવર બીલમાં
બચાવ
પંપ રચના, પાણીની આવક, ટકાઉ-
પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ
જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ
ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.
૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.
Quality is our Creed
જ્યોતિ લિમિટેડ,
વડોદરા-૩
JY-884-GJ EVEREST

તેણે પોતાના દીકરાને ગામનો પ્રથમ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર બનાવ્યો



–પણ તે પોતે લખી કે વાંચી શકતો નથી.

તેણે બચત કરી હતી.વર્ષો પહેલાં તેણે બેન્ક ઓફ બરોડામાં બચત ખાતું ખોલાવ્યું હતું. એટલે, જ્યારે દીકરો મોટો થયો ત્યારે શિક્ષણ આપવા માટે પૂરતા પૈસા હતા.

આજે એક પિતા તરીકે તેને ગૌરવ છે, અને આખું ગામ પણ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર મેળવ્યા બદલ ગૌરવ ધરાવે છે.

ધી બેન્ક ઓફ બરોડા તમારા સ્વપ્ન સાકાર કરવા બચત માટે મદદ કરે છે. આજે જ ધી બેન્ક ઓફ બરોડામાં બચત ખાતું ખોલાવો. તમે રૂા. ૧...થી શરૂ કરો અને ૪% વ્યાજ મેળવો.

ધી બેન્ક ઓફ બરોડા લિમિટેડ

(સ્થાપના: ૧૯૦૮) રજી. ઑફિસ માંડવી, વડોદરા
ભારત અને પરદેશોમાં ૩૦૦થી વધુ શાખાઓ.

તમારી નજીકની શાખામાંથી અમારી મફત પુસ્તિકા "સેવા કરવા સદા તત્પર" ની નકલ માગો.

Shilpi/bob/3-67 Guj

With best compliments

from

Sarabhai Chemicals

(Karamchand Premchand Private Limited)

Manufacturers and Distributors of

SQUIBB

Medicinals in India

Wadi Wadi, BARODA

વધુ ઉજ્જ્વળ ભાવિની ચાવી
–દેના બેંકમાં બચત ખાતું

બચત ખાતું .... વ્યાજ ૪%

સગીર બચત ખાતું .... વ્યાજ ૪%

રિકરિંગ ડિપોઝિટ .... ચક્રવૃદ્ધિ વ્યાજ ૫¼% થી ૭%

૧૩ રાજ્યોમાં ૧૮૫થી વધુ શાખાઓ દ્વારા દેશની સેવા બજાવે છે

કુલ વર્કિંગ ફંડ
રૂા. ૧ અબજ ૧૦ કરોડથી
વધુ

દેના બેંક લિમિટેડ
રજિસ્ટર્ડ ઑફિસ : દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧

પ્રવીણચંદ્ર વ. ગાંધી,
ચૅરમૅન

DB/G/45

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂા. ન.પૈ.
૧	**કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૫૦
૨	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૬=૮૦
૫	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૩=૦૦
૬	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭	**મીરાંબાઈ-એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૩	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૪	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૫	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૬	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦
૧૭	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૨=૬૦
૧૮	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૨=૦૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧	**ઘઉં**—શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨	**આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩	**લોકનાટ્ય અને ગામડું**—શ્રી. જશવંત ઠાકર	૧=૨૦
૪	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા

ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક

(જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ)